“નિવૃત્ત થયા પછી”

(સહિયારું સર્જન અને વાર્તાસંગ્રહ)



સંકલન : વિજય શાહ

VISIT…

Copyright © 2017 All Authors

All rights reserved.

ISBN-13:
978-1546681144

ISBN-10:
1546681140
Your book has been assigned a CreateSpace ISBN.

અર્પણ



કલાગુરુ

મુ. મુકુંદ ગાંધીને

‘નિવૃત્ત થયાં પછી’

(એ વિષય પરનું વિશિષ્ટ સર્જનાત્મક સાહિત્ય)

સંપાદન : વિજય શાહ

****

‘નિવૃત્ત થયા પછી’
અવલોકનો–સહિયારા લેખો તથા વાર્તાસંગ્રહની અનુંક્રમણિકા

****

વિભાગ – ૧ : અવલોકનો–અભિપ્રાયો

રોહિત કાપડિયા

ફાલ્ગુની પરીખ

રશ્મિ જાગીરદાર

પ્રવીણા કડકિયા

સ્વાતિ શાહ.

વિભાગ – ૨ નિવૃત્તિ વિષયક લેખો

પ્રકરણ – ૧ : સ્વાતિ શાહ.

પ્રકરણ – ૨ : કેદારસિંહ જાડેજા

પ્રકરણ – ૩ : રાજુલ શાહ

પ્રકરણ – ૪ : જીતેન્દ્ર પાઢ
પ્રકરણ – ૫ : વિજય શાહ
પ્રકરણ – ૬ : ઉમાકાન્ત વિ. મહેતા
પ્રકરણ – ૭ : તરુલતા મહેતા
પ્રકરણ – ૮ : રેખા શુક્લ
પ્રકરણ – ૯ : હેમા પટેલ
પ્રકરણ – ૧૦ : પી કે દાવડા-વિજય શાહ

****

વિભાગ – ૩ “નિવૃત્ત થયાં પછી...”
(વિજય શાહનો વાર્તાસંગ્રહ)

૧ : **Feeling old is optional**
૨ : અમે બે
૩ : કદી ન ઢૂંકડું આવે ઘરડાઘર.
૪ : થોડીક ‘સ્પેસ’ આપતાં શીખીએ
૫ : સમજણનું ઊંજણ –
૬ : કરુણા બા-
૭ : એક રમત રમીએ, સહુને આપણે ગમીએ
૮ : છેલ્લે તો આપણે બે જ હોઈશું
૯ : જ્ઞાન–વસિયત-
૧૦ : એકમેકની દરકાર –
૧૧ : પ્રવાસ અને પર્યટને જવું

૧૨ : તંદુરસ્તી સાચવવી.

૧૩ : હકારાત્મક વલણો - રમેશ તન્ના

****

નિવૃત્તિ આચારસંહિતા (ટૂંકાણમાં)

૬૦ વર્ષ પછી છાતી ઉપર પથ્થર રાખી જીવતાં શીખી જાવ..ઓછું બોલો..

વધુ ચાલો. સામેથી કોઈને શિખામણ ન આપો...દિલનાં જખમ બધા પાસે ઉઘાડાં ના કરો.. કારણ, બધાના ઘરમાં મલમપટ્ટી નથી હોતી પણ નમક તો હોય જ છે... સૂકો રોટલો પણ પ્રેમથી આરોગો...કરોડો. માણસોને એ પણ નથી મળતો...કરકસરથી જીવો..ચીની કહેવત છે, કરકસર માણસને બહાદૂર બનાવે છે...રજનીશજી કહે છે તેમ, એકલા જીવતાં શીખો – હવે જોડી ક્યારે પણ ખંડિત થાય. વાંચનનો શોખ અચૂક રાખો જ...પુસ્તક એ બીજો જીવનસાથી છે, જે અંત સમય સુધી સાથ આપશે...પોઝિટિવ બનો...સ્વામી સચ્ચિનાનંદજીએ સાચું જ કહ્યું છે કે, 'વિધિના લેખ એટલે મનુંષ્યનો સ્વભાવ...'આવું બધું લખવું કે વાંચવું સહેલું છે પણ જીવનમાં ઉતારવુ કઠિન છે.

વોટ્સએપ સંદેશ - કૌશિક શાહ

આભાર

‘સ્ટોરી મિરર’ના
બિભુ રાઉત
દેવેન જયસ્વાલ
નીતા કોટેચા

વિભાગ – ૧ પાંચ અવલોકનો–અભિપ્રાયો

વિજય શાહ

પ્રવીણા કડકિયા

સરયૂ પરીખ

તરુલતા મહેતા

રોહિત કાપડિયા

(૧)

હેતુલક્ષી પુસ્તક તેના નામ પ્રમાણે હેતુ સિદ્ધ કરતું હોય છે.

“નિવૃત્તિની પ્રવૃત્તિ”, ”નિવૃત્તિનું વિજ્ઞાન”, “અંતિમ આરાધનાની પળે” તથા “મન કેળવો તો સુખ” અને “વસવાટ વિદેશે” જેવાં સંખ્યાબંધ પુસ્તકો આપ્યાં પછી એ જ હેતુલક્ષી શ્રેણીમાં આ એક વધુ સહિયારું સર્જન !

નિવૃત્ત થવું એ એક પરિવર્તન છે.

તેને બંને રીતે જોઈ શકાય : હકારાત્મક અને નકારાત્મક રીતે.

એક જ ઘટના - ઘરે બેસવું તેને હકારાત્મક રીતે જોઈએ તો ઘર અને સહિયર સાથે બાકીની જિંદગી જીવવા તક મળી છે. નકારાત્મક રીતે જોઈએ તો ‘મારા માથે પડ્યા’. આટલી ઘટનાને જુદાજુદા લેખકો જુદાજુદા દૃષ્ટિકોણથી મૂલવે છે. ચાલો મળીએ તેમને અને પછી વાંચીએ તેમના લેખોને.

– વિજય શાહ

****

(૨)

"નિવૃત્ત થયા પછી" ઘણી બધી ચરી પાળવાની. અરે, આ તો જિંદગી છે મરજીમાં આવે તેમ જીવવાની. બાળપણમાં માતા અને પિતાની આજ્ઞા માનવાની, શાળાએ જઈએ ત્યારે શિક્ષકોને સાંભળી તેમના કહ્યા પ્રમાણે અનુંસરવાનું. પરણ્યા એટલે પ્યારી પત્નીની ગુલામી કરવાની – નહીં તો, 'હું મારે પિયર જઈશ'ની લૂખી ધમકી આપે તે સાંભળવાની. બાળકો મોટાં થાય એટલે તેમની મરજી મુજબ...કારણ "આપણે ઘરડાં થઈ ગયાં". આ ગણિત મારી સમજમાં નથી આવતું.

નિવૃત્ત થયા; તમે તમારા મનના માલિક. જુવાનીમાં કમાયા હતા, હવે વિમાનમાં ફરો કે ફાઈવ સ્ટાર હોટલમાં રહો તમને કોણ રોકનાર છે ? હા, નસીબ હોય અને પતિપત્ની બન્ને હો તો સ્વર્ગ ટૂંકડું છે. કેટલું સરસ લાગ્યું ?! નિવૃત્ત થયાનો આ તો સહુથી મોટો લાભ છે. નિવૃત્ત થયા પછી શું ? એ પ્રશ્ન દરેકને સતાવે છે. તુંડેતુંડે મતિર્ ભિન્ના. દરેક વ્યક્તિના અભિપ્રાય અલગ હશે. અંતે તો સહુનું ધ્યેય એક જ છે ! નિવૃત્ત થયા પછી, "હાશકારો". બસ કોઈની ગુલામી નહીં. સમયની પાબંધી પણ નહીં.

"જીવનમાં શાંતિ".

"કોઈને નડવું નહીં".

"પતિ પત્નીની અને પત્ની પતિની સાથે આનંદમય જીવન ગુજારે". (જો નસીબદાર હોય અને બન્ને ડોસા ડોસી સાથે હોય તો!)

શેષ રહેલા જીવનનું સરવૈયુ કાઢી તાળો મેળવે". પછી

"જો એકલા હોય તો જાત સાથે સંધિ કરી જીવનને સફળ બનાવે". (સાથીની યાદ સતાવે એમાં બે મત નથી !)

સ્વામી સચ્ચિદાનંદ, ઓશો કે મોરારિબાપુ કહે તેમાંથી આપણને યોગ્ય લાગે તે ગ્રહણ કરવાનું. બાકી જીવનની ઢળતી સંધ્યાએ આપણા વાળ નથી ધૂપમાં ધોળા કર્યા કે વગર મહેનતે મફતની ટાલ પાડી. આપણી મરજી પ્રમાણે જીવવાનું. પ્રભુભજનમાં મઝા આવતી હોય તો તેમાં મસ્ત રહેવાનું. સતકાર્ય કરવાં ગમતાં હોય તો તેમાં પ્રવૃત્ત રહેવાનું. "પસંદ અપની અપની; ખયાલ અપના અપના".

બાળકોને તેમની સ્વતંત્રતા આપી, આપણો મારગ જુદો ચાતરી લેવાનો. જો તેમને આપણી જરૂર હોય તો અડધી રાતે પણ તૈયારી બતાવવાની. મનમાં મૂંઝાઈને તેમની ગુલામી નહીં કરવાની.

દરેક લેખકનાં મંતવ્યો વાંચ્યાં. તેમની પરેશાની જોઈ દુઃખનો અહેસાસ થયો. ખેલદિલ લોકો સત્ય લખે છે. બાકી બધા સત્યનું મહોરું પહેરી ફરે છે. શાને માટે ? સત્ય બોલજો, અંતરમાંથી, “કાઢ્યાં એટલાં કાઢવાં છે ખરાં ?”

મને નથી લાગતું કોઈની મરજી હોય ! સાથીની ગેરહાજરી સાલે, જરૂર, તેમાં બે મત નથી. ત્યારે પેલું બ્રહ્મવાક્ય ડૉ.કિયું કરે, "એકલા આવ્યા – એકલા જવાના"; સગાં કે વહાલાં બધાં સ્મશાનેથી પાછા વળવાનાં.

કિંતુ નિવૃત્ત જીવનમાં એવી પ્રવૃત્તિ પણ દેખાઈ આવે છે કે જે જીવનને સફળ કરવામાં સહાયરૂપ થાય. દરેક વ્યક્તિને એક ત્રાજવે ન તોળાય. દરેકની પ્રવૃત્તિમય જિંદગીની વ્યાખ્યા અલગ હોઈ શકે.

આપણે સહુએ સાંભળ્યું છે ૧,૮૪,૦૦૦ જન્મ પછી આ માનવદેહ પ્રાપ્ત થાય છે. હવે આ જન્મ એળે જવા દેવાનો ? શું કામ ? આંબો વાવનાર ક્યારેય એમ નથી વિચારતો કે 'હું આ કેરી ક્યાં ખાવાનો છું ?' વૃક્ષ દરેકને છાંયડો. આપે છે. જરાય વેરોઆંતરો નથી કરતું. કેટલાયનાં કાળજાં ઠારે છે. કેટલાં અગણિત પક્ષીઓ તેના પર માળો બાંધી પોતાનાં બાળબચ્ચાં ઉછેરે છે.

નિવૃત્તિ વેળાએ આપણે અઢળક ધન કમાયા હોઈએ તો બાળકોને આપ્યા પછી હૉસ્પિટલ, શાળા કે અનાથાશ્રમ બંધાવવું એ ખોટો વિચાર તો નહીં જ ગણાય. મતલબ કે સારી રીતે તે ધનનો ઉપયોગ કરવો. વિદ્યા પાછળ વિનિમય કરવો. તે પહેલાં એક મંત્રનું રટણ કરવું :

"પહેલું સુખ તે જાતે નર્યા." સ્વાસ્થ્ય પાછળ ધ્યાન આપવું. ઘડપણમાં ન જોઈતી આપત્તી આવે તો તેનો સામનો કેવી રીતે કરવો તે માટે સજ્જ રહેવું. જો જુવાનીમાં બાળકોને સારા સંસ્કાર આપી ઉછેર્યાં હશે તો તેમનો સાથ અને સહકાર મળશે તેમાં બે મત નથી. ઘરડે ઘડપણ તો પતિ અને પત્નીને એકબીજાની આદત પડી જાય. તેની મજા નસીબદાર માણે. છતાંય પોતાની આગવી પ્રતિભા રાખી ઝળકે એ 'સુખી–જોડા'ની લોકો ઈર્ષ્યા પણ કરે. એકલ દોકલ હોય તે અફસોસ કરવાને બદલે પોતાના જીવનની કેડી કંડારે.

આમ વિવિધ રીતે લેખકોએ પોતાના વિચાર દર્શાવી સારું માર્ગદર્શન આપ્યું છે. વિજયભાઈ હમેશાં સુંદર સંકલન પૂરું પાડી, જીવનમાં હકારાત્મક વલણ અપનાવવામાં માને છે. બાકી

જન્મ્યા ત્યારથી એક જ દિશામાં સહુની સતત ગતિ રહી છે. આ સમય દરમ્યાન તેનો સદુપયોગ કરવો આપણા હાથમાં છે.આપણી અનુકૂળતાએ કોઈની આંતરડી ઠારવી, કોઈને માટે જાત ઘસવી, કોઈના આશીર્વાદ લેવા, કોઈને સહાય કરવી. કુટુંબમાં સ્નેહ પ્રસારવો, ઈર્ષ્યાને તિલાંજલી આપવી, ચારે બાજુ જીવન જીવ્યાની સાર્થકતા લાગે એવું વાતાવરણ હોય તે કોને ન ગમે ? બાકી રેતીમાં પગલું ટકે એટલી આ જીવનની કહાની છે. બધા કાંઈ પૂજ્ય ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય તિલક કે મીરાં થવા સર્જાયા નથી!

– પ્રવીણા કડકિયા

****

(૩) “નિવૃત્ત થયા પછી” પુસ્તકના લેખકોને અભિનંદન. વિજયભાઈએ સંકલન સારું કર્યું છે. મારું કાવ્ય, "મૌનનો ગુંજારવ" મૂકયું તે માટે આનંદ સાથે આભાર. બસ, નિજાનંદ માટે લખતાં રહીએ.

– સરયૂ પરીખ

(૪)

'નિવૃત્ત થયા પછી' ઘડાએલી વિવિધ કલમે લખાએલું એક એવું પુસ્તક છે જે જીવનની ઢળતી વયનો મીઠો આવકારો કરે છે. 'હે ઉમદા મનુંષ્યો, તમે પોણી જિંદગી સમયના નિયમ પ્રમાણે નોકરી-વ્યવસાય કર્યાં, હવે નિવૃત્તિએ - એક વળાંક આગળ – ઘડીક ઊંડો. શ્વાસ લઈ કઈ મનગમતી કરવી છે તે માટે વિચારો તો આ પુસ્તક હાથલાકડી સમાન છે.'
પરમસમીપે તરફની દિશાને સંધ્યાના ગુલાબી પ્રકાશથી ઝળહળતું કરે છે. નિરંજન ભગત કહે છે તેમ સૌંદર્ય, કલા, માનવતાથી ભરપૂર આ પૃથ્વી પરનું આપણું જીવન ધન્ય કરવાનો અવસર એટલે નિ-(નિષ્કામ)વૃત્તિ. એવાં કર્મો કરવાની તક, જેમાં સ્વને અને સમાજને કલ્યાણકારી આનંદ મળે.
“ધરા અહો ધન્ય, ન સ્વર્ગ મ્હોવું,
સદભાગ્ય શું ન હોય મનુંષ્ય હોવું?”

આ પુસ્તક રંગબેરંગી સુવાસિત ફૂલોનો બુકે છે. વાચકોને આ પ્રેમભરી સોગાત અર્પણ કરતાં આનંદ થાય છે.
જય ગુર્જર ગિરા !

– તરુલતા મહેતા

****

(૫)

કુશળ હશો. 'નિવૃત્ત થયા પછી' સળંગ વાંચવાની ખૂબ મજા આવી. નિવૃત્તિ પછીના જીવનની એક ઝલક આંખો સામે ઉપસ્થિત થઈ ગઈ. કોઈ સિનેમા જોતાં હોઈએ એવો અહેસાસ થયો. આપની મહેનતને સલામ. રજૂઆત લગભગ ક્ષતિરહિત છે. ધન્યવાદ !
– રોહિત કાપડિયા

****

વિભાગ – ૨ “નિવૃત્ત થયાં પછી.....”

સહિયારા સર્જનનાં લેખકો : પ્રકરણના ક્રમ પ્રમાણે

રોહિત કાપડિયા

ફાલ્ગુની પરીખ

રશ્મિ જાગીરદાર

પ્રવીણા કડકિયા

સ્વાતિ શાહ

કેદારસિંહ જાડેજા

રાજુલ કૌશિક

જીતેન્દ્ર પાઢ

વિજય શાહ

ઉમાકાંત મહેતા

તરુલતા મહેતા

રેખા શુક્લ

હેમા પટેલ

પી.કે.દાવડા

રમેશ તન્ના



તારો સાત જનમનો સાથ

પલંગમાં સૂતાં સૂતાં જસવંતલાલ વિચારી રહ્યા હતા કે હાશ! આખરે આજે નિવૃત્ત થયો. બાવીસ વર્ષે ચાલુ કરેલી નોકરી આજે પાંસઠ વર્ષે છોડી. તેંતાલીસ વર્ષથી એકધારી મહેનત કરી. ઈમાનદારીથી જીવ્યો હોવા છતાંય આર્થિક સ્થિતિ સદ્ધર છે. પણ આ વર્ષો યંત્રની જેમ જીવન જીવ્યો. રોજ સવારે અનિચ્છાએ છ વાગ્યે ઊઠીને નવ વાગ્યે કામે જતાં રહેવાનું ને

સાંજે આઠ વાગ્યે પાછા આવવાનું. હવે કાલથી તો મારી મરજી હશે ત્યાં સુધી સૂઈ રહીશ. શાંતિથી નાસ્તો કરીશ. છાપું વાંચીશ. લાડલી પૌત્રી ચાર્મી સાથે ખૂબ રમીશ. મને ગમતું વાયોલિનવાદન ફરી ચાલુ કરી દઈશ. મારો વાંચનનો શોખ પૂરો કરીશ. મિત્રોને કહીશ કે બોલો, હવે નવી શી પ્રવૃત્તિ કરવી છે ? શાંતિથી ટીવી જોઈશ. નાટક અને સિનેમા જોવાં જઈશ. હાલ સ્વાસ્થ્ય સારું છે તો એ સ્વસ્થતાને ટકાવવા નિયમિત યોગ અને કસરત કરીશ. જિંદગીનાં હવે પછીનાં વર્ષોને જીવંતતાથી ભરી દઈશ. એમના વિચારોની વણથંભી વણઝાર એમની પત્ની સુશીલાના બોલાવવાથી અટકી.

રૂમમાં આવતાં જ સુશીલાએ કહ્યું, "સાંભળો છો, કાલથી તમે નિવૃત્ત થવાનાં છો. હવે કાલથીતમારે તમારી મરજી મુજબ જિંદગી જીવવાની છે. આટલાં વર્ષો બહુ મહેનત કરી, હવે પૂરતો આરામ કરવાનો છે. તમારે તમારાં અધૂરાં સ્વપ્નાંઓ પૂરાં કરવાનાં છે. લાવો, માથામાં તેલ ઘસી દઉં એટલે શાંતિથી ઊંઘ આવી જાય." અને આટલું કહી દિલથી તેલમાલિશ કરી એમને સૂવાડતાં ચાદર સરખી કરીને કહ્યું, "લ્યો, હવે શાંતિથી સૂઈ જાવ. કાલે સવારે છ વાગ્યે નહીં ઉઠાડું. તમતમારે મન પડે ત્યાં સુધી સૂતાં રહેજો." અને સુશીલા સૂઈ ગઈ, પણ જસવંતલાલની ઊંઘ ઊડી ગઈ.

જસવંતલાલ વિચારવા લાગ્યા કે કેટલી પ્રેમાળ પત્ની મળી છે. પરણીને આવ્યાં પછી મમ્મી-પપ્પાની દિલથી સેવા કરી. લગ્નનાં તેર વર્ષ બાદ દીપકનો જન્મ થયો. એને પણ એટલા જ લાડકોડથી ઊછેર્યો. મારું પણ હંમેશાં એટલું જ ધ્યાન રાખ્યું. દીપકના લગ્ન પછી પૂજા વહુ ઘરમાં આવી તો એની પણ એટલી જ કાળજી રાખી. દીકરો-વહુ બંને નોકરી કરતાં હતાં એટલે

એ બંનેનાં ટિફિનથી માંડીને દરેક ચીજનું એ ધ્યાન રાખતી. વહુ આવ્યા પછી એનું કામ ઘટવાને બદલે વધી ગયું હતું. આટલું ઓછું હોય તેમ ચામીની જવાબદારી પણ એણે હોંશે હોંશે ઉપાડી લીધી હતી. સવારના પાંચ વાગ્યાથી રાતનાં દસ સુધી એ સતત કામ કરે છે ને તોએ સદા હસતી જ રહે છે. રવિવાર, તહેવાર અને માંદગીમાં મને તો રજા મળે છે પણ એને તો ક્યારેય રજા નથી મળતી. ક્યારેય આરામ નથી મળતો. ઊલટાનું જ્યારે અમને રજા હોય ત્યારે તો એને વધુ કામ પહોંચે છે. તો શું એને ક્યારેય નિવૃત્તિ નહીં ? એને પણ પોતાનાં અરમાન હશે, સ્વપ્નાંઓ હશે. તો શું મારી ફરજ એ અરમાનો ને સ્વપ્નાંઓ પૂરાં કરવાની નથી ? પરણ્યા પછી કાશ્મીર ગયાં હતાં ત્યારે મારાં કહેવાથી કેટલું મીઠું ને મધુરું ગીત ગાયું હતું. એના સ્વરમાં કોયલની મીઠાશ હતી પણ પછી તો એ સ્વર જ જાણે રૂંધાઈ ગયો. ના, ના, આ બરાબર ન કહેવાય. ને પછી મનમાં કંઈક નક્કી કરીને એ સૂઈ ગયા.

બીજા દિવસે સવારે પાંચ પહેલાં ઊઠીને, નાહીધોઈને તૈયાર થઈ ગયા. ચા બનાવી સુશીલાના પલંગ પાસે આવીને તેના માથામાં પ્રેમથી હાથ ફેરવતાં તેને ઉઠાડીને કહ્યું, "સુશી, લે આ ચા પી લે. તેં ગઈકાલે મને કહ્યું હતું ને કે હવે મારે મારી મરજીથી જીવવાનું છે તો મારી મરજી છે કે આજથી હું તને તારા દરેક કાર્યમાં મદદ કરીશ. આપણે બંને સાથે પ્રવૃત્ત રહીને પણ નિવૃત્તિનો આનંદ માણીશું. આપણે સાથે સાથે આપણાં સ્વપ્નાંઓ પૂરાં કરીશું.તારા સૂરને હું સાઝ આપીને ફરીથી ગૂંજતા કરીશ. હવે તારે મનમાં ને મનમાં ગણગણાટ કરતાં નથી ગાવાનું, પણ દિલ ખોલીને ગાવાનું છે. એય, પહેલી વાર ચા બનાવી છે. ચાખીને કહે, કેવી બની છે?"

સુશીલાની આંખમાંથી ટપકતાં આંસુઓ ચામાં ભળતાં ગયાં ને ચા મીઠી બનતી ગઈ. દાંપત્યજીવનની સુવાસથી ઘર મહેકી ઊઠ્યું. જસવંતલાલનો હાથ હાથમાં લઈ એને

પંપાળતાં સુશીલાએ કહ્યું, “આ ઉંમરે પણ કેટલો બધો પ્રેમ કરો છો. તમારી હર વાત મને શિરોમાન્ય છે. હવે મારી મરજી અને તમારી મરજી નહીં પણ બધું જ આપણી મરજીથી કરવાનું. અત્યાર સુધી આપણે આપણી ફરજ પૂરી કરવા જીવન વિતાવ્યું. દીપક, પૂજા અને ચાર્મી માટે શક્ય હોય તે બધું જ કર્યું અને હજુ પણ કરશું..હજુ આપણા બંનેનું સ્વાસ્થય સારું છે તો હવે ઘરની સાથે થોડીક સામાજિક પ્રવૃત્તિ પણ કરશું. તમારા સહકારથી મળેલા સમયનો આપણે સદુપયોગ કરીશું. થોડુંક બીજા માટે જીવીશું. આજકાલ બધાંને ઘડપણ અકારું લાગે છે, વૃદ્ધાવસ્થાનો ડર લાગે છે. આપણે એ ડરને લોકોમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરશું. આપણા જ સગાં, સ્નેહી, પરિચિતો અને જ્ઞાતિમાં જે જે ઘરમાં વૃદ્ધો છે તેમને ફોન દ્વારા, પત્ર દ્વારા કે જરૂર પડે તો પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રેરણાત્મક વાતોથી આશાવાદી બનાવશું. વૃદ્ધત્વને અકારું નહીં પણ પ્યારું બની રહે તેવા વિચારોથી મઢી લેવામાં મદદરૂપ થઈશું. શક્ય હશે તો સમયાંતરે બધાંને ભેગાં કરીને સારા વિચારોની આપ-લે કરીશું. ચાર્મી પણ હવે લગભગ પાંચ કલાક શાળામાં વિતાવે છે, તો એ સમય દરમ્યાન થોડીક મોકળાશનો અનુંભવ કરતાં સારા વાંચન અને સારા શ્રવણ દ્વારા જીવનને જીવંતતાથી ભરી દઈશું. પગની ધીમી ઠેસ મારી હિંચકે ઝૂલતાં આપણે વીતેલા સમયને યાદ કરતાં અલકમલકની વાતો કરીશું. ઘરની જ બાલ્કનીમાં નાનું એવું ઉપવન રચીશું. ને હા ! કદાચ બીમાર થઈશું તો એકમેકના સહારે એ બીમારીને દૂર ભગાડીશું. આપણે વેદનાને વહાલ કરીશું, પીડાને પોતીકી ગણીશું અને દુખ-દર્દને દુઆઓની અસર ગણીશું. મોત આવશે તો એનો પણ બહુ જ સહજતાથી સ્વીકાર કરીશું. બંનેને સાથે ઈશ્વર બોલાવી લે તે તો અતિ ઉત્તમ પણ કદાચ એવું ન થાય તો પણ જેનું આયુષ્ય લાંબુ હશે તે યાદોના સહારે અર્થસભર જીવન જીવશે.” આટલું કહેતાં તો સુશીલાની આંખ ફરી આંસુથી છલકાઈ ગઈ.

પ્રેમાળ હાથે સુશીલાની આંખનાં આંસુ લૂછતાં જસવંતલાલે કહ્યું, “ગાંડી, જીવન જીવવાના

સમએ મોતની વાતો કેમ કરે છે ? તને એક ફરિયાદ મારા માટે કાયમ હતી ને કે હું ઈશ્વરમાં માનું છું તો મંદિરે કેમ નથી જતો ? પૂજા કેમ નથી કરતો ? તો ચાલ, ઊઠ અને જલ્દીથી તૈયાર થઈ જા. રસોઈ ચાલુ કરતાં પહેલાં આપણે સાથે મંદિરે જઈ આવીએ. આજે તારા ઈશ્વર પાસે શું માગવાનો છું ખબર છે ? તારો સાત જનમનો સાથ માંગવાનો છું." ને સુશીલાએ હસીને કહ્યું, "બસ, સાત જ જનમનો સાથ, ભવોભવનો નહીં ?" બહાર હવામાં સૂરીલું ગીત ગુંજી રહ્યું હતું.....

'હમ તુમ યુગયુગસે એ ગીત મિલન કે, ગાતે રહે હૈં, ગાતે રહેંગેં....'

– રોહિત કાપડિયા

“અનોખો રવિવાર”

સુશીની આંખથી ટપકતાં એ આંસુ જશવંતલાલને એવા લાગ્યાં – જાણે કે છીપમાં મોતી છુપાએલ હોય! પ્રેમથી હાથમાં ઝીલતાં બોલ્યા, સુશી, આ શું?! તને મારા હાથની બનાવેલ ચ્હા ના ભાવી?”

“અરે ના, એવું નથી - આ ચ્હામાં તમારા હાથનો સ્નેહ ભળી ગયો હોવાથી મધથી પણ વધુ મધુકર બની છે! પરંતુ તમે કેમ આજે?”

“સુશી, આજથી નક્કી કર્યું છે, તને દરરોજ મારા હાથની બનાવેલ ચ્હા પીવડાવીશ –”

“અને મને તમે તમારા સ્નેહના બંધાણી બનાવી દેશો કેમ?” એમના મધુર પ્રેમભર્યા હાસ્યથી એ રૂમની દીવાલો અને એ ખુશનુંમા રવિવારની સવાર મહેકી ઊઠી!

એટલામાં એમની બુલબુલનો ચહેકતો અવાજ આવ્યો – “ગુડ મોર્નિંગ દાદુ – ગુડ મોર્નિંગ ‘મા’! “ઓહ મારી કોકિલકંઠી, એમ કહી જશવંતલાલે પ્રેમથી ચાર્મીને ઊંચકી લીધી અને વહાલભર્યું ચુંબન તેના કપાળે કર્યું. સુશી આ સ્નેહભરી પ્રેમની તસ્વીરને આંખોમાં સમાવતી રહી – મનમાં વિચારતી રહી – જિંદગીની ભાગાદોડીમાં ન જાને આવી કેટલીય પ્રેમભરી ક્ષણો ચૂકી ગયાં છીએ. થેંક્યુ જિંદગી – મને આજે એક નવી સ્મરણીય સવાર આપવા માટે!!

દુનિયાની નજરમાં ભલે એ નિવૃત્ત થયા પરંતુ જિંદગીના આ નવા ગણિતમાં પ્રથમ દિવસે એ જિંદગીનો દાખલો સચોટ થયો! મને હતું નિવૃત્તિ એ જિંદગીના ઘણા બધા પ્રકરણમાંનું એક છે. નિવૃત્તિની પળ જાણે કે પ્રવૃત્તિની પાનખરનો અનુંભવ કરાવે છે. પરંતુ તેમણે આ સહજતાથી સ્વીકારી લીધી છે. દરેકના માટે એકધારું કામ કરીને એ ખુદ પણ જિંદગીની ખુશીઓથી અલિપ્ત જ રહ્યા છે ને! હવે એમ લાગે છે – સાચી જિંદગીની શરૂઆત થઈ છે.

દાદા-પૌત્રીને રમતાં નિહાળી સુશી પલંગ પરથી ઊતરતાં, પોતાના છૂટા વાળને હાથ વડે અંબોડા ટાઈપ બાંધવા લાગ્યાં ત્યાં જશવંતલાલ તેમની નજીક આવ્યા – પ્રેમથી હાથને રોકતાં બોલ્યા, એને ખુલ્લા રહેવા દે - એ તારા વ્યકિત્વને ખૂબ સુંદરતા બક્ષે છે! એમ કહી અંબોડો.

ખોલી દેતાં નાગણ જેવા વાળ સુશીની પીઠ પર લહેરાઈ ગયા. બંનેની આંખોમાં પ્રેમની

જયોતિ ઝગમગી ઊઠી – સહેજ હસતાં એમની વાત માનીને દૈનિક કાર્યો પતાવવા પગ ઉપાડયો ત્યાં એમનું ફરમાન આવ્યું, "પ્રિએ, આજે તારે સંપૂર્ણ રવિવારની રજા ભોગવવાની છે. આજે મોર્નિંગ બ્રેકફાસ્ટ તારા પ્રાણપ્રિએ પતિદેવ બનાવશે!"

"અરે વાહ દાદુ – આજે તમે બ્રેકફાસ્ટ બનાવશો?" ચાર્મી ખુશ થતાં ચહેકી ઊઠી. "યસ માય પ્રિન્સેસ! ડુ યુ હેલ્પ મી?" "યસ દાદુ,,,,! લેટસ ગો – " દાદાપૌત્રી કિચન તરફ ગયાં, સુશી આશ્ચર્યથી જોતી રહી. ખરેખર આજનો રવિવાર એના માટે અવિસ્મરણીય હતો!!

કિચનમાં ઠાઠથી આવી તો ગયા, પરંતુ બનાવવું શું? ખુદને કોઈ વસ્તુ બનાવતાં નહોતી આવડતી. કદી કિચનમાં આવ્યા નહોતા એટલે દરેક વસ્તુ કયાં મુકાય છે એ પણ ખબર ન હતી. તેમની મૂંઝવણ ચાર્મીએ દૂર કરી. "દાદુ આપણે આજે બ્રેકફાસ્ટમાં,,, હમમમમ,,,, બ્રેડ-બટર-જામ, 'મા'નાં ફેવરિટ બટાકાપૌવાં બનાવીશું, કરેક્ટ?"

અરે, સુશીને એ ફેવરિટ છે એની મને અત્યાર સુધી ખ્યાલ જ ના આવ્યો. સાચે હું મારી જીવનસંગિનીની પસંદ–નાપસંદને ભૂલી ગયો હતો. એણે કદીએ માટે ફરિયાદ નથી કરી. "બેટા-તને ખબર છે, તારી દાદી એ બધું કયાં મૂકે છે?"

"દાદુ એ મારી દાદી નથી; મારાં 'મા' છે!! ને હા મને ખબર છે" – ગર્વથી ચાર્મી બોલી ત્યારે તેમને લાગ્યું, મારા કરતાં મારી પૌત્રીએ વધુ ખ્યાલ રાખ્યો છે મારી સંગિનીનો – મનોમન ભગવાનનો આભાર વ્યક્ત કર્યો કે તેં મને નિવૃત્ત કરી મારી ખુશીઓની પળો છૂટી ગઈ હતી એ માટે સમય આપી મારા પર ઉપકાર કર્યો છે!

સુશી દાદાપૌત્રીને રસોડામાં કામ કરતાં નિહાળી હસી રહી હતી. ચાર્મી ઉંમરમાં નાની હોવા છતાં બુધ્ધિથી ખૂબ કુશાગ્ર હતી. ન જાને આજે એમના મનમાં શું ભૂત ભરાયું છે? સવારથી કંઈક જુદો વ્યવહાર કરી રહ્યા છે. દીપક–પૂજા ઊઠી ગયાં હતાં, મમ્મીને ડાઈનિંગ ટેબલ પર એકલી હસતાં આશ્ચર્ય થતું હતું, અને કિચનમાંથી આ શેનો અવાજ આવી રહ્યો છે, ચાર્મી કિચનમા શું કરી રહી છે એ જોવા ત્યાં નજર કરી. જે જોયું એના પર વિશ્વાસ ના આવ્યો. “પપ્પા, તમે રસોડામાં આ શું કરી રહ્યા છો?”

“ગુડ મોર્નિંગ એવરી બડી – બ્રેકફાસ્ટ રેડી છે - જલદીથી ટેબલ પર આવી જાઓ ચાલો”, સ્ટાઈલથી બોલી, ચ્હા, બનાવેલ નાસ્તો ટેબલ પર મુકાયાં.

દીપકપૂજાનું આશ્ચર્ય સમાપ્ત થતું ન હતું. બધાં ત્યાં ગોઠવાયાં, જશવંતલાલે બધાંને સુશીની સ્ટાઈલથી નાસ્તો સર્વ કર્યો. પ્રેમથી સુશીની પ્લેટમાંથી એક ચમચી બટાકાપૌવાની ભરી તેના મુખ સમીપ લાવતાં બોલ્યા, “પ્રિએ, ચાખીને કહે કેવાં બન્યાં છે?” સુશીએ પ્રેમથી તેમનો હાથ પકડી કહ્યું, “તમે બનાવ્યા છે ને! મારા માટે એ સર્વશ્રેષ્ઠ જ છે!” એમ કહી, સ્નેહ નીતરતી આંખે એને મુખમાં મૂક્યાં.

“અરે દીપક, પૂજા, તમે પણ ટેસ્ટ કરી કહો કેવા બન્યા છે?” એ બંને મમ્મીપપ્પાના પ્રેમની અનુંભૂતિને નિહાળી મનોમન એકબીજા માટે આવો પ્રેમ કદી દર્શાવી શકયાં નથી એનો એહસાસ થતાં, બંનેની નજર એકબીજા સાથે ટકરાઈ.

“વાહ, પાપા, એકદમ ફર્સ્ટકલાસ બન્યાં છે, કોઈ કહે નહીં તમે આજે પહેલી વખત બનાવ્યાં છે!” ટેબલ પર રવિવારની સવાર મસ્તી ને પ્રેમભરી બની રહી. સુશી પરવારી શાકભાજી

લેવા માર્કેટ જવા તૈયાર થઈ બહાર નીકળી – સામે જશવંતલાલ ગાડી લઈ તૈયાર હતા.

“અરે તમે કયાં ચાલ્યા?’

“તારી સાથે આવું છું સુશી.”

“મારી સાથે કેમ?”

“આજે સવારે કહ્યું હતું, આજથી તારા દરેક કામમાં હું – તો બસ હવેથી એ સાથે મળીને જ કરીશું.”

શાક લઈને ઘરે આવતાં જશવંતલાલે ફરમાન કર્યું, “આજે ઘરની ગૃહિણીઓ આરામ કરશે, ઘરના આ બે પુરુષો રસોઈ કરશે.” તેમનું ફરમાન સાંભળી દીપક બોલ્યો – “પાપા, આર યુ ઓલરાઈટ? રસોઈ અને તે આપણે?! પાપા, એ કામ મમ્મી અને પૂજાનું છે આપણું નહીં - સોરી હું એ નહીં કરું!”

“દીપક, કેમ તમે નહીં કરો? પાપાએ કહ્યું છે, તમારે કરવાનું જ છે સમજયા?” પૂજાએ હક્કથી કહેતાં દીપક મનોમન તેના પર ઘૂંધવાયો. સુશી, પૂજા, ચાર્મીને મજા આવતી હતી.

બંનેને કિચનમાં વસ્તુઓ સાથે માથાકૂટ કરતાં નિહાળી સુશી એમની મદદમાં પહોંચી. સુશી, તને ના કહ્યું છે ને? તારે આજે આરામ કરવાનો છે; કેમ અંદર આવ્યાં?”

“હું તમારી મદદમાં...”

“યસ મોમ, પ્લીઝ તમે કરો, મને આ બધું નથી ફાવતું –” એમ બોલી દીપકે કિચનની બહાર જવાની તૈયારી કરી, ત્યાં પૂજા આવતાં બોલી,

“દીપક, ડાર્લિંગ, નો ચીટિંગ – આજે તો તમારે પણ...” હસતાંહસતાં પૂજા બોલી.

“યસ પૂજા બેટા, એ દીપકના બચ્ચા, કામચોર, કામથી ભાગ નહીં; ચાલ મદદ કર મારી ભાજીપાંઉ બનાવવામાં.”

“વાઉ,,, દાદુ, ભાજીપાંઉ – ” ચાર્મી એકદમ કૂદીને દાદુના ગળે વળગી પડી. અચાનક આ થવાથી જશવંતલાલ પોતાનું બેલેન્સ જાળવી ના શકયા, તેમનો હાથ પ્લેટફોર્મ પરની થાળી પર પડ્યો. એ સાથે જ એ થાળી ઊછળી અને એમાં છોલીને રાખેલા વટાણા કિચનમાં વેરાઈ ગયા. “ઓહોહો – ચાર્મી બેટા, આ શું કર્યું?” સુશી ઝડપથી તેને વીણવા નીચા નમ્યાં, જશવંતલાલ પણ એ જ ક્ષણે નીચા નમતાં બંનેનાં માથાં એકબીજા સાથે ભટકાયાં. “અરે !” બોલતાં કિચનમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

“જોયું પાપા, જેનું કામ જે હોય એ કરે તે જ સારું છે બધાં માટે. જુઓ....” કિચનમાં વિખેરાઈને પડેલા વટાણા તરફ આંગળી કરતાં સહેજ ચિડાતાં તે બોલ્યો.

“આજે ખાવાનું આપણે જ બનાવવાનું છે માટે ખોટાં બહાનાં બંધ કરી હેલ્પ કર મને.”

દીપકને કામ કરતો નિહાળી, પૂજાને ખૂબ મજા આવતી હતી. મનોમન થોડો. અપરાધભાવ પણ અનુંભવતી હતી. દીપક–પપ્પાજીને કામ કરતાં નિહાળી ખ્યાલ આવ્યો, ખુદ રોજ ઑફિસના કામને કારણે ઘરમાં કદી મમ્મીને ઘરકામમાં મદદ નથી કરી. મમ્મીએ કદી એ

માટેના વિરોધી સૂર ઉચ્ચારી ઘરના વાતાવરણને કદી ઝઘડાથી દૂષિત નથી કર્યું. કાયમ તેમના માટે બધું તૈયાર રાખતાં હતાં. અરે ખુદની દીકરી ચાર્મીની જવાબદારી તેમણે ઉઠાવી લીધી હતી. ચાર્મી આજે ૫ વર્ષની થઈ ગઈ છે એ ખ્યાલ જ ના આવ્યો. આજે પૂજાને મમ્મીની એ મહાનતાનો ખ્યાલ આવ્યો, તેનું મસ્તક આપોઆપ તેમને વંદન કરવા ઝૂકી ગયું. સમજાયું કે ઑફિસના કામ કરતાં પણ મુશ્કેલ કામ ઘરનાં છે! ઑફિસમાં કામનો એક ટારગેટ હોય છે, જયારે ઘરના કામમાં એવી કોઈ ગુંજાઈશ નથી હોતી. રવિવારની રજા ત્યાં હોય છે, ઘરમાં રવિવારે દરેકની પસંદગી સાચવવા જતાં કામ વધી જાય છે એ પૂજાને આજે સમજાયું. મનમાં પપ્પાજીનો આભાર માન્યો – થેંક્યુ પપ્પાજી! આજે તમે સાચા અર્થમાં મને નિવૃત્તિનો અર્થ સમજાવ્યો છે! નિવૃત્તિનો અર્થ એ નથી કે તમે બધાં કામથી નિવૃત્ત થઈ જાઓ. તેનો સાચો અર્થ એ છે કે તમે તમારા સાથીની પ્રવૃત્તિશીલતાના સમયને પોતાનો સાથ આપો!

ફાઈનલી ભાજીપાંઉ બનીને તૈયાર થઈ ગઈ. ટેબલ પર પહેલી વખત જમવાના સમએ બધાં સાથે હતાં. નહીં તો દરેક રવિવારે બધાંનો જમવાનો સમય અલગ અલગ જ હતો. દરેકના ચહેરા પર પ્રસન્નતા હતી. દીપક ગુસ્સે હતો, કિયનના કામને કારણે આજે તેનો રવિવાર બરબાદ થયો હતો. બધાની ખુશી જોઈ સમજાયું – જિંદગીની નાનીનાની ખુશીને શોધવા નથી જવી પડતી – બસ આપણે તેને મેળવવાની હોય છે!

અચાનક તેણે એનાઉન્સમેન્ટ કર્યું, “આજે સાંજે આપણે બધા પિકનિક પર જઈશું, અને ડિનર હોટલમાં કરીશું.” “વાઉ,,, ડેડી પિકનિક!” ચાર્મીના ચહેરા પર ખુશી ઝળકી ઊઠી, તેની ખુશી નિહાળી દીપકને સમજાયું – ખુશીને આવતાં રોકી શકે એવા કોઈ દરવાજા બન્યા નથી, તેને લાગણીના અને પ્રેમના શબ્દો વડે ભીંજાવવાં પડે છે!

સાંજે શહેરથી દૂર કુદરતના સાન્નિધ્યમાં બધાં પિકનિક માટે ગયાં. ચાર્મી પોતાને રમવા માટે વિશાળ ખુલ્લી, ઘાસથી ભરેલી જગ્યા જોઈને તે પતંગિયાની માફક આ બાજુથી બીજી બાજુ દોડતી હતી. દીપક–પૂજા બંને હાથમાં હાથ પરોવી ચાલતાં હતાં – શબ્દો અબોલ હતા, હૈયાનાં સ્પંદનો સ્પર્શ વડે મૂક વહેતાં હતાં!

સુશીના ખોળામાં માથું મૂકી જશવંતલાલ સૂતા હતા. ડૂબતા સૂરજની લાલિમા સુશીના ગાલને રતુમડા બનાવતા હતા! તેના ભીના ભીના અધરો પર પ્રીતની મુસ્કાન હતી. તેની આંગળીઓ પ્રિયતમના વાળમાં ફરતી હતી. એ બંને એ પ્રેમના અસ્ખલિત પ્રવાહમાં વહેતા જતાં હતાં! એટલામાં ચાર્મી દોડતી ત્યાં આવી, દાદુને આ રીતે સૂતેલા જોતા બોલી, “દાદુ ઊઠો! આ મારી જગ્યા છે, તમે કેમ ત્યાં સૂતા છો?”

“અરે મારી બુલબુલ, તું પણ આવી જા.” એમ કહી તેને પોતાની બાજુમાં સૂવડાવી દીધી! સુશી બંનેને પ્રેમભરી આંખે નિહાળતી રહી. તેમને નહોતી ખબર, નિવૃત્તિ પછીની જિંદગી આટલી સુંદર પ્રેમભરી બની રહેશે!!

– ફાલ્ગુની પરીખ

નિવૃત્ત થયાપછી-(૩) રશ્મિ જાગીરદાર

“જિયા અપને ખાતિર, તો ક્યા જિયા?”

“પ્રેમને તારા વર્ણવવા શબ્દો નથી જડતા,

સ્પર્શ પામીને તારો, સ્પંદનો નથી વળતાં,

આયખું આખું ગૂંથાઈ ગયું ત્યાગની સુરામાં,

રે, લાગણીનાં હૂંફાળાં સરનામાં નથી મળતાં.”

કાવ્યની આ પંક્તિઓ અચાનક જ સુશીના મનમાં સ્ફૂરી. અને તે સાથે જ તેને કૈંક યાદ આવ્યું. પણ આ પળની ખુશીને તે ગુમાવવા નહોતી માંગતી. એટલે મનને પાછું વળી લીધું અને પોતાના ખોળામાં પોઢેલાં બે અનમોલ રતનને સુશી અનિમેષ નજરે તાકી રહી. પિકનિકમાં આખો દિવસ મઝા તો ખૂબ આવી તેની સાથે થાક પણ ખાસ્સો લાગ્યો હતો, તેનો અહેસાસ તો ઘરે પહોચ્યાં પછી જ થયો. જમવાનું બહાર પતાવી દીધેલું હતું, એટલે મોડા ઘરે પહોંચ્યાં ત્યારે સૌને પથારી જ દેખાતી હતી. પડતાં ભેગાં જ બધાં ઊંઘી ગયાં.

સવારે જશવંતલાલની આંખ ખૂલી, ત્યારે તેમણે જોયું કે સુશી પથારીમાં બેસીને કંઈક વાંચતી હતી. તેને ખલેલ પહોંચાડ્યા વગર તે પત્ની સામે જોઈ રહ્યા. થોડીક જ વારમાં સુશીનું ધ્યાન ખેંચાયું, એટલે તેમણે પૂછ્યું, "શું વાંચે છે?"

"આ જુઓને, મારી ઊંઘ પહેલેથી ઓછી, એટલે રાત્રે જ્યારે જાગી જાઉં, ત્યારે કંઈ ને કંઈ લખવા બેસી જતી. છેલ્લા કેટલાક વખતથી ચાર્મી નાની તેની સંભાળ, પૂજા-દીપકની અને તમારી જોબ, એ બધી દોડધામમાં હું એ વાત જ ભૂલી ગએલી."

"લાવ મને જોવા દે." કહીને તેમણે ડાયરી લીધી.અને મોટેથી વાંચવા લાગ્યા.

"ખોવાએલી છું હું પણ શોધું તને,

રૂપાળી છું હું, પણ તું ગમું મને.

વાહ, સુશી, સરસ. અને ડાયરીમાં તેં આટલું બધું લખ્યું છે? મને કોઈ દિવસ બતાવ્યું પણ નહિ?" "તમારી પાસે હવે સમય છે નિવૃત્તિ પછી, પહેલાં ક્યાં હતો?" પ્રશ્નનો જવાબ પ્રશ્નથી જ

મળ્યો. પછી કહે, “હમણાં બધા વોટ્સેપ અને ફેસબુક પર આવું લખે છે તો મારું લખેલું મૂકું તો?” જશવંતલાલે સુશીની વાતને વધાવી લીધી, અને ધીમે ધીમે વોટ્સેપ અને ફેસબુક પર મૂકતાં શીખવાડી પણ દીધું.

રસનો વિષય હતો, એટલે સુશીએ લખવાનું પૂરજોશમાં શરૂ કર્યું, એટલું જ નહિ પોતાનાં સર્કલમાંથી, લખવાનો શોખ ધરાવતી સૌ બહેનો સાથે અઠવાડિએ એક વાર મળીને, દરેકની કૃતિઓ વાંચીને એકબીજાની ક્ષતિ દૂર કરતાં અને વધુ સારું લખવા પ્રયત્ન કરતાં. તેમની આવી સભાને તેઓએ “જ્ઞાન ગોષ્ઠિ” નામ આપ્યું.

જશવંતલાલ અને સુશી એક વાર કોઈનાં લગ્નમાં પોતાને ગામ ગયાં. ત્યાં બે દિવસ રહેવાનું થયું તે દરમ્યાન તેમના ધ્યાનમાં આવ્યું કે, નાના ગામમાં માત્ર પ્રાયમરી શાળા જ હતી. એટલે મોટા ભાગની છોકરીઓ, એટલું જ ભણીને ઘરે બેસી જતી. તેમને બહાર ગામ ભણવા મોકલવા કોઈ તૈયાર નહોતું. વળી પોતાના છોકરાઓને બહારગામ ભણવા મોકલતા અને ખર્ચો કરતાં પણ છોકરીઓ પાછળ એવો ખર્ચો કરવાનું ટાળતા. તેમને દીકરીઓની સલામતીની ચિંતા પણ રહેતી. જશવંતલાલે તેઓને ઉપાય સૂચવ્યો. તેમણે કહ્યું, “જુઓ, શહેરમાં મારો એક ફ્લેટ ખાલી પડ્યો છે. તેમાં ગામની દીકરીઓ રહીને ભણશે. તેમની સલામતીની ચિંતા ના કરશો. જે સાવ ગરીબ છે અને આગળ ભણવા માંગે તેમની ફીની વ્યવસ્થા માટે પણ હું પ્રયત્ન કરીશ. હવે હું નિવૃત્ત થયો છું, એટલે મારી પાસે સમય છે અને મારે તેનો સદુપયોગ કરીને આ ગામનું મારા પર જે ઋણ છે, તે વાળવાનો એક નાનો પ્રયત્ન કરવો છે. વળી આપણે સૌએ – બેટી બચાઓ, બેટી પઢાઓ અભિયાનમાં પણ, આપણો ફાળો આપવો જોઈએ.”

ગામના લોકોને જશવંતલાલની વાતો ઘીથી લસલસતા શીરાની જેમ ગળે ઊતરી ગઈ. અને શરૂ થયું - બેટી પઢાઓ – અભિયાન. છેવાડાનાં નાનાં ગામોમાં જ્યાં શાળાઓ નહીંવત હતી તેની ચિંતા હવે જશવંતલાલને થવા લાગી. તેમણે પોતાના કેટલાક નિવૃત્ત મિત્રોની સહાયતા લઈને, એવાં ગામોમાં અઠવાડિએ એક વાર જઈને ગામનાં બાળકો અને વૃદ્ધોને અક્ષરજ્ઞાન આપવા માંડ્યું. અને તે કામ ઉપાડી લે તેવા જુવાનિયાઓ તૈયાર કર્યા.

નિવૃત્તિ પહેલાં ૯થી ૮ની જૉબ કરીને પણ, થાકી જતા જશવંતલાલમાં એક નવું જ જોમ પ્રગટ્યું હોય તેમ, તે આખો આખો દિવસ વ્યસ્ત રહેતા. રાત્રે પણ મોડા સુધી કંઈક ને કંઈક કામ રહેતું. તેમના ફોનની રિંગ સતત વાગતી રહેતી. આ બધાંની વચ્ચે, પોતાની વ્હાલી, ચાર્મીને લેવા–મૂકવા જવાનું, કે તેની સાથે રમવાનું પણ ચૂકતા નહિ. દીપક અને પૂજા પોતાનાં માતાપિતાની કામગીરીથી પ્રભાવિત હતાં. નિવૃત્તિમાં તેમના દ્વારા થતી પ્રવૃત્તિને લીધે માબાપ પ્રત્યે તેમનું માન અનેક ગણું વધી ગયું. પિતા તો પહેલાં પણ જૉબમાં વ્યસ્ત હતા, પણ માતા સુશીબહેન તો હંમેશાં ઘરના કામમાં અને ઘરના સભ્યોની સરભરામાં જ ડૂબેલાં રહેતાં. તેમનો સાહિત્યશોખ, જ્ઞાન અને આવડત જોઈને બંને ખૂબ રાજી થતાં. પૂજા પણ સાંજે આવીને ઘરનું કામ પતાવવામાં સાસુને મદદ કરતી. ઘણીવાર તો કહેતી કે, “મમ્મીજી તમારે લખવું હોય તો જાવ ઘરનું કામ તો હું પતાવી દઈશ, પહેલાં મને આવાં કામનો ખૂબ કંટાળો આવતો; હવે એવું નથી,” તો વળી, તે લખવાના કામમાં વ્યસ્ત હોય ત્યારે ચાર્મી કહેતી, “બધાં શાંતિ રાખો દાદીને લખવાનું છે.”

પોતાને આવું ઈમ્પોર્ટન્સ મળે છે, તે વાતથી સુશીને ખૂબ હરખ થતો. અને વધુ જોમથી તે લખતી. હવે તો તે લગભગ બધી જ સ્પર્ધાઓમાં પોતાની કૃતિઓ મોકલતી અને ઈનામો પણ મેળવતી. ઈનામની રાશિનું તો કંઈ ખાસ મહત્વ નહોતું, છતાં નાનામાં નાનું ઈનામ તેને

માતા સરસ્વતીના આશીર્વાદ સ્વરૂપ લાગતું અને તેને ખુશીઓથી ભરી દેતું અને વધુ ને વધુ લખવા માટે પ્રેરણા પૂરી પડતું. ખાસ વાત એ પણ રહેતી કે, આજ સુધી પતિ, પુત્ર કે પુત્રવધુની કમાણી તેના હાથમાં આવતી. જ્યારે ઈનામની રકમ તેની પોતાની કમાણી! એનો આનંદ અદભુત રહેતો.

સતત પ્રવૃત્તિમય રહેવાથી આળસ, કંટાળો અને થાક જેવાં દૂષણો આપોઆપ શરીરથી દૂર રહેતાં હોય છે. આ અનુંભવથી તેઓને એક જ્ઞાન એ પણ લાધ્યું કે, કાંટાળો એ નિષ્ક્રિય રહેનારનો સાથી હોય છે. ગામડેથી ભણવા આવતી છોકરીઓને પણ તેઓ એ વાત સમજાવતાં. આ રીતે ભણીને તૈયાર થતી દીકરીઓ જ્યારે જૉબ કરતી કે, પછી યોગ્ય પાત્ર સાથે લગ્ન કરીને સુખી થતી, ત્યારે સૌથી વધુ આનંદ આ દંપતીને થતો. કામ કામને શીખવાડે એ ન્યાએ તેમને નવી પ્રવૃત્તિઓ મળતી જ ગઈ. હવે એ દંપતીએ એક બીજું કામ પણ ઉપાડ્યું. પુસ્તક પરબમાંથી 'જ્ઞાન ગોષ્ઠિ'ની બહેનોને જરૂરી પુસ્તકો આપીને તેમની લેખનપ્રવૃત્તિને પ્રદીપ્ત કરતાં. તો વળી ઘરડાઘરમાં જઈને ત્યાના વૃદ્ધોને પુસ્તકો પહોચાડતાં અને સરક્યુલેટ થતાં રહે તેની તકેદારી રાખતાં.

"જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપે જ" એ કહેવતને આ દંપતી સહેજ જુદી રીતે જોતું. "નિવૃત્તિ મળી છે, તો પ્રવૃત્તિ પણ મળશે જ." અને થતું પણ એવું જ. ફરીથી એક નવી પ્રવૃત્તિ તેમને મળી ગઈ. બંને જણાં સવારે સાડા પાંચ વાગે લાફિંગ ક્લબમાં જવા લાગ્યાં. ક્લબના ગુરૂજી ખરેખર જ્ઞાની હતા. તેઓ સવારમાં આંખ, નાક, મોં, ગરદન, ખભા, હાથ, પેટ, ઘૂંટણ, પગ, એમ તમામ અંગોની કસરત કરાવતા. એના લીધે વધુ સ્ફૂર્તિ લાગતી. આ ઉપરાંત મધુપ્રમેહ અને વર્ટીગો જેવા રોગમાં રાહત આપતી કસરત પણ હતી. આ પ્રવૃત્તિ શરૂ કરવાથી શારીરિક તંદુરસ્તી પણ સરસ થવા લાગી. આવી બધી પ્રવૃત્તિમાં રમમાણ રહેનાર

આ અનોખું દંપતી હવે તંદુરસ્તી અને મન-દૂરસ્તીના પાઠો બીજાને શીખવાડી શકે તેવું કાબેલ બન્યું.

એક વ્યક્તિ જ્યારે પોતાને માટે બધું જ કરી છૂટે છતાં જેટલી ખુશી ના મળે, તેટલી ખુશી એક દોરાભાર કાર્ય બીજાને માટે કરે તો પણ મળી જાય. એ વાતથી વાકેફ કોઈ કવિએ જ આ ગીત રચ્યું હશે.-

"લે લે દર્દ પરાયા, કર દે દૂર ગમકા સાયા,

તેરી ખુશી, તુજકો મિલ હી જાએગી."

સુશીને આ ગીત ખૂબ ગમતું હતું. તે રસોઈ કરતી વખતે હંમેશાં આ ગીત ગાતી. તે દિવસે પણ સાંજે રસોડામાં તે આ ગીત ગાતી હતી ત્યાં ઇંગ્લિશ મીડિયમમાં ભણેલી પુત્રવધુ, પૂજા આવી. (પહેલાં તો તે રસોડામાં ભાગ્યે જ આવતી) તેણે પૂછ્યું, "મમ્મીજી, આ તમારું ગમતું ગીત છે નહિ? એનો અર્થ શું થાય છે?" "બેટા આ ગીતની તો દરેક લાઈન ઘણું બધું કહી જાય છે. તે કહે છે, તમે જ્યારે કોઈનું દુઃખ ઓછું કરવા સ્હેજ પણ પ્રયત્ન કરો, તેના દુઃખમાં દિલાસો આપો કે ભાગીદાર બનો તે વખતે, સામેની વ્યક્તિને જેટલો આનંદ થાય, તેનાથી અનેકગણો આનંદ તમને પોતાને થાય. અને ઊંડાણથી સમજાવું તો બીજાને માટે કંઈ કરવાથી મનને જ ખુશી નથી મળતી પૂરા જહેનમાં ખુશી અને શકુનનો અહેસાસ થાય છે. એટલે મારી તો તમને સલાહ છે કે, તમે જ્યારે નિવૃત્ત થાવ ત્યારે બીજાને માટે જીવજો. જિયા અપને ખાતિર તો ક્યા જિયા? કિયા અપને ખાતિર તો ક્યા કિયા? ખરું કે નહિ?"

– રશ્મિ જાગીરદાર

નિવૃત્ત થયા પછી-(૪) પ્રવીણા કડ્કિયા

“પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ”

“પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ” જેને આ વાક્યનો મર્મ સમજાય તેનું જીવન સદાબહાર બની જાય. આ જીવન એક કલાકારની કૃતિ સમાન દીસે. એક જમાનો હતો જ્યારે ૨૪ કલાકનો દિવસ મને નાનો લાગતો હતો, છતાં પણ સમય નથી, એ ફરિયાદ ન હતી. આજે નિવૃત્તિકાળમાં ખૂબ સુંદર પ્રવૃત્તિઓ પામીને જીવન વેંઢારવું પડે તેવું નથી લાગતું.

સીધી સાદી વાત છે. ઘર એ ઘરમાં રહેનારનું ‘પ્રતીક’ બની જાય છે. ૨૧મી સદીમાં જ્યાં પતિ અને પત્ની બન્ને ઘર ચલાવવામાં સરખો ફાળો આપતાં હોય છે ત્યાં નિવૃત્ત થયા પછી શું એ પ્રશ્ન ખૂબ સહજ લાગે. બન્નેને થાય હાશ, હવે કાલથી નોકરી પર જવાની ચિંતા નહીં ! જુવાનીમાં કુશળતાપૂર્વક સંસાર ચલાવ્યો હોય. બાળકો ઠેકાણે પડી ગયાં હોય. બેંકમાં બન્ને જણાને જીવે ત્યાં સુધી ચાલે એટલા પૈસા હોય. અમેરિકામાં તો વળી સોશ્યલ સિક્યુરિટી મળે. પેન્શનવાળાને પેન્શન મળે. થોડીઘણી આવક પૈસાનું રોકાણ પૂરું પાડે. પછી નિવૃત્તિ ખરેખર આરામ, શાંતિ અને સંતોષ લાવે.

ઘણાને એમ થાય કે પત્નીને ક્યારે નિવૃત્તિ મળશે? તમે તેને શેમાંથી નિવૃત્ત કરવા માગો છે? તમારી ચા બનાવવામાંથી? અરે, એ તો તમે ભર જુવાનીમાં પણ એને માટે બનાવી પિવડાવતા હતા. ભૂલી ગયા, શનિવાર અને રવિવાર બેડ ટી પિવડાવી તેને ખુશ રાખતા. એ પ્રેમ પત્ની કઈ રીતે વીસરી જાય? હવે, તમે ટેબલ પર બધું ગોઠવો ત્યાં તો ગરમા ગરમ ચા અને બટાટાપૌંઆં ખાવા પામો. માણી જુઓ લહેજત આવશે. સવારે મોડા ઊઠો કે વહેલાં, શું ચિંતા? હા, પણ થોડી નિયમિતતા સારી.

રસોઈમાં નિવૃત્તિ આપવી હોય તો મદદ કરવા લાગો. સગવડ હોય તો મહારાજ લાવી આપો. એવા પણ નિવૃત્ત લોકો જોયા છે, પતિ ક્લબમાં પાનાં રમતો હોય અને પત્ની ભજન કરતી હોય. એમને માટે એક સુંદર ઉદાહરણ આપવાનું મન થઈ જાય છે.

એક પત્નીને અલઝાઈમરની બીમારી હતી. પતિને પણ ઓળખતી નહીં. હવે પતિએ તેને નર્સિંગ હોમમાં મૂકી. રોજ તેની સાથે સવારની ચા પીવા પહોંચી જાય. એક દિવસ જરા મોડું થયું. તેના મિત્રએ કહ્યું, 'શું ગાંડાની જેમ દોડે છે. તારી પત્નીને ક્યાં ખબર પડે છે?'

પળનો પણ વિલંબ કર્યા વગર જવાબ આપ્યો, 'પણ મને તો ખબર પડે છે ને, તેને સવારની ચા વગર ફાવતું નથી.' આ કહેવાય પતિ અને પત્નીનો પ્રેમ અને નિવૃત્ત જીવનની મહેક.

બાળકોનો પ્રેમ પામવો, તેમનાં બાળકોને સમય આવ્યે સાચવવાં, તેમની સાથે પોતાનું બાળપણ પાછું આવ્યું હોય તેવો આનંદ લૂટવો. ખેર, આ બધું તો પ્રવૃત્તિ કરતાં કુટુંબ તરફની

આસક્તિ છે. સાચું પૂછો તો હવે અનુકૂળ સમય છે બાકી રહેલા જીવનનો સદુપયોગ કરવાનો. જોકે એ તો જુવાની દરમ્યાન થોડો.ઘણો કર્યો હશે યા તે તરફ વળાંક હશે તો જીવનને સફળ બનાવી શકાશે. કહેવાય છે ને, 'કૂવામાં હોય તો હવાડામાં આવે.'

જો બાળપણમાં માતાપિતા પાસેથી એ સંસ્કાર પામ્યાં હોઈએ તો નિવૃત્તિના સમયમાં ખૂબ પ્રવૃત્તિ કરી શકાય, સમાજને ઉપયોગી થવાય. આત્માના કલ્યાણ માટે પ્રયાસ થાય. પોતાનું નહીં, બની શકે તો બીજાનું ભલું કરવાનું મન થાય. આપણી પાસે સગવડ હોય તો ખાલી કુટુંબનું જ નહીં જરૂરિયાતમંદોનો વિચાર આવે.

મારા એક મિત્ર છે. તેમના બાળકો ખૂબ સુખી છે. પતિ અને પત્ની પોતાના નોકરોનાં, ડ્રાઈવરનાં અને રસોયાનાં બાળકો માટેની સંપૂર્ણ જવાબદારી લઈ તેમને લાયક બનાવ્યાં. ડ્રાઈવરનો દીકરો તો એટલો હોશિયાર નીકળ્યો, અમેરિકા પહોંચી ગયો. નોકરનો દીકરો બૅંક મૅનેજર થયો. તેમને માણસો રાખતાં આવડતું હતું. આમ હવે બન્ને ખૂબ સરસ જિંદગી જીવે છે. તેમણે 'ગીતા' પચાવી જાણી હતી. જુવાનીમાં તે બાળકો નાનાં હતાં. મોટાં થયાં ત્યાં સુધીમાં નિવૃત્તિનો સમય આવી ગયો. પોતાનાં બાળકોને યોગ્ય ભણતર મળવાથી માતા અને પિતાને સંપૂર્ણ આઝાદી મળી.

હરવાફરવાના તેમના શોખ પૂરા કરે છે. જીવનમાં શિસ્તને ખૂબ મહત્વ આપી સંયમભરી

જિંદગી જીવી બન્ને જણાં સર્જનહારનો આભાર માને છે. આવો લહાવો દરેકને મળતો નથી એ હકીકત સ્વીકારવી રહી. નિવૃત્તિ દરમ્યાન જીવનનું સરવૈયું કાઢવાનો સમય પ્રાપ્ત થાય છે. શાંતિથી બેસીને વિચારવાનો સમય મળે છે કે જીવન જીવ્યા ત્યાં ઊણપ કેવી રીતે રહી ગઈ.

જો તે સુધારવાની સુવર્ણ તક મળે તો તેને ઝડપી લેવી. જુવાની દીવાની હોય છે તેમાં બે મત નથી. કોઈની સાથે અજુગતું વર્તન થયું હોય કે અન્યાય કરી બેઠાં હોઈએ તો તેને સુલઝાવવાનો ઉપાય શોધી શકીએ છીએ. આ કાળ દરમ્યાન ભૂલ કબૂલ કરી માફી માગવી એ આપણી ઉદારતા દર્શાવે છે.

આ વાળ ધૂપમાં ધોળા નથી થયા હોતા. ભલે ને મહેંદી યા રંગ લગાવી તેનો રંગ છુપાવીએ પણ અનુંભવનું જે અમૃત લાધ્યું છે તેનો સદુપયોગ કરી શકાય. એમાં કોઈ નાનમ નથી કે નીચા જોવાપણું નથી. એ તો સુંદર રીતે જીવન જીવી તેમાંથી ભણેલા પાઠનું આચરણ છે. ગર્વ લેવા જેવી વાત છે. ગર્વની વાત કરતાં એક વસ્તુ યાદ આવી ગઈ, 'અહં'ને અભેરાઈ પર ચડાવવાનો આ સાચો સમય છે. અભિમાન શેના માટે અને શેનું કરવાનું ? આજે છીએ, કાલે નહીં હોઈએ. સહુ સાથે પ્રેમપૂર્વક વર્તન કરવું. વાણી અને વર્તનમાં સમનતા જાળવવી. આ બધું ગહન છે. વિચાર માગી લે તેવી વાતો છે. અભ્યાસ જરૂરી છે. જેને માટે હવે પૂરતો સમય છે.

'જે ગમે જગતગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો.

આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે ઊગરે એક ઉદ્વેગ ધરવો"

જે પરિસ્થિતિમાં હોઈએ તેમાંથી સુંદર કેડી કંડારી રાહ બનાવવો. બેમાંથી એક પણ થયા હોઈએ તો અફસોસ કરવાને બદલે પરિસ્થિતિની સાથે સંધિ કરી લેવી. ચોર્યાસી લાખ અવતાર પછી માનવ દેહ મળે છે, તેને વ્યર્થ ન જવા દેવાય. ગીતાને ગુરુ માની જીવન

જીવવાની ચાવી મેળવવી. આ પૃથ્વી પર સહુ મુસાફર છે. ક્યારે બેગ અને બિસ્તરો બાંધીને ઊપડવું પડશે તેની કોઈને ખબર નથી. સત્કર્મોની બેગ અને સદભાવનાનો બિસ્તરો તૈયાર કરવો પડશે. એક દિવસ ચાલ્યા વગર ચાલી જવું પડશે. કશું સાથે લઈ જવાનું નથી.

આ એટલા માટે ખાસ લખ્યું છે કે નિવૃત્તિના સમય દરમ્યાન થોડી આસક્તિ હળવી થાય. 'આ જગે બધું મારું છે અને કશું મારું નથી' આ તદ્દન વિરોધાભાસ લાગે તેવી વાત છે પણ એમાં સનાતન સત્ય છુપાએલું છે. 'ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્' થોડું ભજન કરવામાં, સર્જનહારની કૃપા સ્વીકારવામાં પાપ નહીં લાગે.

– પ્રવીણા કડકિયા

થાક્યો પણ

આજે અવનિશ ખૂબ થાકી ગયો હતો. હજુ તો ગયા અઠવાડિએ ૭૦મી વર્ષગાંઠ ઊજવી હતી, માત્ર કુટુંબનાં બાળકો સાથે. દીકરા અને દીકરી કુટુંબ સહિત બહારગામથી આવ્યાં હતાં. નાની શિખા અમેરિકાથી આવી હતી. હવે તો પોતાનું કુટુંબ ગણે તો પણ ૨૦ જણાં થઈ જતાં હતાં. પોતાના તેમજ અનુંનાં માતા અને પિતા હયાત ન હતાં.

‘અનું, હવે થાક લાગે છે.'

'તો પછી નિવૃત્ત થઈ જા ને'.

'તને નથી લાગતું, નિવૃત્ત થયા પછી હું શું કરીશ'?

'થાય તો ખબર પડે ને'?

'ચાલ વિચાર, આવતીકાલથી મારે ઑફિસ જવાનું નથી.'

'અવનિશ, તું જાણે છે અને જુએ છે પાંચ વર્ષથી મેં નિવૃત્તિ લીધી, એક પણ દિવસ તને ફરિયાદ નથી કરી'.

અટ્ટાહાસ્ય કરતાં બોલ્યો, 'એ તો તું સ્ત્રી છે ને એટલે.'

'યાદ રાખજે આ વાક્ય ફરીથી બોલ્યો છે તો.'

'કેમ એમાં વાંધો શું છે ?'

'અવનીશ, મારા મોઢેથી બોલાવ નહીં, ભૂલી ગયો, નિવૃત્તિ લીધી ત્યારે મારો પગાર તારા કરતાં વધારે હતો ?'

'એ હું કેવી રીતે ભૂલું...પણ તને કાર્ય મળી રહે, નવરા બેસવું તારા સ્વભાવમાં નથી. એટલે મેં કહ્યું.'

“ધારવાનું રહેવા દે. તું નિવૃત્ત થા, પછી તને હું મદદ કરીશ – કેવી રીતે 'નિવૃત્તિમાં પ્રવૃત્તિ' થઈ શકે”.

‘અનું, તારા પર મને સંપૂર્ણ વિશ્વાસ અને પ્રેમ છે. ચાલ યાર, તારું કહ્યું માની જાંઉ, જોજે પછી છટકવા નહીં દંઉ.'

'અરે છટકે તે બીજા, આ હાથ એવો ઝાલ્યો છે ને, જ્યારે પેલો યમરાજા લેવા આવશે ત્યારે જ છૂટશે.'

અવનિશે આવતા મહિનાથી નિવૃત્ત થવાની નોટિસ નોકરી પર આપી દીધી. સહુથી વધારે બાળકો ખુશ થયાં. તેમને હતું પપ્પા હવે આરામ કરો. મમ્મી સાથે જલસા કરો. પાછળની જિંદગીમાં તમારું મનગમતું કરો. મમ્મી જુઓ કેટલી ખુશ છે! તેના મુખ પર પ્રસરેલી શાંતિ સહુને સ્પર્શે છે.

અનુંએ અવનિશને આશ્ચર્યચકિત કરી દીધો. તેની જાણ બહાર લગ્ન પછી નૈનિતાલ ગયાં હતાં, એ સ્થળ, હોટલ અને બધું નક્કી કરી લીધું. નાનો દીકરો દૂર રહ્યે પણ મમ્મીને બધી રીતે સહાય કરતો. આ તો છે કમ્પ્યૂટરની કમાલ. બસ બધું ઑન લાઈન. તે સમએ ભલે બધે ડિલક્ષ ટ્રેનમાં ગયાં હતાં. હવે બધે પ્લેન અને ડ્રાઈવર વાળી ગાડી. અરે, આ કાંઈ નાનીસૂની

વાત હતી ? તેમનાં વહાલાં મમ્મી અને પપ્પા નિવૃત્તિની પળ સાથે માણવાનાં હતાં. ઑફિસમાં પણ છેલ્લું અઠવાડિયું ફેરવેલ પાર્ટી ચાલી. છેલ્લે દિવસે તો અનુંને પણ આમંત્રણ હતું. અવનિશના કામની પ્રશંસાથી તેના હૈએ ખૂબ શાંતિ થઈ. અવનિશ તેની વફાદારી અને કામ પ્રત્યેની લગન માટે પ્રસિદ્ધ હતો. સહુથી વધુ તો તેણે કદી પૈસાનો લોભ કરી લાંચ લીધી ન હતી. તેથી તો અનું પતિની સાથેના જીવન પર મુસ્તાક હતી.

બન્ને પતિ અને પત્નીએ પ્રેમથી પોતાનો માળો તિનકા તિનકા કરીને વસાવ્યો હતો. ત્રણે બાળકોને સંસ્કાર તેમજ શિક્ષણ આપ્યાં હતાં. આજે તેમનો પરિવાર પણ સુંદર રીતે વિકસી રહ્યો છે. નૈનિતાલથી પાછાં આવ્યાં. સવારના પહોરમાં બન્ને જણાં સાથે ગરમ નાસ્તો અને ચાની મઝા માણી રહ્યાં હતાં. રસોઈ કરવા માટે હીરાબા હતાં. જ્યારે અવનિશને કાંઈ અનુંના હાથનું ખાવું હોય ત્યારે તે પ્રેમથી બનાવતી.

અનુંએ તો સવારના હલકો નાસ્તો કર્યો અને કસરત કરવા નીકળી પડી. અવનિશે વિચાર્યું, આજે પેટમાં દબાવીને ખાધું છે, કાલથી ઓછું ખાઈને હું પણ જઈશ. અનુંએ કહેવું પણ ન પડ્યું અને અવનિશે મનોમન નક્કી કરી લીધું. નિવૃત્ત જીવનમાં સાચી દિશામાં પગલું કોઈની મદદ વગર અવનિશે ઉઠાવ્યું. અનુંએ જાણી જોઈને ચુપકીદી સેવી હતી. તેને જોવું હતું કે અવનિશ પોતે 'જાગે' છે કે નહીં. છાપું વાંચીને નહાવા જવાનો વિચાર આવ્યો. ત્યાં છાપામાં આવેલી એક જાહેરખબરે અવનિશનું ધ્યાન ખેંચ્યું.

અરે, આ તો મારો કૉલેજનો મિત્ર છે. તેણે શેની જાહેરખબર આપી છે ? જોયું તો તે ડૉક્ટર હતો અને પોતાનાં માતા તેમજ પિતા પાછળ સરસ મજાનું નર્સિંગહોમ ખોલ્યું હતું. અવનિશે ફોન ઉઠાવ્યો અને નંબર ઘુમાવ્યો.

'અરે અવનિશ, તું ?'

'હા, શ્રીકાંત, કેમ છે તું?'

'અરે યાર, તને મળવું છે. મેં હવે નિવૃત્તિ લઈ લીધી છે.'

'અરે તો રાહ કોની જુએ છે ? તું આ સરનામે આવી જા, હું તારી રાહ જોઈશ. આપણે બપોરે સાથે જમીશું.'

અનું ઘરે આવે તે પહેલાં તો નાહીધોઈ, તૈયાર થઈને અવનિશ ગાડી લઈને નીકળી પડ્યો. ભલે ઉંમર ૭૦ની થઈ હતી પણ પૌષ્ટિક આહાર અને શિસ્તપૂર્વકનું જીવન આજકાલ વ્યક્તિને ઘરડા દેખાડતું નથી. નોકરી પર કામ અને સતત ચિંતા થકવી નાખે. આજે લગભગ મહિનો થઈ ગયો હતો. નિવૃત્તિમાં કંટાળાએ અવનિશની જિંદગીમાં કદમ માંડ્યાં ન હતાં.

અનું ઘરે આવી. હીરાબાને પૂછ્યું, 'ખબર નહીં કાંઈ પણ કહ્યા વગર ભાઈ ગયા છે. જમવાના પણ નથી.'

અનુંને થયું ફોન કરીને નથી જાણવું. ઘરે આવીને અવનિશ તેને બધી વાત કરશે તેની સો ટકા ખાત્રી હતી.

શ્રીકાંતે પોતાની આખી વાત માંડીને શરૂ કરી. તેના માતા અને પિતાની યાદમાં ખૂબ સુંદર પગલું ભર્યું હતું. ધીરેધીરે વિસ્તાર કરવો હતો. પિતાના બે મિત્રોને પડતી મુશ્કેલીને કારણે આવો સુંદર વિચાર આવ્યો હતો. પાછલી ઉંમરે બેમાંથી એક થાય પછી જીવન દુષ્કર બની

જાય છે. બાળકો હોય તો પણ તેમને માથે બોજો થવાનું વડીલોને પસંદ નથી. પૂરતા પૈસા હોય તો શા માટે શાંતિપૂર્ણ જીવન ન ગુજારે !

"મરવાને વાંકે જીવન ન જીવાય." મૃત્યુ અનિવાર્ય છે. ક્યારે આવશે તેનાથી સહુ અજાણ છે.

અવનિશે સહયોગ આપવાનું વિચાર્યું. શ્રીકાંત ડૉક્ટરી સેવા આપતો હતો. આ તેની નિવૃત્તિના સમયનું કાર્ય હતું. અવનિશે ત્યાંના હિસાબકિતાબ સંભાળવાનું માથે લીધું. શ્રીકાંત પાસે કારકુન હતો. પણ તે લોચા મારતો. કાયમ તેને પગાર ઓછો પડે છે તેની ફરિયાદ રહેતી. અવનિશે પોતાની સેવા આપવાનું સહર્ષ સ્વીકાર્યું. એ બહાને સમાજ ઉપયોગી કાર્ય કરી શકવાનો સંતોષ થાય તે નફામાં.

શ્રીકાંતને કહ્યું, સેવાનો મોલ ન હોય. જુવાનીમાં મહેનત કરી પૈસા કમાયો છું. હું અને અનું હવે પૈસાનાં ભૂખ્યાં નથી. તું જે પણ આપશે તે સંસ્થામાં જ વાપરજે. દર મહિને અમુક વ્યક્તિ કે જે પૈસા આપી ન શકે તેવી હોય તેમને દવા તેમજ ફળફળાદી આપી ખુશ રાખજે.

આમ અઠવાડિયાના ચાર દિવસનું નક્કી કરીને આવ્યો. ઘરે આવીને અનુંને બધી વાત કરી.

'પ્રિએ, તારું સાંભળી વખતસર નિવૃત્તિ લીધી તો જો, કામ પણ કેવું સરસ મળી ગયું ! ચાર દિવસ ત્યાં જતાં પહેલાં કસરત કરી આવવાની. આ કાર્યમાં જડતા નથી; મારી મરજી પ્રમાણે જવાનું, આવવાનું અને પ્રવૃત્તિમય જીવન ગુજારવાનું.'

'દર શુક્રવારે આપણે સાથે જે પણ કરવું હોય તે કરવાનું. મારી વાંચવાની બૂરી આદતથી તું ક્યાં અજાણ છે ? તારી ખિદમત કરી તને પણ ખુશ કરીશ. તું જોજે તો ખરી, તારો અવનિશ છૂપો રૂસ્તમ છે.'

‘પેલી શિખા અમેરિકા બોલાવે છે. ત્યાં પણ જઈ આવીશું. અનું, તને પેલો કયો શોખ છે, જરા યાદ કરાવ તો?'

'બસ ભૂલી ગયો ને, સિનેમા જોવાનો અને નાટક તો કાયમ પહેલી હરોળમાં બેસીને. સાંભળ્યું છે, પેલું નવું નાટક 'વારસ' ખૂબ સુંદર છે.'

'તો રાહ કોની જુએ છે, આ રવિવારે ભારતીય વિદ્યા ભવનમાં ચાર વાગ્યાનો શો છે.'

'તને પેલી ગુલાબી રંગની સાડી ગમે છે ને, તે પહેરીશ.'

‘આ તો હજુ પાશેરામાં પહેલી પૂણી છે. યાદ રાખજે, મારું ગમતું હું કરીશ, તારું ગમતું તું અને આપણને બન્નેને ગમતું કોઈ પણ રકઝક વગર સાથે કરીશું.’

'જો, આપણે ૪૫ વર્ષ સાથે ગાળ્યાં. હવે ૪૫ નહીં નીકળે. જે બાકી છે તેને મજેથી માણીશું !
– પ્રવીણા કડકિયા

નિવૃત્ત થયા પછી-(૪) પ્રવીણા કડ્કિયા

નિવૃત્ત થયા પછી – સંપૂર્ણ નિવૃત્તિ..

“બસ હવે બહુ ઢસરડા કર્યા. ક્યારે નિવૃત્ત થઈશ ?” સુશીલાબહેનના શબ્દો સાંભળતા જશવંતભાઈ હસી પડ્યા. “શાળામાં ભણાવવાનું છોડી દે એટલે નિવૃત્ત. તને ક્યાં કોઈ રોકવાનું છે?” જશવંતભાઈના શબ્દ પર સુશીલાબહેન વિચારી બોલ્યાં, “હા, વાત તો તમારી સાચી છે. મને શાળામાંથી કોઈ દબાણ નથી. પણ હવે એક વરસ તો છે બાકી નિવૃત્તિમાં.

નોકરીમાંથી ઑફિશિયલ નિવૃત્તિ લેવામાં જ માન રહે.”

“બસ તો તેં નક્કી કરી લીધું છે તો બોલીશ નહિ.” જશવંતભાઈ જરાક ચિડાઈને બોલ્યા. દીકરો–વહુ રોજ આમ સુશીલાબહેન અને જશવંતભાઈનો વાર્તાલાપ સાંભળતાં અને એકબીજાંની સામે માર્મિક હાસ્ય કરતાં.

પૂજા સાસુને બૂમ મારી કહેતી, “મમ્મી, ચાલો નાસ્તો ઠંડો. થાય છે, વળી સ્કૂલનું મોડું થશે.” સંવાદો રોજના ચાલ્યા કરતાં. બધાં પોતાના રોજિંદા જીવનમાં વ્યસ્ત. પૂજા દીકરીને સ્કૂલે મોકલી રૂટિન કામ પતાવી ફ્રી થઈ જતી. સુશીલાબહેન તો શાળા છૂટે પછી સાંજના સાડાપાંચ વાગે ઘરે આવતાં. દીકરો દીપક અને જશવંતભાઈ બંનેને ઑફિસ પતાવી ઘરે આવતાં સાડાસાત વાગી જતાં એટલે પૂજા લગભગ આખો દિવસ પોતાની રીતે પસાર કરી શકતી. જેમજેમ વર્ષ પૂરું થવા આવ્યું તેમતેમ પૂજાને ટેન્શન થવા લાગ્યું. એક રાતે દીપકને કહે, “દીપક, હું મમ્મી સાથે ઘરમાં આખો દિવસ કેવી રીતે રહીશ? એમનો નિવૃત્ત થવાનો દિવસ નજીક આવે છે અને મને થાય છે કે હાય રામ, હવે મમ્મી આખો સમય ઘરે રહેશે? મારી પ્રવૃત્તિનું શું?”

રાતના પાણી લેવા ઊઠેલાં સુશીલાબહેનના કાને પૂજાના શબ્દ પડે છે. આખી રાત પાસાં ફરતાં વિતાવીને સુશીલાબહેન સવાર ક્યારે પડે તેની રાહ જોતાં જાગતાં પડ્યાં રહ્યાં. પરોઢ થતાં મનમાં એક ઝબકારો થાય છે અને નિવૃત્તિમાં પ્રવૃત્ત થવાનો અને પોતાનાં સ્વપ્ન પૂરાં કરવાનો નિર્ણય મજબૂત થઈ ગયો. સવારે સુશીલાબહેનનો રોજ કરતાં પણ વધારે ખીલેલો ચહેરો જોઈ જશવંતભાઈ ટકોર કરતાં બોલ્યા, “ રાતના કોઈ નવું સુંદર સ્વપ્ન જોયું લાગે છે. તું ના કહે તો પણ તારું મોં ચાડી ખાય છે.”

“ના રે, કંઈ ખાસ વાત નથી. બસ આમ જ. પૂજા બેટા, આજે મને આવતાં થોડું મોડું થશે. રસ્તામાં થોડુંક કામ છે તો તે પતાવીને આવીશ.”

શાળામાં બેત્રણ શિક્ષક નિવૃત્ત થતા હતા. ખાસ ફૅરવેલ પાર્ટી રાખેલ હતી તે દિવસે. સુશીલાબહેનને સપરિવાર જવાનું હતું. રાતના જમવાના ટેબલ પર સુશીલાબહેનની નિવૃત્તિપ્લાનની વાત ચાલી. “ફન્ક્શન બહુ સરસ રહ્યું. ચાલો કાલથી તારે શાંતિ.” પૂજા અને દીપકે એકબીજાં સામું જોયું ત્યાં સુશીલાબહેન બોલ્યાં, “ હા નોકરીની પળોજણ નહિ. પણ પૂજા બેટા, હું રોજ સવારે દસ વાગે શાળાએ જવા નીકળતી હતી તેની જગ્યાએ સાડાદસ વાગે હું આંગણવાડી જઈશ. સવારે જવાની ઉતાવળ નહિ હોય એટલે મહારાજને રસોઈનું બધું સમજાવી દઈશ. તું સવારમાં છુટ્ટી. હું સાડાદસ વાગે જમીને જઈશ એટલે તું પાછળનું સંભાળી લેજે. સાંજે પાછી મહારાજના આવવાના સમય સુધીમાં આવી જઈશ. એટલે તારે ચિંતા નહિ.”

“કેમ નવું શું કામ કરવાની છું?” જશવંતભાઈના પ્રશ્ન સામે સુશીલાબહેનનો જવાબ મગજમાં તો તૈયાર હતો તે બોલ્યાં, “હું શાળામાંથી નિવૃત્ત થઈ છું. જીવનમાંથી નહિ! મારે નિવૃત્ત થવા પહેલાં ઘણી પ્રવૃત્તિ કરવાની છે. મારે આંગણવાડીમાં સેવા આપવી છે. મારાં જે સ્વપ્ન બાળપણમાં અધૂરાં રહ્યાં તે પણ પૂરાં કરવાં છે.”

સુશીલાબહેન સવારે સાડાદસ વાગે નીકળતાં જેથી અગિયાર વાગે આંગણવાડીમાં જઈ કામ શરૂ કરી શકે. આંગણવાડીમાં પરવારી બપોરે ત્રણ વાગે પહોંચે હરિની હવેલીએ અને લાગી જાય હરિસેવામાં. પહેલા જ દિવસે હવેલીમાં પહોંચતાં પ્રભુને કહ્યું,

“હે પ્રભુ,

નિરાકારને આકાર આપવો છે મારે,

ઓમકારમાં લય પૂરવો છે મારે,

ધબકારમાં પ્રાણ પૂરવો છે મારે,

હંમેશને માટે શૃંગાર કરવો છે મારે,

બસ, એ જ કોશિષ કરવી છે મારે.”

અત્યાર સુધી ઘર–નોકરી વચ્ચે ચગડોળે ચઢી હતી. મને મારા જીવનનો કોઈ આકાર લાગતો નહોતો. હવે બસ ઓમકારમાં લય પૂરી જીવનને કંઈ સાર્થક કરવું છે.” બાળપણમાં દાદી પાસે હવેલી સંગીત સંભાળતાં ત્યારથી ખૂબ શોખ લાગેલો પણ અડધી ઉંમર ભણવામાં અને અડધી ભણાવવામાં પસાર થઈ ગઈ. હવે મોકો મળ્યો હવેલીસંગીત શીખવાનો. ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધી ફૂલ સેવા કરતાં. ભગવાનના જાતભાતના હાર બનાવતાં અને પોતાની કલા ત્યાં આવતી બીજી સેવાર્થી બહેનોને શીખવતાં. સાડા ચાર વાગે મહારાજના આવવાના સમએ તો પાછા ઘરે પહોંચી જતાં. પૂજા સાથે બેસી ચા પીવાની, હવેલી અને આંગણવાડીની વાતો કરતાં. પાછા સાંજના હવેલીસંગીત શીખવા જતાં અને આરતી પતાવી ઘર ભણી. હવેલી નજીક હોવાથી ચાલીને જવામાં શરીરસુખ પણ જળવાતું. દીપકને એમ હતું કે નવું નવું છે એટલે મમ્મીને બધું ગમશે. પરંતુ આ કંઈ લાંબું ના ચાલે.

“પૂજા, તું બહુ ખુશ ના થઈશ. આ તો નવું નવું બધું ગમે. પછી તો મમ્મી ઘરે જ. તું તારા

પ્રોગ્રામ અત્યારથી સમજી વિચારીને કરજે.” “ના દીપક, એવું નથી. મમ્મી તો એમની પ્રવૃત્તિથી ખૂબ ખુશ છે. અમે બંને સાંજે સાથે ચા પીવા બેસીએ છીએ તો મસ્ત અલકમલકની વાતો કરીએ છીએ. મારે રસોડાનો અને મહારાજનો સમય સાચવવાનો ભાર પણ નથી રહ્યો.”

રવિવારની રજાના દિવસે જશવંતભાઈએ ટકોર કરતાં કહ્યું, “ સુશીલા, ક્યાં સુધી આમ દોડાદોડ કરીશ? નિવૃત્તિમાં હવે તો જરા શરીરને આરામ આપ.”

“આ શું બોલ્યા? મારે અત્યારથી નિવૃત્ત નથી થવું. પ્રવૃત્તિ વગરનું જીવન કંઈ જીવન કહેવાય? જ્યારે મનુષ્યની બધી પ્રવૃત્તિ બંધ થાય ત્યારે તે નિવૃત્ત અને નિશ્ચેતન કહેવાય. મારે હજી ઘણું કરવાનું છે અને શીખવાનું છે. નિવૃત્ત જીવન એટલે સાંસારિક ઉપાધિમાંથી મારે એકાંતવાસ હજી નથી ભોગવવો. મને આ સાંસારિક કાર્યો ઉપાધિરૂપ નથી લાગતાં. હજી નિવૃત્તિને વાર છે.”

જશવંતભાઈ, દીપક અને પૂજા સુશીલાબહેનની વાત સાંભળી ખુશ થયાં. આજીવન પ્રવૃત્તિ દરેકે કરતાં રહેવું જોઈએ. નિવૃત્તિ એટલે ખાલી કામધંધામાંથી ફારેગ થવું એ નહિ, ખરા અર્થની નિવૃત્તિ તો ત્યારે લીધી કહેવાય જ્યારે પાપથી મુક્તિ મેળવી એકાંત વાસ લઈએ. જશવંતભાઈએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈ સુશીલાબહેનને મદદ કરાવવાનો નિર્ણય લીધો અને એ નિર્ણયને અનુરૂપ જીવન જીવવા લાગ્યા. પણ જ્યારે સુશીલાબહેન નિવૃત્તિ લઈ પોતાની પ્રવૃત્તિમાં લાગ્યાં ત્યારે ઘરનાં સૌને જરા આશ્ચર્ય થયું.

જે પૂજા સાસુના ઘરમાં આખા દિવસની હાજરીના ડરથી ગભરાઈ ગએલી તે પણ હવે હળવી

બની ગઈ. સુશીલાબહેન એક સાસુ તરીકે પૂજાની મનોસ્થિતિ સમજી શકતાં હતાં. એનું મુખ્ય કારણ આપણો સમાજ. સાસુવહુનો આંતરો ઘણાં બહેનોએ જ પ્રસ્થાપિત કર્યો છે. સુશીલાબહેન માટે નિવૃત્તિની વ્યાખ્યા કંઈક જુદી હતી, જે પૂજાને આસપાસમાં જોવા નહોતી મળતી. આથી ગભરાએલી રહેતી. પણ જ્યારે સુશીલાબહેનની નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ પૂજાએ જોઈ અને અનુંભવી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ કેવી હોઈ શકે. સુશીલાબહેને ત્યારે જશવંતભાઈને સમજાવ્યું કે, **“રોજિંદા વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ ઘરનાં સભ્યોને મદદરૂપ થઈ કુટુંબ અને સમાજને ખરા અર્થમાં ઉપયોગી થાવ તો તે નિવૃત્તિ સાર્થક થાય અને નવી પ્રવૃત્તિમાં જોડાવાનો આનંદ લઈ શકાય. આ સ્થૂળ શરીરને કયારેક નિવૃત્ત કરી શકાય છે પણ સૂક્ષ્મ શરીરનું શું? મનુંષ્યમાં સાચી સમજણ આવે ત્યારે તે સૂક્ષ્મ શરીરથી નિવૃત્ત થઈ શકે છે. આજે હું ઘરનાં બધાં સભ્યોની હાજરીમાં એક ફૉર્મ ભરવાની છું. તે છે દેહદાનનું ફૉર્મ. હું જ્યારે સંપૂર્ણ નિવૃત્ત થઈ જાઉં ત્યારે મારા દેહનું મેડિકલ કૉલેજમાં દાન કરી દેશો. હું ત્યારે મારી સંપૂર્ણ નિવૃત્તિ અનુંભવીશ.** અસ્તુ. – સ્વાતિ શાહ.

નિવૃત્ત થયા પછી (૬) કેદારસિંહ જાડેજા

સેવાનિવૃત્ત હો ગયા, ક્યું ? ફિઝુલ વક્ત ગંવાય,

કર પરમાર્થ, જનસેવા, નેકી જીવન હો સુહાય..

માનવજીવન ઈશ્વરની એક અમૂલ્ય દેણ છે. આ માનવજીવનના ત્રણ પડાવ છે, જે ઈશ્વરે બનાવ્યા છે. બાળવય, યુવાની અને પછી બુઢાપો. જ્ઞાનીજનોએ આ ત્રણે અવસ્થામાં કેમ વર્તવું, શું કરવું, શું ન કરવું તે બધું ખૂબ વિચાર કરીને નક્કી કર્યું છે. પણ મારે આજે ત્રીજી અવસ્થા નિવૃત્તિ બાદ પ્રવૃત્તિ વિષે વાત કરવી છે. કારણ કે આ અવસ્થા પછી જ માણસે અનેક જાતના ફેરફાર પોતાના જીવનમાં કરવાના હોય છે.

ઈશ્વરના ક્રમને સ્વીકારવાનો હોય છે. એ હસીને સ્વીકારો કે વ્યથિત થઈને તે તમારા ઉપર છે. જો સમજી વિચારીને આ માનવજીવનના ત્રીજા પડાવને પસાર કરવામાં આવે તો જીવન સફળ અને અન્યો માટે નમૂનારૂપ ઉદાહરણ રૂપ બની જાય છે. આ ત્રીજા પડાવમાં ગમે તેવી નોકરી, ધંધો કે અન્ય સ્થળે કામગીરી બજાવીને કુટુંબ માટે અર્થોપાર્જન કર્યું હોય તે જગ્યાએથી, તેમાંથી ફરજિયાત કે સ્વેચ્છાએ નિવૃત્તિ લેવી પડે છે અથવા તો શરીર પ્રવૃત્તિનો ત્યાગ કરાવે છે. હવે શું?

વરસો સુધી પડેલી ઘરેડ બાદ નવરાશ કેવી રીતે પસાર કરવી તે પ્રશ્ન બધા જ લોકોને ઊઠતો હોય છે. સતત મૂંઝવતો હોય છે. જેઓને માનવસંપર્કની આદત ન હોય કે કોઈ શોખ ન હોય તેઓની હાલત દયનીય બની જાય છે, પરંતુ સમજદાર માણસે આ પરિસ્થિતિની તૈયારી અગાઉથી, ત્રીજો તબક્કો આવે તે પહેલાં જ કરી રાખવી જોઈએ. આ એક એવો સમય છે, જ્યાં આપણે આખી જિંદગી કરેલાં કાર્યોનો નિચોડ મળે છે. શાસ્ત્રો પ્રમાણે આ સમએ શરીર સાચવીને મળેલા એકાંત અને એકલતામાં જનકલ્યાણનાં કામો-પ્રભુ ભક્તિમાં વિતાવવો જોઈએ. પણ બધા લોકો આવું કરી શકતા નથી. મન અને સ્વભાવ એક સરખાં નથી હોતાં, સંસ્કારો સાથે ઘડાએલું મન ક્યારેક તેને નિંદા, ટીકા, નાહક ઝગડા કે જગત ની ખોટી પંચાતમાં વેડફી નાખે છે, પણ તે ખોટું છે. **બધું ભૂલીને માનવીએ આવા સમએ ફાજલ**

સમય વિતાવવા માટે મનગમતો માર્ગ શોધી લેવામાં ડહાપણ છે. કોઈ એવી રોજિંદી પ્રવૃત્તિ અપનાવવી જોઈએ જેથી આપણું જીવન દિવ્ય બની રહે અને સાથોસાથ બીજાને પણ માર્ગદર્શન મળે.

આવું કાર્ય કરવા માટે દરેક જગ્યાએ ધનદોલતની જરૂર નથી પડતી. સંકલ્પ અને મજબૂત મનોબળ કાફી છે. માત્ર દૃઢ સેવાભાવ કે જીવનભરના અનુંભવોને વાગોળીને એમાંથી કોઈ કાર્ય શોધી શકાય છે. અનેક સંસ્થાઓ સેવાભાવી કામ કરનારાઓ માટે આતુર હોય છે. અનુંભવ અને સમજથી બીજાને ઉપયોગી બનવા, હૂંફ અને વહાલ આપવા તમને આમંત્રણ આપતી ઊભી હોય છે. તમારે તમારા સ્વભાવ મુજબ કામ શોધવાનું છે, ઘરનાં કામોમાં હાથ અને સાથ આપીને ગૃહકામોમાં નાનાં બાળકો સાથે ગમ્મતભરી વાતો સાથે તેને સંસ્કારી બનવા શીખવવાનું છે, અને જો તમારાં સંતાન બહારગામ કે પરદેશ હોય તો પત્ની સાથે વીતાવેલી સુખદ યાદોને માણવાનો આ સમય છે,

દુઃખ બધાને હોય છે. તેના બળાપા કાઢવાથી કંઈ નહિ વળે. દરેકના જીવનનિવૃત્તિ પસાર કરવાના રસ્તાઓ જુદા જુદા હોય છે. વિકાસ પામેલાં સ્થળોમાં નવરાશ માટે ઘણી બધી વ્યવસ્થા હોય છે, પણ નાનકડા ગામમાં કામકાજ માટે અવકાશ ઓછો રહેવાનો. તેથી ત્યાં મંદિર, દેવદર્શન, ચોરો, પાદર, ખેતર, શાળા, ગૌશાળા કે પોતાના રસ મુજબ ભજનકીર્તન અને ગામના સમાચારોનું સ્વભાવગત અર્થ વગરનું વિશ્લેષણ, જેને સારી ભાષામાં ચોવટ કહેવાય - તે કરવા સિવાય બીજો રસ્તો નથી હોતો.

નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેનો સંઘર્ષ સનાતન કાળથી ચાલ્યો આવતો સંગ્રામ કહેવાય. તેથી માનવે વધુ ચિંતા કરવા કરતાં તેને અપનાવી સમાધાનકારક પગલાં લેવાં જોઈએ

અને ઘરમાં સન્માન મળે ન મળે છતાં પોતાનું કામ મૌનધારી બની કરવાનો માર્ગ – તમારી નિવૃત્તિનો ઉદેશ બીજાઓને પણ શાંતિ આપશે. જેઓ પાસે વારસાગત ધંધો છે, તેઓની વાત અલગ છે, પણ સર્વિસ પછી નવરાશ, રિટાયરમેન્ટ કેવી રીતે ગુજારવી તે એક મહા પ્રશ્ન ગણાય છે. બધું જ હોવા છતાં માનવી કદી સંતોષી હોતો નથી તેથી તેને નવા નવા અભરખાઓ આવા ફાજલ સમયમાં જાગે અને તેથી દુઃખોને સામે ચાલીને તે બોલાવે છે. આ સમયમાં માનવે પોતાની શક્તિઓ રચનાત્મક કામોમાં વાપરવાની જરૂર છે, તેનાથી મન ખુશ રહેશે અને શરીર કામઢું રહેતાં તબિયત સાચવશે. આ તબક્કો બહુ જ સાચવીને પસાર કરવાનો હોય છે. આજે વિજ્ઞાનની શોધોએ જગતને નાનું બનાવી દીધું છે અને તેથી સમય પસાર કરવાનાં સાધનો વધ્યાં છે તેનો ભરપૂર ઉપયોગ જેઓ કરવાનું શીખે તે કદી નવરો ન પડે.

સેવાનિવૃત્તિ એ તો નોકરિયાત વર્ગ માટે વપરાતો શબ્દ હોય, જેમાં દરેક કંપનીના નિયમ મુજબ અમુક ઉંમર વટાવ્યા પછી ફરજિયાત નિવૃત્ત થવું પડતું હોય છે. બાકી બધા વ્યવસાયવાળા નિવૃત્તિ નથી લેતા. જ્યાં સુધી શરીર સાથ આપે ત્યાં સુધી કાર્ય કરતાં જ રહે છે. હમણાંનો જ દાખલો આપું તો સ્વ. શ્રી તારક મહેતા હાસ્યના અવ્વલ નંબરના બેતાજ બાદશાહ, જેમણે આપણને અનેક પ્રકારના લેખો લખીને હાસ્ય સાથે અનેક રીતે મનોરંજન અને સમજણ આપી. મોરબી શહેરમાં એક આંખના ડૉક્ટર છે શ્રી કાતરિયા, આમ તો તેઓ ક્યારના નિવૃત્ત થઈ ચૂક્યા છે, છતાં આજે પણ તેઓ સરકારી દવાખાનામાં માનદ સેવા આપીને અનેક લોકોની આંખોને રોશની આપે છે અને એવો વિશ્વાસ લોકોમાં જગાડી ચૂક્યા છે કે આંખોનો ગમે તેવો રોગ હોય કાતરિયા સાહેબનો હાથ અડતાં જ ઠીક થઈ જાય છે. આ એક ભરોસો છે. અન્ના હજારે, આ ઉંમરે પણ સેવાકાર્યમાં સતત જોડાએલા છે. આવા તો અનેક દાખલા છે. હા, વિશ્વના મહાન જાદુગર કે. લાલને કોઈ ભૂલી શકે? આપણા મહાત્મા ગાંધીજી

ક્યાં નિવૃત્ત થયા હતા?! જગતમાં મોટી શોધો પણ મોટી ઉંમરના માણસોએ કરેલી છે એ વાત જગજાહેર છે. નવરાશના સમયને વાપરવો એ પણ એક ખૂબી ગણાય. ઈશ્વર દરેક માનવીને યથાયોગ્ય કાર્ય કરવાની અને બીજાને ઉપયોગી થઈ શકે તેવાં કર્મો કરવાની શક્તિ આપે એ જ અપેક્ષા.

– કેદારસિંહજી મે. જાડેજા

ગાંધીધામ -કચ્છ

kedarsinhjim@gmail.com
Courtsey : Jitemdra Padh

નિવૃત્ત થયા પછી (૭) રાજુલ શાહ

“જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ-ઓ-શામ..”

નિવૃત્તિનો સમય પાસે આવી રહ્યો હતો. જે માન–મરતબો આજ સુધી જોયાં અનુંભવ્યાં હતાં એ ભૂતકાળ બની, યાદોની પોટલીમાં બંધાઈને મનના એક ખૂણે જ રહી જવાનાં હતાં. આજ સુધી ઑફિસમાં મહત્વનું પદ હતું એ અત્યંત કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. સાચે જ પૂરેપૂરા મનથી આ કાર્યવાહી સંભાળી હતી. કેટલો સમય આપ્યો હતો આ કારકિર્દી પાછળ ! સમયનો સરવાળો મૂકો તો ઘર કરતાં ઑફિસના નામનું પલ્લું નમતું હતું.

અખબારી આલમમાં ગુંજતું નામ હતું. દૈનિક પૂર્તિમાં પત્રકાર તરીકેની નામના તો હતી જ. તેની સાથે એક આખી પૂર્તિનું સંપાદન કુશળતાથી સંભાળ્યું હતું. નિયમિત રીતે વંચાતી અને બહોળો પ્રચાર ધરાવતી રવિવારની પૂર્તિમાં સમીક્ષક તરીકેની કટાર સફળતા અને સંનિષ્ઠાથી સંભાળી હતી. કોઈના દબાણ કે પ્રભાવમાં આવ્યા વગર, કોઈનીય શેહશરમમાં આવ્યા વગર લખાતી સમીક્ષાનું કલારસિકોમાં અદકેરું મૂલ્ય હતું.

ગુજરાતની યુવા પેઢીને આગળ લાવવા, યુવા પેઢી પોતાની કલાને લોકભોગ્ય બનાવી શકે એવું પ્લેટફૉર્મ આપ્યું હતું. ઑફિસમાં સૌથી વધુ માન જળવાતું હતું. અને હવે સમય હતો ઑફિસની જવાબદારીમાંથી મુક્ત થઈને પ્રસન્નતાપૂર્વક પ્રસ્થાનનો...

જે ક્ષણની રાહ જોવાતી હતી એ ક્ષણ પણ આવીને ઊભી રહી. આજે ઑફિસમાં તો આખો દિવસ સૌની વચ્ચે ભારે દબદબાથી પસાર થઈ ગયો. હમ-ઉમ્ર કાર્યકરોની ઉષ્મા, નાનેરાનું સન્માન, સુગંધિત બુકેથી મન પ્રસન્ન થઈ ગયું. આ સમય ક્યારેક તો આવવાનો જ હતો એનીય ખબર તો હતી જ ને?

હવે? ૨૫ વર્ષની વયથી શરૂ કરેલી આ યાત્રા ૬૫ સુધી તો એક એવા દબદબાભર્યા મુકામે પહોંચી હતી જ્યાં અઢળક સન્માન હતું. આમ પણ પોતે એવું જ માનતા હતા ને કે જ્યાં સુધી તાલીઓના ગડગડાટ હોય ત્યાં સુધી જ સ્ટેજ. આ તાલીઓના ગડગડાટ વચ્ચે જ એક્ઝિટ લઈ લીધી હોય તો પ્રેક્ષકોના મન પરની આભા એમ જ અકબંધ જળવાએલી રહે. આજે એવી આભા અને એવા જ પ્રભાવની સાથે ઑફિસનાં પગથિયાં ઊતર્યા ત્યાં ડ્રાઈવર કાર લઈને ઊભો હતો. કારમાં ગોઠવાતાં પહેલાં મન ભરીને એક વાર ઑફિસ જોઈ લીધી અને નિવૃત્તિ તરફ પ્રયાણ કર્યું. કાર ઘરની પોર્ચમાં દાખલ થઈ. પગથિયાં ચઢતાં જ આશ્ચર્ય અને ખુશીથી

હૃદય ભરાઈ ગયું. પગથિયાં ચઢતાં લાલ જાજમ પાથરેલી હતી અને લાલ જાજમની એક બાજુ ગુલાબનાં ફૂલોથી 'વેલ-કમ હોમ' લખેલું હતું.

પરિવારની સાથે અંગત મિત્રોએ જે આવકાર આપ્યો એનાથી ઑફિસથી ઘર સુધી પહોંચવાના રસ્તે મનમાં ઊઠેલા વિચારો વિખરાઈ ગયા. સરસ મઝાના ડિનર પછી સૌ દિવાનખાનામાં આરામથી બેઠાં... આ દિવાનખાનાનું નામ પણ પોતે જ આપ્યું હતું.

સૌ વિખરાયાં અને ફરી એક વાર પેલા વિચારોએ મન પર કબજો જમાવવા માંડ્યો. આજ સુધી જે શાનથી જીવનની સફર તય કરી હતી એનાથી જરા અલગ સફર હવે શરૂ થતી હતી અને એ સફરની તૈયારી મનોમન કરીને નિરાંતવા જીવે નીંદરના ખોળે માથું મૂકી દીધું.

આજ સુધી ઑફિસ જવાના સમય સાચવતા હતા. સમયના કેટલા પાબંધ હતા એ તો ઘરમાં અને ઑફિસમાં સૌને ખબર હતી. ઘડિયાળના ટકોરે કામ ચાલતું. એક ક્ષણ પણ મોડું પરવડતું નહોતું. ક્યાંય પણ જવાનું હોય ત્યાં પાંચ મિનિટ અગાઉ પહોંચી જવાની ચોકસાઈ જાળવી રાખી હતી એવી જ ચોકસાઈનો આગ્રહ મળવા આવનાર માટે પણ રહેતો. કદાચ કાલથી આ સમયના ઢાંચામાં જ દિવસ પસાર કરવો પડશે એવુંય નહોતું પરંતુ સમયને જાળવીએ, સમય આપણને જાળવી લે છે એ હકીકત તો કેમેય વિસારી શકાય એવી નહોતી. એટલે બીજા દિવસે ઊઠીને પણ રોજિંદાં કામો પણ એવી જ રીતે આટોપ્યાં. કારણ કે એમ કરવાથી પૂરતો સમય મળી રહેતો અને એ સમયમાં ફુરસદની પળોનું નિશ્ચિત આયોજન થઈ શકતું.

દુનિયા અને ટૅકનોલૉજી ઘણી બદલાઈ ચૂકી હતી. એની સાથે તાલમેલ મેળવવાનો હતો.

આજ સુધી અનેકને એમના જ્ઞાનનો લાભ આપ્યો હતો અને હજુ પણ જ્ઞાનની ગંગા વહેતી જ રહેવાની હતી પરંતુ હવે અદ્યતન ટૅકનોલૉજીને અપનાવીને શ્રીગણેશ કરવાના હતા. આજ સુધી ગુરુ બનીને રહ્યા હતા; આજથી શિષ્ય બની રહ્યા. સંતાનો પાસે કમ્પ્યૂટરની કક્કો-બારાખડી શીખવાની શરૂ કરી. ઈ-મેઈલથી માંડીને પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન પણ એટલા જ રસથી શીખી લીધું. ગુજરાતી ટાઈપ કરવાની આવડત પણ કેળવી લીધી અને લો, હવે શરૂ થઈ નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ.

કુરસદની પળોમાં પરિવાર સાથે બેઠા હોઈએ ત્યારે એવી કેટલીય રસપ્રદ વાતો થતી જે વાગોળતાં ત્યારે સંતાનો પણ કહેતાં કે જીવનભર જે અનુંભવો થયા એનાં સંસ્મરણો લખો. પણ ત્યારે કામ આડે ક્યાં સમય હતો ? અદ્યતન ટૅકનોલૉજીથી હવે એ શક્ય બન્યું. ફેસબુક પર આવાં કેટલાંય સ્મરણો મૂકવા માંડ્યાં. અમદાવાદથી માંડીને અમેરિકા સુધી આ રસપ્રદ વાતોના વાચક વધતા ગયા. ઘણી વાર ફેસબુક પણ આશીર્વાદ બની રહે છે. વર્ષો સુધી મળ્યા ના હોય એવા મિત્રોથી માંડીને એમણે આપેલા પ્લેટફૉર્મની પગથી પરથી સફળતા સુધી પહોંચ્યા હોય એવા અનેકનો ભેટો થતો ગયો.

મઝાની દુનિયા વિકસતી ગઈ. પીએચ.ડી કરવા માગતા વિદ્યાર્થીઓ ઘેર માર્ગદર્શન લેવા આવતા ત્યારે આજ સુધીનો અનુંભવ લેખે લાગ્યો એવી પ્રતીતિથી નિવૃત્તિનો આનંદ બેવડાતો ગયો. ઑફિસમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી પરંતુ અહીંથી શરૂ કરેલી સાંસ્કૃતિક સ્પર્ધાની પ્રવૃત્તિ તો ચાલુ જ હતી એટલે એમાં જ્યારે જ્યારે માર્ગદર્શનની જરૂર હોય ત્યારે એમની સલાહ લેવા આવનારને પૂરેપૂરો સહકાર આપતા. સ્પર્ધાની શરૂઆતથી એના અંતિમ ચરણ સુધી એમની હાજરી પણ રહેતી.

અને હા! આ બધી મનગમતી પ્રવૃત્તિઓ કરવાની સાથે પરિવારની સાથે પણ પૂરતો સમય મળી રહેતો. પરિવારથી દૂર તો ક્યારેય હતા જ નહીં પણ હવે જાણે એ નજદીકી વધુ સ્નેહમય બની. પત્ની-પુત્ર-પુત્રીઓ અને હવે એમનો પણ બહોળો થતો પરિવાર…..મઝાના દિવસો હતા, તો આનંદથી થતી પ્રવૃત્તિને લીધે તાજગી પણ એટલી જ જળવાઈ રહેતી.

દુનિયા જાણે મુઠ્ઠીમાં સમાઈ ગઈ હતી અને આ મુઠ્ઠીમાં સમાએલી દુનિયા મીઠીય એટલી જ હતી. કોણ કહે છે નિવૃત્તિ એટલે નવરાશ…અરે એ તો એક નવો મંત્ર લઈને ઊગેલી નવી આશ…

“જીવન ચલને કા નામ,

ચલતે રહો સુબહ-ઓ-શામ..”

– રાજુલ શાહ http://www.rajul54.wordpress.com

નિવૃત્ત થયા પછી (૮) જીતેન્દ્ર પાઢ

માતૃભાષા : જતન અને લેખન – નિવૃત્તિની પ્રવૃત્તિ

લખતો રહીશ ને મળતો રહીશ,
જીવનમાં સૌને ગમતો રહીશ;
શી તાકાત છે મોતની દોસ્તો,
મર્યો તોએ અક્ષરદેહે જીવતો રહીશ. (સ્વ રચિત)

આજ જીવનના નવાપરોઢમાં હૃદયની વાત વહેતી કરી પ્રસન્નતા પામવી છે. એક શાયરે સરસ વાત કરી છે : મોતની તાકાત શી, મારી શકે ? જિંદગી, તારો સહારો જોઈએ / જેટલું ઊંચે જવું હો માનવે એટલા ઉન્નત વિચારો જોઈએ……,ઉમાશંકર જોશીની એક કવિતાની પંક્તિ છે, "માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું. આ સ્મરણની ભેટ આપણને મળી છે. જે મોંઘેરું લ્હાણું અને તે માત્ર માનવી ને જ મળ્યું છે. કેવી અદભુત ઈશ્વરીય ભેટ ! વહેતા સમયની સાથે ઓચિંતું મોત અનિચ્છાએ, વણનોતરેલું, જીવનના દરવાજે ટકોરા મારશે અને તેને હસતા મ્હોંએ વધાવવાનું છે. અંત વેળાએ ઈશ્વરનો પાડ માની આભારવશતા સાથે દરેકે ઋણમુક્ત થવાનું છે. આ સૃષ્ટિચક્ર સનાતન ચાલે છે, ને ચાલતું રહેવાનું ! તમારી ગેરહાજરી જગતને વર્તાય તેવું એકાદું યાદગાર કામ કરીને જીવન સાર્થક કર્યાનો અહેસાસ મૂકી જવાય તેમ કરવાનું છે.

"જીવન જો મારું પોતાનું ના હોય, ઈશ્વ ની ભેટ હોય, ત્યાં મારું મમત્વ શું કામનું ?"

જીવન માટે પરમકૃપાળુનો સતત આભાર માનવો રહ્યો. કેમ, ખરું ને? આમ થાય તો, આનંદ થશે, શુભેચ્છાની વર્ષા અને ઈષ્ટદેવની કૃપાથી મેં 14 નવે. 2016ના રોજ 74 વરસ પૂરાં કરી અમૃતવર્ષ 75માં પ્રવેશ કરેલો છે. મારા હિતચિંતકો, વડીલો, મિત્રોની શુભેચ્છાઓ અને આશીર્વાદની વર્ષાનો પ્રતાપ ગણું છું. મારી શાળા અને કૉલેજ દરમ્યાન વાચનલેખનનો શોખ વિસ્તરતાં મેં અગાઉથી મરતાં સુધી લેખનવાંચન પ્રવૃત્તિ અને માતૃભાષા સંવર્ધન માટે સંકલ્પ કરેલો, મારા પ્રાધ્યાપકો શ્રી કે. કા. શાસ્ત્રી, નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણી, અનંતરાય રાવલ, કવિ ઉમાશંકર જોશી વગેરે મોટી ઉંમરના હતા અને સાહિત્યિક ક્ષેત્રે નામવંત હતા. મારા આ બધા પ્રેરણાસ્રોત બન્યા. આ એવી પ્રવૃત્તિઓમાંની એક છે જેમાં તમે નિવૃત્ત હોવા છતાં પ્રવૃત્ત રહી તમારું યોગદાન આપી શકો.

હા, ભારતમાં હતો ત્યારે સમાજસેવાની પ્રવૃત્તિ ખરી. અહીં આવ્યા બાદ શ્રી સુરેશ જાની, જુગલકિશોરકાકા, પૂર્વી મલકાણ, સ્વ. પ્રવીણ પટેલ 'શશી', વિજય શાહ, દેવિકા ધ્રુવ, પ્રવીણાબહેન કડકિયા, સ્વ. આતાદાદા, અશોક દાસ, ડૉ. કનક રાવલ, સ્વ. કિશોર રાવલ, સ્વ. આદિલ મન્સૂરી, મધુ રાય, શાયરા બિસ્મિલ મન્સૂરી વગેરે અનેકના સંપર્કમાં જોડાયો. આ યાદી ખૂબ લાંબી બને તેમ છે. તેઓની સાથેની વાતોથી સમજ અને પ્રેરણા મળતાં મારા સંકલ્પને બળ મળ્યું....

જેઓને સાહિત્ય સાથે નાતો છે તેઓને ખબર હશે કે કે.કા.શાસ્ત્રી102 વર્ષ સુધી બધી રીતે કામકાજમાં નિયમિત હતા. 115 વર્ષની ઉંમરે લ્યુડો.વિકોએ પોતાનો તે સમયનો ઇતિહાસ લખેલો, પ્લેટો 80 વર્ષે લખતાં લખતાં મરણ પામેલો. આ તો થોડાં ઉદાહરણો છે. વિકલાંગોનાં વિકર્મોથી ક્યાં આપણે અજાણ છીએ ?! મુદ્દો એ છે કે કામ કરનાર અને સંકલ્પ સિદ્ધ કરનારાઓને ઉંમર નડતી નથી. ઉંમર ગમે તે હોય પણ પોતાના નિયમિત કામ સાથે જાગ્રત રહી કાર્યરત થઈ સંતોષ પામે તે ઉચ્ચ સ્થાન અને પ્રતિષ્ઠા આપમેળે પામે છે. પ્રવૃત્તિને મનગમતી બનાવો, ગમતીલી પ્રવૃત્તિ તો બધા કરે પણ દ્રઢતા સાથે તમારી ઉંમરને ધ્યાનમાં રાખી, શરીરનો ખ્યાલ કરી, સમજપૂર્વકની તમારી કામગીરી તાઝગી સાથે સ્વસ્થતા આપશે. લોન્ગ ફેલોનું એક વાક્ય છે –

"આનંદ, મિતાચાર અને આરામ, એકદમ ડૉક્ટરને મકાનમાં દાખલ થતાં અટકાવે છે."

હું તેમાં ઉમેરીશ કે નિવૃત્તિ કે ઘડપણ, વયસ્ક વએ પસંદગીપૂર્વક કોઈ પણ પ્રવૃત્તિ નિખાલસતા, ઉમંગ સાથે ચાલુ રાખે તેને ઈશ્વર સાચવે છે અને મૃત્યુ વેળાએ પ્રસન્નતા તેનો સાથીરહે છે. કહે છે ને, "ઉમ્મીદો પે જીતા હૈ જમાના".....યાદ રાખો –

"અપના જમાના આપ બનતે હે, અહલ-એ દિલ

હમ વો નહિ કિ જિનકો જમાના બના ગયા."

તમારે જ તમારા કામ સાથે જગતને કંઈ આપવાનું છે, યાદોના ઉપવનમાં શિયાળાની ઠંડી, ખીલતી વસંત કે ઝરતાં પાનની ખરતી પાનખર કે વર્ષામાં જયારે કલ્પનાની આંગળીએ જગતની સફર કરવા મુસાફર બની ચાલ્યો ત્યારે ચારે દિશાએ હિંમતની હૂંફ આપી, ખુદ માર્ગે આવીને કહ્યું, દોસ્ત ગભરાતો નહીં અમે
તારી સાથે રજકણ બનીએ આગળ રહીશું. મંઝિલનું
લક્ષ્ય ડગવા ના દેતો. ધૈર્યનિષ્ઠ પુરુષાર્થીઓને ખુદ ઈશ્વર સાથ આપે, કારણ કે જ્યાં વિશ્વાસ છે ત્યાં સુધી શ્વાસ છે. હતાશ થયા તો બસ મર્યા.
જીવનનું પ્રાકટ્ય તો ઉપકારના ઉદય સાથે આનંદથી સત્કાર સાથે થાય છે. ત્યારે નાનામાં નાના માણસને હું કઈ રીતે વીસરી શકું ? જેઓ મારી સાથે સંપર્કમાં જોડાઈને મને પોતાનાથી બનતી તમામ મહોબત સોંપી છે, ને વ્હાલપની એ સદા ગુંજતી રાખેલી વાંસળીને હું કેમ ભૂલું ? જે કંઈ અઘટિત બન્યું તે તો મારા નિજી સ્વભાવગત અહંકાર અને મારી અપેક્ષાઓના લીધે મળેલી ભેટ છે, તેમાં મારા પ્રત્યે પ્રેમ, સહાનુંભૂતિ-લાગણી દર્શાવનારાનો શો વાંક ? હું તો આશાવાદી જીવડો. છું, તેથી મને નકારાત્મક, નિરાશાવાદી કે બીજાના વાંક કાઢી, ટીકા, નિંદા કરવી ગમતી નથી, ના ફાવ્યુ મૌન અને ઈશપ્રાર્થના તે મારો નિયમ. આવજો. ફરી કોક વાર લખતો રહીશ અને સંકલ્પમયી હંમેશાં રહીશ.
મને નવરાશની પળોમાં મા સરસ્વતીના સાન્નિધ્ય સાથે કલમ, કાગળ, કલ્પના અને મારા સાહિત્યિક મિત્રોનો સહેવાસ આપ, જેથી હું માતૃભાષાનું ઋણ અદા કરી શકું.

આ લેખ લખી રહ્યો હતો ત્યારે મારે વાંચવામાં એક કિસ્સો આવ્યો. અતિ જૂના અને જાણીતા અખબાર મુંબઈ સમાચારના એક સંવાદદાતાએ તાજેતરમાં વયોવૃદ્ધ લક્ષ્મીબહેન દેઢિયા કે જેઓ 110 વર્ષની ઉંમરે પહોંચનાર છે, તેઓની સારી તબિયત અને હિલચાલ માટે પત્રકારે પૂછેલા જવાબમાં કહેલું કે **આ બધાનું રાઝ તમારે શરીરને બહુ લાડ કરવા નહીં, ઓછું ખાવું અને મહેનત કરવી. અર્થાત કામ કરનારને ઉંમરનો કોઈ બાધ નથી.** બીજાં એક વૃદ્ધ મહિલા જે 1898માં જન્મેલાં અને 117 વર્ષે મૃત્યુ પામેલાં તે મિસાઓ ઓકાસાએ પોતાના દીર્ઘકાલીન જિંદગીનું રાજ બતાવતાં કહેલું, હું 8થી 10 કલાકની ઊંઘ લેતી અને મનપસંદ ભોજન લેતી, મનપસંદ કામ કરતી. આ બધાં ઉદાહરણો મને સતત કામ કરતાં રહેવાના, મારા છેલ્લા શ્વાસ સુધી લેખન કરવાના વ્રતને આશાવાદી વાતાવરણ આપીને મને જાગ્રત કરે છે. પ્રવૃત્તિ એટલે જ તાજગી, ચૈતન્યનો થનગનાટ.....બહુ જ ઓછા જીવોને લેખન માટે સરસ્વતીના આશીર્વાદ મળેલા હોય છે. લેખન, કલમ અને કલ્પનોનો સથવારો મારી અંતિમયાત્રાના સાચા રાહબર છે.

– જીતેન્દ્ર પાઢ (સિએટલ /વોશિંગ્ટન /અમેરિકા)

નિવૃત્ત થયા પછી.(૯).વિજય શાહ

“પત્ની સાથે નવેસરથી સંસાર માંડવાનો”

જશવંતલાલ નિવૃત્ત તો થઈ ગયા..પણ પહેલો પ્રશ્ન એ જ હતો કે સવારે ૮ વાગ્યે ચર્ચગેટની ટ્રેન પકડીને સાડાનવે હાજર થવાનુંથી માંડીને સાંજે બોરીવલીની સાડાછની શટલ પકડીને મલાડ પાછું આવવાના પૂરા ૧૧ કલાક ઘરમાં કાઢવાના હતા. ટ્રેનમાં બોરીવલીથી આવતી ભજનમંડળી સાથે સમય પસાર થઈ જતો હતો. અને ઑફિસ પછી પાછાં વળતી વખતે તે જ

ભજનમંડળી સાથે હોય...

હવે આ અગિયાર કલાક કશું કર્યા સિવાય કેમ પસાર કરવા તે જટિલ પ્રશ્ન તો હતો જ..પાંચ છ મહીના તો છાપું, ફોન, ફેસબુક અને રામાટામા કર્યા પછી ખરેખર હવે કંટાળો આવતો હતો. સુશીલા પ્રેમાળ હતી પણ રસોડામાં અને ઘરમાં ૧૧ કલાક મને સહન નહોતી કરી શકતી..ખાવાનું બન્યા પછી ટીકા કરવી સહેલ છે પણ 'જાતે બનાવો તો ખબર પડે'વાળી ચૅલેન્જ પૂરી કરવા નહીં નહીં ને ત્રણ વખત વઘાર બાળ્યો. એક વખત બટાકા કાચા રાખ્યા અને તેને ટેકો કરવાને બદલે તેનું કામ વધારી આપ્યા પછી ત્યાંથીય દેશવટો મળ્યો. તમે ટીવી સામે જ સારા; રસોડામાં નહીં.

ઘરમાં હતી તેટલી ચોપડીઓ વાંચી નાખી. પણ ગોઠતું નહીં. તેથી એક દિવસ તો ચર્ચગેટ ઑફિસે પણ આંટો માર્યો...અડધા પગારે પણ કામ કરીશ કહીને કકલી આવ્યો..હવે ઉંમર થઈ, ભગવાનનું નામ લો. કહીને લોભામણી મારી અડધા પગારની લાલચ પણ બૉસે ઠુકરાવી દીધી.

એક દિવસ તો સુશીલાએ કહ્યું, "રામલાને છોડી દઈએ? હવે તમે આખો દિવસ ઘરે જ હો છો ને તોવાસણો અને કપડાં તમે કરી નાખશો તો બચત પણ થશે અને તમને પણ આખો દહાડો. ઘરે બેઠાંબેઠ રહું છું એવું નહીં થાય. અને જશવંતલાલનું ફટક્યું, "હેં? મને રામલો કહ્યો?"

"ના રે મારા ભરથાર, મેં મને કામવાળી કહી...ઘરનું કામ કરે તેથી કામવાળા કહેવાય સમજ્યા!...અમેરિકામાં મારા બનેવી તો બધું જ કામ કરે..."

સુશીલાનો ગુગલી બૉલ વિકેટ લઈ ગયો. જશવંતલાલ વિચારતા તો થઈ ગયા, અમેરિકામાં તો મશીનો બધું કામ કરે, જ્યારે અહીં તો બધું જાતે જ કરવાનું....વિવેકશક્તિ કામ કરવા માંડી. પ્રેમાળ, ગભરુ અને સમજુ પત્નીને કેમ હવે પતિ અકારો લાગે છે. મને ઘરમાં બેઠેલો જોઈને તેને કેમ એમ લાગે છે કે હું સમય બગાડું છું...?

તેના મનના ઓરતા હવે પૂરા થઈ ગયા છે...પતિની હાજરીની ઝંખના પતિની ગેરહાજરીમાં સતત રહેતી પણ હવે છ મહિના થયા...જ્યાં ને ત્યાં તેના મનનો માણીગર હવે ઠેબે ચઢે છે. બહુ થયું ભાઈ! આટલા સતત સાથે રહો છો ને તો તમારી ખૂબીઓ સાથે ખામીઓ પણ જણાય છે...પહેલાં તમે આવું નહોતા કરતાં...પાણી માગું તો દૂધ દેતા.. હવે તો માથામાં વાગે તેવી ના પાડો. છો. આમેય તમે તો બજારમાં જ શોભો. કામ કરતાં તો નથી પણ પૂછી પૂછીને મગજ કાણું કરી નાખો છો..'ઑફિસના તમારા બૉસ કરતાં પણ તમે તો બહુ જ ભારે...' બોલતી અને ક્યારેક ભારે કંટાળીને કહેતી.

જશવંતલાલ વિચારતા હતા, સુશીલા શું મારી ઈર્ષા કરે છે? તેનાથી બે વર્ષે મોટો છું, વળી તે ઈચ્છે તે રીતે મારી જાતને કેવી રીતે ઢાળું? મને ફરી ઊથલો માર્યો...ચાલીસ ચાલીસ વર્ષોથી એકધારી રીતે તારા મનને માન આપીને તે જીવી છે તો હવેનાં કેટલાંક વર્ષ તેની રીતે મને જીવાડવા ઈચ્છે તો તેમ જીવવામાં કંઈ નાના બાપના થોડા થઈ જશો?

એટલે? વાસણો કરવાનાં? શાકભાજી લેવા જવાનું? એ બધું કામ મને ના ફાવે હં? પુરુષ ઈગો મોટો ફેણ ફેલાવીને ઊભો થઈ ગયો. ધૂંઆપૂંઆ થઈને ઘરની બહાર નીકળી ગયા. બહાર ઠંડી હવામાં થોડીક વાર આંટાફેરા કર્યા અને આડા મને ફરીથી ઊથલો સવળી બાજુએ માર્યો : જિંદગીનાં ચાલીસ વર્ષ સાથે રહ્યાં...હવે ક્યારેક છાપું વંચાઈ રહ્યા પછી કશું કામ ન હોય તો

તેની બાજુમાં ઊભા રહીને ખરેટા કાઢીશ તો કંઈ ખાટુંમોળું નહીં થઈ જાય.

ઘરે પાછા પહોંચ્યા પછી વાસણો તો એમ ને એમ પડ્યાં હતાં પણ સુશીલાના હાથમાં મોટી બૅંડએઈડ હતી.

“આ શું થયું? સુશી?” જશવંતલાલે બને તેટલી નરમાશથી કહ્યું.

“આ ગઈકાલે ગોળ ભાંગતાં દસ્તો છટક્યો અને હાથમાં લોહી નીકળ્યું હતું.”

“મને કહ્યું પણ નહીં ?”

“શું કહું? રિટાયર થયા પછી તમે બદલાઈ જ ગયા છો.”

“ના, પણ પહેલાં કરતાં ગેરસમજો વધારે થાય છે.”

“તમને થતી હશે.. હૂં તો જેવી છું તેવી જ છું...મારે કંઈ તમારી પાસે કંઈ કામ નથી કરાવવું પણ ક્યારેક સાજેમાંદે આશા થઈ જાય ત્યારે કંઈક બોલાઈ જાય...કરો તો ઠીક...અને ના કરો તો મારે તો કરવાનું જ છે ને?”

થોડાક મૌન પછી તે ફરી બોલી, “જુઓ, જરા ખૂલીને મારી સાથે પણ બોલો..પરિસ્થિતિ બદલાય છે, આવકો બંધિયાર થતી જાય છે ત્યારે ખર્ચા ઘટાડવાના મારા પ્રયત્નોને કરકસરના સ્વરૂપે જુઓ..કંજુસાઈ તરીકે નહીં.”

“હવે તું જરા આઘી જા, હું વાસણો કરું છું.” જશવંતલાલે પાણીનો નળ મોટો કરતાં સુશીલાને હળવે રહીને દૂર કરી.

“જો તને એમ લાગતું હશે, હું કોમ્પ્યૂટર ઉપર સમય બગાડું છું, પણ આ જો નિવૃત્તિવએ નાણાં કેમ બચાવવાં તે સમજાવતા સેમિનાર માટે આપણાં બેનાં નામ રજિસ્ટર કર્યાં અને વિલ બનાવવાના કાયદાનો અભ્યાસ કર્યો.

“વિલ? એ શા માટે?”

“આપણે ત્યાં પણ અમેરિકાના ધારાધોરણ મુજબ પરિવર્તનો આવે છે, તેથી અમેરિકન કાયદાઓ વાંચતો હતો...ત્યાં તો એવો કાયદો છે કે અકસ્માતમાં કે કોઈ કારણસર પતિપત્ની ખલાસ થઈ જાય તો બધી મિલકત તેમના વારસદારને ના મળે પણ કાયદાકીય રીતે તે મિલકત ત્યાંની સરકારને મળે. પછી વારસદારોએ દાવો કરવો પડે.

“ એ જબરું? સરકાર વારસદાર બને?”

“હા. એટલે ત્યાં વિલ અથવા કાયદેસરના કાગળ દરેકે કરવા પડે.”

“વિલમાં પતિપત્ની પોતાની મિલકત લખે અને તે મિલકત તેમના મૃત્યુ પછી કોને કેવી રીતે અને કેટલી મળશે તે લેખિત કરે અને તેને રજિસ્ટર કરાવે.”

“આપણે તો અહીં સારું; વારસદારને તરત મળે.”

“છતાં લેખિત રાખ્યું હોય તો સારું. આપણે ત્યાં જે લેખિત હોય તેને કાચું વિલ કહે છે જે વકીલ પાસે જઈને કાયદાકીય ભાષામાં મઠારાય અને તે વિલ ઉપર સહીસિક્કા કરીને પાકું બનાવવું જોઈએ.”

સુશીલા વાત સાંભળતી હતી અને કંઈક બોલવા જતી હતી ત્યાં જશવંતલાલે તેને રોકીને કહ્યું,

“પહેલાં જરા સાંભળ. અમેરિકામાં વિલને બદલે લિવિંગ ટ્રસ્ટ બનાવવાની પદ્ધતિ છે જેમાં સમય પ્રમાણે ફેરબદલી કરવી શક્ય છે. અને તેને વારંવાર કોર્ટમાં જઈને રજિસ્ટર કરાવવાનું હોતું નથી.”

“હવે મુંબઈમાં આપણે શું કરવાનું તે નક્કી કરો એટલે કાગળપત્તર કરી નાખીએ.”

“ગુગલ પરથી વિલનું ડમી હું ડાઉનલોડ કરી નાખું છું. તે ભરીને નોટરી કરાવી લઈએ એટલે કામ પત્યું.”

“તો કરો કંકુનાં...” સુશીલાબહેને મલકતાં કહ્યું...

ગુગલ ઉપર ડમી વિલ શોધતાં એક સરસ વાક્ય હાથે ચઢી ગયું –

“નિવૃત્ત તો ફક્ત કમાવામાંથી થવાનું. નિવૃત્તિમાં ગમતું જ કામ કરવાનું, કોઈ પણ બંધન વિના... જૂના મિત્રોને મળવાનું, પત્ની સાથે નવેસરથી સંસાર માંડવાનો અને જે આવડતું હોય તે બધું સૌને શીખવાડવાનું...”

સુશીલાને તે વાક્ય કહ્યું તો તે પણ ઝૂમી ઊઠી…અને ગાવા લાગી.. ‘આજ ફિર જીનેકી તમન્ના હૈ…’ જશવંતલાલ સુશીલાને જોઈ રહ્યા..પરણીને આવેલી તેવી જ સરળ અને ભોળી તેમની નાનકુડી બકુડી જાણે ૪૦ વર્ષ પછી પાછી મળી…

– વિજય શાહ

અધૂરાં અરમાન !

આ કવિએ સાચું જ કહ્યું છે કે,

જીવન નીકળતું જાય છે,

આંખ ખોલીને આળસ મરડવામાં... પૂજા-પાઠ ને નાહવા-ધોવામાં..

દિવસભરની ચિંતા કરવામાં – ચા ઠંડી થઈ જાય છે..

.... જીવન નીકળતું જાય છે.

ઑફિસની ઉલઝનોમાં... પેન્ડિંગ પડેલ કામોમાં....

તારાંમારાંની હોડમાં... રૂપિયા કમાવવાની દોડમાં...

સાચું-ખોટું કરવામાં... ટિફિન ભરેલ રહી જાય છે...

.... જીવન નીકળતું જાય છે.

મેળવ્યું એ ભૂલી જઈ..ન મળ્યું એની બળતરા થાય છે...

હાય-વોયની બળતરામાં સંધ્યા થઈ જાય છે...

ઊગેલો સૂરજ પણ અસ્ત થઈ જાય છે.

..... જીવન નીકળતું જાય છે.

તારા-ચંદ્ર ખુલ્લા આકાશમાં...ઠંડો. પવન લહેરાય છે તો પણ..

દિલમાં કોઈના કયાં ઠંડક થાય છે..? અધૂરાં સપનાંઓ સાથે આંખ બંધ થાય છે....

…. જીવન નીકળતું જાય છે.

ચાલો સૌ દિલથી જીવી લઈએ…

…. જીવન નીકળતું જાય છે…

મનુષ્યનું જીવતર આશાના તંતુએ રચાએલ છે. મનુષ્ય આશા અને અરમાનો લઈને જન્મે છે અને અધૂરાં મૂકી મૃત્યુને શરણે જાય છે. આશા વગરનું જીવન એ જીવન નથી. અને એ આશાએ તો માણસ જિંદગી જીવી જાય છે. જીવનમાં કોનાં અરમાન પૂરાં થયાં છે તે આપણાં થાય ! આમ છતાં પણ –

“આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી,

અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી.”

– રાજેશ વ્યાસ ‘મિસ્કીન’

તો ચાલો આપણે પણ ઝુકાવી જીવી લઈએ. હાલની જીવનવ્યવસ્થા પ્રમાણે હવે જીવનમાં ફક્ત ત્રણ જ અધ્યાય છે. કારણ કે ૧૦૦ વર્ષ સુધી હવે કોઈ જીવતું નથી. ૧થી ૩૦ અભ્યાસ, ૩૧થી ૬૦ સાંસારિક જીવન (વ્યવસાય, નોકરીધંધો વગેરે) ૬૧ ૯૦ વર્ષ નિવૃત્તિ. આમ જીવનના બે અધ્યાય પૂરા કર્યા. ત્રીજાની શરૂઆત કરી.

બોલો શ્રી નિવૃત્તિ પુરાણે દ્વિતીયો અધ્યાય સંપૂર્ણ.

ભારતમાં નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની છે. આથી નોકરિયાત વર્ગમાં ૫૫ વર્ષથી જ નોકરિયાત માણસ મૂંઝવણ અને ગભરાટ અનુંભવવા માંડે છે. છોકરાંઓ તેમના અભ્યાસના છેલ્લા વર્ષની તૈયારીમાં પડ્યા હોય છે. દીકરીઓ ઉંમરલાયક થઈ હોવાથી તેમને ઠેકાણે પાડવાની હોય છે. લીધેલી લોનના બાકી હપ્તા પૂરા કરવાના હોય છે. વગેરે બધું પ્લાનિંગ હવે આટોપવાનું હોવાથી માણસ રઘવાયો થઈ જાય છે.

આપણે તો બંદા હર-ફન-મૌલા. આપણે તો આવી કોઈ ચિંતા જ રાખી નથી. શા માટે રાખવી?

“અજગર કરે ના ચાકરી, પંખી ન કરે કામ,

દાસ કબીરા કહ ગએ, જૈસી જીનકી ચાકરી વૈસા ઉનકો દેત.”

અને આખરે આપણે મંઝિલે આવી પહોંચ્યા. ઑફિસસ્ટાફ તરફથી ‘ગ્રાન્ડ ફિનાલે’ યોજાઈ, સર્વિસ દરમ્યાન વારંવાર ધમકીભર્યા શબ્દોથી નવાજેશ કરનાર ‘બૉસ સાહેબ’ની વાણીમાં સૂકી સરસ્વતી બેકાંઠે વહેવા લાગી. શબ્દકોશનાં પાનાં ઉથલાવી ઉથલાવી જેટલા શબ્દો જડ્યા તેટલાથી મારાં ગુણગાન ગાયાં. મને તંદુરસ્ત અને નિરોગી આયુષ્યની બક્ષિસ શુભેચ્છારૂપે પાઠવી. સાહેબ તેમના ચાર ‘બૉડીગાર્ડ’ (ચમચાઓ) સાથે મારો હવાલો મારા મુકામે મારા અર્ધાંગિનીને સોંપી વિદાય થયા.

નિવૃત્તિનાં પેન્શન, ગ્રેજ્યુઈટી, મેડિકલ બેનિફિટ વગેરે સર્વ લાભો મેળવી લાલો ઘેર લોટ્યો હતો તેથી ઘેર પણ સારું સ્વાગત થયું. ગૃહલક્ષ્મી (હોમ મિનિસ્ટર)નો વટહુકમ જાહેર

થયો. ‘આખી જિંદગી તેમણે નોકરી કરી આપણી સેવા કરી છે, હવે આપણે તેમની સેવા કરવાની છે. હવે કોઈએ તેમને ડિસ્ટર્બ કરવા નહિ, તેઓને સવારે વહેલા ઉઠાડવા નહિ, તેમના ચ્હાપાણી, નાસ્તો, પેપર વગેરે તેમના રૂમમાં સમયસર પહોંચાડવું વગેરે.

હાશ ! હવે આરામની જિંદગી જીવી લઈશ અને મોજમજા કરીશ. હવે સાલી કોઈની કટકટ તો નહિ. હવે બૉસની ખીટપીટ નહિ. આ ફાઈલ લાવો અને પેલી ફાઈલ લાવો, આ બરોબર નથી. આ ટેન્ડર અધુરું કેમ છે? ઑફિસમાં રોકાઈ ફાઈલ પૂરી કરજો. હમણાં ઑફિસમાં કામ વધુ છે માટે રજા કૅન્સલ. હાશ ! છૂટ્યા હવે આ લફરામાંથી. હવે ‘આઈ એમ ધી કિંગ ઑફ ઓલ આઈ સર્વે.’ હવે મારું પોતાનું સામ્રાજ્ય છે. મને કોઈ કહેનાર નથી, મને કોઈ ટોકનાર નથી.

હાશ ! આર્થિક સંકડામણને લીધે અધૂરાં રહેલાં કાર્યો હવે પૂરાં થશે. ભાડાના મકાનને બદલે નવો ફ્લેટ નદી પાર સોસાયટીમાં લઈશું. લગ્ન પછી હનિમૂન માટે કાશ્મીર જવાનો અધૂરો પ્લાન હવે પૂરો થશે. આમ સ્વપ્નોના મહેલનું ચણતર શરૂ કરી દીધું. પ્લાન તો મનમાં તૈયાર જ હતા, આમાં ક્યાં કોઈની પરમિશન લેવાની હતી તે રાહ જોવા બેસી રહેવું પડે?

નિવૃત્તિની પહેલી ઈનિંગની શરૂઆત તો સારી થઈ. એક અઠવાડિયું તો સારી રીતે પસાર થયું. બેટ્સમેન સેટ થાય એટલે કૅપ્ટન બૉલિંગમાં ફેરફાર કરે તે સ્વાભાવિક છે. બીજે અઠવાડિએ બૉલિંગમાં ફેરફાર. કામવાળી બાઈએ બાઉન્સર ફેંક્યો, “બહેન, સાહેબ મોડા ઊઠે છે, તેથી તેમના રૂમમાં કચરોપોતું કરતાં મને મોડું થાય છે અને બીજા ઘરવાળાં મને ઠપકો આપે છે. સાહેબને વહેલા ઊઠવા કહો, અગર તો તે રૂમનો કચરોપોતાં તમે કરી લો.” પહેલા બૉલરથી તો માંડમાંડ બચી ગયા. બીજો બૉલર, ડી. રામા (ડુંગરપુરિયા રામા)

તરફથી આવ્યો. તે તો વેસ્ટ ઈન્ડિઝનો કાળિયો ફાસ્ટ બૉલર હતો. બૉલિંગમાં સામે તે આવતાં જ આપણા તો ટાંટિયા ધ્રૂજવા લાગ્યા. “બહેન, પાણી વહેલું જતું રહે છે, તેથી કપડાં ધોતાંધોતાં પાણી જતું રહે છે માટે કપડાં વહેલાં કરજો.”

રાજકારણની બે પાર્ટી, કૉંગ્રેસ અને ભાજપની વચ્ચે લાલભાઈઓની કૉમ્યુનિસ્ટ પાર્ટી જેવી સંસારની બે લૉબી પતિ અને પત્ની વચ્ચે આ ત્રીજી લૉબી બહુ જોરદાર અને અસરકારક છે. તે બંન્ને લૉબીનું નાક દબાવી તેનું કામ પાર પાડી શકે છે. આ બે ગોલંદાજોની કાતિલ ગોલંદાજી સામે મારે તો શું પણ ભલભલી શહેરની શેઠાણીઓને ટકી રહેવું અશક્ય છે. પત્નીઓને, ઘરવાળા રિસાય તો ચાલે, પણ કામવાળા રિસાય તે ન પોસાય. બંદાની દાંડી ડૂલ. હાર સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો. બંદા ધોએલા મૂળા જેવા, પેવેલિયનમાં પાછા ફર્યા. ઘર હોય તો ઘરવખરી પણ ઘરમાં હોય. તાંબાપિત્તળનો જમાનો ગયો. હવે તો સ્ટેનલેસ સ્ટીલ, નોનસ્ટિક અને ગ્લાસ ક્રોકરીનો જમાનો આવ્યો. તે પણ ખખડે તો ખરાં જ અને અવાજ કરે. અને અવાજ ન કરે તો તૂટે ફૂટે.

કાયદાકાનૂન અને ગૃહવ્યવસ્થા એ હોમમિનિસ્ટરનું ખાતું. હોમમિનિસ્ટર (ગૃહલક્ષ્મી) નિવૃત્ત વએ રિટાયર થયાં. કોર્ટમાં કોઈ જજ નિવૃત્ત થાય અને કેસોનો ભરાવો થયો હોય ત્યારે સરકાર તપાસપંચ નીમે છે. આ અવાજને શાંત કરવા અને તૂટફૂટ અટકાવવાના પંચના અધ્યક્ષ તરીકે ઘરના સભ્યોએ મારી નિમણૂક કરી. એક વડીલ તરીકે અને નિવૃત્તિની પ્રવૃત્તિ તરીકે મેં તે સહર્ષ સ્વીકારી.

ગૃહ ક્લેશના નાનામોટા કેસની રજૂઆત મારી સમક્ષ થવા લાગી. મોટા અને નાનાને એક એક દીકરો, નામે રાહુલ અને કેતુલ. ઘરમાં તેમની સ્થિતિ રાહુ અને કેતુની. બન્ને વચ્ચે ૧૮૦

અંશનું અંતર. હિન્દુસ્તાન-પાકિસ્તાન માફક નાનીનાની બાબતમાં તેમના ઝઘડા અહર્નિશ ચાલુ જ હોય. તેમના કેસો તેમને સામ, દામ, દંડ અને કેટલીક વાર ભેદથી પટાવી આસાનીથી ઉકેલ્યા. આ કાર્યની જટિલતા ધીમેધીમે સામે આવવા લાગી. કોઈ પણ કેસનો નિર્ણય બન્ને પક્ષોને માન્ય તો ભાગ્યે જ હોય. એકને માન્ય લાગે જ્યારે બીજાને અન્યાયકર્તા જ લાગે.

અર્જુને ત્રાજવાનાં બે પલ્લાંમાં પગ રાખી મત્સ્યવેધ કર્યો હતો તેવું આપણાં પુરાણો કહે છે, પણ આ વિદ્યા મને હસ્તગત ન હોવાથી 'જિસકે તડમેં લડ્ડુ, ઉસકે તડમેં હમ' એમ જેની બાજુ મજબૂત તેની તરફેણ કરી ન્યાય તોળવા માંડ્યો. તેમાં પણ સફળતા તો દૂર જ રહી. આખરે બે બિલાડી અને વાંદરાની બાળવાર્તા યાદ આવી. રોટલાનો ટુકડો. જે પલ્લામાં નમે તેમાંથી બટકું ભરી વાનર ખાઈ લેતો. આમ કરતાં આખો રોટલો વાનર ખાઈ ગયો અને બે બિલાડીઓ લડતી રહી ગઈ. તેમ બન્ને પક્ષો સમજી જતા અને સમાધાનનો સૂર નીકળતો. રામાયણ, મહાભારત કે પછી વિશ્વયુદ્ધના દાખલા જોઈશું તો જણાશે કે તે સામાન્ય તદ્દન નજીવા પ્રશ્નોમાંથી જ ઉદ્ભવેલા છે. સંસારમાં પણ ડાયવોર્સ તથા વિભક્ત કુટુંબના પ્રસંગો પાછળ પણ આ કારણો જ મહદ અંશે જવાબદાર જણાયાં છે.

એક સવારે ઘરમાં બૉમ્બવિસ્ફોટ થયો. ડૉ.શી મંદિરે અને હું શાકભાજી લેવા એમ બન્ને નીકળ્યાં હતાં. પાછાં ફરતાં શેરીમાં ઘર પાસે વિશાળ મેદની જોઈ વિચારમાં પડ્યાં. પોલીસને જોઈ તોફાની ટોળું વેરવિખેર થઈ જાય તેમ લોકો આઘાપાછા થઈ ગયા. અમે ગૃહપ્રવેશ કર્યો. દાદાદાદા, શું લાવ્યા કરી રાહુકેતુ શાકભાજીની થેલી ફંફોસવા માંડ્યા. બીજી બાજુ બે કેસરવર્ણી – સમરસેવિકાઓ, રણચંડિકાઓ - દેરાણીજેઠાણી વાગ્યુદ્ધ કરતાં કોર્ટરૂમમાં હાજર. વાદી-પ્રતિવાદીની એક જ અપીલ, કાં તે નહિ કાં હું નહિ આ ઘરમાં. સમસ્યા તો વિકટ હતી,

સમાધાનની કોઈ શક્યતા ન હોવાથી મારે આખરે વિભક્ત કુટુંબનો ફેંસલો કરવો પડ્યો. પ્રોવિડન્ટના પૈસામાંથી નાનાને તેનો ભાગ આપી છૂટો કર્યો.

“જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી,

જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી. – *મરીઝ*

આમ નિવૃત્તિનાં અરમાન અધૂરાં રહ્યાં ! બોલો શ્રી નિવૃત્તિ પુરાણે તૃતિયોધ્યાય સંપૂર્ણ.

અચ્યુત્તમ્ કેશવમ્ રામ નારાયણમ્.....

– ઉમાકાન્ત વિ.મહેતા

e- mail: – mehtaumakant@yahoo.com

“નિવૃત્તિ એટલે નિરાંતે મનગમતું કરવાનું”

નિયત સમયના બંધનમાં કામ કરવું તેને નોકરી કહીએ તો તેમાંથી મુક્તિ મળી ત્યારે તો સૌ પ્રથમ અમે પતિ-પત્નીએ સેલિબ્રેશન કરતાં વાઈનના ગ્લાસને ટકરાવી ‘ચીઅર્સ’ કર્યું.
દૂર આકાશે સાંજની લાલાશ અમારા રેડ વાઈનના ગ્લાસને વધુ લાલ કરતી હતી.
હીંચકો ઝુલાવતા પતિશ્રીએ કહ્યું :

‘જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ,

એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે. ’

જીવનનાં ઘણાં બધાં ક્ષેત્રોમાં અમે અમારા સમયને ફાળવ્યો છે, એટલે એક કામમાંથી નિવૃત્તિ પછી બીજું શરૂ કરીએ ત્યારે વચ્ચેનો સમય અમારા માટે સેલિબ્રેશનનો.

ક્યાંક ટૂર પર ઊપડી જઈએ – કોઈ સગાવ્હાલાને ત્યાં જવાની વાત નહિ. બન્ને મોજીલાં, ધૂની અને સર્જનાત્મક મૂડવાળાં. કેવડા મોટા કલાકાર તે તો અમારું મન જાણે પણ ઘરમાં પુસ્તકોના ઢગલા અને પેઈન્ટિંગના રંગો ઠેર ઠેર. મને લખવાનું ઘેલું અને એમને ચિત્રો દોરવાનું. અમારે મન કામમાંથી નિવૃત્તિ એટલે નિરાંતે મનગમતું કરવાનું.

નિવૃત્તિ એટલે એવું વેકેશન કે જે શરીર અને મનને રૂટિનના થાકમાંથી છુટકારો આપી તરોતાજા કરે. શોખની, મનપસંદ પ્રવૃત્તિ દ્વારા ઊર્જાને જગાવવાની. વય અને થાક ત્યારે જ જણાય જયારે એકધારાપણું હોય. બાકી ગમતા કાર્યનો ક્યારેય થાક લાગતો નથી. કબીર કહે છે તેવું મને પણ લાગે છે કે, બાળપણ ખેલમાં, જવાની પ્રેમમાં અને બુઢાપા રોગમાં વીતી જાય તો પુથ્વી પરના સૌંદર્યને મનભરીને ક્યારે માણીશું?

સમયના અભાવે ધરબાઈ ગએલા શોખને પૂરા કરવાનો સમય નિવૃત્તિનો, સમાન રુચિ અને શોખવાળા મિત્રોની મંડળી જામે તો રસનાં ઝ ર ણાં વહેવા લાગે. અમારી મંડળીમાં એક યુગલે નિવૃત્તિ પછી નવી દિશામાં ઉડ્ડાન શરૂ કરી. પતિને સિતાર શીખવાની તમન્ના. ખૂબ ખંતથી તેમણે સિતાર શીખવાનું શરૂ કર્યું, પાંચેક વર્ષ પછી તેમણે સિતારવાદનનો જાહેરમાં પ્રોગ્રામ આપી મિત્રોને આનંદ સાથે વિસ્મય આપ્યું. પછી તેમણે ફ્રી પ્રોગ્રામ આપી આનંદની લ્હાણી કરી સમાજસેવા કરી. શિખામણ કે બોધ આપવા ધર્મગુરુઓ છે, આનંદમય, કલાત્મક જીવન પોતે – વૃક્ષો સહજ રીતેજેમ છાયા આપે તેમ – સમાજને હકારત્મક બળ આપે છે.

અમારા સિતારવાદક મિત્રની અર્ધાંગનીને ભાતભાતની વાનગી બનાવવાનો શોખ. તેમણે ગુજરાતી વાનગીની અંગ્રેજીમાં ચિત્ર સાથે બુક તૈયાર કરી, જે નવી પેઢી માટે અતિ ઉપયોગી નીવડી. મારી દૃષ્ટિએ એમણે એક શોખથી બે હેતુ સર કર્યા (એક કાંકરે બે પંખી) નિવૃત્તિનો સદુપયોગ અને નવી પેઢીને ગુજરાતી વાનગીની ભેટ.

તમારું નાનુંમોટું કોઈ પણ સર્જનાત્મક કામ કે એવી કોઈ પ્રવૃત્તિ સ્વને અને સમાજને આંનદની લ્હાણી કરે છે. આપણા ગ્રાંડ કિડ્સને સર્જનાત્મક દિશાએ વાળવા માટે તમે પોતે જ એના રોલમોડેલ બનશો. આઈન્સ્ટાઈન સાયન્ટિસ્ટ હતો પણ અત:સ્ફુરણામાં માનતો હતો. ક્રિએટિવિટી જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં નવી શોધો અને નવું સર્જન કરે છે.

રાષ્ટ્રપિતા ગાંધીજીને કોઈએ નિવૃત્તિ લેવાનું કહ્યું. ગાંધીજીનો જવાબ હતો, સતત હૃદયમાંથી ઊગતું કાર્ય કરવું એ જ સાચી નિવૃત્તિ. સત્યના પ્રયોગ કરનાર મહાત્મા એટલે જીવનના મહાન કલાકાર.
તમને માટીનાં વાસણો બનાવવાનો કે એના પર ચિત્રકામ કરવાનો શોખ હોય તો બિન્દાસ કરો, કલાનો ઉપયોગ શું એમ પૂછનાર જીવનના અને જગતના સૌંદર્યને પામી શકતો નથી. કોઈ ઉનાળાની બપોરે ટહુકતી કોયલને જઈ કોઈ પૂછે, કે ફૂલને જઈ પૂછે કે કેમ સુગંધ ફેલાવે છે?! કલા પ્રત્યેનાં ભાવના કે પ્રેમ આપણને ‘સત્યમ, શિવમ, સુંદરમના પંથે લઈ જાય છે.
હૉસ્પિટલમાં કોઈ બાળકને વાર્તા કે બાળગીત સંભળાવો, નર્સિંગહોમમાં કોઈ વડીલને ભજન કે ગીત સંભળાવો કે સિનિયર સેન્ટરમાં યોગા શીખો કે શીખવાડો. – એવી અસંખ્ય નિર્દોષ પ્રવૃત્તિ આપણા જીવનને મહેકથી ભરી દે છે. તમારી પ્રસન્ન, મહેકતી હાજરી આ દુનિયાના બગીચામાં બહેનમૂન છે.

સહેજ જુદી રીતે ચા બનાવી, બટાકાપૌઆં બનાવી કુટુંબીજનોને તમારી કળાનો પરિચય આપવો તેનું નામ જ નિવૃત્તિની મઝા. પછી રિટાયરમેન્ટને મળે મીઠો આવકારો. 'દાદા, યુ આર બેસ્ટ', 'પપ્પા, તમે નિવૃત્ત થયા તો અમને મઝા પડી', ને બેટરહાફ તો પતિનું નવું રૂપ જોઈ ફરી પ્રેમમાં પડી જાય ! નારી હોવાના દાવે હું જરૂર કહી શકું કે નિવૃત્તિ નારી માટે પુનઃ જવાની છે. પત્નીના, માતાના રોલ ઉપરાંત ઑફિસરનાં, પ્રોફેસરનાં કે બહારનાં કાર્યોમાં બિઝી રહેલી મારા જેવી સ્ત્રી માટે નિવૃત્તિ મનપસંદ પ્રવૃત્તિનો લ્હાવો છે. અરે, ગાવાનો શોખ છે, હાર્મોનિયમ લઈને સા-રે-ગ-મના સૂરથી ઘરને ગજવી દો, કે મસ્ત ગાયનોની ટેપ મૂકી શાક સમારો, ડાયરીનાં પાનાં ભરી દો. બી બોલ્ડ, બી હેપી. ઘણાં વર્ષો પછી મને ફેસબુક પરથી જૂની સખી મળી. તેના પતિના અવસાનથી ખૂબ એકલતામાં ડૂબી ગઈ હતી. એના જ શબ્દોમાં કહું તો, 'મારું જીવન ડુંગળી જેવું' એટલે કે એક પછી એક અનેક પડો.માં બંધ. ના કોઈને મળવાનું કે ના કોઈ ફંક્શનમાં જવાનું. છેવટે સ્માર્ટ ફોનથી ફેસબુકના કનેક્શનમાં આવી, પોસ્ટિંગ શરૂ કર્યું, જાતે મૌલિક લખવાની હિંમત આવી. એને ગમતી ધાર્મિક, સાહિત્યિક કંપની મળી અને શોકના સાગરને તરી પ્રફુલ્લિત જીવન તરફ વળી. નવું શીખવા માટે ક્યારેય વિલંબ કરવો નહિ, ગમે તે ઉંમરે, ગમે તે સ્થળે, ગમે તેની પાસેથી આધુનિક ટૅક્નોલૉજી શીખવાથી પ્રભુ રાજી થશે. કારણ કે તે આપણામાં વસેલો છે.

ગુજરાતીના જાણીતા કવિ નિરંજન ભગત નેવું વર્ષની ઉંમરે કહે છે, 'આમ તો મનુષ્યના ભાગ્યમાં જીવનમાં ક્ષણેક આનંદ મળે, ક્ષણેક યૌવન મળે, ક્ષણેક પ્રેમ મળે. પછી તો વૃદ્ધાવસ્થામાં પીડાવાનું ને ઝૂરવાનું. પણ જે મનુષ્યને કલા, કવિતામાં રસ છે તેનું સદભાગ્ય કેટલું બધું છે:

'સૌંદર્ય જ્યાં નિતનવીન જોવું, જ્યાં કાવ્યમાં પ્રેમ ન મૃત્યુયુક્ત,

ને શિલ્પમાં યૌવન કાલમુક્ત, ધરા હો ધન્ય, ન સ્વર્ગ જવું;

સદભાગ્ય શું ન હોય મનુંષ્ય હોવું ?'

નિવૃત્તિ પછી ધર્મ-ધ્યાનની સાથે કુદરતમાં 'હું તો બસ ફરવા આવ્યો છું' કહી શરીરની કસરત કરવી અને મનને બહેલાવવા લાફિંગ ક્લબમાં જોડાવું કે પછી બેઠકમાં જઈ સાહિત્ય, સંગીતને માણવું ને ગુજરાતી ભાષામાં વાત કરવી કે બટુકોને કક્કો શીખવાડી માતુભાષનું ઋણ અદા કરવું. વૃત્તિ એટલે હકારાત્મક ઈચ્છા, અભિલાષા, જે જીવનના અંત સુધી પ્રાણીમાત્રની જિજીવિષાનું આધારભૂત બળ છે. આપણે નિસ્વાર્થ, નિર્દોષ, પ્રવૃત્તિના માર્ગે વણથાક્યા પ્રયાણ કરીએ તેવી પ્રાર્થના અને શુભેચ્છા સાથે અલ્પવિરામ કરું.

– તરુલતા મહેતા

નિવૃત્ત થયા પછી... (૧૨) રેખા શુક્લ



“સપનું સારું આવ્યું લાગે છે.”

નિવૃત્ત થયા પછી સક્રિયતા ને ક્ષમતા વધે તો તો ખૂબ ખૂબ સારું, અને આળસ ને બીમારી વધે તો ખાટલો પકડાઈ જાય. યુવાનીમાં જગત બદલવાની ઈચ્છા થઈ હોય પણ જો નિવૃત્તિ ના સમયે પરિપક્વ થએલી સમજ ને કુશળતા કામ કરાવવાની હશે તો યુવા વર્ગના સહકાર થી જરૂર જગતમાં કંઈક તો થશે જ. જસવંતલાલને બાળપણમાં ના મળ્યું તેથી નહીં પણ આ સમયનો સદુઉપયોગ જો કરાય તો ? કંઈક નવું શિખાય તો ? વિચાર આવતાંવેંત જ તેમણે કમ્યુનિટિ કૉલેજમાં આર્ટ ક્લાસિસ ચાલુ કરી દીધા. સુશીએ પોતાનો એક બુટિક સ્ટોર ખોલ્યો,

કે જેમાં જૈમિનની મદદથી કસ્ટમ મેઈડ આઉટફિટ્સ તૈયાર થાય છે, ને ઉપરથી માગ્યા ભાવ ના પૈસા પણ મળી જાય છે. આ બન્નેનાં લગ્ન પણ એરેંજ્ડ મેરેજ જ હતાં. એકબીજાને માંડ માંડ જોયાં ને તાત્કાલિક લગ્ન લેવાયાં. હા, એ વાત સાચી કે બમણી સ્પેસ રાખવા છતાં બન્ને ખૂબ નજીક હતાં...!! આઈમીન બન્ને ઉપર આંગળી ના ચિંધાય તેવા એમના વિચારો ને આચરણના લીધે બન્ને તો ખુશ હતાં જ ને ઘરમાં પણ બધા હેપ્પી હતા. દાદી-નાની, મામા-ફોઈમાંથી કોઈ ને કોઈ રિટાયર્ડ થવાની ઉંમર પહેલાં ઉપર સિધાવી ગએલાં. બંન્નેના પથદર્શકો કંઈક ચિહ્નો જણાવી ગયા. હા, આમ જ દુનિયામાંથી જીવનસંધ્યા ટાણે થોડુંક શાણપણ આવે જ છે. જુવાનિયાઓ હેલ્થ કોન્શિયસ બન્યા છે... ને સ્ત્રીઓએ અગ્રેસર રહી નેતૃત્વ જાળવી કરી દેખાડ્યું છે. પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા નિવૃત્તિ મળે એથી વિશેષ શું છે..!! કૃષ્ણકાંતે દસ દસ વરસ કમ્યુનિટિમાં સર્વીસ કરીને કૂડ પેન્ટ્રીમાં આગલી હરોળમાં સ્થાન મેળવ્યું છે. નબળા મન ને હૃદયના શ્રદ્ધાનાં સુમન ઓટલે..તે આર્થિકતામાં સધ્ધરતા પ્રાપ્ત થતાં જ આગેકૂચ કરી છે. શોભનાએ હજુ છોત્તેર વરસે પણ પોતાનું શરીર સાચવી રાખ્યું છે...!! દરેકની પ્રાયોરિટીઝ ભલે રહી ડિફરંટ પણ પ્રવૃત્તિમાં ખુશ છે. ઈશ્વર કરાવે આપણી પાસે તેનાં કામો...રાજીપો રાખી ખુશી ખુશી કરીએ. આરામ કમાને નિકલા હું આરામ છોડ કર.. તુ મેરા સાથ બસ મુજે દે દે. કહીં કિસી આંગનમેં રોશની, હંસી, ખુશી ઔર સુકૂન આપસ મેં ગપ્પે લડાતી હોતી... !

બસ હમણાં વાંચન છૂટી ગયુ છે અને પોસાય એવું એ નથી રહ્યું.....ઘરની લાઈબ્રેરી એક વાર તારી ભાભીએ કોથળો ભર્યો...ઓહ મારા જીવથીએ જ્યાદા વ્હાલાં હતાં તે પુસ્તકો એ જ સમયે સ્કૂલની લાઈબ્રેરીમાં મોકલી આપ્યાં..... હવે નવા જનમમાં નવાં વસાવીશ અને વાંચીશ.... કઈ કઈ રીતે શું નું શું છૂટી જાય છે જીવનમાં! ક્યારેક યાદ કરો તો લાગે ખુદથી ખુદ છૂટી જાય ને ખુદને પણ ના ખ્યાલ રહે ને કઈ રીતે મન મનાવી લેવાનું કે 'ગુજારે જે શિરે

તારે જગતનો નાથ તે સહેજે...ને ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે...'
અરે પણ કઈ રીતે..?? આવી આંસુ લૂછવાની તક ને
હાથમાં પાલવનો છેડો. રહી જાય..ને આખેઆખા વ્યક્તિ જ ગાયબ થઈ જાય... ભર
જવાનીમાં.

કૅન્સરમાં કિમો પતાવીને ઊભેલી છોકરીને કોઈએ જઈને કીધું નહીં હોય કે યુ આર બ્યૂટિફૂલ !
! હે, પ્રિટી વુમન ! હા, નંદિની પણ મારી એક હોનહાર વિદ્યાર્થીની જ હતી... કૅન્સરમુક્ત
હતી હવે... હું શિક્ષક છું, મારા દરેકે દરેક વિદ્યાર્થીને નામથી જાણું છું ...
આજે ફરી વાર રિદ્ધિને માતાપિતાની સહી કરી લાવવા કીધું છે..ને સહી ને પૈસા
લીધા વિના પાછી ફરી છે...સમજાતું નથી આ છોકરીને, બધાની ફી ને પ્રવાસના પૈસા
આવી ગયા...અરે રિદ્ધિ આજે પણ ! પપ્પા
બહાર ગામ હોય તો મમ્મીની સહી ચાલશે... "અરે પણ મને મમ્મી નથી સાહેબ..
."શું હું મારા વિધ્યાર્થીને રીયલી જાણું છું ! સ્કૂલેથી ઘરે જવાનું મોડું ના થાય તો આજે
રિક્ષા લઈ લઉં છું. બોલાવું તે પહેલાં એક રિક્ષાવાળો સામેથી બોલે છે,
ચાલો સાહેબ ! ને હું અડધે પહોચું તે પહેલાં બોલ્યો,
"તમે મને ના ઓળખ્યો ને?" હું ધ્રુવ માણેક !! આપનો ચહિતો ...ભૂલી ગયા મને?"
"અરે પણ ધ્રુવ, આમ રિક્ષા કેમ ચલાવે છે તું..?"
"શું કરું સાહેબ કૉલેજ માંડમાંડ પતાવી પણ તે પહેલાં મા બીમારીમાં ને પિતાજી
એક્સિડન્ટમાં દેવલોક પામ્યાં. ને લાગવગ વગર કે લાંચ વગર જૉબ ક્યાં મળે છે !
આ તો મારી બહેન ને હું ટ્યૂશન કરી કરીને બચાવેલ તેમાંથી આ રિક્ષા લઈ લીધી છે...
મહિનો પૂરો પડી જાય છે. ઉછીના વિના...લ્યો આપનું ઘર પણ આવી ગયુ...." હું પૈસા
કાઢતો હતો ત્યારે તે બોલ્યો,

“મને ના શરમાવશો સાહેબ, ફરી ક્યારેક આવજો મારી રિક્ષામાં ...!”

એક પણ પૈસો લીધા વગર ચાલ્યો ગયો ને હું અવાચક જોતો રહ્યો..આખા વર્ગમાં તાળીઓના ગુંજથી વધાવતા વિદ્યાર્થીઓ મારા ક્યાં ક્યાં ને કઈ દશામાં હશે.....?

યુનિફોર્મમાં આવતાં સઘળાં ભૂલકાં ક્યાં ખોવાઈ ગયાં !! વર્ગખંડમાં બેઠો છું. ખાલી ઓરડો. મ ને

ચૂપચાપ કહે છે... આજે મન ભરીને મળી લેવું છે? આજે મને અંકુર પણ યાદ આવ્યો. તે ખૂબ હોશિયાર હતો. સાયન્સમાં ઠક્કર સાહેબ કેહતા કે આ છોકરો તો એવા એવા સવાલો પૂછે છે કે તેના જવાબ મારે ખોળીને આપવા પડે છે. તે જરૂર સાયન્ટિસ્ટ બનશે. દરેકના સંજોગો ને કેટલું આગળ વધવાની ધગશ છે તે પર જ બધું નિર્ભર છે..કેમ કે ઈચ્છા કે મન વગર માળવે ના જવાય. ને આવું કંઈક લખાયું કે ભડભડ

ઈચ્છા બળે ને દાગ એના જીવનભર દુઃખે.
ને મળ્યા પછી રેતમાં મળ્યા મને રતન જાણે.
લો કરો તમતમારે ચમત્કારની વાત !!

અંકુર...

આમ અચાનક મળે હૈએ અંકુર થઈ ભળે

મંદ પવન ની પળે અડકી અડકીને છળે

ઢેંફા માંની રજકણે સુગંધ થઈ ને બળે —-રેખા શુક્લ

પ્રશ્નો પૂછી પૂછીને કરવાની રહે છે ગર્ભ થી ભૂગર્ભ ની યાત્રા. આજે અંકુર ‘નાસા’ માં કામ કરે છે અને ખુશ છે તેવા સમાચાર મળ્યા ને આનંદ થયો ચાલો જીન્દગી તો એક યાત્રા છે કોણ

ક્યારે ને કયા કારણે ક્યાં મળે છે ને છૂટા પડીએ છીએ ઉપરવાળો જજાણે છે. બારીની બારે ડાળીએ ડાળીએ ઝુમ્મર થઈને ઉગ્યા ટીંપા વરસાદના ને હું ખોવાઈ ગયો પ્રકૃતિના સૌંદર્યમાં. વાહ, તું મહાન ને અંદર બહાર તું જ !! હું સ્તબ્ધ નજરે ફૂલો ને તાંકી રહ્યો હતો. ધીમે ધીમે વાદળાંઓ વિખરાતાં જોઈ રહ્યોને ત્યાં તો ઉઘાડ નીકળ્યો ને આવ્યો સૂરજ આભમાં ...નમસ્કાર કરતાં આ વર્ષે ભૂલકાંઓ ક્લાસ માં કેવા હશે તેના વિચારે ચડ્યો. આજે સ્કૂલનો પેહલો દિવસ બધા યુનિફોર્મ માં... આંખોમાં ઉત્સુકતા, ડર ને ખુશી લઈને પ્રવેશસે ને હું તેમનોશિક્ષક નહીં એક બાળક બની ને જોઈશ..બધું મારા અતિત સાથે જ તો છે સંકળાએલું તે વાગોળીશ. ઉદાહરણો આપતા થાકીશ નહીં ને પ્રેમથી સૌમાં ભળીશ. ત્યારે દરવાજામાંથી એક ઢીંગલી પ્રવેશી ...પાછળ પાછળ બીજી !! એમની આંખોચમકતી હતી. નિર્દોષતા ને કુતુહુલતા બંનેમાં છલકાતી હતી. આવી ને આગલી બેંચ પર બેસતા જ મીઠુ હસી..હું જાણે કેમ પણ ખીલી ઉઠ્યો..!! નમસ્તે કરતાં દિયા ને રિયા મને ટૂકુર ટૂકુર જોઈ રહ્યા. ને નવી સ્કૂલબેગ માંથી નવી નોટબુકકાઢી ને વાળ ખસેડીને બેઠી. ત્યાં માઈક પર પ્રિન્સિપલે જાહેરાત કરી કે સ્કૂલ બંધ થાય છે ને સૌ બાળકો પોતપોતાના ઘરે જાય. દરેક ના માતા-પિતા ને જલ્દી ફોન કરીને જણાવો.... માસુમતા વિલાઈ ગઈ ને ગભરાહટ ઘેરી વળી. વિચારોની રખડપટ્ટી માં એકદમ બ્રેક આવી શું થયું સમજાય તે પહેલા તોધડાકો સંભળાયો ને એક હું સફાળો બંને ને લઈને બારીથી આઘો ખૂણા માં સંતાયો. મૌન આંખો રડતી હતી ને પૂછતી હતી કે શું થઈ રહ્યું છે,

કોઈ પેરેન્ટ ગ્રાઉન્ડમાં ગભરાએલું ચીસો પાડતું હતું અને તેના બાળક ને કોઈએ પકડી રાખેલું ને તેણે મોઢા પર બુકાની બાંધેલ ને માથે હેટ પહેરેલી એની મોટી મોટી લીંબુની ફાડ જેવી આંખો લાલ ઘૂમ હતીને ગુસ્સામાં તેના બાળક ને નહીં લઈ જવા દે તો આખી દુનિયા ખત્મ કરી નાંખીશ તેમ રાડો. પાડતો હતો. હજુ સુધી બાજી બગડી નથી પણ વધુ કંઈ થાય તે પહેલા બીજા એક ફાધરે તેના ઉપર આક્રમણ કરી તેને નીચે પાડ્યો.. તેની બંદુક

તેનાથી દૂર પડી હતી હવે બીજા ત્રણ ચાર જણાએ સાથેહુમલો કરી તેને પકડી રાખ્યો ને બાળક બચ્ચું ત્યારે હાશ કારો થયો...બે મિનિટ માં તો શું નું શું થયું ને હું ફાટી આંખે બારી બહારનું આ દ્રશ્ય જોઈ રહ્યો...વાહ, વાહ મનુંષ્ય નું સર્જન ને તેની ખામીઓથી ભરેલી દુનિયા ..!!

પેરેન્ટ્સ નાપ્રોબ્લેમ માં બાળક નો મરો થતો જોઈ દિલ દ્રવી ઉઠ્યું કે ઘર ના પ્રોબ્લેમ ઘરે જ સોલ્વ થતા હોય તો...!! ને આમાં બીજા બધાનો શો વાંક ? ન કરે નારાયણ કંઈ અણબનાવ બની ગયો હોત તો...? મન ને દિલ ને કઠણ કરી બંને ને તેમનીબેંચ પર બેસાડી શાતા આપી.

.

ગેરંટી આપી કે હું છું કંઈ નહીં થાય હોં ! હું સમાજ નો હિસ્સો બાળકનું કરું ઘડતર દેશનું મસ્તક કરું ઉંચુ પણ આવા હથિયારો ની સામે કઈ રીતે નિહથ્થે કરું પ્રયાસ..! સ્કૂલ માં હવે સિક્યોરિ ટી વધશે ને આવાકોઈ બનાવ નહીં બને તે માટે પેરેન્ટ-ટિચર્સ મીટીંગ પણ ભરાઈને એમાં કર્નલ શર્મા આવેલા. બે શબ્દ નહીં પણ મોટું લેક્ચર આપતા બોલ્યા.. તમારા બાળકોને મિત્રોની જરૂર નથી તમે તેના મા-બાપ બની ને રહો. વ્હોટ અ ફર્સ્ટ ડે ઓફ સ્કૂલ.. હવે આવું ત્યારે ધ્વજવંદન કરીશું સાથે. ને બાળકોને બ્રેવ બનવાનું કહીને શર્મા રવાના થયા ત્યારે તાલીઓ ગૂંજી ઊઠી.સુશી એ કીધું દીપક આજે એમને સપનું સારું આવ્યું લાગે છે... !! દીપક પૂજા ને ચાર્મી ખિલખિલાટ હસી રહ્યા...

ખોળીને શોધું શું હું મોજમાં ...

આમ ભળું લે હું તુજમાં

એમ ગણગણતા સૂર્યની સામે જોતાં જસવંતલાલ સફાળા જાગ્યા.

– રેખા શુક્લ

જીવનનું સત્ય છે સત-ચિત્ત-આનંદ.

પશ્ચિમના દેશો ભોગભૂમિથી જાણીતા છે, જ્યારે આપણો ભારત દેશ એ તપોભૂમિથી જાણીતો છે. જ્યાં હિન્દુ ધર્મનાં શાસ્ત્રોએ સરળ અને ઉજ્જ્વળ જીવન માટે નીતિ-નિયમો બનાવીને દર્શાવ્યા છે. તેનું પાલન પણ થઈ રહ્યું છે, સદીઓથી પરંપરા નિભાવાય છે. ભગવાન જ ધર્મવ્યવસ્થા કરી શકે, તેથી ધર્મના સિદ્ધાંતો એ ભગવાનની સીધી આજ્ઞાઓ છે. ભગવાનની આજ્ઞા અનુંસાર આ સિદ્ધાંતોનું સ્થાપન કરવાનો વેદનો ઉદ્દેશ અને શ્રીકૃષ્ણનો સીધો આદેશ છે. વૈદિક સિદ્ધાંતો ભગવાનના કાયદા છે, જે સમગ્ર માનવજાત માટે સ્વીકાર્ય છે.

જીવનના ચાર સ્થંભ છે, ધર્મ-અર્થ-કામ-મોક્ષ. આ ચાર મૂલ્યોને સમજીને જીવન જીવવાનું હોય છે. મનુંષ્યજીવનના મુખ્ય ચાર ઉદ્દેશ બતાવ્યા તો તેની સાથે જીવનના ચાર તબક્કા બતાવ્યા છે. ચાર તબ્બકામાં કેવી રીતે જીવન જીવવાનું છે તે બતાવ્યું છે.

બ્રહ્મચર્ય-ગૃહસ્થ-વાનપ્રસ્થ-સંન્યાસ.

નિવૃત્તિ એ હજારો વર્ષ પહેલાં જાણીતો વાનપ્રસ્થાશ્રમ–જીવનનો એક તબક્કો હતો. વાનપ્રસ્થ એ અતિશય પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવાનો સમય. નિવૃત્તિનો એવો સમય, જ્યાં બધી જ કામનાઓ-ઈચ્છાઓનો ત્યાગ કરીને સ્વની ખોજ, આત્માને ઓળખીને મોક્ષ માટેની તૈયારી. જીવન ઈશ્વરભજન અને સ્મરણમાં વ્યતિત કરવાનો સમય. બીજા જનમનું ભાથું તૈયાર કરવાનો સમય. આ પ્રથા સદીઓ પુરાણી હતી.બાળકો ઉંમરલાયક થાય એટલે તેમના ઘરની જવાબદારી તેમને સોંપીને વન તરફ પ્રયાણ.

અત્યારે દેશકાળ અને યુગ બદલાય તેમ તેની વ્યાખ્યા બદલાઈ ગઈ. કોઈ વનમાં નથી જતું. પરંતુ ઘરની અંદર રહીને નિવૃત્તિનો સમય શાંતિથી પસાર કરી શકાય. નિવૃત્તિનો સમય કેવી રીતે પસાર કરવો તેનું જો પ્લાનિંગ કરેલું હોય તો સહેલું પડે. ખરેખર તો આ સમય જીવનનો ગોલ્ડન પિરિયડ કહીએ તો ખોટું નથી. અહીંયાં આપણે આપણી ઈચ્છાઓ પ્રમાણે જીવી શકીએ, કારણ મોટી જવાબદારીઓમાંથી મુક્ત થયાં છીએ.

જે વ્યક્તિ રોજી-રોટી માટે નોકરી કરીને મહેનત કરતી હોય પછી તે કોઈ પણ ક્ષેત્રમાં હોય, તેને માટે રિટાયરમેન્ટનો એટલે કે નિવૃત્તિનો સમય એ વાત બરાબર છે. પરંતુ ગૃહિણી જે ઘર સંભાળે છે તેને નિવૃત્તિ ક્યારે ? તેને કોઈ નિવૃત્તિ હોતી નથી. મરતાં સુધી કામ કરવું પડે છે. બાળકી નાની હોય ત્યારે ઢિંગલા–ઢિંગલી સાથે ઘરઘર રમતી હોય, ખરેખર તો ત્યારથી જ તેની પ્રવૃત્તિ ચાલુ થઈ જાય, તે જીવે ત્યાં સુધી નિભાવવી પડે છે. અઠવાડિયામાં સાત દિવસ કામ ! ઊઠે ત્યાંથી સૂઈ જાય ત્યાં સુધી બસ કામ, કામ અને કામ ! કોઈ હૉલિડે નહીં. વાર–તહેવાર, ઘરમાં સારોખોટો પ્રસંગ હોય ત્યારે કામ ડબલ થઈ જાય. તન-મન બંનેથી પ્રવૃત્ત. ઘર-પરિવારની સૌથી વધારે ચિંતા ગૃહિણીને થતી હોય છે. ઑફિસમાં કામ કરવું તેના કરતાં પણ ઘર સંભાળવું તે બહુ જ મોટું અને મુશ્કેલ કામ છે, જે એક ગૃહિણી કુશળતાથી નિભાવે છે. ગૃહિણીની કુશળતા જુઓ, તે કોઈ પણ ક્ષેત્રમાં હોય, ખૂબ જ સુંદર રીતે તેનું કામ તે કરી જાણે છે.

આપણા દેશમાં મોટા ભાગે લોકો નિવૃત્તિ પછીથી જાત્રાએ જવાનું વિચારે. આખી જિંદગી પૈસા કમાવા પાછળ કોઈ ટાઈમ મળ્યો ના હોય, દીકરા-દીકરી પરણાવીને

પરવારી ગયા હોય એટલે નિવૃત્તિ પછી જાત્રા કરવાનો મોકો મળે. અહીંયાં પશ્ચિમના દેશોમાં લોકોનું વિચારવાનું જુદું છે. નિવૃત્ત થયા પછી લોકો લાઈફ એન્જોય કરે છે. ફ્રૂઝમાં સફર કરે, કસીનોમાં રમવા જાય, આર વી લઈ ફરવા માટે નીકળી પડે તો કોઈ બિન્ગો રમવામાં સમય પસાર કરે. હરેક ક્ષણ ખુશીઆનંદમાં વિતાવે છે કારણ, આપણી જેમ ભવિષ્યની જરાય ચિંતા ના હોય. આપણે તો આપણાં બાળકોના ભવિષ્યનો વિચાર કરીએ એટલે પૈસાનો ખર્ચ કરતાં પહેલાં દશ વખત વિચાર કરીએ છીએ. મહેનતથી ભેગી કરેલી પૂંજીને કાળજીથી સાચવી રાખીએ છીએ. મનોરંજન માટે જે પ્રવૃત્તિ કરીએ તે, જાત્રાએ જઈએ તે, આ બધું તો પોતાના માટે જીવ્યા છીએ પરંતું જ્યારે બીજા માટે જીવીએ ત્યારે જીવન સાર્થક થાય.

માનવી જન્મથી મૃત્યુપર્યંત દોડદોડ કરતો રહે છે, જીવન પ્રવૃત્તિમય રહે છે. સાચી નિવૃત્તિ ક્યારે મળે, જ્યારે તે મૃત્યુશૈયા પર સૂવે છે ત્યારે જ નિવૃત્તિ કહેવાય. અને તે પણ શરીરથી નિવૃત્તિ. જીવાત્માને તો કોઈ નિવૃત્તિ નહીં. તેને જન્મોજન્મની સફર કરવાની હોય છે. એટલે અત્યારે વર્તમાનમાં જે જીવન જીવી રહ્યો તેમાં જીવનના જુદા જુદા પડાવ પર તે કેવી રીતે જીવે છે તે મહત્વનું છે. તેમાં પણ જ્યારે નોકરી-ધંધામાંથી મુક્ત થયા પછીનો સમય કેવી રીતે અને ક્યાં પસાર કરીને જીવન જીવવું એ ખાસ અગત્યનું કહેવાય. અમારી તો ઉંમર થઈ, હવે આ ઉંમરે અમારાથી કંઈ ના થાય એમ રડીને બેસી રહે તો એ કામ ન કરવાનાં બહાનાં જ છે. ઈશ્વરે માનવજનમ દીધો છે, માનવી એકબીજાના કામમાં મદદરૂપ ના થાય તો જીવતર એળે જાય. જે તન અને ધનથી નબળા હોય તેમને માટે આપણે જાણીએ છીએ ઈન્ડિયામાં મોટાંમોટાં શહેરોમાં ઠેરઠેર પાર્ક બનાવેલા છે, જ્યાં ચાલવાનું મળે, એકબીજાને મળીને ગપસપ કરી શકાય અને લાફ્ટર ક્લબને લીધે મન પણ હળવું થાય છે. જ્યાં

જુઓ ત્યાં બધે જ સિનિયર સિટીજન ક્લબો ચાલે છે. ત્યાં કેટલી સરસ પ્રવૃત્તિઓ ચાલે છે ! ગામના ઓટલા ઘસવા અને ગામગપાટા મારવા એના કરતાં સારું છે, આવી ક્લબોમાં કંઈ જાણવાનું તો મળે છે.

જેમ કરોડો., અબજોની સંખ્યામાં જનમેદની આ ધરતી પર ફેલાએલી છે તો આજના સમયમાં સમય પસાર કરવા માટે હજારો જગ્યાઓ અને એટલાં જ કારણો પણ છે. વિજ્ઞાનયુગમાં સાધનસંપત્તિની ખોટ નથી. કોઈ પણ કાર્ય કરવા માટે મોકળો માર્ગ મળી રહે છે. પૈસાનું બળ હોય અને શરીરનું બળ હોય તો બીજાને મદદ કરી શકીએ. બસ આપણું મન અને તન સ્વસ્થ હોવાં જોઈએ. આ ઘડપણનો સમય હોવાથી મનને શાંતિ મળે અને દિલને આનંદ થાય એવાં કાર્યોમાં સક્રિય રહીએ તો કાર્ય કરવાનો સંતોષ મળે છે. આખી જિંદગી સમાજ પાસેથી જે મેળવ્યું હોય તે પરત કરવાનો સમય છે, માટે નિવૃત્તિના સમયમાં જો માનવસેવા, જનકલ્યાણ, શિક્ષણ ક્ષેત્રે અથવા તો વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમમાં જઈને તેમની સાથે થોડો. સમય આપીને તેઓની સાથે પ્રેમથી થોડી વાતો કરીને, ધર્મગ્રંથ વાંચી સંભળાવીને, જન્મદિન નિમિત્તે ભેટસોગાદ અર્પણ કરીને, થોડી સેવા કરીએ તો કોઈના દિલને શાંતિ મળે. તો આપણું જીવ્યું પણ સાર્થક થાય. લોકો સદાવ્રત ખોલીને માનવસેવા કરતાં હોય છે. સેવા કરવાના અનેક રસ્તા છે. 'ખાલી મન એ શેતાનનું ઘર' માટે કોઈ પણ ઉંમર હોય, હમેશાં તન અને મન બંનેથી પ્રવૃત્ત રહીએ તો શરીર પણ સ્વસ્થ રહે. એક ખૂબ જ સુંદર ગીત છે તેમાં કવિ કરશનદાસ લુહારે બહુ જ સરસ વાત કરી છે :

જીવન અંજલિ થાજો,

મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુ:ખિયાંનાં આંસુ લો 'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો !

જીવનનો કોઈ પણ તબક્કો હોય, તન-મન-ધનની હેસિયત હોય એ પ્રમાણે આપણે બસ ફળની આશા રાખ્યા વિના કર્મ કરતાં જવાનું છે. સારાંખોટાં કર્મનું ફળ ભગવાન આપે છે. આપણે સારાં કર્મ કરવાનો જ પ્રયત્ન કરીએ છીએ. બધું જ છોડીને એક દિવસ જવાનું છે, સાથે આવશે આપણાં કર્મ, તો નિવૃત્તિ પછી પણ બસ સારાં કર્મ કરીને શાંતિ અને નિજાનંદમાં જીવીએ. આખરે જીવનનું સત્ય છે સત્-ચિત્-આનંદ !

– હેમા પટેલ

(૧૪)

હરિકૃષ્ણ અને પ્રેમલતા મજમુંદાર

પી. કે. દાવડા - વિજય શાહ

સાન્ફ્રાન્સિસ્કોના એક વકીલ કે જેમની બીજી કારકિર્દીમાં તેઓ ગણિતજ્ઞ **થયા અને આગળ વધીને પ્રેરણાત્મક નિવૃત્તિની પ્રવૃત્તિનું જીવંત પ્રતીક બન્યા. તેમની સાથેનો પરિચય આકસ્મિક હતો પણ એ "હેરી"દાદા મારી લેખનપ્રવૃત્તિને એક ઊંચા સ્તરે લાવવા**

નિમિત્ત બન્યા હતા. ફાંકડું અંગ્રેજી બોલે, જેમાં હજી ભારતીય અંગ્રેજીની છાંટ હોય અને નાગરી ઉચ્ચાર અને શબ્દોની મીઠાશ ભારોભાર ભરી હોય. પણ કહેવાનું સ્પષ્ટ અને તે પણ મોઢામોઢ..આવા સ્પષ્ટ વક્તાઓની ધાર પ્રેમલતા બા ઢાંકે...પ્રેમલતા બા પણ એમના સમયનાં બહુ જ પ્રગતિશીલ અને વિદ્વાન શિક્ષિકા હતાં.

ભણતર ચાલુ હતું ને તે સમએ મન મળી ગયાં હતાં..પણ લગ્ન ભણતર પૂરું થયાં પછી, સંપૂર્ણ પુખ્તતા પામ્યાં પછી જ કર્યાં અને એ જમાનાની વાત જ્યારે દાદા કરે ત્યારે તેમના મોં પરની ચમક અજીબ હોય..મેં તો પ્રેમલગ્ન એવા સમએ કર્યાં હતાં જ્યારે દીકરીઓને ભણવાની પણ છૂટ નહોતી. અમે બે મળતાં પણ ચર્ચાનો દોર ભણી લઉં પછી પર જ અટકતો.

મુ. પી કે દાવડાએ તેમની શ્રેણી “મળવા જેવા માણસો”માં મુ. દાદાનો પરિચય આ રીતે આપ્યો હતો :

હરિકૃષ્ણભાઈનો જન્મ વડો.દરામાં ૧૯૧૯માં થયો હતો. શાળાનો અભ્યાસા વડો.દરામાં જ કર્યો. ત્યાર બાદ વડો.દરાની કૉલેજમાંથી બી.એ. કરી, કાયદાનો અભ્યાસ કરવા અમદાવાદ ગયા અને ૧૯૪૧માં એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી.

૧૯૪૧માં એક ટેક્સ્ટાઈલ મિલમાં નોકરી શરૂ કરી. ૧૯૪૩માં એમને મુંબઈમાં એકાઉન્ટન્ટ જનરલની ઑફિસમાં નોકરી મળી. નોકરી કરતાં કરતાં જ, ૧૯૪૮માં એમણે બી. કોમ.ની ડિગ્રી પણ મેળવી લીધી. એકાઉન્ટન્ટ જનરલની ઑફિસમાં કામ

કરતાં હતા ત્યારે ૧૯૬૦માં તેમને ભાભા એટોમિક સેંટરમાં મોકલવામાં આવ્યા અને ત્યાં કાયમી થયા. ૧૯૭૭ સુધી ત્યાં કામ કરીને નિવૃત્ત થયા.

નિવૃત્તિ બાદ આઠ વર્ષ સુધી વિદ્યાર્થીઓને ટ્યૂશન આપવાનાં અને બીજાં નાનાંમોટાં કામ કર્યાં. ૧૯૮૫માં દીકરીએ એમને અમેરિકા તેડાવ્યા. તેમના કહેવા પ્રમાણે અમેરિકા આવવા પાછળ એમના મનમાં કોઈ યોજના ન હતી. એ માત્ર એમના સંજોગોનો તકાદો હતો. એમના શબ્દોમાં કહું તો, "ભારતમાં મારાં નિવૃત્તિ બાદનાં વર્ષો ઉપર મારું કોઈ નિયંત્રણ ન હતું, સંજોગોને આધિન સમય વ્યતિત થતો હતો."

- તેમનાં પ્રેરણાદાયક કાર્યો ૧૯૮૫માં તેઓ અમેરિકા આવ્યા પછીનાં છે. અમેરિકામાં આવીને એમણે કૉમ્યુનિટી કૉલેજમાં કેલ્ક્યુલસ અને શેક્સપિયરનો ઊંડો. અભ્યાસ કર્યો. કેલક્યુલસ વિષયમાં તો તેમણે "ફેક્ટરાઈઝેશન" નામનું પુસ્તક પણ લખ્યું. ત્રણ વર્ષ સુધી 'ઈન્ડિયા પોસ્ટ' નામના છાપા માટે કૉલમ લખી.
- અમેરિકામાં મોટી ઉંમરના ભારતીઓની વિટંબણાઓથી જેમ જેમ પરિચિત થતા ગયા તેમ તેમ તેનો ઉકેલ લાવવા સિનિયરોને લગતા કાયદાઓ અને સિનિયરોને અપાતી છૂટછાટનો અભ્યાસ કરતાં ગયા. ભારતથી આવતા લોકોની સોશ્યલ સિક્યુરિટી, ઈમિગ્રેશન અને અન્ય વિષયની ગૂંચો ઉકેલવાની મદદમાં લાગી ગયા. વડિલોની મૂંઝવણો સમજી લઈને એનો સમાધાનપૂર્વક ઉકેલ લાવવામાં મદદરૂપ થવા લાગ્યા.
- ૨૦૦૨માં અમેરિકાની વેલ્ફેર યોજનાની માર્ગદર્શિકા "ભુલભુલામણીનો ભોમિયો" (Mapping of the Maze) પુસ્તક લખીને સિનિયરોને માર્ગદર્શન આપ્યું. અનેક સ્થળોએ સિનિયરોને માર્ગદર્શન આપવા વ્યાખ્યાનો આપવાનું શરૂ કર્યું. અમેરિકાના સેનેટરોને,

અદાલતોને, પત્રકારોને અને નેતાઓને પત્રો અને પિટિશન્સ લખી લોકોને ન્યાય અપાવવા લાગ્યા. બસ, લોકો તેમને દાદાના હુલામણા નામથી ઓળખતા થયા.

- એમણે સિનિયરોને સલાહ આપી કે સ્વાવલંબી બનો, પરિવારમાં મદદરૂપ બનો, જીવન માત્ર જીવો જ નહિ પણ એને માણો. પોતે પોતાની પુત્રીના બૅકયાર્ડમાં પોતાનો ઓરડો. બાંધી સ્વાલંબી જીવન જીવીને ઉદાહરણ પૂરું પાડે છે.
    - તેમની સેવાની પ્રવૃત્તિ માટે તેમને ઘણા ઍવૉર્ડ મળ્યા છે. Santa Clara Countyના Human Resources Commission તરફથી "Toni Sykes Memorial Award" દાદાને મળ્યો છે. દાદા પોતે કાયમી વસવાટ માટે પરદેશથી આવેલ વસાહતી છે. 2011માં તેમણે' એશિયન સિનિયર સર્વર્સ એસોસિએશન' રચ્યું છે.
- આજની તારીખે દાદા છેલ્લામાં છેલ્લા કાયદા અને નિયમો વિષે પોતાને માહિતગાર રાખે છે અને ઝીણવટ, સમજ અને અનુભવી કોઠાસૂજથી લોકોના વણઉકેલ્યા કોયડાને ઉકેલે છે.
- દાદાજીની વાત સિનિયરોને અને ભવિષ્યની પેઢીને વિચારતા કરી મૂકે તેવી મૌલિક છે. "સ્વ" પરથી નજર હટાવી "અમારા" પર નજર કરવાની જરૂર છે. હકારાત્મક જીવનમાં સુખી થવાનો આ ગુરુમંત્ર છે.
- દાદાની વડીલોને સલાહ છે કે બાળકો ઉપર તમારા સિદ્ધાંતો અને તમારા અનુભવો ન થોપતા. શક્ય છે કે બદલાએલા સંજોગ અને બદલાએલા સમયમાં એ એમને ઉપયોગી ન પણ થાય.

દાદા કહે છે, "અહીં અમેરિકામાં હું મારા જીવનનું નિયંત્રણ કરી શકું છું, કારણ કે અહીં

લોકો નૈસર્ગિક જીવન જીવે છે. લોકો અહીં માન અને પ્રેમના ભૂખ્યા છે અને અન્યોને પણ તેઓ માન અને પ્રેમ આપે છે. મને મારા કાર્યના બદલામાં પૈસાની ભૂખ નથી. લોકો મને જાણે, મારા કાર્યની નોંધ લે, મારા માટે એ જ પૂરતું છે. અહીં તમે કંઈ પણ ન કરો તો જ તમારું કાર્ય વણનોંધ્યું રહે."

-પી. કે. દાવડા

આ ઉપરાંત તેમના કાર્યોના વધતા વ્યાપમાં તેમણે એક સારું નેટવર્ક ઊભું કર્યું છે જે તેમને વધુ કાર્યદક્ષ અને સમાજ ઉપયોગી બનાવે છે. બાદશાહ અકબર પાસે નવ રત્નો હતાં તેવાં જ તેમનાં કહ્યાગરાં શિષ્યરત્નો છે.

એક વખત કોઈક મિત્રના બનેવી ડલાસથી રીસાઈને ઘર છોડીને ચાલ્યા ગયાબહું .. શોધખોળને અંતે એ મિત્રે દાદાને ફોન કર્યો અને વિગતો આપી નવસારી પાસે જલાલપોર ગામનાં છેજેટલી માહીતિ તે ભા.ઈએ આપી તે બધી નોંધી લીધા પછી પોતાની ફોન ડાયરી ફંફોસીને જલાલપોર ગામનાં કેટલા માણસો તેમનાં સંપર્કમાં છે તે જોઈ ને ફોન ગુમાવવાનાશરૂસામાન્ય રીતે અમેરિક .કર્યા ામાં આટલી પળોજણ કોઈ કરતું નથીપણ સમાજ્ને કં ..ઈક પાછુ આપવું છે ની ધગશને કારણે ત્રીજા ફોન પરથી ખબર પડી ગઈ કે તે ભાઈફીનીક્ષમાં છે અને તેમના ટેલીફોન નંબર સહીત સરનામા સાથે તે મિત્રને ફોન પાછો કર્યો તો તે ભાઈદાદા હવે પતિ ..તો ઉભા જ થઈ ગયા પત્ની નો મામલો છે સમજ ાવટથી પતાવી આપોનેદાદા કહે ભાઈ તું શીકાગોમાં આ ?

ભાઈફોન ઉપર પ્રયત્ન કરું પણ જો હું મધ્યસ્થી ..ફીનીક્ષમાં અને હું પાલો આલ્ટોમાં બનીશ તો મારું કહ્યું માનવું પડશે

"?દાદા પ્લીઝ પહેલા મને કહો તમારી ફી કેટલી"

અને દાદા બહું જ હસ્યાભા" પછી કહે ..ઈ હું કોઈ જ કામની કોઈ ફી લેતો નથી".

બીજે છેડે બહેન નો અવાજ ગદ ગદ હતો તેથી દાદા બોલ્યા "બહેન ગુંચ પડી હોય ને તો બધા દોરા ખેંચા ખેંચ ના કરાય પણ એક દોર પકડીને ગુંચ ઉકેલતા જશો તો બધું ઉકલી જશે".

એક કલાક્માં તે મિત્રનો ફોન આવી ગયો દાદા મેળ થ"ઈ".આભાર..ગયો છે

દાદા આમ તો વકીલ પણ અહીંનાં લાઈસંસ લીધેલા નહીં તેથી કેસ શાંતિ થી સમજે અને ઉપાય પણ સુચવે પણ સાચા ખોટાની પરખ તરત પડે તેથી ખોટા ને મહદ અંશે કહી જ દે કે ભાઈ આ મારા વશનું કામ નથી.

દાદા એમ માને છે કે નિવૃત્તિ એ સમય છે સમાજ ને કંઈક પાછુ આપવાનોઆ પાછુ . આપવાનું એટલે પૈસા એકલાં જ ંનહીંપણ ં તમારી પાસે જે ઉદ્યમ હોય કે જે જ્ઞાન હોય તો તે પણ આપી શકાયછજ્જુ કા " અને આ હેતૂથી જ સીનીયરોને દરેક બુધવારે . તેમની વાતો .નામની જગ્યાએ ભેગા કરે અને અલક મલકની વાતો થાય "ચૌબારા ભાલ્ચંદ્ર રાવ .કરવાની પધ્ધતિ એટલી રમૂજી કે દરેક વાતમાં જ્ઞાન સાથે ગમ્મત થાય

કરીને એક સીનીયર છાપુ ચલાવતોતે એક દિવસ આવ્યો અને કહે તમારા બધા , પ્રસંગોની મેં મારી રીતે નોંધ બનાવી છે મને તે પ્રગટ કરવાની અનુંપ્રેમ .મતિ આપો તો પછી દાદાને કેટલી રોયલ્ટી ?લતાબા બોલ્યા એટલે આમ કરીને તમે કમાવાનાને ?આપશો

ભાલચંદ્રભાઈને તો આવા પ્રશ્ન ની કલ્પના નહોતી એટલે થોડાંક આધા પાછા થયા અને બોલ્યા દાદા આતો હું મને થોડાંક નાણા મળે તે માટે કરતો હતો.

બંને .બહું હસ્યાં (દાદા અને બા)

ભાલચંદ્રભાઈ ખસિયાણા પડી ગયા પણ હસવું પુરુ થયું ને તે બોલ્યાભા " ..ઈમારી વાતો અને જ્ઞાન વહેંચવા માટે જ છે ઉલટાનો હું તો આભાર માનીશ કે તું મને અને મારા જ્ઞાન ને વેગ આપે છેજા ભા .ઈઆમ કહી તેમણે એક "..કર તારે જે કરવું હોય તે નવોદિત લેખક્ને ખીલવાની તક આપી

સ્મિતા ચૌધરી ભારતથી ભણવા આવેલી અને દાદાની પૌત્રીની ક્લાસ મેટઅંગ્રેજી સારુ . દાદાને ખબર પડીકે તેને પૈસાની અગવડ પડે છે તેથી પ્રેમલતાબા એ દાદા .જાણેને કહ્યું નૂરા અને નીજાની સ્મિતા બહેનપણી છે તમે અંગ્રેજીમાં તેની પાસે તમારી ઓટો બાયોગ્રાફી લખાવોને?

આ થયું બીજાંકુરણ બીજા લેખક્નુંદાદા વાતો તેમની રીતે હીન્દી અને અંગ્રેજીમાં બોલે . Nobody પ્રકરણ ઉપર પ્રકરણો લખાયા અને..અને સ્મીતાતેની નોંધ તેની રીતે લે

.તૈયાર થયું જેમાં નવરત્નોની ઓળખાણ અને ઘણું બધું સંગ્રહાયું Envies Me

યુવા પેઢી સાથે કામ કરતાં કરતાં માલતી પટેલ સાથે દાદાનો પરિચય થયોદાદાની . સાથે વાતો દરમ્યાન દાદાને લાગ્યું કે ડલાસમાં મારો જ્ઞાન વારસો સાચવે તેવી દમદાર લેખીકા છે જેની પાસે પ્રશ્ન સમજવાની ક્ષમતા અને નિરાકરણ શોધીને ટેક્ષાસમાં તેમનું કામ આગળ વધારશે જે થઈ પાયાની...શરૂ આતLifting The Mists માર્ગદર્શીકાની.. દાદા આમ જ્યોત થી જ્યોત જગાવી રહ્યા હતા અને ઘરની લેખીકા પ્રેમલતાબા ને અનુંવાદ માટે ચાનક ચઢાવતા હતા.

પ્રેમલતાબા જોડણીનાં આગ્રહી હતા તેથી તેમનું પહેલો વાર્તા સંગ્રહ “ઈટીયો” ઉપડ્યો..ત્યાર પછી “રણમાં અદ્દ હાસ્ય અને સાઈબેરીયન કથા સંગ્રહ લેડિ મેક્બેથ“ લખાઈ. આ સમય દરમ્યાન તેઓ પણ છજ્જુકા ચોબારામાં ભાષા શીખવતા અને વયસ્ક લેખીકાઓને દાદાની જેમ જ પ્રોત્સાહન આપતા.

આમ તો હું ઘણા સમય થી લખતો તો હતોજ અને દાદાનાં પરિચય પહેલા એક નવલીકા “ અમે પથ્થરનાં મોર કેમ બોલીએ” અને નવલકથા “ ટહુકા એકાંતનાં ઓરડેથી” અને કાવ્ય સંગ્રહ “હું એટલે તમે “ અને “તમે એટલે મારું વિશ્વ” પ્રસિધ્ધ થઈ ગએલી હતી અને બ્લોગ ટેકનોલોજી આવી જવાને લીધે સર્જન કાર્ય ચાલુ હતું પણ પ્રકાશન ક્ષેત્રે ઉદાસીનતા હતી. ત્યારે દાદાનો પારસમણી મને સ્પર્શ્યો.

હું નાણાકીય જગતમાં મહદ અંશે નિવૃત્ત થએલા અને થતા સીનીયર સીટીજનો સાથે

કામ કરતો હતો અમેરિકન નાણાકીય વિષયો વિશે પુરતું જ્ઞાન. અને ૨૦૦૮નાં ગાળામાં " ચાલો ગુજરાત" કાર્યક્રમમાં એક જ મંચ ઉપર.એમના વક્તવ્ય બાદ મને મંચ મળ્યુ તે પહેલા તેમણે મારું પાવર પોઈંટ પ્રેઝંટેશન જોએલું તેથી એમને લાગ્યું કે તેમનાં જ્ઞાન નો સાચો અનુંગામી આ છે. મારા પ્રેઝંટેશન ની દરેક સ્ક્રીન એક પ્રકરણ છે તેથી કહ્યું તમારું નાણાકીય જ્ઞાન અને મારા અનુંભવો ભેગા કરી ગુજરાતીમાં પુસ્તક લખો હું છપાવીશ અને વેચીશ કે વહેંચીશ...અને છ મહીનાની "લખું- ભુંસુ- ફરીથી લખુ જેવી કસરતોને અંતે પ્રેમલતાબાએ પ્રૂફ રીડીંગ કરીને પ્રસિધ્ધ કર્યું જે મોરારી બાપુએ વિમોચન કર્યું. હું મનમાં દાદાની જ વાત વિચારતો હતો જે હોય તે આપવું આ પુસ્તકમાં મારું અને દાદાનું જ્ઞાન વહેંચાયુ હતુ.

પછી પણ એજ પ્રકારની હેતૂલક્ષી વાતોનું પરામર્શન થયું અને તે પ્રકારનું બીજું પુસ્તક " નિવૃત્તિનું વિજ્ઞાન" લખાયુ

દાદાનાં જમણા હાથ અને ફીલ્મ પ્રોડ્યુંસર જયંત મહેતા દાદા નાં જીવન ઉપર ફીલ્મ બનાવવાનાં હતા ત્યારે "આપવું એટલે પામવું"ફીલ્મ સ્ક્રીપ્ટ તરીકે લખાવી ચાલુ થઈ જે અંતે "આપવું એટલે પામવું" નામની નવલકથા સ્વરુપે જન્મી. ત્યાર પછી બ્લોગ ઉપરનું ઘણું સાહિત્ય પુસ્તકમાં ફેરવાયું જે ચાર વર્ષનાં ટુંકા ગાળામાં વિવિધ કોલમનાં સ્વરૂપે પ્રસિધ્ધ થયું. કહે છે બે નિષ્ક્રીય કેમીકલ વચ્ચે ઉત્સેચક આવે અને નવતર સંયોજન થાય બસ તેમજ " વિજયભાઈ તમે બહુ સરસ લખ્યુ છે" નાં શબ્દો ઉત્સેચક બનતા તેઓ પણ લઘુ વાર્તાઓ લખતા અને ન્યુ યોર્કનાં "ગુજરાત ટાઈમ્સ"માં છપાતી.

પારસમણી દાદાને ગમતા પુસ્તકને ગુજરાતીમાં રુપાંતર કરવા એક વધુ દીપ પગટાવ્યો અને તે બોસ્ટન નાં રાજુલ કૌશિક. ગેરી રૂથનું પુસ્તક કે જેનો દાદા પોતાના જીવનમાં શતાયુ બનવા અને તેમના જેવા ઘણા શતાયુ નાં જન્મ માટે પુસ્તક અનુંવાદીત કરાવ્યુ

હરિકૃષ્ણ મજમુંદાર દાદા આજે ૯૬ વર્ષની ઉંમરે પણ તેમના ૮૬ વર્ષીય સારથી જવાહર શેઠ સાથે પાછલી ઉંમરે પણ વેલ્ફેરને લગતા દરેક પ્રશ્નોનું જાતે જઈને કે અંગત માર્ગદર્શન આપે છે. અજાયબીની જે વાત છે તે દાદા અને તેમનો સારથી કાને થી ઓછુ સાંભળે છે છતા સૌનાં પ્રશ્નોનૂ નિરાકરણ આજે પણ વિના મુલ્યેજ કરે છે. અને વેલ્ફેરની ઑફિસમાં પણ અધિકારિઓ તેમની દલીલ સમજે છે અને શક્ય ઉચિત કાર્ય કરે છે.

પ્રેમલતા બા ગત વર્ષે અદેહી થયા પણ હરિકૃષ્ણ દાદા અજે પણ એટલા જ સક્રિય છે જેટલા અમેરિકા આવ્યા ત્યારે હતા. આજે પણ તેમની વાતોમાં જજ વ્યાસ સાહેબ અને તેમની સલાહો સાબૂત છે.

નિવૃત્તિની વાતોમાં એમની એક જ વાત પડઘાતી હોય છે.. નિવૃત્ત એટલે ફક્ત અર્થ ઉપાર્જનમાં સબૂરી પણ જિંદગી તો જીવવાની એવી રીતે કે જ્યારે તમે જાવ ત્યારે આખુ જગત રડે અને આપણે હસતા હસતા જઈએ.

જ્યારે જ્ઞાન યજ્ઞની અગ્ની પ્રજ્વલીત થઈ રહી હતી ત્યારે સાન ફ્રાંસીસ્કોમાં ત્રણ સંસ્થાઓ ગુજરાતી માતૃભાષાનાં સંવર્ધન માટે કટીબદ્ધ થઈ હતી. મહેન્દ્રભાઈ મહેતા દ્વારા “ગ્રંથ ગોષ્ઠિ”, સુર અને સંગીત માટે જયશ્રી ભક્તા દ્વારા “ટહૂકો” અને પ્રતાપભાઈ પંડ્યા

દ્વારા પુસ્તક પરબ -જેની એક શાખા “બેઠક” (પ્રજ્ઞાબહેન દાદભાવાળા) સર્જન અને સંવર્ધન માટે લેખન કાર્ય કરી રહ્યા હતા.. ત્યારે ત્રણે સંસ્થા માટે તેમનો સંદેશો હતો..”ખૂબ વાંચો, વિચારો અને પછી સર્જન કરો.”

“ટહુકો” સમયોચીત સંગીતનાં કાર્યક્રમોથી તરબતર છે. “ગ્રંથ ગોષ્ઠિ” પુસ્તકોનાં વાંચન અને મોટા ગજાના લેખકોને આમંત્રણ આપે છે. “પુસ્તક પરબ અને બેઠક” પ સભ્યોથી શરૂ થઈ આજે બે વર્ષે તે ૨૫થી વધુ સર્જકો નાં સર્જનો માતૃભાષાને આપે છે.જેમાં લીમ્કા બુક એવોર્ડ અને દુનિયાનું સૌથી જાડુ પુસ્તક સર્જીને ગીનીઝ બુક ઓફ રેકોર્ડને બારણે ટકોરા દઈ રહ્યુ છે.

આ ત્રણેય સંસ્થાનાં પગરણ માં પ્રેમલતાબા અને દાદાનો સીધો કે આડકતરો સહયોગ રહ્યો છે.૬૫ વર્ષની ઉંમરે નવી કારકિર્દી શરૂ કરનાર આ દાદા આજે ૯૬ વર્ષે પણ કડે ધડે છે. આ નવેમ્બર મહીનાની પાંચમી તારીખે મુ હરિકૃષ્ણ દાદાનું અને પ્રેમલતાબાનું (મરણોપરાંત) બહુમાન્ થયુ. ગાર્ડી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડાયાસ્પોરા સ્ટડીઝ – રાજકોટનાં ડૉ બળવંત જાનીએ તેમને લાઈફટાઈમ એચીવમેંટથી નવાજ્યા. મારે માટે પ્રેરણા મૂર્તિ ઉપરાંત તેમના કાર્યભારનો થોડો.ક પણ બોજ હું ઉપાડી શકીશ તો તે મારે માટે ગર્વની વાત થશે...મોટી ઉંમર, કાચા કાન (બહેરાશ) અને ભુલી જવાની વાતોથી સર્જાતા મનદુઃખોને અવગણીએ તો તેમણે જાતે નિવૃત્તિ કેવી રીતે જીવાય તે વાતને જીવી બતાવી છે. અને વારં વાર કહ્યું છે “સમાજને આપતા રહો..તમારી પાસે જે છે તે સઘળું જ્ઞાન વહેંચતા રહો કાન આપતા રહો અને માંગે અને યોગ્ય લાગે તો જ સલાહ

આપો

શ્રી હરિકૃષ્ણ મજમુંદાર (૧૯૧૯)

પારિતોષિકો: 1. County of Los Angeles, 2012 Humanitarian Award, 2. California State Assembly, 2000 Toni Sykes Memorial Award, 3. County of Santa Clara, 2000 Human Relations Award, 4. Indo-American Community Service Center (ICSC), 2002, Volunteer Recognition, 5. Indo-American Community Service Center (ICSC),1998 Certificate of Appreciation, 6. National Indo-American Association for Senior Citizens, 2008 Special Award

જીવનકથાઓ: 1. An exalted Indo American HariKrishna Majmundar, by H.N. Verma, Pub., Great India Publishers, 2. Abroad At Home, Edited by Nandini Pandya, 3. Nobody Envies Me, by Smita Chaudhary (Biography)

પુસ્તકો: 1. Factorization in Algebra, 2. Mapping the Maze, 3. નિવૃત્તિની પ્રવૃત્તિ, 4. સોનુનું દિવાસ્વપ્ન

શ્રીમતી પ્રેમલતા મજમુંદાર: જન્મ ૧૯૨૦માં વડોદરામાં. એમણે પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ શિક્ષણ પણ વડોદરામાં જ લીધેલું. વડોદરાની મહારાણી ચીમનાબાઈ હાઈસ્કુલમાંથી મેટ્રીક પાસ. સ્વ. સયાજીરાવ મહારાજના હાથે 'ગુડ કંડક્ટ'નો સુવર્ણચંદ્રક મેળવેલો. બી.એ. બી.ટી. થયા પછી થોડો સમય વડોદરાની 'ન્યુ એરા હાઈસ્કુલમાં શિક્ષિકા. ૧૯૪૬માં શ્રી હરિકૃષ્ણ મજમુંદાર સાથે લગ્ન પછી એ મુંબઈમાં સ્થાયી થયેલાં. ત્યાં એમ.એડ. અને 'સાહિત્યરત્ન'નો અભ્યાસ. મુંબઈમાં પારસી ચેરીટી શાળામાં અને શિક્ષકોએ પોતે જ સ્થાપેલી 'સાર્વજનિક હાઈસ્કુલ'માં ત્રીસેક વર્ષ શિક્ષિકા રહેલાં. ૧૯૮૩માં એ કેલિફોર્નિયા આવ્યાં અને ત્યાં જ સ્થાયી થયાં. ૨૦૧૫માં ટૂંકી માંદગી બાદ અવસાન.

અમેરિકાના વસવાટ દરમિયાન એમણે ભારતીય સિનિયર સેન્ટરમાં 'સર્જનાત્મક લેખન' અને 'છજજુકા ચૌબારા' વર્કશોપ્સમાં સક્રિય. એ ભારતીય સિનિયર સેન્ટરમાં થોડો સમય પ્રેસિડન્ટ પણ રહેલાં. સાન ફ્રાન્સિસ્કોના 'ચિન્મય મિશન'માં એમણે દસેક વરસ ભારતીય બાળકોને હિંદી તથા ગુજરાતી ભાષાઓ પણ શીખવેલી. લેંગ્વેજ બેન્કના ઉપક્રમે એમણે ઈમિગ્રન્ટ્સને લગતા નિયમોની એક પુસ્તિકાનું હિન્દી અને ગુજરાતીમાં અનુવાદ કરેલા. પોતે એક સર્જક અને અનુવાદક પણ હતાં. એમણે વાર્તાઓ અને બાળવાર્તાઓ પણ લખી છે. એમના અનુવાદો 'એતદ્', 'સન્ધિ' અને 'નવનીત-સમર્પણ' જેવાં સામયિકોમાં પ્રગટ થયા છે. એમનાં પુસ્તકો: ઈંટ્યો અને બીજી વાર્તાઓ (મૌલિક અને અનુદિત વાર્તાઓ), રણમાં અટ્ટહાસ્ય અને બીજી વાર્તાઓ (વિશ્વના ખ્યાતનામ વાર્તાકારોની વાર્તાઓના અનુવાદ), 'સાઈબેરિયાની લેડી મેકબેથ' (રશિયન નવલકથાનો અનુવાદ).

વિભાગ – ૨
“નિવૃત્ત થયા પછી”
વાર્તાસંગ્રહ
વિજય શાહ



Feeling old is optional
– વિજય શાહ

વૃદ્ધાવસ્થા શરીરમાં દેખાતી હોય છે પણ મનને તો કદી ઉંમર હોતી નથી. હા, મન સતત હકારાત્મક અભિગમથી કેળવી શકાય છે અને કેળવાએલ મનથી વિવેક અને વર્તનમાં પણ ઉત્સાહ વર્તાતો હોયછે.

એક ઈ–મેઈલ સંદેશામાં સમાચાર હતા કે તમે વૃદ્ધ થયા તે જણાવતા સંદેશાઓ સમાજમાંથી ક્યારે આવવા લાગે તે જાણો.

૧. જ્યારે સ્કૂલમાં જતાં બાળકો તમને દાદા કે માજી કહે;
૨. જ્યારે અરીસો ધોળા વાળની ચાડી ખાય;
૩. દાંત પડવા માંડે;
૪. આંખો નજીકનું જોવામાં ભૂલો કરે;
૫. સ્મરણશક્તિ નબળી પડે;
૬. નીંદર ઘટતી જાય, દિવસે ઝોકાં આવે અને રાત કેમેય ન કપાય;
૭. સંતાનો તમને પૂછે કે ના પૂછે, મફત સલાહકેન્દ્ર બની જાઓ.

પણ મોતીકાકા તો મોતીકાકા જ. પણ આ યાદીમાંથી કશું જ ના મળે..૭૫ વર્ષની ઉંમરે ૪૫ના લાગે. કાયમ કાળા વાળ અને દાંત તો જાણે દાડમની કળીઓ જ જોઈ લો. અને હસવા તો આખા ગામનું જોઈએ. હસે અને હસાવે.

માણેકકાકીને તો જાણે ઉંમર દેખાવા માંડી હતી. છ છોકરા ને ત્રણ છોકરીઓનો વસ્તાર મોટો. વેવાઈવરત અને આખુ કુટુંબ ભેગું થાય તો પૂરો ત્રણ ડઝનનો આંકડો. પૂરો થાય..

માણેકકાકી બોલે પણ ખરાં, “હવે જરા ઉંમર પ્રમાણે વર્તો . આ ખિખિયારા કરવા તમને શોભતા નથી.”

તે દિવસે નાનકીએ પૂછ્યું, “દાદા તમે તો જાણે અમરપટો લખાવીને આવ્યા હોય તેમ જીવો છો ને? કહોતો ખરા, આ વધતી ઉંમરે તમને મૃત્યુનો ભય નથી લાગતો?”

મોતીકાકા નાનકીના પ્રશ્નને સાંભળીને પહેલાં તો ખડખડાટ હસ્યા અને નાનકીનો હાથ હાથમાં લઈને બોલ્યા, “બેટા, જન્મ અને મૃત્યુ એ બે વસ્તુ તો આપણા હાથમાં નથી. અને જે વસ્તુ ઉપર આપણું કોઈ જ જોર ના હોય તેની ચિંતા કરે તે બુધ્ધુ, બેટા!”

“પણ દાદા તમે તો એટલું બધું હસ્યા જાણે મેં કોઈ જોક ના કર્યો હોય.”

“બેટા, આ પ્રશ્ન તેં નથી પૂછ્યો..દાદીના વર્તને તને પૂછવા પ્રેરી છે.. હવે દાદી ઘરડી થતી જાય છે અને હું જેવો છું તેવો જ છું ને?”

“હા પણ દાદીની વાત પણ ખોટી નથી ને?”

“જો બેટા, અમારી ઉંમરે પ્રભુ અમને બે વાત કહે છે. Getting old is mandatory; Feeling old is optional. મેં બીજી વાત, જે મારા કાબુમાં છે તે સ્વીકારી અને નાનીએ સમાજ કહે છે તે વાત સ્વીકારી.”

“સમજ ના પડી દાદા.” નાનકીએ વિસ્મયપૂર્વક પૂછ્યું.

“જા, તારી દાદીને બોલાવ અને પછી આપણે આ વાતને લંબાણથી સમજીએ.”

દાદીને લઈને નાનકી આવી.

મોતીકાકા બોલ્યા, “તારી દાદી મારાથી બે વર્ષે નાની છે પણ તે માને છે કે હવે ઉંમર થઈ; આપણે જીવ્યાં તેટલું જીવવાનાં નથી. કેમ નિરુ સાચી વાત ને?”

“હા, તે તો સાચું જ છે ને?”

નાનકીના હાથમાં કાગળ આપીને કહ્યું, “અમારા બેઉનાં અવલોકન કર, ને પછી કહેજે –

જ્યારે સ્કૂલમાં જતાં બાળકો તમને દાદા કે માજી કહે –
નાનકી કહે, “દાદીમાને સૌ કહે. તમને કોઈ ના કહે.”

જ્યારે અરીસો ધોળા વાળની ચાડી ખાય –
નાનકી કહે, “દાદીમાના વાળ ચાડી ખાય. ત્યારે તમે તો કલપ કર્યો છે તેથી કોઈ ના કહે.”

દાંત પડવા માંડે –
નાનકી કહે, “દાદીમાના દાંત પડી ગયા છે. તમે તો ચોકઠું કરાવીને દાડમની કળી જેવા દાંત રાખો છો ને?”

આંખો નજીકનું જોવામાં ભૂલો કરે –
નાનકી કહે, “દાદીમાથી સોય ના પરોવાય પણ તમે તો કૉન્ટેક્ટ લેન્સ પહેરો એટલે તે તકલીફ તો ના પડે ને?”

સ્મરણશક્તિ નબળી પડે –
નાનકી કહે, “દાદીમાને ભુલાઈ જાય પણ તમે તો બ્રાહ્મી અને યાદ રાખવાની દવા ખાવ એટલે તમને તકલીફ ન પડે.”

નિંદર ઘટતી જાય, દિવસે ઝોકાં આવે અને રાત કેમે ન કપાય –
નાનકી કહે, “દાદીને તે તક્લીફ પડે, ઊંઘની ગોળી લેવી પડે પણ તમે તો આખો દિવસ પ્રવૃત્ત રહો તેથી તમને તે તકલીફ જ નહીં.”

સંતાનો તમને પૂછે કે ના પૂછે મફત સલાહ કેંદ્ર બની જાવ –
“દાદીને તે તકલીફ ઘરમાં રહે એટલે છે; ત્યારે તમે તો સાંજે જ આવો એટલે..કોણ પૂછે?”

મોતીકાકા કઈ પૂછે તે પહેલાં કાકી બોલ્યા, “નાનકી તેથી તો હું સધવા કંકુ અને ચાંદલા સાથે જઈશ.. જ્યારે તારા દાદા તો સો વરસ કાઢવાના છે.”

મોતીકાકા કહે, હા. હું તો શતક જીવવાનો છું.. માનવભવ કંઈ વારંવાર મળતો નથી. અને હું જો પૂરી જિંદગી જીવીશ તો મૃત્યુ સમએ કોઈ અફસોસ સાથે લઈને નહીં જઉં, વળી મૃત્યુથી ડરવાની તો વાત જ નહીં રહે કારણ કે જિંદગી આખી માણી લીધી છે..ત્રણ નહીં પણ પાંચ પેઢીને જાણીને જઈશ. નિરુબા સહેજ કંટાળ્યાં અને નાનકી અને દાદાને એકલાં મૂકીને ચાલ્યાં ત્યારે નાનકી બોલી, “દાદા, તમારી મસ્તી તો ન્યારી છે.. લોકોને ખૂબ હસાવો છો અને સાથે તમે પણ હસો છો.”

“જો બેટા, હું એક વાત શીખ્યો છું, દુખના માહોલમાં કોઈને અન્ય દુખ સાંભળવું ગમતું નથી. તેથી દુખનું ગાણું ગાવું નહીં અને રડવું જ હોય તો ચાલુ કુવારામાં કે વરસાદમાં જ રડવું કે કોઈ આપણું દુખ ના જુએ.”

નાનકીએ અહોભાવથી દાદાને જોયા અને પૂછ્યું, “દાદા તમે આટલા પ્રસન્ન રહી શકો છો અને નિરુબા કેમ આમ જિંદગીથી થાકી ગયાં હોય તેમ જીવે છે?”

“તેં જોયું નહીં, હું જેમ જેમ ભાર ઉતારું છું તેમ તેમ તે ભાર ચઢાવે છે. આપણા પૌત્રોને તેમનાં માબાપ પણ હોય તો તે ચિંતા કરવાની જરૂર ખરી? તેથી હું તો બંને “કાલમાં” જીવતો જ નથી. મારી પાસે કોઈ ચાવી નથી અને ભૂતકાળનો ભાર નથી અને ભવિષ્યકાળનાં કોઈ સપનાં નથી ને તે એ બધા ભારને ગળે લગાડીને જીવે છે અને મને પણ તે ભાર પહેરાવા મથે છે. મને તો, તું નહીં માને પણ હજી આખું ભારત જોઈ લીધા પછી આખુ વિશ્વ ફરવાની ઈચ્છા છે. જ્યારે તે અમારા પૌત્રોના ભણતર માટે પૈસા ભેગા કરવા માંગે છે. દીકરાદીકરીઓને દલ્લો મળે તેમાટે વિમાના પૈસા ભરે છે. જ્યારે હું મનમાં તો સમજુ છું, મારા એક વરસના પગાર કરતાં પણ મારા દીકરાઓની મહિનાની આવકો વધારે છે. તેમને અમારા પૈસાની જરૂર નથી તો આવી વાતો કરીને શા માટે હલકા થવું? તેથી મોટી વાતો કરી હું સૌનું મન બહેલાવતો હોઉં છું.”

“દાદા, મારા સસરા તો હસીહસીને લોટપોટ થઈ ગયા હતા જ્યારે તમે કહ્યું હતું ને કે ગાડાં ભરીભરીને કેસર મંગાવ્યું છે પ્રભુની સેવા માટે.”

“એક વાત સમજ નાનકી, સંતાનોને ભણતર અને ગણતર આપ્યું છે અને થાય ત્યાં સગવડ અને હૂંફ આપ્યાં છે...મેં કોઈ મોટાં સ્વપ્નાં જોયાં નથી પણ પ્રભુએ જીવન માણવા માટે જેટલું આપ્યું છે તે માણીને સંતુષ્ટ છું..તારા પપ્પા અને કાકાઓએ એવું ઊંચુ નામ કાઢ્યું છે કે આખા કુટુંબને માન,ધન અને ધાન્યથી ભર્યું ભર્યું કર્યું છે. આવી લીલી વાડી છોડીને ચાલ્યો જઉં તેવી ભૂલ તો હું નહીં જ કરું. તેથી જ હસું છું, હસાવું છું અને થાય ત્યાં હકારાત્મક વાતોથી એટલું જ સમજાવું છું કે Feeling old is optional (મનથી જીવંત રહો અને લોકોને પણ હસતાં રાખો.)



અમે બે

– વિજય શાહ

નાની બહેન હેમુએ શિકાગોથી વોટ્સએપ દ્વારા મોકલેલ અજ્ઞાત કવિની કવિતા “અમે બે”થી પ્રકરણ બેની શરૂઆત કરું છું. નિવૃત્ત થયા પછી સૌથી મોટો સાથ હોય છે જીવનસાથીનો. કવિતામાં આ સાથ માણતાં બે પ્રસન્ન જીવોની વાત છે :

નિવૃત્ત થયા પછી

દીકરી અમારી યુરોપમાં અને દીકરો અમારો યુ એસમાં,
અહીં તો બસ અમે બે જ.
જમાઈ ઑફિસમાં રાજ કરે ને વહુરાણી પણ ડૉલર કમાઈને લાવે
અમારી મદદે આવો એવો સતત એમનો આગ્રહ, પણ
અમે ચતુરાઈથી એ આમંત્રણ ટાળીએ; કારણ કે અહીં અમે લાઈફ ઍંજૉય કરીએ છીએ.
મારી પત્ની ખૂબ શોખીન છે, બપોરે એ બિઝી રહે છે.
મને કોઈ શોખ નથી એટલે બાકી રહેલ નીંદર પૂરી કરું છું;
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
સાંજે અમે સિનેમા જોવા ઊપડી જઈએ, પાછાં ફરતાં બહાર જમીને જ આવીએ;
ઘરની પાછળ સૂર્યાસ્ત થાય અને અમારી મસ્તીમજાકનો સૂર્યોદય થાય;

કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ. નિવૃત્ત થયા પછી
એક દિવસ દીકરાનો તો બીજે દિવસે દીકરીનો ફોન આવે,
સમય જ નથી મળતો એવી ફરિયાદ કરે; અમારું મન ભરાઈ આવે
પછી તમે પણ એંજોય કરશો એવી તેમને હૈયાધારણ આપીએ;
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
એક વાર નવી નવાઈનું અમેરિકા ફરી પણ આવ્યાં,
સ્વચ્છ ને સુંદર જગ્યાઓ જોઈને માણી સુધ્ધાં આવ્યા;
અમે બેઉ દુનિયા માણીએ,
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
નથી કોઈ જવાબદારી કે નથી કોઈ ફરિયાદ,
નથી કોઈ અડચણ, અમે સેકંડ હનિમૂન એંજોય કરીએ છીએ;
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
મરણની વાતો અમે કરતાં જ નથી, પાર્ટીમા જઈએ અને પિકનિકમાં ફરીએ;
પૈસાની છે છૂટ અને સમય તેમ જ મિત્રો પણ છે ભરપૂર;
સંતાનોને કારણે બંધાઈ રહેવાના દિવસો ગયા એ વિચાર માત્રથી ખુશ થવાય છે;
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
બાળકોને અમારી ઈર્ષ્યા ના થાય એ માટે અમારી મોજમજા એમનાથી છાની રાખીએ,
મારી આ ટ્રિકથી પત્ની હસી પડે એને સાથ આપીને હું પણ હસી લઉં;
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.

– અજ્ઞાત

આ કવિતાને શાંતિથી વાંચીએ તો નિવૃત્તિ પછીના શરૂઆતનો એડ્જસ્ટમેંટ સમય સરસ રીતે ગોઠવાઈ જાય છે. પતિપત્ની તો એના એ જ છે પણ હવે દિવસના આઠ કલાક જે કામધંધે જતાં હતાં અને એકમેકની દૂરી હતી તે નથી રહી...સંવનન અને ઉન્માદ છીછરાં લાગે છે. ત્યારે એકમેકમાં ધ્યાનસ્થ થવાથી એક વાત સ્પષ્ટ થાય છે કે અત્યાર સુધી ન જોએલી ઘણી ખૂબીઓ (કે ખામીઓ) દેખાવા લાગે છે. અને પુખ્ત મન ખૂબીઓને પ્રસન્નતાથી વધાવે છે. અને ખામીઓને સમજાવવા લાગે છે.

રીટા અને અંશુમાન એક આવું જોડું છે. અંશુમાન ધીખતે ધંધે નિવૃત્ત થયો.

તેણે વિચારેલ કે હવે વધારાના મળેલા ૮ કલાક યોગ કરીશું, મનગમતી ચોપડીઓ વાંચશું, ફિલ્મો જોઈશું અને મનને ગમતું બધું કરશું. પણ અંશુમાન એ ભૂલી ગયો હતો કે રીટાની ફરજોમાં ફેર નહોતો પડ્યો. તે તો હજી ઘરકામમાં ગળાડૂબ હતી. તેથી "તું રિટાયર થયો છું, હું નહીં"માં છ મહિના ગયા.

મેડિકેર મળ્યું તેથી ડૉક્ટરોને ત્યાં આવવાજવામાં અને ફિટ્નેસના પ્રોગ્રામોમાં રીટાને જોડી અંશુમાને તેને ઘરની બહાર કાઢી તો રીટા કહે, હું તો ઘરકામ કરું એટલે બધી કસરતો થઈ જાય.

ચાલ તને રસોઈમાં મદદ કરું તો કહે, અંશુમાન, તારાથી તે નહીં બને અને આપણા બેનું ખાવાનું બનાવવામાં કંઈ સમય નથી લાગતો. વળી ક્યારેક કહે, "તારા હાથની રસોઈ નથી ફાવતી. તું એમ કર, ખાલી ચા મૂક ને તે પણ તારી એકલાની. તે સિવાય રસોડામાં પ્રવેશ બંધ... શું સમજ્યો?"

અંશુમાન તો વરસમાં નિવૃત્તિથી કંટાળી ગયો. ઘરમાં નવરો બેઠેલો તેથી જ્યાં ત્યાં રીટા સાથે અથડાયા કરતો. અને રીટા પણ કહે, “મને તારી સાથે ખેંચખેંચ ન કર..તું કરે છે તે મને ગમતું નથી અને તને કહું છું પછી મારો જીવ બળે છે..તારું માન મારાથી રહેતું નથી.”

તે સાંજે અંશુમાને બહુ વિચાર પછી રીટાને કહ્યું, “રીટા, તુ કેરીઓકીનો ઉપયોગ કર ને..ભજનો તો તું સરસ ગાય છે. હું પણ તને સાથ આપીશ.”

“ભજનો? અને તું?!”

“હા, કેમ નહીં? ”

“ભલે. પૂજા સમએ સાથે ગાઈશું.”

મનમાં અંશુમાન બોલ્યો..એક સાથે ૮ કલાક તો તું આપવાની નહોતી તેથી તેં મમત છોડી દીધી..હવે જ્યાં છીંડું પાડ્યું છે ત્યાંથી શરૂ કરી જોઉં.

ફોન ઉપર મોટીબહેન સાથે વાત કરતાં રીટા કહે, અમારું ગાડું લાઈન પર ચઢે તે માટે તેને મેં કેરીઓકી પર ગાવાનું કહ્યું છે..પણ મોટીબહેન કેરીઓકી પર આપણાં ભજનો તેને ક્યાં મળવાનાં?

હવે તો યુ ટ્યૂબ ઉપર બધું મળે છે. ભજનની એક લીટી લખીશ તો ઘણાં મળશે...

ફોન ઉપરનો જવાબ સાંભળી રીટાએ અંશુમાનને બીજે દિવસે કહ્યું, “હબી, યુ ટ્યૂબ ઉપરથી આરતી થોડીક વાર સાંભળી લેજે કે જેથી શબ્દો તને યાદ રહે.”

બીજે દિવસે સવારથી અંશુમાન યુ ટ્યૂબ ઉપર હતો..ડાયરી ભરાતી જતી હતી. એકલી આરતી જ નહીં પણ ભજનો અને પ્રભુસ્તુતિનાં ફિલ્મી ગીતો પણ ઉમેરાતાં હતાં. રીટા તો સોલ્જર હબીના મીઠા અવાજ ઉપર મોહાઈ અને બોલી, “આટલું સરસ તું ગાય છે મને તો ખબર જ નહીં.”

“એવીતો ઘણી બાબતો છે જ્યાં તેં મને અજમાવ્યો નથી. જાણ્યો નથી.”

“હબી પૈસા કમાઈ શકે છે તેટલું જાણવું જ પૂરતુ હતું મારે માટે તો.”

“હની! સાંજે હું પ્રાર્થનામાં પહેલું ફિલ્મી ગીત ગાઈશ.”

“ભલે, આપણે બે જ હોઈશું એટલે વાંધો નહીં.”

સાંજે જ્યારે દીવાટાણું થયું ત્યારે નાના મંદિરમાં જ્યાં રીટા એકલી બેસતી હતી ત્યાં બે આસનિયાં મુકાઈ ગયાં હતાં. બાજુમાં કૉમમ્પ્યૂટર અને તેમાં કેરીઓકી હતી અને અંશુમાને ‘ઓ દુનિયાકે રખવાલે’નું મ્યુઝિક તૈયાર રાખ્યુ હતું તે શરૂ કર્યું અને રીટા જોઈ જ રહી. અંશુમાન કેટલી સહજતાથી ઉતારચઢાવ ગાતો હતો! છેલ્લો ચઢાવ તો તેનો કમાલ જ હતો..

રીટા ખૂબ જ પ્રસન્ન હતી.

૪૫ વરસથી તે સાથે હતી પણ ક્યારેય તેને જાણવા નહોતો મળ્યો તે હબી આજે તેને મળ્યો હતો.

થોડીક સાંધ્યવિધિ પછી આરતી શરૂ થઈ ત્યારે પતિ અને પત્નીના અવાજે 'જય આદ્યાશક્તિ, મા જય જગદંબે'નો શંખધ્વનિ ગૂંજી રહ્યો.

આરતી પૂરી થયા પછી જમતી વખતે રીટા બોલી, "અવિનાશ, તું આટલુ સરસ ગાય છે તે તેં ક્યારેય મને કહ્યું જ નહીં."

"જો સખી! એક વસ્તુ સમજ. હું ૬૬નો થયો. મને પૈસા કમાવાની જરૂર નથી તો તે જ રીતે તું પણ ૬૪ની તો થઈ ને? બહુ કર્યું રસોડુ અને એકધારું જીવન. તું પણ મારી સાથે પો'રો ખા. ક્યાંક બહાર નીકળ અને જરા ખૂલીને મળ.. કેટલુંક આપણે પૈસાની દોડમાં સાથે નથી જીવ્યાં તે જીવીએ."

"તું નિવૃત્ત થયો પછી મને તારી સાથે રાખવાનો તારો તલસાટ મને સમજાતો નહોતો."

"મારી અંદર હજી તારો યુવાસાથી જીવતો છે અને હું ઈચ્છું છું કે તું તારામાંની એ અતૃપ્ત સાથીને જીવતી કર. કારણ કે અહીં આપણે બે જ હોઈએ છીએ. નિવૃત્ત થવું એટલે થોડું આપણા માટે પણ જીવવું."



કદી ન ઢૂંકડું આવે ઘરડાંઘર
– વિજય શાહ

રમણબહેનના નાના દીકરા પ્રીત્યૂષની વહુ પ્રીતિ કહે, “બા, હવે હું આવી ગઈ છું તમે ઘર કામમાંથી નિવૃત્ત થાવ તો?”

કુંગરાતા અવાજે રમણબહેન કહે, “અલી, હજી હમણાં તો નવીનવી આવી છે અને અત્યારથી જ રાજ જોઈએ છે?”

“ના બા! રાજ તો તમારું જ, પણ હવે થોડો. પો’રો ખાવ.” પ્રીતિવહુએ ટહુકો કર્યો!” અને પછી બોલી, મારાં જ્યોતિબાને તો મારાં ભાભીએ આટલું જ કહ્યું હતું ને મારાં જ્યોતિબા રાજી રાજી થઈ ગયાં હતાં..ચાલો હવે ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે થવાના દિવસો આવ્યા..તેથી મેં પણ વિચાર્યું કે બાને પણ મારા આવવાને લીધે આ ખાટલેથી પાટલે થવાનું સુખ આપું !”

વરંડામાં છાપું વાંચતા ભૂપેંદ્રભાઈ જરા મૂછોમાં મલક્યા અને રમણબહેનને કહે, “ભણેલી વહુની વાત સમજ જરા..તેમાં જરા મીઠાશ ઉમેરીને સ્વીકાર કે તે રાજ નહીં પણ તને સમય આપે છે, અને કહે છે કે તમે ન જીવેલ જીવન હવે સુખેથી જીવો.”

“એટલે?”

“આપી દે આ ઘરની ચાવી અને સુખેથી જીવ.”

“મોટા અમિતની વહુ નીતિએ તો આવું કશું કહ્યું નહોતું.”

“પણ તેણે કર્યું જ એવું કે આપણા ઘરની ચાવીની જરૂર જ ના પડી.. છોકરાનું ભવિષ્ય બનાવવાના નામે તેમનું પોતાનું નાનકડું આકાશ અમેરિકામાં બાંધી લીધું અને તે પણ છોકરાઓને ઉછેરીને...”

રમણબહેન વિચારમાં તો પડી ગયાં.બહુ મનોમંથનને અંતે એક વાત ગમી અને તે પો'રો ખાવાની. તેથી સાંજે જમતાં જમતાં પ્રીતિને કહ્યું, "તું બેજીવાતી થાય તે પછી તારું શરીર સાચવજે અને હું મારો પૌત્ર સાચવીશ. અત્યારે તો આપણે હળીમળીને કામ કરશું અને આમેય મને કામ કર્યા વિના જંપ નથી તેથી આ ઘરનાં રીતરિવાજ તને શીખવાડી દઉં પછી તું સંભાળજે આ ઘર અને હું પછી મારું કરીશ દેહનું કલ્યાણ, દેવદર્શન અને તીરથધામ."

"ભલે બા, તમે જેમ કહો તેમ." કહી પ્રીતિએ જીભ કચરી.

રમણબહેન ભૂતકાળમાં ઊતરતાં ગયાં.. તેમના સાસુ લલીબાએ કદી ભરોસો મૂક્યો જ નહોતો. અને ભૂપેન્દ્રભાઈ સદા કહેતા, સમય સમયનો ફેર છે. તેઓ તારા ઉપર ભરોસો નહોતા મૂકી શકતા તેનું કારણ ભણતર નહોતું અને તેઓ પરંપરામાં માનતાં હતાં. પણ તું તો જાણે છે તે દિવસો જુદા હતા... ભણતરના ફરક સાથે બદલાતા સમયની વાતો તેમને સંકુચિત વિચારધારામાં ખેંચતી. એ ગામડું હતું અને પરિસ્થિતિઓ જુદી હતી. આજે તો એક વાત માનવી જ રહી..શહેરમાં ગ્રામ્યજીવન જેવું તો ના જ જીવાય.

મનના વિચારોએ બીજી બાજુ ઝૂલવાની શરૂઆત કરી. કાલે ઊઠીને જરૂર પડે તો ભણેલી વહુએ કામે પણ જવું પડે અને તેમનાં છોકરાં આપણે સાચવવાં પણ પડે. તે સમએ તેમ ના ક્હેવાય કે લલીબાએ નહોતું કર્યું એટલે હું નહીં કરું. વળી વહુ જો સામેથી માન આપતી હોય તો તેને શકની નજરે ન જોવાય.

નવા જમાનાના છોકરાઓ પીઝા અને પાસ્તા માંગતા તે પ્રીતિ સરસ બનાવતી અને ત્યારે રમણબહેનને રસોડે છુટ્ટી રહેતી. તેઓને માટે આ ભોજનોમાં તૃપ્તિ નહોતી મળતી તેથી પ્રીતિ તેમને માટે જુદું અને સાદું ખાવાનું બનાવતી. ભૂપેન્દ્રભાઈ તો બધું શોખથી ખાતા અને

રમણબહેનને પણ સમજાવતા કે નવો ટેસ્ટ ડેવલપ કર. આ શું બેવડું ભોજન ઘરમાં બનાવવાનું? બરીટો એ ભાખરી અને શાક જ છે. પણ તેમાં શાક કાચું હોય અને ટામેટાના સૉસ અને ચીઝની તો મઝા છે ખાવાની...

જોકે પ્રીતિને બા માટે સાદું ખાવાનું જુદું બનાવવાનો કંટાળો નહોતો. તે ટહુકતી પણ ખરી, બાનું ખાવાનું બનાવતાં મને ખાસ સમય નથી લાગતો.

તે દિવસે લઝાનિયાપાર્ટીમાં પ્રીત્યૂષના મિત્રો આવવાના હતા. રમણબહેનને રસોડામાંથી બહાર જવું નહોતુ તેથી પ્રીતિ, તને સહાય કરું કરીને રસોડામાં બધું જોવા રહ્યાં ત્યારે પ્રીતિએ કહ્યું, બા, લઝાનિયાં એટલે ઢોકળી જ...પણ આપણા જેવો તેમાં વણવા અને કાપવાનો કે ઉકાળવાનો કૂથો નહીં. બધુ તૈયાર મળે અને ઓવનમાં પકાવી દેવાનું...જુઓ અડધી જ કલાકમાં બધાનું ખાવાનું તૈયાર.. ટામેટાનો સૉસ પાનમાં પાથરતાં તેણે લઝાનિયાં રાંધવાનું શરૂ કર્યું. ચીઝ, ભાજી અને બટાકાનું પૂરણ બે લઝાનિયાની વચ્ચે ભરતાં ભરતાં ટામેટાનાં સૉસ ભરપૂર ભરીને તેણે આખું પાનમાં ત્રણેક ઈંચ જેટલું સ્તર બનાવ્યું. તેમાં તેને ફક્ત દસ જ મિનિટ લાગી. પાન ઓવનમાં મૂક્યું અને કહે બા, ૧૫ મિનિટમાં બધાને પેટ ભરીને ખવાય તેટલાં લઝાનિયાં તૈયાર.

પ્રીત્યૂષના ત્રણ મિત્રો અને મિત્રપત્નીઓએ ગરમાગરમ મૅક્સિકન વ્યંજન લઝાનિયાં વખાણી વખાણીને ખાધાં ત્યારે રમણબહેનનો અવઢવ ચરમ કક્ષાએ હતો. તેમના માટે બનેલ ઢેબરાં ખાતાં પહેલાં તેમણે પ્રીતિને કહ્યું,

“મને લઝાનિયાં ચાખવાની ઈચ્છા થઈ છે, મને આપીશ?”

“ચોક્કસ બા.”

ભૂપેન્દ્રભાઈ તે વખતે પ્રસન્નવદને બોલ્યા, “એક વખત ચાખીશ તો આંગળાં ચાટીને રહી જઈશ. એવા સરસ લઝાનિયાં બન્યાં છે.”

ચીઝ, ભાજી અનેબટાકાના પૂરણથી અને ટોમેટો સૉસથી તરબતર લઝાનિયાં પ્લેટમાં લઈને રમણબહેને ખાધાં ત્યારે તે સ્વાદ એમની દાઢમાં રહી ગયો.

પ્રીત્યૂષ કહે બા, “આ લઝાનિયામાં શરીરને નુકસાનકર્તા કશું જ નહીં. અને તૃપ્તિ પણ પૂરી આવે તેવું બધું જ છે. તમારું પેટ ભરાયુ?”

“હા બેટા...!”

“બા, તમને ખબર પડી કે આ પાર્ટી શાની હતી?”

“તમે લોકો દરેક શનિવારે કોઈક્ને ત્યાં મળો છો તેની!”

“ના બા...તમારી પાસેથી રસોડાનો ચાર્જ લેવાનો છે ને તેની!”

“શું?!”

“હા બા. તેને બીજો મહિનો ચાલે છે. મને કહેવાની ના કહી હતી. અને તેણે નક્કી કર્યું હતું કે બાને કોઈ ભોજન તૃપ્તિકર લાગે પછી કહેવાનું હતું.”

ભૂપેન્દ્રભાઈએ આ જાણ્યું ત્યારે બહુ રાજી થયા અને બોલ્યા, “દાદા અને દાદી તો અમે થયાં હતાં પણ આ વખતે સાચી ભાષામાં નિવૃત્ત થઈએ છીએ જ્યારે ઘરનો નાણાંનો ભાર છોકરો અને રસોડાનો ભાર વહુ ઉપાડશે.”

પ્રીત્યૂષ કહે, “વડીલોને નિવૃત્ત થયાં પછી બે જ કામ કરવાનાં હોય છે. સારાં સંતાનોને જ્યારે જરૂર પડે ત્યારે કાન આપવાના હોય છે. અને સંતાનોની આવડત અને કાબેલિયત ઉપર ભરોસો મૂકવાનો હોય છે.”

ભૂપેન્દ્રભાઈ કહે, “સાચી વાત કહી પ્રીત્યૂષ! નિવૃત્તિ અમારે માટે પણ એક વણદેખેલ રસ્તો છે. જેમાં પગ મૂકતાં કે પ્રવેશ કરતાં ઘણા બધા ભયો અમને પણ નડે છે. જેમાંનો એક ભય છે છૂટા પડી જવાનો..એકલા પડી જવાનો અને તેથી જ અમારું અજાગૃત મન ભયભીત રહે છે. વળી સમાચારપત્રો આવા સમાચારોથી ભરેલું પડ્યું છે. જ્યાં દીકરાઓ વહુના આવ્યા પછી ઘરડાં માબાપને ઘરડાઘરમાં મૂકતાં ખચકાતા નથી. પણ સાચી વાત તો એ છે કે આ અવિશ્વાસની દીવાલને તોડવી રહી. અમારે વધતી ઉંમરે જરૂરિયાતોને ઘટાડવી રહી. અને ધીમે ધીમે જતું કરતાં રહી સંતાનોને માબાપ માટે ગૌરવ થાય તેવું જીવવું જ રહ્યું..”

રમણબહેન ગદગદ થઈને ભૂપેન્દ્રભાઈને સાંભળી રહ્યાં હતાં. તેમને મોટો દીકરો અમિત યાદ આવતો હતો. તે તો અમેરિકા જઈને બેઠો હતો..તેના બાપાની આવી સતયુગી વાતો સાંભળવા ના બેઠો.

પ્રીતિ રમણબહેનના દ્રવિત મનને શાતા આપવા બોલી, “બા, તમારે બે સંતાન એટલે સરખામણીનું દુઃખ કે સુખ મળે પણ અમારે તો તમે એક જ માબાપ. અમને અમારા સમએ તમારી સેવા કરવાનો લહાવો મળ્યો છે તેટલા સમય પૂરતું તો અમે તે ખોવાના નથી. વળી જનરેશન ગેપ બંને પેઢીની સમજથી ટળતો જ હોય છે. તમે અમને આશિષ આપો અને અમે તમને આદર આપીએ એટલે ‘કદી ન ઢૂંકડું આવે ઘરડાઘર.’

Gujarat newsline Canada 6th January 2018-01-18. Gujarat Gaurav January 2018

GUJARAT NEWSLINE HAPPY NEW YEAR 2018 VOL. 7 • ISSUE # 239 • Jan. 05, 2018 • Page # 39

નવા જમાનામાં છોકરાઓ પીઝા અને પાસ્તા માંગતા પણ તેઓને આ ભોજનોમાં તૃપ્તિ નહોંતી મળતી તેથી પ્રીતિ જુદુ અને સાદુ ખાવાનું બનાવતી

કદી ન ટુંકડું આવે ઘરડા ઘર.

રમણબેનનાં નાના દીકરા પ્રીત્યુશની વહુ પ્રીતિ કહે "બા હવે હું આવી ગઈ છું તમે ઘર કામમાંથી નિવૃત થાવ તો?"

ડુંગરાતા અવાજે રમણ બેન કહે "અલી હજી હમણા તો નવી નવી આવી છે અને અત્યારથીજ રાજ જોઇએ છે?"

"ના બા ! રાજ તો તમારું જ પણ હવે થોડો પો 'રો ખાવ." પ્રીતિ વહુએ ટહુકો કર્યો !" અને પછી બોલી મારા જ્યોતિબા ને તો મારા ભાભીએ આટલું જ કહ્યુ હતું ને મારા જ્યોતિબા રાજી રાજી થઈ ગયા હતાં..થાલો હવે ખાટલે થી પાટલે અને પાટલે થી ખાટલે થવાનાં દિવસો આવ્યા..તેથી મેં પણ વિચાર્યું કે બાને પણ મારા આવવાને લીધે આ ખાટલે થી પાટલે થવાનું સુખ આપું?."

વરંડામાં છાપુ વાંચતા ભુપેંદ્ર ભાઇ જરા મુંછોમાં મલક્યાં અને રમણ બેન ને કહે "ભણેલી વહુની વાત સમજ જરા..તેમાં જરા મીઠાશ ઉમેરીને સ્વીકાર કે તે રાજ નહીં પણ તને સમય આપે છે અને કહે છે કે તમે ન જીવેલ જીવન હવે સુખેથી જીવો".

"એટલે?"

" આપી દે આ ઘરની ચાવી અને સુખેથી જીવ."

" મોટા અમિતની વહુ નીતિએ તો આવું કશું કહ્યું નહોતું."

"પણ તેણે કર્યું જ એવુંકે આપણા ઘરની ચાવીની જરૂર જ ના પડી..છોકરાનું ભવિષ્ય બનાવવાનાં નામે તેમનું પોતાનું નાનકડું આકાશ અમેરિકામાં બાંધી લીધું અને તે પણ છોકરાઓને ઉછેરીને..."

રમણ બેન વિચારમાં તો પડી ગયા.બહુ મનોમંથન ને અંતે એક વાત ગમી અને તે પો 'રો ખાવાની. તેથી સાંજે જમતા જમતા પ્રીતિને કહ્યું " તું બેજીવાતી થાય તે પછી તારું શરીર સાચવજે અને હું મારો પૌત્ર સાચવીશ. અત્યારે તો આપણે હળી મળીને કામકરશું અને આમેય મને કામકર્યા વિના જંપ નથી તેથી આ ઘરનાં રીત રીવાજ તને શીખવાડી દઉં પછી તું સંભાળજે આ ઘર અને હું પછી મારું કરીશ દેહનું કલ્યાણ, દેવ દર્શન અને તીરથ ધામ.

"ભલે બા તમે જેમ કહો તેમ" કહી પ્રીતિએ જીભ કચરી.

રમણબેન ભૂતકાળમાં ઉતરતા ગયા.. તેમના સાસુ લલીબાએ કદી ભરોંસો મુક્યો જ નહોંતો. અને ભુપેંદ્રભાઇ સદા કહેતા સમય સમયનો ફેર છે. તેઓ તારા ઉપર ભરોંસો નહોંતા મુકી શકતા તેનું કારણ ભણતર નહોંતું અને તેઓ પરંપરામાં માનતા હતા. પણ તું તો જાણે છે તે દિવસો જુદા હતાપ ભણતરનાં ફરક સાથે બદલાતા સમયની વાતો તેમને સંકુચિત વિચાર ધારામાં ખેંચતા. એ ગામડું હતું અને પરિસ્થિતિઓ જૂદી હતી. આજે તો એક વાત માનવી જ રહી..શહેરમાં ગ્રામ્ય જીવન જેવું તો ના જ જીવાય.

મનના વિચારોએ બીજી બાજુ ઝુલવાની શરુઆત કરી. કાલે ઉઠીને જરૂર પડે તો ભણેલી વહુએ કામે પણ જવું પડે અને તેમના છોકરા આપણે સાચવવા પણ પડે તે સમયે

તેમના કહેવાય કે લલીબાએ નહોંતુ કર્યું એટલે હું નહી કરું. વળી વહુ જો સામેથી માન આપતી હોય તો તેને શકની નજરે ન જોવાય.

નવા જમાનામાં છોકરાઓ પીઝા અને પાસ્તા માંગતા તે પ્રીતિ સરસ બનાવતી અને ત્યારે રમણબેનને રસોડે છુટ્ટી રહેતી. તેઓને માટે આ ભોજનોમાં તૃપ્તિ નહોંતી મળતી તેથી પ્રીતિ તેમને માટે જુદુ અને સાદુ ખાવાનું બનાવતી. ભુપેંદ્રભાઇ તો બધુ શોખથી ખાતા. અને રમણ બેન ને પણ સમજાવતા કે નવો ટેસ્ટ ડેવલપ કર. આ શું બેવડું ભોજન ઘરમાં બનાવવાનું? બરીટો એ ભાખરી અને શાક જ છે. પણ તેમાં શાક કાચુ હોય અને ટામેટાનાં સોસ અને ચીઝ ની તો મઝા છે ખાવાની...

જો કે પ્રીતિને આ માટે સાદુંખાવાનું જુદું બનાવવાનો કંટાળો નહોંતો. તે ટહુકતી પણ ખરી, બાનું ખાવાનું બનાવતા મને ખાસ સમય નથી લાગતો.

તે દિવસે લગ્નાનીયા પાર્ટીમાં પ્રિત્યુશનાં મિત્રો આવવાનાં હતા. રમણ બેન ને રસોડામાંથી બહાર જવું નહોંતુ તેથી પ્રીતિ તને સહાય કરું કરીને રસોડામાં બધુ જોવા રહ્યા ત્યારે પ્રીતિએ કહ્યું બા લગ્નાનીયા એટલે ઢોકળી જપપણ આપણાં જેવો તેમાં વણવા અને કાપવાનો કે ઉકાળવાનો કુથો નહીં..બધુ તૈયાર મળે અને ઓવનમાં પકાવી દેવાનુંપજુઓ અડધીજ કલાકમાં બધાનું ખાવાનું તૈયાર.. ટામેટાનો સોસ પાનમાં પાથરતા તેણે લગ્નાનીયા રાંધવાનું શરું કર્યું. ચીઝ ભાજી અને બટાકાનાં પુરણ બે લગ્નાનીયાની વચ્ચે ભરતા ભરતા ટામેટાનાં સોસ ભરપૂર ભરીને તેણે આખું પાન ત્રણેક ઇંચ જેટલુ સ્તર બનાવ્યું. તેમાં તેને ફક્ત દસજ મીનીટ લાગી. પાન ઓવન માં મુક્યું અને કહે બા ૧૫ મીનીટમાં બધાને પેટ ભરીને ખવાય તેટલા લગ્નાનીયા તૈયાર.

પ્રીત્યુશનાં ત્રણ મિત્રો અને મિત્ર પત્નીઓએ ગરમાગરમમેક્ષીકન વ્યંજન લગ્નાનીયા વખાણી વખાણી ને ખાધા ત્યારે રમણબેનનો અવઢવ ચરમકક્ષાએ હતો. તેમના માટે બનેલ ઠેબરા ખાતા પહેલા તેમણે પ્રીતિ ને કહ્યું

"મને લગ્નાનીયા ચાખવાની ઇચ્છા થઇ છે મને આપીશ?"

" ચોક્કસ બા. "

ભુપેંદ્રભાઇ તે વખતે પ્રસન્ન વદને બોલ્યા " એકવખત ચાખીશ તો આંગળા ચાટીને રહી જઈશ તેવા સરસ લગ્નાનીયા બન્યા છે."

ચીઝ ભાજી અનેબટાકાનાં પુરણથી અને ટોમેટો સોસ થી તરબતર લગ્નાનીયા પ્લેટમાં લઈને રમણ બેને ખાધા ત્યારે તે સ્વાદ એમની દાઢમાં રહી ગયો.

પ્રીત્યુશ કહે બા " આ લગ્નાનીયામાં શરીરને નુકસાન કર્તા કશું જ નહી, અને તૃપ્તિ પણ પુરી આવે તેવું બધું જ છે. તમારું પેટ ભરાયુ?"

" હા બેટા...!"

"બા તમને ખબર પડી કે આ પાર્ટી શાની હતી?"

"તમે લોકો દરેક શનીવારે કોઇકે ત્યાં મળોછો તેની !"

"ના બાપ તમારી પાસેથી રસોડાનો ચાર્જ લેવાનો છે ને તેની !"

" શું?"

" હા બા. તેને બીજો મહીનો ચાલે છે. મને કહેવાની ના કહી હતી. અને તેણે નક્કી કર્યું હતું કે બા ને કોઇ ભોજન તૃપ્તિકર લાગે પછી કહેવાનું હતું."

ભુપેંદ્રભાઇએ આ જાણ્યું ત્યારે બહું રાજી થયા અને બોલ્યા.." દાદા અને દાદી તો અમે થયા હતા પણ આ વખતે સાચી ભાષામાં નિવૃત થઈએ છે..જ્યારે ઘરનો નાનાનો ભાર છોકરો અને રસોડાનો ભાર વહુ ઉપાડશે."

પ્રીત્યુષ કહે " વડીલોનાં નિવૃત થયા પછી બે જ કામકરવાના હોય છે. સારા સંતાનોને જ્યારે જરુર પડે ત્યારે કાન આપવાનાં હોય છે. અને સંતાનોની આવડત અને કાબેલિયત ઉપર ભરોંસો મુકવાનો હોય છે."

ભુપેંદ્રભાઇ કહે "સાચી વાત કહી પ્રીત્યુશ! નિવૃત્તિ અમારે માટે પણ એક વણ દેખેલ રસ્તો છે. જેમાં પગ મુકતા કે પ્રવેશ કરતા ઘણા બધા ભયો અમને પણ નડે છે. જેમાં નો એક ભય છે છુટા પડી જવાનો..એકલા પડી જવાનો અને તેથી જ અમારુ અજાગૃત મન ભયભીત રહે છે. વળી સમાચાર પત્રો આવા સમાચારો થી ભરેલું પડ્યું છે. જ્યાં દીકરાઓ વહુનાં આવ્યા પછી ઘરડા માબાપને ઘરડાઘરમાં મુકતા ખચકાતા નથી. પણ સાચી વાત તો એ છે કે આ અવિશ્વાસની દિવાલને તોડવી રહી. અમારે વધતી ઉમરે જરૂરીઆતોને ઘટાડવી રહી. અને ધીમે ધીમે જતું કરતા રહી સંતાનોને માબાપ માટે ગૌરવ થાય તેવું જીવવું જ રહ્યું.."

રમણબેન ગદગદ થઇને ભુપેંદ્રભાઇને સાંભળી રહ્યા હતા. તેમને મોટો દીકરો અમિત યાદ આવતો હતો. તે તો અમેરિકા જઈને બેઠો હતો..તેના બાપાની આવી સતયુગી વાતો સાંભળવા ના બેઠો.

પ્રીતિ રમણબેનનાં દ્રવિત મનને શાતા આપવા બોલી " બા તમારે બે સંતાન એટલે સરખામણીનું દુઃખ કે સુખ મળે પણ અમારે તો તમે એક જ માબાપ. અમને અમારા સમયે તમારી સેવા કરવાનો લહાવો મળ્યોછે તેટલા સમય પુરતુ તો અમે તે ખોવાના નથી. વળી જનરેશન ગેપ બંને પેઢીની સમજથી ટળતો જ હોય છે. તમે અમને આશિષ આપો અને અમે તમને આદર આપીયે. ત્યારે કદી ન ટુંકડું આવે ઘરડાઘર.

-- વિજય શાહ



થોડીક 'સ્પેસ' આપતાં શીખવાનું

–વિજય શાહ

નિવૃત્ત થયાં પછી એટલું તો જરૂર સમજાયું કે જે વટ હતો તે ખુરશીનો હતો. હવે ખુરશી નથી તો વટ પણ નથી. નાણે નાથાલાલ હતા, હવે નાથિયો કહેતાં શરમાતા નથી. આ પરિસ્થિતિ સ્વાભિમાની ગણપત દેસાઈને માટે બહુ અઘરી હતી. ત્યાં સુધી કે ઘરમાં કોઈ તેમને પૂછતું નહીં કે સાહેબ, ચાનો સમય થયો છે, ચા પીશો?

ઘડિયાળના કાંટે જીવન જીવાતું; હવે નોકરી નથી, માટે ઠેબે ચઢાતું.. હવે તમારે ક્યાં જવાનું છે? ઘરમાં જ છો ને? અરે, આવું હીણપતભર્યું વર્તન તૃપ્તિ પાસેથી પણ અપેક્ષિત નહોતું. જોકે તે રિટાયર નહોતી થઈ. તેનું રસોડું ચાલુ હતું અને તેની જબાન પણ મારામાં વાંધા શોધીશોધીને મને અપાતી ત્રણ રોટલીના બદલામાં સારું એવું સંભળાવતી હતી. ઘરમાં બેઠા છો તો કદીક શાક સમારો કે કદીક વાસણો ધોઈ નાખશો તો કંઈ નાના બાપના નહીં થઈ જાવ...જેવી વાતો કરતી તૃપ્તિ ક્લેશ કરાવતી. જોકે દેસાઈની સુરતીભાષા તો આમેય તોછડી પણ ગણપતથી તે સહન નહોતું થતું. આખા જગતમાં પત્નીનો તુંકારો તેને ન પચતો. એ ગમ ખાઈ જતો અને જાતને ભાંડી લેતો – રિટાયર થવાની આ આડ અસર...

ગણપતને થતું કે મેં નિવૃત્તિ જાતે નથી લીધી પણ સરકારને હવે મારો પગાર પરવડતો નથી. તો તેમાં મારો કંઈ દોષ? તૃપ્તિ પણ બબડતી રહેતી; આખો દિવસ ઘરમાં બેસી રહો છે તેથી મને પણ જંપવા નથી દેતા! ગણપતે તે દિવસે કહી જ દીધું, “આ શાક સમારવાના કામ માટે તું તલવાર ચલાવવા જેવી વાત ના કર. હું તું જે કામ ચીંધે છે તે કામ નથી જ કરવાનો અને તું જે કામમાં બિઝી રહે છે તે કામ કરવાનું મેં તને કહ્યું નથી. તું જાતે જ કામ ઊભાં કરે છે અને હું તે કરું તે માટે ધમપછાડા કરે છે.”

તૃપ્તિ તરત જ છણકો કરીને ઊભી રહી, “આ અમેરિકા છે. અહીં કોઈ કામ પુરુષનું છે અને કોઈ કામ સ્ત્રીનું છે તેવા ભાગલા પાડેલા નથી. જે કામ દેખાય તે દરેકના ભાગનું છે અને જેનો હાથ નવરો પડે તે કરી નાખે.”

“મને તલવાર ચલાવતાં આવડે છે અને સાથે સાથે એટલું જ્ઞાન છે કે તલવારથી ભીંડા ના સમારાય સમજી.. કામ સોંપવું હોય તો એવું સોંપ જે મને શોભે...”

“જો ગણપત! ઘરનું કામ પછી ગમે તે હોય તે કામ જ કહેવાય અને દાનત હોય અને પ્રેમ હોય તો તે જોતાંની સાથે થઈ જાય, કંઈ રાહ ના જોવાની હોય કે તૃપ્તિ કહે પછી કરું.”

“વાતનું વતેસર ના કર. હું તારી પાસેથી કે કોઈની પાસેથી “બીચારાનું” લેબલ નથી ઈચ્છતો. આખી જિંદગી મહેનત કરી છે ત્યારે બે પાંદડે થઈને આ નિવૃત્તિ માણું છું.”

ગણપત સામે રોષથી થોડો.ક સમય તૃપ્તિ જોતી રહી..પછી ડબડબાતી આંખે તે બોલી, “તમેય તમારા ઘરવાળા જેવા જડ નીકળશો એવી મને ખબર ૪૫ વર્ષે પડી.”

“ખલાસ! અંતિમ બ્રહ્માસ્ત્ર છૂટી ગયું !”

ગણપતની ૪૫ વર્ષનું એક પત્નીત્વનું તપ, એનો પ્રેમ દાવ ઉપર લાગી ગયો. અને આમેય સ્ત્રીનું રુદન તો એવું શસ્ત્ર છે જેનાથી રાજા રામ પણ હારી ગયા હતા ત્યાં ગણપતનો શું કલાસ!”

ગણપત રસોડામાં કામ કરતો થઈ ગયો.

ચાનાં કપરકાબી સાફ કરતાં કરતાં કપની દાંડીઓ બટકાઈ ગઈ..

નિવૃત્ત થયા પછી
કોબીનું શાક સમારતાં શિરપાવ મળ્યો, “તમારા માથા જેવું કાપ્યું છે.”

એકની એક વાત કેટલી વખત સમજાવવાની? ચપ્પુકાંટા અને ચમચી મશીનમાં ઊંધાં મૂકવાનાં; ચપ્પુની જેમ કે જેથી લેતાં વાગે નહીં;

સફરજન છાલ સાથે ખાવાનું;

દિવસમાં ચા બે જ વખત પીવાની – સવારે અને બપોરે. સાંજે દૂધ લેવાનું;

ગરણીમાંના ચાના ફૂચા તરત ટ્રેસકેનમાં નાખવાના અને તપેલીમાં પાણી ભરવાનું કે જેથી ધોતી વખતે તકલીફ ન પડે;

“મેં તો તને કહ્યું હતું કે હવે આ ઉંમરે નવા કાંઠા ના ચઢે..પણ તું માની જ નહીં.”

“ના, તમે ઘરમાં પરોણાની જેમ કામ કરો છો. તમને સિત્તેર થયાં તો હું કંઈ ૪૦ની નથી.. મને પણ સિત્તેરમાં બે જ ઓછાં છે. જરા ધ્યાનથી કામ કરશો તો બગાડ ઘટશે અને નુકસાન નહીં થાય.”

“જો મારી પાસે કામ કરાવવું હોય તો તારે તારા જેવી જ ચોખ્ખાઈ અને ગુણવત્તાનો આગ્રહ ના રાખ. અને આ મનમાં જે ઊગે તે કહી દેવાની તારી વાત ખોટી. તું કહીશ તો હું બપોરની ચા મૂકવાનો તને આગ્રહ નહીં કરું પણ મારી સાથે નવી વહુની રસોઈની પરીક્ષા લેતી સાસુની જેમ કડકાઈથી ના વરત.”

છ મહિને રસોડામાં પ્રવેશબંધી થઈ ગઈ. ચા પણ બનાવતાં શીખતા નથી પણ બગાડવામાં નંબર એક છો."

"તૃપ્તિ! સ્કૂલમાં સ્કાઉટમાં હતો ત્યારે રસોઈ શીખ્યો હતો પણ તે કાચીપાકી રસોઈ અમે ખાતા હતા તે ખાવાની તમારી તાકાત નહીં."

તૃપ્તિ ગણપતના ખોંખારાને સમજી ને હસી. અને બોલી, "છ મહિનામાં આખા વરસનું તેલ બાળી નાખ્યું અને ઉપાવાસો કરાવ્યા તે નફામાં."

નિવૃત્તિ પછી આ પ્રસંગોએ ગણપતને એટલું જ શીખવ્યું –

પત્ની એ ઘરની બૉસ છે. તેને ખુશ રાખવા 'એસ બૉસ' કહેવું. નોકરી જે જતી રહી છે તેનો ફાંકો છોડી દઈ 'આજ'માં મગન રહેવું. આ ટૅન્શનમાં તેને બીપી આવ્યું.

તૃપ્તિની મોટી બહેને તૃપ્તિને પણ ઠપકો આપતાં કહ્યું, "જીજાજી પાસેથી કામ કરાવવાનો તારો આગ્રહ જ ખોટો હતો. અમેરિકામાં પરણીને આવ્યા પછી બેઉ જણ નોકરી કરે, તે તેં ના કરી. અને તેમને અમેરિકન ખાવાથી ના કેળવ્યા તે ભૂલનું આ પરિણામ છે."

"પણ મોટીબહેન, અમારા જેવાં ઘણાં જોડાં છે જે ઘરમાં કામ કરે છે. પણ ગણપતને 'દેસાઈ' હોવાનો ફાંકો છે. તેથી નથી કરતો."

"પણ સામે તું પણ સવાદેસાઈ છે ને? તેણે કરેલાં કામો તારા જેવાં ચોખ્ખાં ના થાય તો ખખડાવાય તો નહીં ને."

“મોટીબહેન, તમે તટસ્થતાથી ન્યાય કરજો. આ ઉંમરે થોડાક તો હાથપગ ચલાવવા જોઈએ ને? કાઉચ પર બેસીને ટીવી સમાચાર અને સ્ટડીરૂમમાં કૉમ્પ્યૂટર પર બેઠાબેઠ રહે તે ચાલે?”

“ગણપત તો સારો છે કે તે વળી ગયો. પણ રસોડામાં તેં એને ઠરવા ના દીધો.”

“કેમ મોટીબહેન, એમ બોલ્યાં?”

“આપણે બચપણમાં રસોઈ શીખતાં હતાં ત્યારે ખાવાનું નહોતું બગડતું? પણ મમ્મીએ ક્યારેય આપણને રસોડામાંથી કાઢી નહોતા મૂક્યાં. જે ભૂલ હોય તે સમજાવતાં અને ફરીથી બગાડ ન થાય તે માટે સમજાવતાં. ખરું ને?”

“મોટીબહેન, મેં એ ના વિચાર્યું.. પણ બગાડથી મારો જીવ બળી જતો હતો એટલે હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા એમ કરીને મેં તેને રસોડામાં મુક્તિ આપી દીધી.”

“એ તો તેં બીજી ભૂલ કરી. થોડો. સમય તારી હાજરીમાં તેની પાસે કામ કરાવ.. કાલે ઊઠીને તું નહીં હોય તો દસપંદર દિવસ એ જાતે રાંધી શકે તેટલું શીખવા દે. પણ તારા વર્તનની તોછડાઈ કાઢી નાખજે.”

મોટીબહેનના આ દૃષ્ટિબિંદુને સમજતાં તૃપ્તિ બોલી, “હા મોટીબહેન, તમે સાચાં છો.

લગ્નજીવનમાં નવોઢાને માટે જેટલું સહજીવનનું અનુકૂલન જરૂરી હોય તેમ જ નિવૃત્ત થયાં પછી બંને માટે સહજીવન માટે અનુકૂલન જરૂરી બને છે.”

મોટીબહેને વાત પૂરી કરતાં કહ્યું, “જો તૃપ્તિ, આ ઉંમરે તને સમજાવવાનું ના હોય કે પતિ અને પત્નીએ બંનેને થોડીક “સ્પેસ” આપતાં શીખવાનું. વળી એમ કરી એક જ્યારે હોય “આગ” ત્યારે બીજાએ થવાનું “પાણી.”



સમજણનું ઊંજણ
–વિજય શાહ

નિખિલ અને વિભા – બંને શિક્ષક.

વળી નિવૃત્ત પણ સાથે થયાં.

એક જ વર્ષમાં નિખિલ રાત્રે ઊંઘમાં જ ચાલ્યા ગયા.

વિભા નિવૃત્ત સમય હજી માણે તે પહેલાં તો વૈધવ્યનો આકરો સમય આવી ગયો.

આસ્ટોડિયામાં રોડટચ મકાન જેમાં નીચે તેમનો ટ્યૂશન ક્લાસ અને ઉપર પહેલે અને બીજે માળે નાનું ઘર. બીજો માળ વિભા અને નિખિલ રહે અને નાનો સુકેશ અને તેની પત્ની સુહાસિની રહે. વળી નાનો પૌત્ર કલમ પણ બીજા માળે રહે. મોટો કેતન નોકરી દૂર એટલે જુદો રહે. તેથી ભાડે રહે અને બે મોટાં સંતાનો તેથી કાયમ હાથ ભીડમાં રહે. તેથી નિખિલ કેતનને તેના ભાડામાં રાહત થાય એટલે કાયમ હજાર રૂપિયા આપતો.

નિખિલના મૃત્યુ પછી વિભા પાસે કેતન કાયમ સુકેશની ઈર્ષા કરતો અને કહેતો, એને તો ભાડું બેઠું જ બચે ને? સુહા આ સાંભળે અને બબડે, તમારે કેવી શાંતિ? બા અને બાપાને સહેવાનાં નહીં ને? વિભા ટ્યૂશનની આવકો સાચવે પણ નિખિલની જેમ મૅથ્સ અને અંગ્રેજીનાં ટ્યૂશનો નહીં એટલે એ આવકો પાંગળી.

વરસ પણ નહીં થયું હોય ને કેતન ઘર વેચવા મમ્મીને સમજાવવા આવ્યો...“મમ્મી, આ ઘર હવે કાઢી નાખીએ તો પરામાં બે ઘર લેવાય અને ભાડા ભરવાની ઝંઝટ જાય.”

સુકેશને વાત ન ગમી, પણ જે દીકરો દૂર રહેતો હોય તે વધુ ડાહ્યો હોય અને તે જેમ કહે તેમ અત્યાર સુધી થયું હોય ત્યારે મણીનગર, ઈસનપુરમાં બે ફ્લેટ લેવાયા. અને વિભાબહેન મહિનો

મોટાને ત્યાં અને મહિનો નાનાને ત્યાં એમ બે ઘરોમાં વહેંચાતાં રહેતાં. ટ્યૂશનક્લાસ બંધ થયા એટલે હાથ પણ તંગ થયા. પ્રાઈવેટ સ્કૂલોમાં પગાર સિવાય કોઈ બીજી આવકો નહીં. બે પાંદડે કરેલી થોડીઘણી બચતો પૂરી થઈ અને એક દિવસ કેતન બાને ના લઈ ગયો. સુકેશે પૂછ્યું ત્યારે તારી ભાભીની તબિયત સારી નથી, કહીને બાનું ગાળિયું કાઢી ગયો.

વિભાને આ ના ગમ્યું પણ હવે દીકરાઓને પનારે પડ્યાં છીએ ને કહીને થોડુંક બબડ્યાં અને નાનીબહેન જિજ્ઞા પાસે ડબડબ આંસુ પણ પાડ્યાં.

ફોન ઉપર જિજ્ઞા કહે, “મોટીબહેન, તમારા ઘરની અંગત વાત છે તેથી હું ના બોલી પણ મકાનનું વહેંચણું જ ખોટું થયું હતું. એક કરોડ અને બાર લાખની તું ધણી અને તારું પોતાનું કોઈ ઘર જ નહીં? મને પૂછે ને તો હું ત્રણ ભાગ પાડું અને મર્યાં પછી એ ભાગના બે ભાગ ભલે ને બેઉ દીકરા લે.”

“પણ તેમ કરવામાં ઘર નાનાં થતાં હતાં. મને એમ કે મારું જ લોહી છે ને? ક્યાં પારકું છે. વળી આસ્ટોડિયાના મકાન જેટલાં નાનાં મકાન લેવા કરતાં થોડુંક મોટું મકાન થાય ને?”

જિજ્ઞા કહે, “પછી આવી થોડીક અગવડોને સહેતાં શીખી જાવ મોટીબહેન. સુહાસિની તારી સાથે બહુ રહી. હવે કેતન-કેયા સાથે આવતે મહિને તું બે મહિના રહેજે...”

“જોકે આમ તો બેઉ ઘર દૂર તો નથી પણ મારું પોતાનું ઘર હોય તો આ વારાનો કંટાળો ના આવે.”

તે સાંજે વાતનું વતેસર થઈ ગયું.

બાને તો કોઈને ત્યાં ફાવતું નથી. કહીને કેતન નજીકના ઘરડાઘરમાં મૂકી આવ્યો ત્યારે સૌને નવાઈ લાગી.

બે દીકરા વચ્ચે મા ના સમાણી?

વિભાબહેન તો ભણેલાં હતાં. તેમણે મન સાંકડું ન કરતાં થોડી મુક્તિ મળી કહીને મહિનો કાઢ્યો તો ખરો પણ નિખિલ તેમનાથી ભુલાતો નહોતો. તેમણે વિભાને કહેલું હતું કે થોડો. પૈસો હાથે રાખજે. પણ વિભા કહે, મારે પૈસાનું શું કામ છે?

સુકેશ અને કેતન બંને મારું લોહી છે. તેમને ઠીક લાગ્યું તેમ કર્યું. એમ કરવાથી હેતપ્રીત સચવાશે ને? તો તેમ.

બીજે મહિને ઘરડાઘરમાં ૭૦૦૦ ભરવાના હતા ત્યારે કેતનને પેટમાં દુખ્યું. સુકેશે તો છણકો જ કર્યો, કેતનભાઈ, તમે મૂકી આવ્યા છો ને તો તમે જ ભરો.

જિજ્ઞાએ તે હપ્તો ભર્યો તે વિભાબહેને જાણ્યું ત્યારે બંને છોકરાવને ખખડાવવાને બદલે તેમના દાગીનાઓ વેચી દઈને બૅંકમાં સી.ડી. કરી તેના વ્યાજમાંથી ગોઠવ્યું ત્યારે સુકેશને ના ગમ્યું. તે બોલ્યો, “બા મને પૂછવું તો હતું?”

એક દિવસ તેમને ઘરડાઘરમાં રહેવું આકરું લાગ્યું. ઘરડાઘરમાં બધું હતું પણ પૌત્રો માટે તે ઝૂરતાં હતાં. નિખિલ કહેતો હતો તેમ સ્વમાન સચવાતું હતું પણ મહિને ૭૦૦૦નો ખર્ચ

ખટકતો હતો તેથી તેમણે બંને છોકરાઓને બોલાવીને કહ્યું, “બેટા, મને લાગે છે કે જે પૈસા ઘરડાઘરમાં અપાય છે તેનો પહેલો અધિકાર તમારો છે. તેથી જેમની સાથે રહીશ તેમને ૭૦૦૦ રૂપિયા પેઇંગ ગેસ્ટ તરીકે હું રહીને આપીશ. મને અને મારા ઠાકોરજી માટેનો એક રૂમ જુદો આપવો.”

ભણેલા માબાપ અને અભણ માબાપ વચ્ચેનો તફાવત તરત દેખાઈ ગયો.

તેમણે વાત આગળ વધારતાં કહ્યું, “મારા એકલાજીવને જોઈએ શું? બે ટંકનું ભાણું અને સાજેમાંદે સારવાર. અને મારા તરફથી એક વધુ બાહેંધરી..હું તમારી વાતોમાં કોઈ માથું મારીશ નહીં, કે મારા ભૂતકાળમાં વસીશ નહીં. હા, મારે જ્યાં જવું હોય અને રહેવું હોય તે મારી મુનસફી. કોઈ વારા નહીં. બોલો કબૂલમંજૂર?”

સુહાસિની અને કેયાને બંનેને આકડે મધ દેખાયું પણ સુકેશ લજાયો. “બા, તેં કદી અમારી પાસે પૈસા માગ્યા નથી, તો આ ઉંમરે અમારાથી તમને કેવી રીતે કહેવાય કે બા અમને પૈસાની તાણ પડે છે?”

“પણ હું તને સામેથી કહું છું ને કે ઘરડાઘરમાં પૈસા આપવાને બદલે તમને પૈસા દઉં તે વ્યાજબી છે ને?”

“બા, અમને ના સમજાયુ.” કેતને લજ્જિત અવાજે ખુલાસો માંગ્યો.

“જો દીકરા, હવે હું જીવવાની કેટલું? બહુ બહુ તો દસ વર્ષ, પંદર વર્ષ. અને આ બધી મિલકત મર્યા પછી તમારી થાય તેના કરતાં જીવતેજીવ મારી હયાતિમાં વપરાય તો કેવું સારું?”

“પણ...” કેતન ખમચાયો.

“જો સાંભળ દીકરા, દાગીના પડ્યા પડ્યા વધવાના નહોતા. તેનું રૂપાંતર કરી ફિક્સ ડિપોઝિટો કરી છે અને તેના વ્યાજમાંથી આપણે સૌ મઝા કરીશું. જાત્રાઓ કરીશું, પર્યટનો અને પિકનિકો કરીશું – વળી એક વધુ વાત સમજ. તમારા સૌની સાથે રહેવામાં ઓછો સમય મારો છે તેથી તે સમયને વાપરવાની ઉતાવળ મને વધુ છે. એક વધુ વાત સાંભળ. આ પૈસા હું સુહાસિની અને કેયાને વાપરવા આપવાની છું.”

સુહાસિની અને કેયાએ આ જાણ્યું કે બાને રાખનારને મહિને સાત હજાર મળવાના છે તો તેઓ રાજી રાજી થઈ ગયાં. બાને પોતાને ઘરે રાખવાની હોડ લાગી અને દાદીને દીકરાઓના દીકરા મળતા થયા.

જિજ્ઞાને મોટીબહેન વિભાના દિવસો ફરી ગયાનું જાણીને આનંદ આનંદ થયો.

વિભાબહેને મોટી ઉંમરે ઘરનો મોભ કેવી રીતે બનાય તેનો ચમત્કાર શિખવતાં જિજ્ઞાને કહ્યું, મોટી ઉંમરે છ મહિના ઘરડાઘરમાં રહ્યાં પછી મને એટલું તો જરૂર સમજાઈ ગયું હતું કે દુઃખનાં

કારણોમાં મોટા ભાગે સરખામણી જ હોય છે. આ દુઃખમાં પાછું અધૂરું હોય તેમ “મારા પૈસા” અને “તમારા પૈસા”વાળા ભેદભાવ વિચારભેદ વધારે ત્યારે બુદ્ધિજન્ય ઉપાય એક જ હતો. સરખામણી દૂર કરી દીધી. અને મારા પૈસા જ્યાં ખર્ચાતા હોય ત્યાં આમાં તેમના પૈસા બચતા હોય તેથી સમજણનું ઊંજણ પુરાઈ ગયું. હું પણ એક વખત વહુ હતી ને?”

છ મહિનાનો ઘરડાઘરનો નિવાસ મને વિચાર કરવા માટે પૂરતો હતો. કેટલાક કલ્પિત ભયો ઊભા તો હતા જ કે કાલે ઊઠીને મોટો ખર્ચો આવશે તો? તો જવાબ હતો, બૅંકની એફડી છે જ ને...! વિભાબહેને બુદ્ધિગમ્ય ઉકેલ આપ્યો હતો અને તે છોકરાઓને ગમ્યો હતો.



કરુણા બા

- વિજય શાહ

પ્રોફેસર કરુણા પાઠક નિવૃત્ત થઈને દિલ્હીથી વતન વડો.દરા આવ્યાં ત્યારે તેમને મોટા કુટુંબની મૂડીનો પરિચય થયો. આ મૂડી એટલે પૈસા નહીં પણ લાંબોપહેળો ભાઈભાંડુરાનો વસ્તાર..કોઈ ફોઈબા કહે તો કોઈ માસીબા..લગ્ન તો કર્યાં નહોતાં એટલે આ બધો વસ્તાર મોસાળપક્ષે અને કુટુંબપક્ષે જ હતો અને સૌ ઘડિયાળી પોળમાં જ રહે.

કરુણા એટલે નામ પ્રમાણે જ ગુણ. પ્રોફેસર તરીકે નિવૃત્ત થયાં પછી સારું એવું પેન્શન અને ખાતાં ના ખૂટે તેટલો વારસો. વળી, ખાનાર પેટનું જણ્યું તો કોઈ જ નહીં...એક વખત પાલીતાણાનાં "કંચનબહેનનું રસોડું" વિશેનો લેખ વાંચવામાં આવ્યો.

૬૦ વર્ષનાં નિઃસંતાન બહેનને સાત પેઢીનું ધન વારસામાં મળ્યું ત્યારે જે પ્રશ્નો મનમાં ઊઠ્યા તે બધા પ્રશ્નો કરુણાબહેનને પણ ઊઠ્યા. આજે તો ઠીક છે, હાથપગ ચાલે છે, કાલે ઊઠીને નહીં ચાલે ત્યારે શું? આ બધાં સગાંવહાલાં તો ઘણાં છે પણ કંઈક એવું કરતાં જવું છે કે આવતો ભવ પણ સુધરે. વળી ઉપાશ્રય અને સાધુની વાણીએ એટલું પણ શીખવાડેલું કે હાથે તેટલું સાથે.

કંચનબહેન મારવાડ છોડીને પાલીતાણા આવ્યાં અને થોડા સમએ તેમને સમજાયું કે સાધુસાધ્વીને ગોચરી ઓરાવવાની (ખાવાનું આપવાની) તકલીફ છે. વળી આમેય તેમનું ભોજન કંદમૂળ વિનાનું અને સાદું હોવું જોઈએ. ઘણી ભોજનશાળાઓ હોવા છતાં પાસની તકલીફ અને વ્રત પ્રમાણે ભોજન મળે કે ના મળે. ધીમે ધીમે મનમાં વિચાર દ્રઢ થતો ગયો. અને સાધુસાધવી માટે મફત ભોજનશાળા ખોલી. સવારે નવ વાગ્યા સુધી સાધુ કે સાધ્વી જણાવી જાય કે પારણું કરવાનું છે કે વર્ષીતપનું બેસણું કરવાનું છે તો તે પ્રમાણે ગરમ ગરમ ભોજન તૈયાર કરી ભાવથી સાધુસાધ્વીને ઓરાવે (ખાવાનું આપે).

કરુણાબહેન પાલીતાણા આવી કંચનબહેનની સાથે વાતોએ વળગ્યાં..

"બહેન, આ સખાવ્રતની ધૂણી સારી જગાવી છે પણ મનમાં કદી એવો વિચાર નથી આવતો કે હું આ કામ જાતે કરું. એવી ભાવના કેવી રીતે તમને થઈ આવી?"

“જન્મના સંસ્કાર એવા હતા જ કે સુપાત્રે દાન જાતે જ કરવું જોઈએ, તેથી સાદું ખાવાનું જાતે બનાવવાનું અને જાતે જ પીરસવાનું. તે વાતને જૈન સમાજે સ્વીકારી અને સાધુસંતોએ અનુમોદના આપી. મોટો હૉલ અને બેત્રણ બહેનો મદદમાં આવી અને આ સત્કાર્યને વેગ મળવા માંડ્યો.”

“તમારી આ પ્રેરણાત્મક વાતો નાના પાએ મારે કરવી છે. તો હું કેવી રીતે શરૂ કરું?”

સાવ સરળ વાત છે. કોઈને પેટ ભરીને ખાવાનું આપવાનું છે. ન કોઈ નફાનો કે ખોટનો હિસાબ છે. જેનું પેટ ભરાય છે તે આશિષ દે છે.

કરુણાએ સખાવ્રતની ધૂણી શરૂ કરી, ધનતેરસના દિવસથી. પોતાના કાકા અને માસીના ઘરે સાત પિતરાઈ અને ૪ માસિયાઈ ભાઈને ત્યાં સોનાનો સિક્કો આપ્યો. “બધા કહે બહેન, આજે તો તમારે તમારા ઘરે સોનું લેવું જોઈએ.”

” હા. મેં લીધું અને તમને આપ્યું એટલે મને પહોંચી જ ગયું.

“હા, દાનપુણ્ય તો તમને જ મળ્યું ને!”

“હવે એક બીજી વાત સાંભળો. તમારા પુત્રપુત્રી કે પૌત્રપૌત્રી જે દસમા ધોરણમાં સારા માર્કે પાસ થશે તેને ૫૦૦ રૂપિયા આપીશ, અને બારમામાં પ્રથમ વર્ગમાં આવશે તો ૧૦૦૦ રૂપિયા આપીશ.”

બધાં પિતરાઈ અને માસિયાઈ ભાઈઓબહેનો ખુશ હતાં કારણ કે સ્કૉલરશીપ બધાને મળવાની હતી. કરુણામાસી કે કરુણાફોઈને બધાં ઓળખતાં હતાં..

ઘરમાં કામવાળી. રાંધવાવાળી અને બાંધેલો રીક્ષાવાળો પડ્યો બોલ ઉઠાવતા હતા. અને દર પહેલી તારીખે પગાર ઉપરાંત નાનીનાની વસ્તુઓ પણ વિના માગ્યે મળતી હતી..ફોઈ કહે એ બહાને ત્રણ કુટુંબો પોષાય છે ને? ભગવાને મને ઘણું જ આપ્યું છે ને મારે મારી હાજરીમાં તેમને વાપરીને જવું છે.

ક્યારેક ભાભીઓ બોલે પણ ખરી. થોડુંક તમારા વૃદ્ધત્વ માટે પણ સાચવો. ત્યારે એક જ હસમુખ જવાબ, અરે, ઉપરવાળો ઘડપણ જોવા તો દે? આપણે તો હાલતાં ચાલતાં જ જતાં રહેવાનાં છીએ.

એક વખતે કર્ણની કહાણી તેમના વાંચવામાં આવી.

આખી જિંદગી સોનાનું દાન કર્યું હતું તેથી સ્વર્ગમાં અન્ન પણ સોનાનું મળ્યું. ત્યારથી અન્નસદાવ્રત ખોલવાનો વિચાર પાકો થયો. ત્યારથી કરુણાબહેન ભૂખ્યાંને ભોજન આપવા કટિબદ્ધ થયાં.

એક દિવસ તેમને અને તેમના સત્કાર્યને બિરદાવવા સંતો આવ્યા ત્યારે બે હાથે માથું નમાવીને કરુણાબહેન બોલ્યાં, "મારા સ્થિર મનોવનમાં 'મેં કર્યું'નું વિષ ન નાખો. મેં તો મારા કુટુંબ માટે થઈ શક્યું તેટલું કર્યું છે. એમ કરીને મારાં માબાપે શીખવેલા કાર્યને ઉજાળ્યું છે. એમાં મેં સંસ્કારનિભાવ સિવાય કોઈ વિશિષ્ટ કાર્ય નથી કર્યું. હા, મારું કરેલું કામ ગમે તો તે કામ કરી ભૂખ્યાંને ભોજન આપો. સમાજે મને આખી જિંદગી આપ્યું હતું તે પાછું વાળવાના સમએ પાછું વાળું છું તે કંઈ મોટું કામ નથી"

સંતો વહાલથી ખભો થાબડતાં બોલ્યા, કરુણાબહેન ધન્ય છે તમને – કળયુગમાં સતયુગી જીવન જીવતાં તમને અને તમારા કુટુંબને ! તમારા જેવાં પાવક વિચારક અને પાલક સંતાનોને કારણે કોઈ પણ ટેકા વિના આ પૃથ્વી ટકી રહી છે.

"કરુણાફઈ વિશે એક વાત કહું?" સંતને વિનંતી કરતાં ભત્રીજી મૈત્રી બોલી.

સંતની અનુમતિ મળતાં મૈત્રી બોલી, " કરુણાફઈને સારું લગાડવા અને તેમને નિરાશ થતાં ન જોવા જ હું બહુ ધ્યાનથી ભણતી હતી અને જ્યારે ૯૧% આવ્યા ત્યારે તેમના પ્રસન્ન મોં પર હાસ્ય જોવા બહુ તરસતી હતી. એ એક પ્રસન્નતાએ ઘરનાં સૌને ખુશ કર્યા હતા. સમયસર પ્રોત્સાહને મને તેમના દ્વારા અને તે ઉપરાંત શાળા દ્વારા પણ બહુમાન અપાવ્યું.

રવિવારે ૧૧ ડબ્બા ભરીને હાંડવો થવા લાગ્યો અને ૧૧ ઘરે પહોંચવા લાગ્યો. તો ક્યારેક થેપલાં અને ક્યારેક વડાં એમ દરેક મહિનાની પહેલી તારીખે કંઈક નવું બનવા લાગ્યું અને પહોંચવા લાગ્યું. વળી જો કોઈક તહેવાર કે જન્મતારીખ હોય તો બીજો નાનો ડબ્બો મીઠાઈનો પણ જતો...

બધા તેમને વહાલથી કરુણા બા કહેતા. કરુણા બા સામે એટલા જ વહાલથી સૌને આશિષ આપતાં અને મનોમન કહેતાં, પ્રભુએ મને લખેશરી બનાવી તો આ સૌ ભાંડેરાંઓને મદદ કરી શકું છું. ભગવાન તારો લાખ ઉપકાર..

તેમના નાણાનો વહીવટ કરતો અતુલ પણ આશ્ચર્યચકિત થતો અને કહેતો..બા, તમારા પૈસા જ્યાં રોકું ત્યાંથી બમણા થઈને ઊગે છે. બા, તમે નહીં હો ત્યારે આ સદાવ્રત ચાલશે ને?

મારી પાસે અગિયાર જોડી હાથ છે. તેઓ આ સદાવ્રત ચલાવશે અને મારા સાજામાંદે તેઓ જ ચલાવશે આ સત્કર્મની ધૂણી. આ સૌએ પાંચ વર્ષમાં મારા પગલે તેમના કુટુંબકબીલામાં બીજાં પંચાવન કુટુંબોને રંગ્યાં છે. વળી ત્રણ તો સિંધરોટનાં પતિયાંઓને જમાડે છે. સમાજને ઉપયોગી થવાની ભાવનામાં જ્યારે ઘસાવાની ભાવના ઉમેરાય ત્યારે જ દીપથી દીપ જલતો રહે.



એક રમત રમીએ.. આપણે સહુને ગમીએ...!!
– વિજય શાહ

જેરામકાકા અને લલીકાકી વચ્ચે પાકો દસ વર્ષનો ફેર. વળી લીલાકાકી બીજી ફેરનાં એટલે નજરુંમાં જ હેત છલકે. વર્તનમાં તો સંયમ છલકે. ખાસ તો લલીકાકી રસોડું કરતાં હોય ત્યારે અંદરના રૂમમાં હીંચકે ઝૂલતા જેરામકાકાને લલીકાકી ચાનો કપ ધરે ત્યારે હસુહસુ થતી

આંખમાં અમી છલકાય. ચા થોડો. સમય હીંચકે ઠંડી થાય અને મીઠા સબકારે પ્યાલો ખાલી થાય ત્યાં સુધી

લલીકાકીની ચાનો સ્વાદ મણાય. છેલ્લે ઘૂંટડે ટહુકો થાય, ચા તો અદ્દલ ઘૂંટાઈ છે. મઝા આવી ગઈ! બેબી.

પહેલા સંતાનમાં “બેબી” એટલે બંને જણાં એકમેકને “બેબી” કહેતાં.આમ તો થોડું અજુગતું લાગતું પણ એ બેબી ટહુકારે એમની બપોર શણગારાતી.

આ લખાતું હતું ત્યારે જેરામકાકા ૮૦ના અને લલીકાકી ૭૦નાં. દેખીતી રીતે જ તબિયત તો બંનેની સારી અને નિયમિતતા જબરજસ્ત. વસ્તાર મોટો પણ સૌનાં ઘરો એક જ ડેલીમાં એટલે સાંજે ભજનો જામે. જેરામકાકા બધાને અવનવી વાતો કરે અને જે અકળાય તેની અકળામણ દૂર કરવા એમના અનુભવ–ખજાનામાંથી રોજ નવી વાર્તા નીકળતી. તેઓ પાંચેય દીકરાઓની વહુઓને કહેતા, મારે નસીબે દીકરી આવી જ નહીં..તેથી પ્રભુએ મને પાંચ દીકરીઓ જેવી વહુઓ આપીછે. તેઓને મારા ઘરમાં આવતાંની સાથે એક ભેટ અપાય છે અને તે તેમનું “ઈન– લો”નું પદ છીનવી લેવાય છે અને એકલી ડૉટર બનાવી દેવાય છે. સસરા તરીકે કોઈ આમાન્યા નહીં પણ બાપ તરીકેના એકલા લાડ અને દુલાર જ મળશે.

પણ જુદા જુદા ઘરેથી જુદા જુદા સંસ્કારો લઈને આવેલી વહુઆરુઓ એમ કંઈ દીકરી થાય? વળી આ તો ભણેલીગણેલી અને કમાતીધમાતી. એટલે જેરામકાકા અને લલીકાકીને નવી

શાળામાં દાખલ થએલા તોફાની છોકરાઓને સાચવવા જેવું થયું. વળી પોતાનાં સંતાનોને તો વહાલથી કે આંખ કાઢીને સમજાવી શકાય પણ પાંચ વહુઓ અને એક પછી એક કલ્લોલતાં ને હસતાં પૌત્ર અને પૌત્રીઓને જણનારીઓ ! નિવૃત્ત થયાં પછી થોડા લાંબા સમએ આ તબક્કો આવેલ તેથી લલીકાકી થાકી જતી.

પાંચેય દંપતીને સાથે બેસાડીને જેરામકાકાએ એક દિવસ ભાગલા પાડ્યા. સોમવારે મોટાના ઘરે રહેવાનું. મંગળવારે તેનાથી નાનાને ઘરે જવાનું. બુધવારે તેનાથી નાનાને ત્યાં જવાનું...એમ શુક્રવાર સુધી બધાની ખબર રાખીને શનિવાર લલીનો ને રવિવાર અમારો. ભગવાનનો દિવસ.

પૂરાં દસ વર્ષ અને એક પછી એક દસ પૌત્ર અને પૌત્રીઓના લાલનપાલનમાંથી મુક્તિ. જેરામકાકા અને લલીકાકીને જ્યારે મળી ત્યારે તેમની લીલીવાડી હરીભરી હતી. ક્યારેક હસતા હસતા જેરામકાકા લલીકાકીને કહેતા, ૧૪ વર્ષથી મારે ત્યાં આવી છે..૫૫ વર્ષોમાં મારું કેટલું ખાઈ ગઈ? હિસાબ કર્યો છે?

લલીકાકી કહે, તમારી વાડીમાં કેટલાં છોરાંછૈયાં ઉછેરીને આપ્યાં છે તેનો હિસાબ કરો ત્યારે ખબર પડે. મેં જેટલું ખાધું છે તેના કરતાં વધુ વાળ્યું છે. વળી તમે તો નિવૃત્ત થઈ શક્યા છો પણ અમારે તો છેલ્લા શ્વાસ સુધી કામ અને કામ. લલીબા કહે, “ચાલો એક રમત રમીએ; આપણે સહુને ગમીએ.”

ચાલ ને એકબીજા સમાં રમીએ,
મિત્રો તો ખરા જ
દુશ્મનને પણ ગમીએ...

ભૂલ તો થાય સહુથી,
આપણી ભૂલ પર
નિઃસંકોચ નમીએ....

મુસીબત ને માત કરવા
સામી છાતીએ
સામા પ્રવાહે એ તરીએ....

જીવન જીવવું છે ?
ચાલ તો પછી
મિત્રો સાથે ભમીએ....

થોડી કાળજી જરૂરી છે
શરીર સારું રાખવા
ઘરનું ભોજન જમીએ....

દિલ ચોખ્ખુંચણાક ને
જીભે સાકાર મૂકીએ....

ચાલ એક રમત રમીએ
સહુને આપણે ગમીએ...!!!

– અજ્ઞાત

(ઈલા ભટ્ટ દ્વારા મળેલ વોટ્સઅપ સંદેશો)

મોટી વહુ ક્યારેક ગમ્મતમાં કહે, બા, મારી તો તાકાત જ નહીં આટલો મોટો વસ્તાર જાળવવાનો.

લલીબા કહે “પંડનું લોહી અને તેમની સુખાકારી માટે કરાતા કામનો કોઈ ભાર જ નહીં. વળી એમના જેવો રક્ષક હોય ત્યારે મજાલ છે કે ઘરમાં તારું અને મારું આવે. ઘરના મોભીઓનું કામ છે ઘરની મુઠ્ઠિઓ બંધ રાખવાનું.”

જેરામભાઈ ત્યારે બોલ્યા, “ખરું રોકાણ તો આ નવી પેઢી છે. અમારાં માબાપે અમને ઉછેર્યા, ભણતર આપીને જીવન જીવવા જેવું બનાવ્યું. એમનો એ ઉપકાર અમે અમારા વંશજોને ઉછેરી પૂરો કરીએ છીએ. વળી ત્રણ ફૅક્ટરી અમે બાંધતાં શીખવી. મગજમાં આઈસ ફેક્ટરી..જીભમાં સુગર ફૅક્ટરી અને દિલ ચોખ્ખુંચણાક. એટલે મિત્રો વધુ અને ગેરસમજણો નહીંવત.”

નિવૃત્તજીવન માટે કદીક લલીબા કહેતાં, "જિંદગીભર કામ કરવું અને ગમતું કામ કરવું એ બે વાત જુદી છે. પૌત્રોમાં મને મારું કે મારાં સંતાનોનું લોહી દેખાય ત્યારે તેમનો ઉછેર કરવો તે આનંદપ્રદ બને..પણ તેમાં વહુ કે જમાઈનું લોહી દેખાય તો તે કંટાળાજનક બની જાય. બસ એમ

જ પાછલી ઉંમર સહ્ય બનાવવી હોય તો નદી, નાવ અને સંજોગો અનુસાર આજમાં રહેતાં થઈ જવું એ ઉત્તમ ઘટના છે.

"જ્યાં જ્યાં મારો ભૂતકાળ આવે ત્યાં ત્યાં આજ સાથેનો સંઘર્ષ આવે જ. ભૂતકાળ તો ગાડીનાં રિવર્સ મિરર જેટલો નાનો હોવો જોઈએ અને તેની જરૂરિયાત ક્યારેક જ હોય જ્યારે વર્તમાનકાળ ફ્રંટવિંડ શિલ્ડ જેટલો મોટો હોવો જોઈએ અને સતત તેને જોતાં રહેવું જોઈએ."

જેરામભાઈને ઘર આખું માન આપે. લલીબાને ઘર આખું વહાલ કરે. કારણ તો સ્પષ્ટ છે, તેઓએ સંસારમાં કરવાનાં સમએ બધું કર્યું અને પોતે જીવેલ જિંદગીના આધારે સૌને એક વાત સ્પષ્ટ શીખવાડી – જેમ ઉંમર વધે તેમ સૌને આપતાં રહો. વર્ષોથી ભેગું કરેલ જ્ઞાન, અનુભવ, પૈસો અને વહાલ જેમ વહેંચશો તેમ આદર, માન અને સદભાવ વધશે જ.

પાછલી ઉંમરે આ આદર અને સદભાવ જ તમને શાંતિ અને તૃપ્તિ આપે છે. ક્યારેક ઉંમર, તબિયત અને થાકનો અહેસાસ થાય પણ પૌત્ર અને પૌત્રીના સન્માને તે થાક શમી જતો હોય છે.

જેરામબાપાના ગુણોનો ગુણાવાદ કરતાં નાના દીકરાના સૌથી નાના દીકરાએ કહ્યું કે દાદાએ કદી પૈસો ભેગો કર્યો નથી પણ તેમને પૈસાની કદી ખોટ પણ પડી નથી. તેમણે જ અમને શીખવ્યું કે હકારે જીવવું, આશાવાદી રહેવું, થાય તો દિલને ચોખ્ખું રાખવું, કદીક ઘસાઈ છૂટવું અને સાદું જીવવું અને આજમાં જીવવું.

વૈષ્ણવજન જે રીતે જીવે તે રીતે જીવવાનું કહેનારાએ પોતાના વર્તન દ્વારા આ સંસ્કારોનું વહન પણ કરી બતાવ્યું.

જેરામકાકાએ દેહ છોડ્યો ત્યાર પછી મહિનાના ટૂંકાગાળામાં લલીકાકીએ પણ દેહ છોડ્યો.

ચાલ એક રમત રમીએ,
સહુને આપણે ગમીએ...!!!

સીધી સરળ અને યાદ રહે તેવી રમત આપણે રમીએ.

આપણી પાસે હોય તે આપીએ અને પાછું કદી ના માગીએ...

ભૂલ થાય તો નમીએ, માફી માગીએ.

સૌને આપીએ આદર, માન, સન્માન અને સહુને આપણે ગમીએ.


છેલ્લે તો આપણે બે જ હોઈશું.
ભલે ઝગડીએ,ક્રોધ કરીએ, એકબીજા પર તુટી પડીએ,
એકબીજા પર દાદાગીરી કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
જે કહેવું હોય એ કહી લે, જે કરવું હોય એ કરી લે,
એકબીજાનાં ચોકઠાં (ડેન્ચર - ચશ્માં) શોધવા છેલ્લે આપણે બે જ હોઈશું.
હું રીસાઈશ તો તું મનાવજે, તું રીસાઈશ તો હું મનાવીશ
એકબીજા ને લાડ લડાવવા,છેલ્લે તો આપણે બે જ હોઈશું.
આંખો જયારે ઝાંખી થશે, યાદશકિત પણ પાંખી થશે,
ત્યારે,એકબીજાને એકબીજા માં શોધવા,છેલ્લે તો આપણે બે જ હોઈશું.
ઘુંટણ જયારે દુઃખશે, કેડ પણ વળવાનું મુકશે,
ત્યારે,એકબીજાના પગના નખ કાપવા,છેલ્લે તો આપણે બે જ હોઈશું.
મારા રીપોર્ટસ તદન નોર્મલ છે, આઈ એમ ઓલરાઈટ,
એમ કહીને, એકબીજાને છેતરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
સાથ જયારે છુટી જશે, વિદાયની ઘડી આવી જશે,
ત્યારે,એકબીજાને માફ કરવા,છેલ્લે તો આપણે બે જ હોઈશું.

(૨૨) છેલ્લે તો આપણે બે જ હોઈશું

કવી મૃગાંક શાહની આ કવિતા મારા આ પ્રકરણ નો આખો સાર જ કહીએ તો ચાલે તેમ છે.

નિવૃત્ત થયા પછી જીવવાના બે દાયકા હોય છે અને તેમાં સાથી સાથે સ્પર્ધા નથી પણ નિર્દોષ ધમાચકડી હોય છે. કહે છેને વધતી ઉંમરે બચપણ પાછુ આવે છે. અને સાથે સાથે સાથીને ભરપુર પ્રેમ પણ આપવાનો હોય છે.પણ કમભાગ્યે તેમ થતું નથી.

પાછલી ઉંમરે એક રોગ વળગે છે સંવેદનશીલતાનો...

“મહાદેવનાં ગુણ તો પોઠિયો જ જાણે ને? એમની તો રગે રગ હું જાણું.”

આ દાવો કરનાર પતિ હોય કે પત્નીતે બંન્ને મહદ અંશે ખોટા જ હોય છે. તે બંન્ને એક મેક્નો ભૂતકાળને જ જાણતા હોય છે તેમના આજ અને આવતીકાલ વિશે તે બંન્ને લગભગ અજાણ હોય છે.ઉંમરનાં અને સમયનાં પરિવર્તનોથી તેઓ લગભગ અજાણ જ હોય છે.

સોમાકાકા અને શાંતાકાકીનાં કેસમાં કંઈક આવું જ બન્યુ.

સોમાકાકાએ ૫૦ વર્ષનાં લગ્ન જીવનમાં કદી ધાર્યું નહોંતુ ૭૫ વર્ષે શાંતા કાકી પચાસ ટકા સંપતિમાં ભાગ માંગશે અને છુટા છેડા ની અરજી કરશે. સોમાકાકા બધી રીતે સારા પણ તેમને મન તેમનું સાસરું નબળું અને વારંવાર વહેવારની બાબતે તેમને ઓછુ આવી જાય.જ્યારે શાંતા કાકી આ બધા માં વારં વાર મો સીવી લે. હવે ૫૦ વરસ પહેલા મારા બાપાએ કંઈ ના કર્યું તેને હવે સુધારી શકાય ના તો હવે ભુલી જાવને?

વાત વાતમાં શાંતાકાકીને 'ચાલવા માંડ" કહીને ઉતારી પાડ્યા ત્યારે ખરેખર લાગી આવ્યુ.

"પચાસ પચાસ વર્ષ થી નોકરી કરીને ઘર ભર્યું અને હજી મારા બાપાએ લગન વખતે વહેવાર ન કર્યો વાળી વાતને ચગળતા શરમ નથી આવતી?" ડૉક્ટર દીકરા પાસે કકલતા શાંતાકાકી બોલ્યા.

બે પાંચ દિવસે શાંત થઈજતા કાકી આ વખતે સહેજ પણ ટસના મસ ના થયા ત્યારે દીકરી અને વકીલ જમાઈએ શો કોઝ નોટીસ મોકલાવી.

પછીતો વકિલોએ આક્ષેપો અને પ્રતિઆક્ષેપોથી ફાઈલો ભરી.અને વકિલોએ ઘર ભરયા. બંને જ્યારે કાનુંની રીતે છુટા પડ્યા ત્યારે ચાર મોટેલો ઘટીને બે થઈ.ભારતમાં કશુંજ ના રહ્યું અને ડૉક્ટર દીકરાએ જ્યારે ઝઘડતી મા ને અલ્ટીમેટમ આપ્યુંકે સમાધાન કરો નહીંતર સીનીયર હાઉસમાં રહેવા જાવ મારા બાળકો પર કુસંસ્કાર પડે છે ત્યારે શાંતા કાકીની આંખ ખુલી...પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયુ હતુ.

બહારનું ખાવા પીવાનું અને ટેંન્શનથી સોમા કાકાની પણ કીડની ખલાસ થઈ ગઈ હતી.

આખરે તે દિવસ આવી ગયો જ્યારે મિલ્કતો વહેંચાઈ ગઈ અને ૫૪ વર્ષનાં લગ્નજીવન નું પૂર્ણ વિરામ આવી ગયું.

શાંતિથી વિચારતા સોમાકાકા અને શાંતાકાકી જાણતા હતા કે વાંક બંનેનો હતો.કોઈક જરા વેંત નમ્યું હોત તો જિંદગીનાં અંતિમ તબક્કે છુટા પડવાનો વારો ના આવ્યો હોત. પણ હોની ને કોણ ટાળી શકવાનું હતુ?

ઉપરનું કાવ્ય એટલુંજ સમજાવે છે કે નિવૃત્ત થયા પછી સૌથી મોટું કામ પતિ અને પત્ની વચ્ચે એક મેકનું માન રાખવાનું છે. અને આ માન રાખવાનો અર્થ એટલોજ કે તમને આટલો વખત સહન કર્યા તે જ સૌથી મોટો ગુણપાહાડ છે માન અને અપમાનનાંઉભરાને સહન કરવા માટે... અને આ ઉંમરેજ પેલા બાળક જેવી રમતિયાળ વૃતિ આવવી રહી..એ તો છે જ એવી કે એની સાથે એના જેવું ન થવાય. અભી બોલા અભી ફોક જેવું કરીને જીવતા સોમાકાકા અને શાંતી કાકીને ન આવડ્યું.

જો તેમ કરીને શાંતાકાકી જીવી ગયા હોત તો વકીલોનાં આટલા બધા ઘર ન ભરાત..છેલ્લા પચાસ વર્ષથી આ મેણા સાંભળતા હતા તો હવે જીવવાનું પણ કેટલું હતુ? એટલું જીવ્યા તેટલુંતો નહોતું જ જીવવાનું ને?

સોમા કાકા બીજે દિવસે દીકરાને ત્યાં જઈને શાંતાકાકીને કેમ લઈને ના આવ્યા? તેમનો અહંકાર તેમને નડ્યો...તેઓ માનતાકે નારી, ઢોલ અને ઢોર એ સબ તાડન કે અધિકારી. આ માન્યતા પણ ખોટી.

અગત્યની વાત એ છે કે સહજીવન જેટલું વધુ સાથે જીવ્યા તે મોટો ગુણ પહાડ છે. એકમેકને સહ્યા તે મોટો ભાગ છે.

(૨૨)જ્ઞાન વસિયત- વિજય શાહ

મારા પપ્પા એટલે મારા જ પપ્પા!

તે દિવસે રાત્રે મને તેઓ સ્વપ્નામાં આવીને કહે, “જો,શીતુ, તું મારા ઘરે બહુ મોડી આવી એટલે તારા માટે મને સતત એવું રહે કે બીજાઓના કરતાં તને મળવું જોઈએ એટલું વહાલ ઓછું મળ્યું.. પણ એટલું માનજે કે તું મારી દીકરી નહિ પણ દીકરો છે.”

“પણ પપ્પા, આ કેવો વેશ કર્યો છે?”

“જો બેટા મને તો જિંદગીએ બધું જ આપ્યું છે એટલે તો કહું છું, હવે ગમે ત્યારે ઉપરથી તેડું આવે અને તમારા બધાનો સંગ છૂટે તો અફસોસ ના કરીશ.” એમનું મનમોહક હાસ્ય વેરતાં તેઓ બોલ્યા. “લીલી વાડી છે અને કોઈ અફસોસ બાકી નથી. પ્રભુએ માગ્યા કરતાં ઘણું આપ્યું છે.

“એવું ના બોલો ને પપ્પા.”

“જો બેટા, આયુષ્ય કર્મથી વધુ એક મિનિટ પણ વધુ મળતું નથી..હવે ૮૦ તો થયાં. તમે બધા તમારી દુનિયામાં ખુશ છો અને કુદરતનો નિયમ છે ને વડવાઓએ નવાગંતુકોને જગ્યા આપવી જ રહી... અને તેથી જ મૃત્યુને હસતાં મોંએ સ્વીકારવું રહ્યું.”

“પપ્પા તમે તો કહી દીધું પણ મને તો વિચાર માત્રથી કમકમિયાં આવે છે. તમારો છાંયડો. જઈ શકે છે.”

“હા, સ્વીકારવું જ રહ્યું. જન્મ્યું છે તે જવાનું જ છે; કોઈ વહેલું કે કોઈ મોડું.”

“પપ્પા મોટી બહેનોના જેટલો મને તમારો છાંયડો. નહીં?”

સ્વપ્નમાં જાણે દુંદુભિ વાગતી હોય અને ભવાઈનો પડદો પડે તેમ અચાનક દૃશ્ય બદલાયું અને શીતલ એકદમ જાગી ગઈ. વહેલી પરોઢનું સ્વપ્ન ...તેનું મન તે સંકેતોને સમજવા મથતું હતું.

તરત ભારત ફોન જોડ્યો..ફોન મમ્મીએ ઉપાડ્યો અને શીતલથી ડૂસકું મુકાઈ ગયું.

કુમુદબા બોલ્યાં, “કેમ બેટા, સવારના પહોરમાં ડૂસકું?”

“બા, સવારના પહોરમાં આવું વિચિત્ર સપનું આવ્યું..પપ્પાને ભવાઈમાં વેશ ભજવતા જોયા અને વાતો મૃત્યુની કરતા હતા.. હેં મમ્મી, વહેલી પરોઢનું સ્વપ્નું હતું તેથી જરા ડરી ગઈ.”

કુમુદબા તરત બોલ્યાં, “તને તારા બાપા પર બહુ પ્રેમ છે ને એટલે આવાં ડરામણાં સ્વપ્નાં આવે છે. ખરેખર તો આવું સ્વપ્ન આવે તો તેમની ઉંમર વધે. તેથી રડ ના.”

*****

શીતુ મોટી ઉંમરે જન્મી હતી. એના જન્મ વખતે મોટીબહેન કૉલેજના છેલ્લા વર્ષમાં હતી.પુત્રૈષણાની તે અકસ્માતે આશાઓ વધારી દીધી હતી, પણ તેવું બન્યુ નહોતું. બુદ્ધિજીવી પ્રોફેસરને તો તે વાતનો જરાય ગમ નહોતો..તેમણે તો ચારેય છોકરીને સરખી જ માવજત આપી હતી પણ ક્યારેક કુમુદબાને ઓછું આવી જતું.. ભગવાને વારસ આપ્યો હોત તો એમનો વંશ ચાલત ને?

કુમુદબાને રાજી રાખવા પ્રોફેસર કદીક શીતલને દીકરાની જેમ રમાડતા. શીતલ દીકરો પણ હોય અને દીકરી પણ હોય..તેનાથી શું ફેર પડે?

પણ સ્કૂલમાં એક નાટકના દૃષ્યમાં છોકરો બનવાનું હતું ત્યારે બૉયકટ વાળ કર્યા પછી તે અદ્દલ છોકરો લાગતી ત્યારે કુમુદબાનું મન ભરાઈ આવેલું..ત્યારથી પ્રોફેસર બાપ પણ વહાલમાં

શીતલ દીકરો કહેતા. તે વખતે રક્ષાબંધને કુમુદબાએ તેને રાખડી બાંધી. આવતે ભવ મારા પેટે દીકરો થઈને આવજેની આશિષ દીધી હતી.

તે દીવાળીએ ઘરમાં સૌ પત્તાં રમવા બેઠા હતા ત્યારે પપ્પા બોલ્યા, “પત્તાની રમત વ્યસન બને ના તે રીતે રમવી જોઈએ પણ તે આયોજન કરતાં શીખવે છે અને સાથે સાથે ટેબલ ઉપર આખા કુટુંબને એક સાથે ભેગા રહેતાં શીખવે છે. સાથે સાથે એક વાત એ પણ સમજવી કે પત્તાં સાથે નાણાં ન રમવાં જોઈએ જે આગળ જતાં જુગટું બને..”

****

એકબે વરસ પછી ફોન ઉપર મૃત્યુ વિશે ચર્ચા કરતાં પપ્પા બોલ્યા, “ શીતલ, સમાજમાં ગમે તે દેખાય પણ મારા મૃત્યુ પછી અગ્નિદાહ બધી બહેનો સાથે દેજો.”

“પપ્પા, આવી વાતો કરવી જરૂરી છે?”

જો બહેન, આયોજનબદ્ધ રહેતાં મેં મારી જિંદગી કાઢી છે. અને હું માનું છું કે પહેલેથી વિચાર્યું ન હોય તો તે ઘટનાઓનો જગકાજી સમાજ બને અને ક્યારેક દુખતી રગ ખોટી રીતે દબાય તેથી આજે આ વાત સૌને જણાવી દીધી. હું માનું છું તમે સૌ મારું જ પંડ છો અને મારા પૈસા, મિલકતના સાચા અધિકારી કુમુદ પછી તમે છો તેથી તે રીતનું વિલ બનાવ્યું છે.

“પપ્પા, તમારી સાથે દીદી છે અને તેના ઉપર મને પણ પૂરો ભરોસો છે તેથી આવી બધી વાતો કરી મને દુઃખી ના કરો.”

“આયોજન એવી રીતે કરવું જોઈએ કે જગ છૂટ્યે કોઈ મનદુખ ન રહે.”

કુમુદબાએ સંમતિ દર્શાવતાં કહ્યું, “બાકીની ત્રણ બહેનો અહીં ભારતમાં, પણ તું અમેરિકામાં તેથી બધી માહિતી પૂરેપૂરી તારે પણ જાણવી જોઈએ.”

ડબડબાતી આંખે શીતલ બોલી, “મારે તો તમારો છાંયડો. લાંબા સમય માટે જોઈએ.” ફોનના બેઉ છેડા આંસુ સારતા હતા.

પપ્પા બોલ્યા, “સંપીને રહેજો અને મન મોટું રાખજો. અને શક્ય તેટલું ધર્મમય ભાવે જીવજો.”

“પપ્પા, હજી ઘણું લાંબું તમે જીવવાના છો.”

“હા, એટલી જ લાંબી મારે તમને સૌને જ્ઞાનવસિયત આપવાની છે. તેથી જ્યારે આંતરમન આપવા સક્રિય થાય ત્યારે તેને ધ્યાન દઈને સાંભળો..ધનદોલત તો નજરે ચઢશે પણ આ જ્ઞાન–વસિયત તો જ્યારે ઉદય થશે ત્યારે જ સંભળાશે.

“જિંદગીના અંતિમ તબક્કે સૌને મારું શ્રેષ્ઠ છે તે આપવું છે પણ મને ખબર નથી અંતિમ તબક્કો ક્યારે આવશે..જ્યારે આવશે ત્યારે તેની રાહ ન જોતાં હાલ સંભળાવી દઉં કે હવે જે સાથે નથી આવવાનું તેના ઉપરનો મોહ ઘટાડો. અને જે સાથે આવવાનું છે તેને ઓળખો. તે પાપ અને પુણ્યને સાથે લઈ જવા પછેડી બાંધો. ઊર્ધ્વગામી બનવા હલકા થાવ અને પાપગામી કશાયો છોડો.. મુસ્લીમ ધર્મના સંતપુરુષો કહે છે, કયામતના દિવસે ઊજળા રહેવા એવું કશું જ ના કરો કે જેનાથી ભાર વધી જાય.

ખૂબ જ અંદરથી આવતી વાણીને સાંભળતી શીતલ ગળગળા અવાજે પૂછી બેઠી, “પપ્પા, તમને કંઈક થઈ ગયું હોય અને અમારે તમારી પાસે આવવું હોય તો કેવી રીતે અવાય?”

પપ્પા કહે, “મેં આ જ પ્રશ્ન મારી માને પૂછ્યો હતો. તો બે ચોપડી ભણેલ માએ એક જ વાત કહી હતી...કર્મો ખપાવ્યા પછી સાચા હૃદએ સૌને માફ કર્યા...અને માફી માંગી લીધા પછી આત્મા પરમાત્માના શરણે પહોંચે છે. ત્યાં પરમાત્મા સાથે મિલન થાય ત્યારે હું તને મળીશ.

શીતલ સ્તબ્ધ હતી. પણ આ બધું થાય તેને માટે થતો વિલંબ તેને ખપતો નહોતો.

પપ્પા જાણે તેના ચહેરા ઉપર આ વાત વાંચી રહ્યા હોય તેમ બોલ્યા, “મોહના તાંતણા સૌથી સુંવાળા પણ અત્યંત મજબૂત હોય છે. તારો આત્મા તે મોહબંધને ભેદવા સમર્થ થશે તો ક્ષણ માત્રનોય વિલંબ નહીં થાય....

હું તો આ મોહના રેશમધાગાને હણી રહ્યો છું અને તે જ રીતે તમને પણ કટિબદ્ધ થવા કહી રહ્યો છું.

વાત પૂરી થઈ પણ હજી પપ્પાના અવાજને સાંભળવો હતો.. ફોન ફરી લગાડ્યો...

ફોન મમ્મીએ ઉપાડ્યો.

અતિ ભારે અવાજે મમ્મીએ કહ્યું, “પપ્પા તો તારી સાથે વાતો કરતાં કરતાં સૂઈ ગયા છે. ડૉક્ટર કહે છે તેમને સૂઈ રહેવા દો. એ જાગશે ત્યારે ફરી ફોન કરાવીશું.”

શીતલને લાગતું હતું, પપ્પા હવે કદાચ નહીં જાગે. તેમની લાડલીને તેમની જિંદગીનાં સર્વ સત્યો સમજાવી પપ્પા અનંતને માર્ગે નીકળી ગયા હતા. તેણે નવકાર ગણ્યા અને ‘જય જિનેંદ્ર’ કહી ફોન મૂક્યો.

કથા બીજ - પીનું (ભક્તિ શાહ)



એકમેકની દરકાર

– વિજય શાહ

‘નિવૃત્ત થયા પછી’વાળી ઘણી વાતો છે પણ અત્યારે ધ્યાન પત્નીને મિત્ર બનાવવાની કવાયત ઉપર વધારે સ્થિર થાય તેવી ઘટના વાંચવામાં આવી તેની નોંધ લઈને આગળ વધુ.

ગાંધી સાહેબનાં પત્નીને અલ્ઝાઈમર (સ્મૃતિભ્રંશનો રોગ) થઈ ગયો. રોજની આદત પ્રમાણે તેમનાં પત્ની માટે ગરમ ગરમ ગાંઠિયા કે ફાફડા લઈને ગાંધી સાહેબ તેમનાં પત્નીને હૉસ્પિટલમાં બ્રેક્ફાસ્ટ આપવા જાય.

એક વખત વધુ પડતા વરસાદને લીધે ફાફડાવાળાનો સ્ટોર મોડો. ખૂલ્યો અને ગાંધી સાહેબ ઊંચાનીચા થૈ ગયા, ત્યારે ફાફડાવાળએ કહ્યું, આમેય તેમને સ્મૃતિભ્રંશ થએલ છે, તેમને શું ખબર પડે કે તમે મોડા પડ્યા છો?

ત્યારે ગાંધી સાહેબ બોલ્યા, પણ મને તો ખબર પડે ને? તેણે મને જિંદગીનાં પચાસ વર્ષ સમયસર ખાવાનું આપ્યું છે ત્યારે હું તેને મોડું કેમ પહોંચાડું?

પાછલી ઉંમરે બંને જણાં માટે એકમેકની દરકાર આવે તે ખૂબ જરૂરી અંગ છે.

એક કલ્પના કરો, સાથીની ખોટ સૌથી વધુ કોને પડે? કુદરતી રીતે જ જે તેની સાથે વધુ રહ્યું હોય તેને જ ને?નિવૃત્ત થયાં પછી તે સાથીના બીજા આઠ કલાક તમે લઈ રહ્યા છો. તમારે સમાચાર જોવા છે અને તેને ચિત્રહાર જોવું છે. નિવૃત્ત થયાં પછી તે બોલશે તો નહીં પણ તે સમએ રિમોટ તેને આપી દઈ સમાચાર જોવાનો આગ્રહ છોડી દેવો તે સાથીની વધુ સારી દરકાર છે.

આ સમજ ગાંધી સાહેબને તેમનાં પત્નીને સ્મૃતિભ્રંશનો રોગ લાગુ પડ્યો પછી પડી. ખરી શોધખોળ કરીને જાણ્યું કે મૅગ્નેશિયમની ઉણપથી આ રોગ લાગે છે તે દિવસથી મૅગ્નેશિયમ માઈક્રોન્યુટ્રંટ આપવા માંડ્યા અને પત્નીને સાજા કરવામાં લાગી ગયા.

૫૦ વર્ષના સહવાસ પછી સમજાયું કે જીવનસાથીનાં પણ માનવ સહજ અપેક્ષાયુક્ત વલણો હોઈ શકે. તેની ભાવનાઓ પણ માન આપવા યુક્ત હોઈ શકે..તેની પાસેથી એકલી “લાવ” કે “આપ”ની વાત ક્યારેક વધુ પડતી હોઈ શકે. તેને પણ પત્નીત્વના હક્કો જોઈતા હોઈ શકે...તે “પગની જૂતી” “આપણું કહ્યું તે જ કરે”વાળું વલણ ખોટું.

ગાંધી સાહેબના બદલાવના એકાદ મહિના પછી પત્નીમાં સુધારાનાં લક્ષણો દેખાવા માંડ્યાં ત્યારે પ્રભુ પાસે છલકતી આંખે તેઓ બોલ્યા, પ્રભુ, તારો ખૂબ ખૂબ આભાર..હવે સાથી સમજીને એના પ્રેમને માનથી જોઈશ. એ પત્ની છે. તે મને જેટલો આદર આપે છે તેટલો આદર હું હવે તેને આપીશ.

ગાંધી સાહેબનાં પત્નીમાં આ રોગ આવવા માટે એક હતાશા મોટી હતી. તેઓ માનતાં કે મારે સૌનું કરવાનું પણ મારું કહ્યું કોઈ ના માને. અરે કોઈ મને તો પૂછે પણ ના.. આ તે કેવી જિંદગી?

ગાંધી સાહેબ આ વાતને સમજી ચૂક્યા હતા તેથી હવે દરેક વાતમાં “પહેલાં મારાં લાઈફપાર્ટનરને પૂછી લઉં” પછી નક્કી કરીએ...કહી થોડો. સમય માગવા માંડ્યા. અને ત્રણ જ મહિનામાં ઘરનું ચિત્ર બદલાવા માંડ્યું. બિનજરૂરી ખર્ચા અને વારંવાર ઘરમાં આવતા ફાસ્ટફૂડ બંધ થવા માંડ્યાં. ઘરમાં સમયસર સારું ખાવાનું બનવા માંડ્યું.વધેલું ખાવાનું

સમયસર ફ્રિઝમાં મુકાવા માંડ્યું. અને ગ્રોસરીનું બિલ વધવા માંડ્યું. પણ હોટેલોનો ખર્ચો ઘટવા માંડ્યો.પૌત્ર અને પૌત્રીઓને સુખડી અને શીરો અને મોહનથાળ મળતાં થયાં તેથી દીકરા અને વહુઓ પણ રાજી થયાં.

ગાંધી સાહેબ જોઈ રહ્યા હતા. ઘરમાં સૌ તેમને માનથી જોતાં થયાં હતાં તેથી હવે ભુલાવાના અને ધ્યાનચૂકના પ્રસંગો બનતા ન હતા. તેમનાં ઘણાં સૂચનો સારાં પરિણામો લાવતાં હતાં. ખાસ તો દીકરીના સાસરવાસમાં સૌએ તેમને “તુચ્છ” માની લીધા હતા ત્યાં વજન વધવા માંડ્યું હતું.

વહેવારની વાતોમાં દીકરાની સાસરીમાં કોઠાસૂઝથી એવો ઉકેલ શોધી કાઢ્યો હતો કે લાકડી ભાંગે નહીં અને સાપ મરી જાય. ટાણેકટાણે વહેવારના નામે પૈસા કઢાવતાં જમાઈ અને સાસુને ના કહ્યા વિના પરિસ્થિતિ જ એવી ઊભી કરી કે વહેવાર ઉછીના લેતા હોય તેવું લાગે અને પાછો ઉપર હાથ રાખતા હોય તેમ કહે કે આ પૈસા મહિનામાં વાળી દેજો કારણ કે અમારામાં તો રિવાજ નથી પણ તમારી વાતનું માન રાખવા તમે કહ્યું અને અમે વર્ત્યાં..બાકી સાસરે દીકરીને વળાવી એટલે અમારે વર્તવાની જરૂર નહીં.

ગાંધી સાહેબ હવે પાંચમાં પુછાવા માંડ્યા હતા.પહેલાં એમને કંઈ કહેવાતું નહીં પણ હવે “મારા લાઈફપાર્ટનરને પૂછી લઉં”ની ઢાલે તેમને ડાહ્યા લોકોમાં ગણવા લાગ્યા. પહેલાં એકડો. અને શૂન્ય જુદાં હતાં..સૌથી નાના અને અર્થહીન. પણ હવે ભેગા થયા એટલે “દસત્વ” મળ્યું.

એમની દૃષ્ટિ બદલાઈ. ભોળી અને અક્કલહીન લાગતી પત્નીની વાતોમાં કુશળતા દેખાવા લાગી. ક્યારેય ન કહેલું અને આંખનાં ઈશારે સમજાઈ જતું મૌન...એ લાંબા સહજીવનનો અહેસાસ..

મૌનનો ગુંજારવ

લાંબા સથવારાનો શાંત એ સંવાદ
નીરવ, ના નાદ તોય સૂણું એનો સાદ.
મંજુલ એ પ્રેમરાગ કેટલીએ રાત,
રસિલી લય રચના અનેકવિધ વાત.
કોઈ દિન લાગે અતિબોલ ને વિવાદ,
અબોલાની આડ હારજીતની ફરિયાદ.
તીનતારા ગુંજનમાં ભળે નવા સૂર,
કલરવ ને કલબલમાં અટવાતા સૂર.
સંધ્યાની છાંયડી ને મીઠો મનરવ,
તારો ને મારો આ મૌનનો ગુંજારવ.

– સરયૂ પરીખ

નિવૃત્તિ પછીનું સૌથી કઠીન કામ છે એકમેકને જેમ છે તેમ સ્વીકારવાનાં. કારણ કે ભરતભાઈએ તેમના કાવ્યમાં કહ્યું તેમ, પત્ની સાથેનું આખું જીવન હવે માત્ર મિત્રતા, કેવી વિચિત્રતા, મમતા અધિક, ના માદકતા.

અભિસારિકા

અભિસારિકા હતી ત્યારે હતી,
હવે ના.
હવે માત્ર મિત્રતા,
કેવી વિચિત્રતા,
મમતા અધિક, ના માદકતા.

સાન્નિધ્ય ખરું,
પણ ભયથી ભરેલું આક્રંદ.
ડૂબતી નાવનો ડિસ્ટ્રેસ કૉલ.
ભયનું વાદળ
ચહેરા પર ફરી વળે જ્યારે

એની ના કોઈ દવા કે દુવા
કાળે અકાળે.

સ્મૃતિઓ વરસતી,
ધીરા વરસાદની ઝરમર
જેમ છત ચૂવે એમ ટપકતી.
અશ્રુઓ એમ જ સરે.
ટીપાં રોજ બે ચાર પડે,
સુકાય એટલાંમાં ત્યાં તો બીજાં નવાં પડે.

પૂછું ના કે શું થયું,
જે થયું તે થયું.
ના કોઈ પોસ્ટમોર્ટમ.
એમ જ ગાડું કિચૂડાતું ચાલ્યાં કરે.
તેલ ધરીમાં પૂરવાની શી જરૂર?
ઘૂંટણ એમ ઘસાયાં કરે.
અંગો પુરજા શરીરના જૂના થયાં કરે.

અભિસારિકા હતી ત્યારે હતી,
આજ એ ધર્મપરાયણ,
નિજ કાર્યમાં મશગૂલ

પણ અપ્સરાથીય વધુ
કામણ કરવાવાળી વનિતા.
હવે માત્ર મિત્રતા, કેવી વિચિત્રતા. ના અભિસારિકા.

ભરત એસ. ઠક્કર (વિટન, ઈલિનોય)

‘વાનપ્રસ્થેથી સંન્યસ્ત તરફ વળ’

– વિજય શાહ

વધતી ઉંમર સાથે સહદેવ જોશીમાં જમાનાનું એક વધુ ડહાપણ ઉમેરાઈ ગયું અને તેમને હવે ૭૦ થયાં એટલે જમાનાને હું જે જોઈ શકું તે અને વિચારી શકું તે જ સાચું. બાકી બધા મારા જેવું કોઈ જોઈ ન શકે અને વિચારી પણ ના શકે. રાધાને આ નહીં ગમે..સહદેવ જોશીના મતે ગમે તેમ તો તે બે વર્ષે નાની છે અને આમેય બૈરાંની બુદ્ધિ પાનીએ..

કાગડાની જેમ એક ડાળી પર બેઠા અને તે ડાળ તૂટી પડી ત્યારે જ્ઞાન થયું કે મારું વજન વધી ગયું કે ડાળી પણ તૂટી ગઈ. કદાચ એને જ તેનો મોટો દીકરો કહેતો, બાપા હવે મોટી ઉંમરે તમારી બુદ્ધિ નાઠી.

તે દિવસે તે બોલ્યા, રાધા મારી સાથે ૫૫ વરસોથી રહે છે. રોજનું અચ્છેર ધાન ખાય તો તો આજ દિન સુધી કેટલું ધાન ખાઈ ગઈ? અને પાછી મને કહે છે, મને તમે આજદિન સુધી કોઈ સુખ જ ના આપ્યું ! વરસની પાંચ સાદી સાડી લેખે પણ ગણીએ ને તો ૪૦ વરસની ૨૦૦ સાડીઓ થાય અને એક સાડીના સરેરાશ લઘુત્તમ ૧૦૦૦ રૂપિયા લેખે પણ ગણીએ તો બે લાખ રૂપિયા તો કપડાનાં થાય..માથે બ્લાઉઝ, અંડરવેર, બ્રા જેવા બીજા કેટલાય ખર્ચા ગણીએ તો આખી જિંદગીનો મોટામાં મોટો ખર્ચો તો તેં મને કરાવ્યો

થઈને પૂછે છે, તેં મને શું સુખ આપ્યું? સ્ટેટસ, કાર અને શોખોનાં નામે ફર્નિચર, મકાન અને જાતજાતના તારા શોખોને પોષ્યા તેનો ખર્ચો વળી આ ધાન્ય અને કપડાં કરતાં બમણો જ તો વળી.

વિવેકાનંદ તો ડાહ્યા હતા કે લગ્નની ચોરીમાંથી જ પાછા વળી ગયા અને આ બધી ઝંઝટોમાંથી બચી ગયા. પણ હું વંશ અને સંસારના ચક્કરમાં ફસાઈ ને તારાજ થઈ ગયો. તારા બાપા ડાહ્યા હતા અને કન્યાદાન કરી ચૂક્યા, બાકી તેમણે આખી જિંદગી આ ખર્ચો ઉપાડ્યો હોત તો ખબર પડત કે બે ટાઇમ ધાન ખાવાની કેટલી મોટી ઇમોશનલ સજા તેમની છોકરી આપે છે.

રાધાના પપ્પા જાણે પશ્ચાદભૂમાંથી બોલ્યા, “મારી દીકરી તો ડાહી છે પણ આ તમારા ઘરવાળાઓએ તેને બગાડી છે...”

“બગાડી એટલે કેટલી બધી બગાડી છે ! મને કાયમ હુકમો કરે છે, મારી ભૂલો કાઢીને કહે કે હું કહું તેમ જ કરવાનું. એમ તો કંઈ ચાલતું હોય?”

પશ્ચાદભૂમાંથી ચહેરો બદલાય છે અને રાધાનાં સાસુમા એટલે કે મારી બા બોલે છે, “કહ્યું હતું ને કે એને માથે ચઢતાં વાર નહીં લાગે. તો હવે ભોગવ.”

સહદેવ જોશી મૂછો આમળતાં બોલે છે, "ભોગવે છે મારી બલારાત...એ તો હું જ્યાં સુધી સીધો ત્યાં સુધી સીધો. બહુ ટેં ટેં કરશે ને તો લુહારનો એક જ ઘા અને બે કકડા..આ તો ઠીક છે હું મોંમાં મગ ભરીને બેઠો છું, કારણ કે હું માનું છું કે મેં એને ક્યારેક કહ્યું હતું "હમ તો તેરે આશિક હૈ સદિયોં પુરાને" તે હજી આજે પણ સાચું છે. ૫૫ વર્ષ જિંદગીનાં એકધારાં તેણે પણ મને આપ્યાં છે તે ઘણી મોટી વાત છે...પણ હવે પાછું માંગે છે તે રીત ખોટી છે. આટલો બધો ધિક્કાર..નફ્ફટાઈની પણ એક હદ હોય...જેમ તું મને ઓળખી ગઈ છે તેમ શું મને તારાં નખરાં નથી સમજાતાં?

દીકરાની વક્રોક્તિ જાણે સમજાય છે. એ સીધી રીતે કહે છે, બાપા હવે ઘરડા થયા. તમારા દી' પૂરા થયા અને રાધાડી, તું પણ તારા દીકરાની વાદે ચઢી મને કોરાણે મૂકવા માંડી છે ને? બસ બે વરસ પછી તું પણ મારી પંગતે બેસવાની છે. આ હાથપગ નહીં ચાલે ને ત્યારે વહુ પણ તને પૂછ્યા વગર ઘર ચલાવશે ને ત્યારે...હવે સહદેવ જોશીનો ગુસ્સો દીકરા અને વહુ તરફ ફરવા માંડ્યો.

જરા પણ ઠરવા નથી દેતા એ ત્રણેય જણાં. હું તો હવે વસૂકી ગએલી ગાય..દૂધ નથી દેતો અને ટોપલાબંધ ખાવા જોઈએ છે અને પાછા રોગ પણ એટલા બધા આ ઉંમરે કે આંગળીના વેઢે ગણાય નહીં.

ત્યાં રાધા ચાનો કપ લઈને આવી. સહદેવ જોશીને આ વાતનું આશ્ચર્ય તો થયું. ત્યાં નાના પૌત્રે બાને પૂછ્યું, "બા તમને કેવી રીતે ખબર પડી ગઈ કે દાદા ગુસ્સે થયા છે?"

“જો ને છાપું વાંચવાનો ડૉ.ળ કરે છે પણ છાપું તો ઊંધું પકડ્યું છે. આજે જ્યારે હું બબડતી હતી ત્યારે એમનું મોં જોવા જેવું હતું. જોજે હવે, ચા પીશે અને ગુસ્સો બધો પીગળી જશે.”

પાંચેક મિનિટ પછી વિચારધારા બદલાઈ ગઈ.

આખી જિંદગી તારી રાધાએ શું કર્યું તે તો જો જરા. તારા બંને છોકરાઓને ભણાવ્યા ગણાવ્યા અને લાયક બનાવ્યા તે તો જરી જો. ખર્ચાઓનો હિસાબ કરે છે પણ તે રોકાણોને દસ ગણા કરી દૂઝતી ગાય કરી તે તો જો. નાનો ડૅન્ટિસ્ટ અને મોટો ઇન્સ્ટ્રુમૅન્ટ એન્જીનિયર બન્યો. અને તે બધાનો જશ તને આપ્યો.. કહેવાય સહદેવ જોશીના દીકરા એટલે મોરનાં ઇંડાં...ચીતરવાં જ ના પડે. કોઈ એમ કહે છે કે કેળવ્યા રાધાબહેને..? અને આ બધું શક્ય કેમ બન્યું? તેં ક્યારેય તેના વહીવટમાં ડખા નહોતા કર્યા ને?

તો હવે શાનો ડખા કરે છે?

મને તરત જ ઉછાળો માર્યો..તે વખતે મારી પાસે સમય જ ક્યાં હતો ડખા કરવાનો? હવે સમય જ સમય છે ને?

હૃદય તરત બોલ્યું, એટલે હવે ડખા કરવાના?

ડખા તો તું કરે છે. છોકરાવને ઊંચા કરવામાં તું મને નીચો કરી દે છે તે સમજાય છે?

તું જરા મૌન થઈ જા ને? હૃદયની જગ્યાએ રાધા બોલતી હોય તેવું સહદેવ જોશીને લાગ્યું.

મારે હવે સદાને માટે મૌન થઈ જવું છે. મને રૂસણું લીધું ત્યારે હૃદય જલતું રહ્યું. થોડા સમય બાદ બોલ્યું, આ સરતા સંસારે રત થવાને બદલે નિરપેક્ષ થઈને આવતા ભવનું જો. જરા ધરમધ્યાન કર અને તારા વર્તનથી રાધાને પણ સમજાવ..કે તેણે પણ ઉપર ઊઠવું રહ્યું...આપણે તો હવે આ ધૂંસરી ઉતારવાની છે. છોકરાવ પોતાના સંસારે સ્થિર છે. આપણે વાનપ્રસ્થથી સંન્યસ્તે જવાનો સમય છે.

નાની વહુ બોલી, “બા તમે સાચાં છો. દાદાનો ગુસ્સો ઊતરી ગયો. તમારા ચા આપવાના પ્રયોગથી.”

રાધા કહે, ”મારી જીભડી જ એવી કછારી છે કે બોલવા બેસે તો કાતરની જેમ બધું વેતરી નાખે. અને પછી બળ બળ કરું. મારે એમનું માન સાચવવું છે અને સચવાવડાવું છે પણ આ નિવૃત્ત થયા પછી કોણ જાણે કેમ, તેઓ પણ ખૂબ બદલાઈ ગયા છે.”

સહદેવ જોશી ત્યારે બોલ્યા, “રાધા..હું વાનપ્રસ્થથી સંન્યસ્તે જવાનો રસ્તો પકડી શક્યો છું પણ તું હજી એ જ સંસારે સરી રહી છું. હવે મારી જેમ તું પણ સંસારેથી પાછી વળ. બહુ ઓછો સમય છે આપણી પાસે – આત્માને હળવા કરી ઊર્ધ્વગામી બનાવવાનો. અને તારી ચાએ મને એ જ પ્રશ્ન પૂછ્યો..તમારું રિસાવું તે શું છે? માન માટેની માગણી તે શું

છે? અને

તારી ચાહત એ શું છે? મનના ઉધામા. તે તો મને એ જ લખચોરાશીના ફેરામાં ફરી તાણે છે. અને હું શાંત થઈ ગયો. હળવાશ મેળવવા આત્માએ જેનો ત્યાગ કરવાનો છે તેમાં હું ફરીથી સપડાતો જતો હતો. ચાલ સખી, પાછી વળ. અને તું પણ વાનપ્રસ્થથી સંન્યસ્ત તરફ વળ...મારા પ્રત્યેના સ્નેહને આત્મઉદ્ધાર તરફ વાળ.

પ્રવાસ અને પર્યટને જવું

- વિજય શાહ

નિવૃત્ત થયાં પછી પ્રવાસ અને પર્યટને જવું એ અમેરિકાના સિનિયર સિટીજનની મહિને એકવારની પ્રવૃત્તિ છે. બેએક વર્ષથી ફ્રૂઝ અને માસિક શહેરની બહાર જવાની પ્રવૃત્તિમાં અમે મિત્રવર્તુળ વિસ્તારી રહ્યાં છીએ. હ્યુસ્ટનની આજુબાજુ ૨૦૦ માઇલની રેંજમાં ફરવાલાયક જગ્યાઓમાં ફરતાં રહ્યાં છીએ. આજે સાન એંટોનીઓ પાસે આવેલા સાન માર્કોઝ ગામે નેચરલ બ્રિજ કેવર્નની મુલાકાતે મોનાબહેન અને જીજ્ઞાબહેન સાથે જૈન સેંટરનાં વીસેક જેટલાં કપલને લઈને નાની મીની બસમાં સવારે હળવો નાસ્તો વાપરીને

સ્તવનો અને

અંતાક્ષરીની ધમાલ કરતાં અમે સૌ ૩જી ફેબ્રુઆરીએ નીકળ્યા. નવેક વાગ્યે હ્યુસ્ટન છોડ્યું અને ૧૨ વાગ્યે અમે નિર્ધારિત કોમલ નદીના કીનારે પગ છૂટા કર્યા. લંચ લીધું અને કલાકેકના બ્રેક પછી નેચરલ બ્રિજ કેવર્ન્સ પહોંચ્યાં.

આતુરતા તો હતી જ કે આ જોવાલાયક જગ્યા એવી તો કેવી હતી કે તેમાં દાખલ થવાની ૧૫ ડૉલર ફી ભરવી પડે? કેવર્ન્સના પ્રવેશદ્વારમાં છત ઉપર કુદરતી બે શીલાને જોડતા બ્રિજને લીધે નેચરલ બ્રિજ નામ પડ્યું છે...જંગલની વચ્ચે કુદરતની કારીગરી જોવા એક કલાક ચાલવાની અને ૧૪૦ ફૂટ નીચે ઊતરવાની અને ચઢવાની તૈયારી સાથે સૌ મિત્રો ગાઇડને સાંભળતાં એ ગુફામાં પ્રવેશ્યા. ૧૯૬૦માં વિદ્યાર્થીઓના એક ટોળાએ આ ગુફાઓ શોધી અને ધીમેધીમે આ સ્થળ પર્યટકો માટે વિકસાવાયું. પચાસથી સાઠ ફૂટ ઊંચા જિપ્સમ અને તેવી જ ધાતુઓના ખડક ઉપર ધીમી ઝમતી પાણીની બુંદો આવી સુંદર કારીગરી કરે તે જોઈ આબુ અને દેલવાડાનાં દેરાં યાદ આવે ! ખડકો ઉપર પાણી અને પવનના લાંબા સમયના સંપર્કના કારણે થએલી કુદરતી ધસારાની પ્રવૃત્તિથી ઊપસતા વિવિધ આકારોને ગાઇડ મહેલ અને તેના વિવિધ ભાગો તરીકે કલ્પના કરી સરસ સમજાવતો જતો હતો. એક જગ્યાએ પદ્માસનવાળા કોઈ આકારને બુદ્ધનું નામ આપીને રજૂઆત કરી તો ક્યાંક મંદિરનાં ઝુમ્મર કે શેંડેલિયરની આકૃતિ ઉપસાવેલી

બતાવી. જે પણ ઘાટ હતા તેને દેવમંદિરો સાથે સરખાવીને તે સ્વર્ગની અનુભૂતિ કરાવતો હતો.

આવી એકમેકની સાથે જોડાએલી બે ગુફાઓ ઝમતાં પાણી સાથે કુદરતની અજાયબી સમ લાગતી હતી. મનને પુલકિત કરી દે તેવી ક્લાકોતરણી નયનરમ્ય હતી.

ઉતારચઢાવ એવી રીતે કર્યા છે કે માથું ન ભટકાય અને ઝમેલા અને ભેગા થએલા પાણીથી થોડા આઘેરા રહેવાય. પોણા માઇલની લંબાઈની આ ગુફામાંથી બહાર નીકળતાં થાકી

ગએલાં એક બહેને જ્યારે બહાર નીકળતાની બાજી જોઈ ત્યારે આનંદથી બોલ્યાં, હાશ! “મુક્તિની બારી” દેખાઈ....તેમને ગુફામાં પેસતાં જ એવો આભાસ થતો હતો કે નર્કમાં દાખલ થયાં...ખરેખર જો તેમને ખબર ન હોત કે ગુફા છે તો એમ જ લાગત કે આ દેવભૂમિ છે. એક કલાકે બહાર નીકળ્યાં ત્યારે બધાંનાં મોં પર પ્રતિભાવો સુંદર હતા. કોઈક નવી અજાયબી જોઈ હતી.....અને થાકી પણ ગયાં હતાં. સાથે આવેલા ફોટોગ્રાફરે આ દૃષ્ય સરસ સંભારણા પેટે કચકડે મઢી લીધું. કોઈના ચહેરા ભલે ના દેખાતા હોય પણ સંભારણું તો સરસ બન્યું.

કાયમી જિંદગીમાં કદાચ આવું જોવા ન અવાયું હોય પણ નિવૃત્ત થયાં પછી આવા પ્રવાસો ઘણું નવું અને ઉત્સાહસભર જીવન આપે છે.

સાન માર્કોસમાં એક ચર્ચ જોવા ગયાં, જે ૨૦૦ વર્ષ જૂનું હતું. સામાન્ય જિંદગીમાં આપણે વિચારીએ પણ નહીં..પણ નિવૃત્ત થયાં પછી ઘરેડની જિંદગીમાંથી બહાર આવતાં હોઈએ ત્યારે આવા પ્રવાસપર્યટનોનો આનંદ અનેરો હોય છે.

ખાવું, પીવું, ગાવું અને મસ્તીધમાલ એ જ નિવૃત્તજીવનની મઝા હોય છે તેવું સમજાવતા એક બહેને એક મિમિક્રી કરી. તેમની પાસે બેઠેલાં બહેનનું નામ જડાઉબહેન જાણીને તરત

જ એક ઊંચા દરજ્જાની ગાળ તેમનાથી બોલાઈ ગઈ. આજુબાજુવાળા ભડક્યા. અને જડાઉબહેને તો વિદ્રોહ જ કર્યો. “અલી, મારું નામ સાંભળીને કેમ તું ભડકી?”

“થોડાક લજ્જિત થઈને તે બહેન બોલ્યાં, “મારાં સાસુનું નામ જડાઉબહેન હતું તેથી. મને બહુ વિતાડી હતી તેથી તેમનું નામ આવે અને મારાથી ગાળ બોલાઈ જ જાય.” તેમના પતિ બાજુમાં જ બેઠા હતા તે કહે, “હવે તો તું તેમને ગાળ ન આપ...તેમને ગુજરી ગયે પચીસ વર્ષ થયાં.”

મિમિક્રી કરવાવાળાં બહેનની અદા એટલી ફાંકડી હતી કે આખી બસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

સાસુઓની હાજરીમાં સાસુનું ભૂંડું બોલે તે ન ચાલે તેથી તેમણે બીજો વહુનો જોક કરતાં કહ્યું, મિમિક્રી કરતાં બહેનની પુત્રવધુનું નામ બીના એટલે તે બોલ્યાં, “જો બીના આવી ભડકે ને તો હું યમલોકેથી પાછી આવું અને એનો ઊધડો. લઉં.”

ત્યારે કોઈકે ટહુકો કર્યો..“એટલે તો તમારા ગયાં પછી તમને કોઈ યાદ નથી કરતાં ક્યાંક પાછાં આવી જાવ તો?”

પેલાં મિમિક્રી કરવાવાળાં બહેન ત્યારે બોલ્યાં, “સંયુક્ત કુટુંબ હોય કે છોકરાનાં છોકરાંનું બેબીસીટિંગ કરતાં હો તો આ એક દિવસ તમારી છુટ્ટી અને દીકરા કે દીકરીને ખબર પડે

ને કે છોકરાંઉછેરનું માનદ કામ કેટલું કઠિન હોય છે? હાસ્ય નિષ્પન્ન કરતાં કરતાં તે બહેન વાતને ગંભીર કરી ગયાં. કદાચ તેમનાથી તેમનું અંગત દુખ કહેવાઈ ગયું હતું.

હળવા વાતાવરણને વધુ હળવું કરવા અંતાક્ષરી શરૂ કરવાનું સૂચન આવ્યું ત્યારે શબ્દાક્ષરી રમવાની વાત આવી.

“એ વળી શું?”

“અહીં બે ટીમ અને અંતાક્ષરીની જેમ છેલ્લો અક્ષર નહીં પણ પ્રવક્તા શબ્દ આપે તે શબ્દ ઉપર ગીત ગાવાનું.”

“ચાલો ત્યારે તેમ ચાલવા દો.”

કોઈને ગંભીર થવું ગમતું નહોતું. પિકનિક અને પર્યટનોનો હેતુ જ એ હોય ને..સાંજે સાત વાગ્યે સૌ પરત થયાં ત્યારે સૌ પ્રસન્નવદન હતાં. અને આવતે મહિને ફરી મળશુંની વાત સૌના મનમાં રમતી હતી, પિકનિક અને પર્યટનની હકારાત્મક વાતો કર્યાં પછી આ પ્રવૃત્તિમાં તકેદારી રાખવાની કેટલીક વાતો પણ કરી લઈએ.

૧. આપણે આનંદ લઈએ પણ તે કોઈની મજાક કરીને ના લઈએ કે જેથી મિત્રો વધવાને બદલે ઘટે તેવું બને.. શક્ય છે આપણને ખબર પણ ના હોય અને જડાઉબહેનના નામે કોઈની દુખતી રગ દબાઈ જાય.

૨. આપણાં દર્દોથી આપણે વાકેફ હોઈએ તેથી તેને વકરવા ના દેવાય.. ડાયાબિટીસ

હોય અને આગ્રહ કરીને મીઠાઈ પિરસાય તો નીર અને ક્ષીરનો વિવેક આપણે જ રાખવો રહ્યો.

૩. ચાલશે, ભાવશે, ગમશે એવું એક દિવસની ટૂર હોય તો ચાલે પણ લાંબી ટૂર હોય તો આપણી દવા, આપણાં કપડાં પૂરતાં રાખવાં અને અકસ્માત થાય તો સમતા અને યોગ્ય ધીરજ રાખવી. અને ટૂર ગોઠવનાર આયોજક સાથે વિનયથી વર્તવું.

૪. આવા પ્રવાસો દરમ્યાન ક્યારેય એ નહીં ભૂલવું કે આપની ઉંમર કે ધમાલ ઉંમરને શોભે તેવી કરવી..દોડાદોડ અને ફૂદાફૂદમાં હાડકું ભાંગ્યું તો જલદી સંધાતું નથી. કહે છે, મન કદી ઘરડું થતું નથી પણ તનને ઉંમર લાગતી હોય છે. ક્રૂઝ અને દરિયાઈ સફરોમાં આ વાત ખૂબ જ અગત્યની બનતી હોય છે.

૫. ખાવાપીવાનું તો અમર્યાદ મળતું હોય છે તેથી અકરાંતિયાં થઈને તૂટી પડનારાને પેટ પૂરતી સજા કરતું હોય છે, તેથી ભારે ભોજન તો કદાપી નહીં..પણ માપસર ભોજન ટ્રીપને આનંદપ્રદ બનાવતું હોય છે. ભોજન બહારનું છે પણ પેટ તમારું છે તે વાત મદ્યપાનને પણ લાગુ પડતી હોય છે.



તંદુરસ્તી સાચવવી – વિજય શાહ

મારાં નિવૃત્તિ વિશેનાં લખાણોના ગુરુ હરિકિષ્ણ મજમુંદારે મને ઘણી વખત કહ્યું હતું કે પાછલી ઉંમરે “બીચારાં” ના બનવું હોય તો નિવૃત્તિમાં એક આવશ્યક પ્રવૃત્તિ છે, “તંદુરસ્તી સાચવવી” તે. એમણે દર્શાવેલા પ્રયોગોની ટૂંકી નોંધ અત્રે મૂકી છે.

૧.ચાલવું :
તેઓ કાયમ ૧૦૦૦૦ પગલાં ચાલતા..હવે ૧૦૦૦૦ પગલાં કાયમ ચાલવું એ એક કલાક કરતાં વધુ ચાલવાની કવાયત છે.

વેબદુનિયાના આ લેખમાં કહ્યું છે તે મુજબ હરિકૃષ્ણદાદા કહેતા :
સવારે ખુલ્લી હવામાં ચાલવું તે એક સંજીવની સમાન છે. સવારનો સમય સર્વોત્તમ હોય છે કેમ કે આ સમએ હવા શુદ્ધ હોય છે અને પ્રાકૃતિક છટા અને સૂર્યોદયની લાલિમા ખૂબ જ લોભામણી અને શાંતિપ્રિય હોય છે.

લાભ :
* રોજ સવારે ચાલવાથી ફક્ત માંસપેશીઓ જ મજબૂત નથી થતી પરંતુ હાથ, ખભા અને પેટની વધારે પડતી ચરબી પણ ઓછી થઈ જાય છે.

* સવાર સવારની સ્વચ્છ હવા ફેફસાંઓમાં લોહીને શુદ્ધ કરે છે. આનાથી શરીરમાં ઓક્સિહિમોગ્લોબીન બને છે જે શરીરમાં કોશિકાઓને શુદ્ધ ઑક્સિજન પહોંચાડે છે.

* સવારે ચાલવાથી હાડકાં પણ મજબૂત બને છે.

* સવારમાં ચાલવાથી ફક્ત શારીરિક જ નહિ પરંતુ માનસિક ક્ષમતા પણ વધે છે અને તેનાથી તણાવ પણ દૂર થઈ જાય છે.

* ઓછામાં ઓછું દિવસમાં ત્રણ કિલોમિટર ચાલવું જોઈએ.

ધ્યાનમાં રાખવા જેવી વાતો :

* પગરખાં આરામદાયક પહેરો જેથી કરીને ચાલવામાં તકલીફ ન થાય.

* ચાલવા માટે શાંત અને ચારે બાજુ લીલોતરી હોય તેવું સ્થળ પસંદ કરો.

* ચાલતી વખતે લાંબા અને ઊંડા શ્વાસ લેવાની આદત પાડો. અને સારા વિચાર કરો.

* પોતાના હાથને નીચેની તરફ રાખો અને તેને બરાબર હલાવતાં રહો જેનાથી સ્ફૂર્તિ મળે.

* હૃદયરોગ, રક્તપિત્ત કે અન્ય કોઈ ગંભીર બીમારીવાળી વ્યક્તિએ ચાલતાં પહેલાં ડૉક્ટરની સલાહ અવશ્ય લેવી.

* દરેક વ્યક્તિએ પોતાની ઉંમર અને ક્ષમતા અનુસાર ચાલવું જોઈએ.

* ચાલવાનું શરૂ કરતી વખતે શરૂમાં અને અંતે હંમેશાં ગતિ ધીમી રાખો. ચાલીને આવ્યા બાદ સંતુલિત આહાર લો.

૨. યોગ :

તેઓ માનતા કે જો ચાલવાનું કોઈ કારણસર શક્ય ના હોય તો હળવા યોગના પ્રયોગો ૩૦ મિનિટ સુધી કરવા. જૈન સિંટર હ્યુસ્ટન ખાતે થએલ યોગશિબિરમાં અરુણ યોગીએ બે દિવસ યોગના પ્રયોગો શીખવ્યા હતા.

https://www.youtube.com/watch?v=d4vkHERtQ5I (સૌજન્યઃ નીતિન મહેતા)

૩. બહુ પાણી પીવું :

તેઓ માનતા કે નરણે કોઠે ૪ ગ્લાસ કોશીરિયું પાણી પિવાની ટેવ પાડો. અને વધતાં વધતાં ૮ ગ્લાસ સુધી પીઓ.

૪ સમતોલ આહાર :

આજીવન તંદુરસ્તી માટે આદર્શ સમતોલ ખોરાક – **મુકુંદ મહેતા**

આજ સુધી અનેક લેખોમાં સમતોલ ખોરાકની વાતો તમે વાંચી હશે. આરોગ્યલક્ષી પ્રવચનોમાં પણ સાંભળી હશે અને ટી.વી.માં કે ડી.વી.ડી.માં જોઈ પણ હશે. એક ચર્ચા તરીકે તેમાં, ખાસ કરીને ટેબલટૉકમાં પણ ભાગ લીધો હશે પણ એવું કેમ હશે કે તમારી સ્થિતિ મહાભારતના દુર્યોધન જેવી છે, જે ધર્મ શું છે એ જાણતો હોવા છતાં પણ તેનું પાલન કરી શકતો નહોતો તેમ તમે પણ તંદુરસ્તી માટે આદર્શ ખોરાક વિશે બધું જાણતા હોવા છતાં પણ

સામે ડીશમાં ગરમાગરમ ભજિયાં કે ફાફડા હોય અને સાથે મીઠાઈનું ઢેકું હોય તો શરીરમાં રોગ છે, ઉંમર થઈ છે એવો આગળપાછળનો કોઈ વિચાર કે કોઈ પણ ખચકાટ વગર નિરાંતે ખાઓ છો ! તો ચાલો, આજે તમને આજીવન તંદુરસ્તી માટે તમને ભાવે તેવા ખોરાકને સમતોલ કરીને કેવી રીતે ખાવો તેની વાત કરીએ.

૧. તંદુરસ્તી એટલે શું ?

વિશ્વ આરોગ્ય સંસ્થાએ શરીરમાં રોગ કે નબળાઈનો અભાવ એટલે તંદુરસ્તી એવું નથી જણાવ્યું. તંદુરસ્તીની ખરી વ્યાખ્યા "શરીરની શારીરિક, માનસિક અને સામાજિક એવી ટોચની પરિસ્થિતિ જેમાં કોઈ તકલીફ હોય નહીં." મારી ભાષામાં "જેના મનમાં ઉમંગ હોય, તનમાં તરવરાટ હોય, ચહેરો હસતો હોય અને કોઈ પણ પ્રકારનો શારીરિક શ્રમ કે માનસિક આઘાત પણ ખમી શકે તે વ્યક્તિ તંદુરસ્ત કહેવાય." આવી તંદુરસ્તી મેળવવી અને જાળવી રાખવી (ગમે તે ઉંમરે) એ તમારા હાથમાં છે.

૨. સમતોલ ખોરાક એટલે શું ?

તમારા શરીરને જરૂરી કૅલરી (પુરુષો- ૨૦૦૦, સ્ત્રીઓ- ૧૮૦૦) માટે, તમારા શરીરની વૃદ્ધિ અને ૨૨ વર્ષ પછી ઘસારા માટે જરૂરી પ્રોટીનનું પ્રમાણ (૫૦થી ૬૦ ગ્રામ), શરીરને શક્તિ મળે તે માટે જરૂરી કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ (૨૫૦થી ૩૦૦ ગ્રામ), ઇમર્જન્સીમાં જરૂર પડે અને શરીરને અમુક કાર્યોમાં જરૂર પડે તેટલું ચરબીનું પ્રમાણ (૩૫થી ૪૦ ગ્રામ), શરીરનાં અનેક કાર્યો માટે તેમજ પાચકરસો (એન્ઝાઇમ), લોહી, હોર્મોન્સ અને ન્યૂરોટ્રાન્સમિટર્સની રચના અને બંધારણ માટે જરૂરી વિટામિન્સ અને ખનિજ પદાર્થો અને છેલ્લે શરીરના પ્રવાહીનું બૅલેન્સ રાખવા જરૂરી અઢીથી ત્રણ લિટર ચોખ્ખું પાણી અને બીજાં પ્રવાહી લેવા માટે આયોજન કરવામાં આવે તેને

સમતોલ ખોરાકનું આયોજન કહેવાય. અહીં એક વાત ધ્યાન રાખવાની છે કે આ સમતોલ ખોરાક તમારી ઉંમર, જાતિ, તમે કેટલો શારીરિક શ્રમ કરો છો કે નથી કરતાં તેના ઉપર તેમજ સ્ત્રીઓમાં સગર્ભાવસ્થા વખતે અને નાનાં બાળકોના શરીરની વૃદ્ધિ માટે વગેરે કારણો ઉપર આધાર રાખે છે.

ફૂડ ગૃપ કેટલાં છે અને તેમાંથી શું મળે ?

ફૂડગૃપ – ૧ અનાજ જેમાં ઘઉં, ચોખા, રાગી, બાજરી, મકાઈ, જવ અને તેના લોટ.

૨. કઠોળ : જેમાં કાબુલી ચણા, કાળા ચણા, તુવેર, વટાણા, રાજમા, મગ, ચોળા અને સોયાબીન.

કયાં પોષકતત્ત્વો મળે ? પ્રોટીન, લોહતત્ત્વ, ફાઇબર, વિટામિન બી કૉમ્પ્લેક્સ, થોડીક ચરબી મળે, કાર્બોહાઇડ્રેટ પણ મળે જેનાથી શક્તિ મળે, ફોલિક એસિડ મળે.

૩. દૂધ અને પોલ્ટ્રી : દૂધ, દહીં, છાશ, પનીર, ચીઝ, ચીકન, મીટ, ઈંડાં, માછલી ગણાય.

કયાં પોષકતત્ત્વો મળે ? કેલ્શ્યમ, પ્રોટીન, વિટામિન અને મિનરલ્સ મળે. ઉપરાંત સેચ્યુરેટેડ ફૅટ મળે જેમાં કોલેસ્ટ્રોલ હોય.

૪. ફળો અને શાકભાજી : કેરી, સફરજન, નારંગી, મોસંબી, પપૈયું, ચીકુ, દ્રાક્ષ, તરબુચ અને કાકડી, પાલખ, મેથી, ગાજર, મૂળા, બીટ, રીંગણ, ભીંડા, ચોળી, ગુવાર, વટાણા, મરચાં, ડુંગળી, ફ્લાવર, કોબી, શક્કરિયાં, બટાકા, સૂરણ, રતાળુ.

કયાં પોષક તત્ત્વો મળે ? કેરેટોનોઇઝ્ડ, ફ્લેવેનોઇઝ્ડ, ફાઇબર, વિટામિન સી, કૅલ્શ્યમ-આયર્ન, વિટામિન બી કૉમ્પ્લેક્સ, વિટામિન એ, મેગ્નેશિયમ ફોસ્ફેટ્સ, સ્ટાર્ચ.

૫. ચરબી અને સાકર : જેમાં માખણ, ઘી, વેજીટેબલ ઘી, રસોઈમાં વપરાતાં બધા જ પ્રકારનાં તેલ, જેમાં તલ, મગફળી, કપાસિયા, સૂર્યમુખી, ઓલીવ, સરસવ, નાળીએર, રાઈનું તેલ

ગણાય. સાકર જેમાં ખાંડ, ગોળ, મધ.

કયાં પોષકતત્ત્વો મળે ? શરીરને જરૂરી ફૅટી એસિડ, જરૂરી કોલેસ્ટ્રોલ અને તાત્કાલિક શક્તિ મળે.

બેલેન્સ્ડ (સમતોલ) ડાએટ (આહાર) લેવા શું અને કેટલું ખાશો ?

શરીરને ઉપયોગી (ઉપર જણાવેલા) ઘટકો યોગ્ય પ્રમાણમાં શરીરને મળે તેવો ખોરાક એટલે સમતોલ આહાર કહેવાય. વિગતવાર સમજાવું તો ખોરાકમાં -

૧. અનાજ (ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મકાઈ)

૨. કઠોળ (મગ, ચણા, વટાણા, તુવેર, અડદ, રાજમા, વાલ, ચોળા)

૩. વારાફરતી બધાં લીલાં શાકભાજી. ૪. એકથી ત્રણ ફળો. ૫. પ્રમાણસર ચરબી (તેલ- ઘી). ૬. ૨૫૦થી ૫૦૦ મિલિ. દૂધ. ૭. નોનવેજીટેરીઅન માટે એક ઈંડું અને / અથવા મીટ/ માછલી. નોનવેજીટેરીઅનને પશુપક્ષીનાં મીટ, ઈંડાં અને માછલીમાંથી રોજની જરૂરતનું પ્રોટીન (૫૦- ૬૦ ગ્રામ) મળી જાય છે.

વેજીટેરીઅને આટલાં પ્રોટીન મેળવવા આખું અનાજ (ચાળ્યા વગરનું) અને વધારે કઠોળ લેવું જોઈએ.

પુરુષનો ખોરાક સ્ત્રી કરતાં વધારે હોય છે.

૮. રોજ ૩ થી ૪ ખજૂર અથવા અંજીર અને પાંચ-પાંચ દાણા સૂકામેવાના (કાજુ, બદામ, પિસ્તા, અખરોટ) લેવા જોઈએ. સૂકામેવાના વિકલ્પે ૧૦૦ ગ્રામ જેટલા ચણા અને શિંગનું મિક્ષર પણ લઈ શકો છો.

ખોરાકનાં પોષકતત્ત્વો જળવાઈ રહે તે માટે શું કરશો ?

ખોરાક આંખને ગમે તેવો, જીભને સ્વાદિષ્ટ લાગે તેવો અને સહેલાઈથી પાચન થાય તેવો હોવો જોઈએ.

આ સિવાય તેમાં રહેલાં પૌષ્ટિક તત્વો જળવાઈ રહેવાં જોઈએ. આજકાલ જે જંકફૂડ કે ફાસ્ટફૂડ બજારમાં મળે છે તેમાં શરીરને જરૂરી વિટામિન્સ, મિનરલ્સ લગભગ હોતાં નથી. કાર્બોહાઇડ્રેટસ અને ચરબી વધારે હોય છે. પ્રોટીન ઓછું હોય છે. ખોરાકને રાંધીને ખાવા યોગ્ય બનાવવો અને તે પણ તત્વો જળવાઈ રહે તેવી રીતે રાંધવો એ એક પ્રકારની કળા છે.
આટલું યાદ રાખવું જરૂરી છે :
૧. ફળો અને શાકભાજી ઉપરથી જંતુનાશક દવા કાઢી નાખવા તેને એક મોટા ટબમાં સાધારણ ગરમ પાણીમાં પલાળી રાખવાં જરૂરી છે.

૨. શક્ય હોય ત્યાં શાકભાજી અને ફળોના રેસાનો ફાયદો શરીરને મળે માટે તેની છાલ સાથે કાચાં અથવા રાંધેલાં ખાવાં જોઈએ.

૩. ઘરમાં ચાર વ્યક્તિ હોય તો પ્રત્યેક વ્યક્તિદીઠ ૩ થી ૪ ચમચી તેલ શાકભાજી અને બીજી તળેલી વસ્તુઓમાં શરીરમાં જાય તે ખાસ ધ્યાન રાખશો.

૪. એક વાર તળવામાં વપરાએલું તેલ ફરીવાર તળવામાં વાપરશો નહીં. કારણ તેમાં શરીરને નુકસાન કરે તેવાં હાઇડ્રોકાર્બન્સ હોય, જેનાથી કૅન્સર થાય. મોટી ઉંમરે કૅમિકલ ફૅક્ટરીમાં

બનાવેલ દવા (વિટામિન મિનરલ્સવાળાં ટોનિક) લેવાના વિકલ્પે ફળો, શાકભાજી અને દૂધ, દહીં, છાશ અને પનીર લેવાં જોઈએ, જેમાંથી શરીરને જરૂરી બધાં જ પોષકતત્ત્વો મળે.

૫. તમારા શરીરમાં રહેલું હિમોગ્લોબીન યોગ્ય પ્રમાણમાં (સ્ત્રીઓમાં ૧૩ થી ૧૪ ગ્રામ ૯૦થી ૧૦૦ ટકા અને પુરુષોમાં ૧૪થી ૧૫ ગ્રામ ૧૦૦થી ૧૧૦ ટકા) રાખવા માટે લોહતત્ત્વ (આયર્ન) અને પ્રોટીનનું પ્રમાણ અનુક્રમે ૨૦થી ૩૦ મિ.મિ. ગ્રામ અને ૬૦થી ૮૦ ગ્રામ રાખવું જરૂરી છે, જેથી તમારી રોગપ્રતિકારક શક્તિ જીવનભર જળવાઈ રહે. કુદરતી સ્વરૂપમાં આયર્ન મળે તે માટે ખજૂર, અંજીર, પાલખ, બીટ, ટામેટાં, સફરજન, કાકડી, ગાજર, કેરી, તરબૂચ વગેરે યોગ્ય પ્રમાણમાં લેવાં જરૂરી છે. એ જ રીતે પ્રોટીન માટે અનાજ, કઠોળ, દૂધ વગેરે બને તેટલાં કુદરતી ફૉર્મમાં લેવાં જોઈએ. આ ફાયદાની વાત થઈ.

૬. બધા જ પ્રકારના રાંધેલા ખોરાકમાં મીઠું, મરચું અને તૈયાર મસાલાનો ઉપયોગ શક્ય તેટલો ઓછો કરશો તો બી.પી. થશે નહિ અને હોજરી અને આંતરડાંમાં અલ્સર (ચાંદાં) પડતાં અટકશે.

૭. પહેલાં જણાવ્યા પ્રમાણે ખોરાકમાં મેંદો, ચરબી અને ખાંડનો ઉપયોગ વધારે કરશો તો જિંદગીભર તમારો સાથ આપનારા બી.પી., ડાયાબિટીસ જેવા અને તાત્કાલિક મરણને શરણ જવું પડે તેવા હાર્ટ ઍટેક અને કૅન્સર જેવા રોગ થશે.

૮. ખોરાક રાંધેલો હોય કે તૈયાર, ખૂબ ચાવીને ખાશો તો તે ખોરાકમાંનાં તત્વો તમારું શરીર ગ્રહણ કરી શકશો.

૯. જમવાનો સમય અને નાસ્તાનો સમય ચોક્કસ પાળશો.

૧૦. જે દેખ્યું તે બધું જ ખાઈ જવાનું, અને મફત મળતું હોય તો અકરાંતિયાં માફક ખાવું તેવી ટેવ રાખશો નહિ. પ્રમાણભાન રાખવું જરૂરી છે. સમતોલ અને પૌષ્ટિક ખોરાક કેવી રીતે લેવો તે તમારે હવે નક્કી કરવાનું છે. રોગરહિત લાંબા આયુષ્ય માટે જેમ નિયમિત કસરત જરૂરી છે તે જ રીતે તમારે યોગ્ય ખોરાકનું આયોજન એવી રીતે કરવાનું છે કે તમારા શરીરને જરૂરી બધાં જ તત્વો યોગ્ય પ્રમાણમાં નિયમિત મળે.

સૌજન્યઃ ગુજરાત સમાચાર

“નિવૃત્ત થયા પછી”નો ટૂંક સાર... જિંદગીને છુટ્ટી મૂકી દો

જાપાનના એક ડૉક્ટર છે. તેમનું નામ શીગૈકી હિનોહરા. આવતી તા. ૪ ઑક્ટોબરે ડૉ. હિનોહરા ૧૦૨ વર્ષના થશે. તેમણે સુખ અને સ્વાસ્થ્ય વિશે પંદર પુસ્તકો લખ્યાં છે. ૧૦૧ વર્ષના થયા ત્યારે ‘લિવિંગ લૉંગ, લિવિંગ ગૂડ’ વિશે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું કે એનર્જી માત્ર સારું ખાવાથી કે પૂરતી ઊંઘ કરવાથી નથી આવતી પણ ખરી એનર્જી માત્ર સારું ફિલ કરવાથી આવે છે, મજામાં રહેવાથી આવે છે. તેમણે કહ્યું કે જિંદગીને છુટ્ટી મૂકી દો. જમવા અને સૂવા માટે બહુ નિયમો ન બનાવો.

બાળકો આવા કોઈ નિયમોને અનુસરતાં નથી છતાં એ મસ્ત, ખુશ અને તંદુરસ્ત રહે છે, કારણ કે એ દરેક વસ્તુનો આનંદ ઉઠાવે છે. તમે મજામાં રહેશો તો સાજા રહેશો. મનને મજબૂત રાખો, નેગેટિવ વિચારો અને નકારાત્મક માનસિકતા જ માણસને બીમાર પાડે છે કે દુઃખી રાખે છે.

શરીર દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થતું હોય છે. માણસ મનથી પરિસ્થિતિને સ્વીકારતો નથી એટલે તેને આકરું લાગે છે.....Think positive...Enjoy every moment of life...

સૌજન્યઃ વિજય ધારિયા

હકારાત્મક વલણો

- રમેશ તન્ના



નિવૃત્ત થયાં પછી અનેક લોકો માટે પ્રાણપ્રશ્ન હોય છે કે હવે શું કરવું ? ટાઇમ પાસ કરવા માટે તેઓ રીતસર મથતા હોય છે ત્યારે રમેશભાઈ તન્ના તેમની ફેસબુક પરની કૉલમ “આજની પોઝિટીવ સ્ટોરી” દ્વારા અનેક પ્રેરકપ્રવૃત્તિ તરફ જાણે કે આંગળી ચીંધે

એક વાત નોંધશો કે આ ઉદાહરણોમાં દરેક જણે નિવૃત્ત થવાની રાહ જોઈ નથી પણ આ દિશાસૂચન છે.)

(૧) છૂટાછેડા સુધી પહોંચેલાં દંપતીઓનાં હૃદયોને પુનઃ એક કરતાં સંવેદનશીલ **મનહર મહેતા.**

સમાજમાં મુક્તિ અને સ્વતંત્રતાનું વાતાવરણ જેટલું વધી રહ્યું છે તેટલું જ માણસ માણસ વચ્ચે અંતર પણ વધી રહ્યું છે. મુક્તિ જાણે કે માણસોને છૂટા પાડી રહી છે. આવા માહોલમાં અમદાવાદમાં ફેમિલી કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે **મનહર મહેતાએ** દાયકાઓ સુધી સંવેદના અને પ્રેમની મદદથી અનેક પરિવારોને તૂટતા બચાવ્યા છે. અનેક દંપતીઓને છૂટાં પડતાં રોક્યાં છે.

(૨) અમદાવાદના જુહાપૂરા વિસ્તારમાં પ્રો. ડૉ. **મહેરૂન્નિસા દેસાઈ** છેલ્લાં ૨૬ વર્ષથી 'અમવા' (અમદાવાદ મુસ્લિમ વુમન એસોસિએશન) સંસ્થા ચલાવે છે. મુસ્લિમ મહિલાઓમાં વૈચારિક પરિવર્તન સાથે તેમને સ્વાવલંબી બનાવવાની તેઓ સફળ મથામણ કરી રહ્યાં છે. આ સંસ્થાનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત છે. પ્રો. ડૉ.. મહેરૂન્નિસા દેસાઈ કહે છે કે ૨૬ વર્ષના અમારા પ્રયાસો થકી મહિલાઓમાં થોડાક અંશે પરિવર્તન આવ્યું હોય તેવું અમને લાગે છે. અમવા સંસ્થા અનેકવિધ પ્રવૃત્તિઓથી ધબકતી રહે છે.

(૩) ગરીબ બાળકોની રોગ પ્રતિકારક શક્તિ વધારવા બાજરીના લાડુની નવી રેસિપી શોધી.

અમદાવાદ : આ શહેરમાં અનેક અનોખાં અને સમાજસેવી દંપતી વસે છે. **પરાગ શાહ અને જ્યોતિ શાહ** આવું જ એક સમાજને પ્રતિબદ્ધ યુગલ છે. આમ તો શાશ્વત ટ્રસ્ટના નેજા હેઠળ તેઓ ઘણી પ્રવૃત્તિઓ કરે છે, પરંતુ ગરીબ બાળકોની રોગ પ્રતિકારક શક્તિ વધારવા તેમણે બાજરી અને ખજૂરની લાડુડીની કરેલી શોધ ધ્યાન ખેંચે તેવી છે.

પરાગભાઈ કહે છે કે આપણા સમાજમાં ધીમે-ધીમે લોકોની રોગ પ્રતિકારક શક્તિ ઘટી રહી છે, તેથી નવાનવા રોગો થઈ રહ્યા છે. અમે વિચાર કર્યો કે ગરીબ લોકો માટે કંઈક એવું કરીએ કે તેમની રોગ પ્રતિકારક શક્તિ વધે. પરાગભાઈએ ૩૫થી ૪૦ વૈદ્યો સાથે આશરે આઠ મહિના સુધી વિચારવિમર્શ કર્યો. તેઓ એવું કશુંક શોધવા માગતા હતા જે બનાવવામાં સરળ હોય, સસ્તું હોય અને કોઈ પણ ગૃહિણી તે બનાવી શકે. આ ઉપરાંત એ વાનગી એવી હોય કે જે માત્ર બૅક્ટેરિયા સામે જ નહીં, પરંતુ વાયરસ સામે પણ ઝીક ઝીલી શકે. તેઓ પોતે માઇક્રોબાયોલૉજી સાથે બીએસસી થએલા. ત્રણ મહિનાના સંશોધન પછી તેમણે બાજરીના લાડુની શોધ કરી. તેમાં બાજરીના લોટ ઉપરાંત દેશી ગોળ, ગાયનું ઘી, ગુંદર, સૂંઠ, અશ્વગંધા વગેરે અનેક ચીજ અને મસાલા નાખ્યા. એ પછી તેમણે અમદાવાદના એક ઝૂંપડપટ્ટી વિસ્તારનાં ૧૦૦ બાળકો પર તેનો પ્રયોગ કર્યો. દરરોજ આ બાળકોને તાજા બનાવેલા લાડુ ખવડાવતા હતા. પ્રયોગ પહેલાં બાળકોના ૩૭ પ્રકારના બલ્ડ ટેસ્ટ પણ કરાવ્યા. એ વખતે સ્વાઇન ફ્લૂનો રોગચાળો

પણ હતો. ત્રણ મહિના દરમિયાન એક પણ બાળકને શરદી, તાવ, કશું જ થયું નહીં. તેમની રોગ પ્રતિકારક શક્તિ ઘણી વધી અને લીવર તથા કિડનીની સ્થિતિ પણ સુધરી.

(૪) કાર્ટૂનિસ્ટ અને લેખક **આબિદ સુરતી** એક વખત મુંબઈમાં પોતાના મિત્રના ઘરે ગયા. ટપકતા નળના કારણે તેઓ આખી રાત ઊંઘી ના શક્યા. મિત્રને કહ્યું કે તું આ નળ કેમ રિપેર કરાવી લેતો નથી. મિત્રએ કહ્યું કે પ્લમ્બર મળતો નથી. આ ઘટના પછી આબિદ સુરતીએ મુંબઈમાં ઘરે ઘરે જઈને ટપકતા નળ બંધ કરાવવાનું શરૂ કર્યું. ડ્રૉપ ડેડ ફાઉન્ડેશન સ્થાપ્યું. એક દાયકાથી તેઓ સેવ વૉટર, સેવ સૃષ્ટિના મંત્ર સાથે આ કામ કરી રહ્યા છે. પહેલાં તો એકલા હતા, હવે અનેક લોકો તેમની સાથે જોડાયા છે. તેમણે મુંબઈમાં કરોડો લિટર ટપકતું કે વહેતું પાણી અટકાવ્યું છે. તેઓ લીક ફ્રી ઇન્ડિયાના પાયોનિઅર કહી શકાય.

(૫) લોકોમાં સુખ, સંતોષ અને શાંતિના સ્થાપન માટે સતત મથતા મુંબઈના **કિશોરભાઈ દડિયા.**

આ વિશ્વમાં ઘણી એવી વ્યક્તિઓ હોય છે જેમની પ્રવૃત્તિ આપણને નવાઈ પમાડે. એવા જ એક છે મુંબઈના કિશોરભાઈ દડિયા. તેઓ વર્ષોથી સાવ જુદા જ પ્રકારની પ્રવૃત્તિ થાક્યા વિના કરી રહ્યા છે. વર્ષો પહેલાં તેમને લાગ્યું કે આધુનિક મનુષ્ય પાસે પ્રચૂર સાધનો, અમાપ સગવડ અને ઘણી સમૃદ્ધિ છે છતાં, તે દુઃખી છે. સાચું સુખ કોને કહેવાય અને તેને કેવી રીતે પમાય તે બાબતનો પ્રસાર કરવા માટે તેમણે ગાંઠનું ગોપીચંદન

સંખ્યામાં પુસ્તકો પ્રકાશિત કર્યાં. સમાજ સુધી એ પુસ્તકો પહોંચાડ્યાં અને પોતે પણ લોકો સુધી આ વાતને લઈને ગયા. આપણા સમાજમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી ત્યાં સુધી સમજણ અને સંયમનું અસ્તિત્વ હતું. આપણાપણાની ભાવના હતી. જેમ જેમ પૈસા આવતા ગયા, મકાનો મોટાં થતાં ગયાં તેમ તેમ દીવાલો વધતી ગઈ છે. આવું માનતા કિશોરભાઈએ જીવનમાં સુખ-શાંતિ-આનંદ-ખુશી આ વિષયો પર ૪૫,૦૦૦થી વધુ કૉપીઓ વિના મૂલ્યે વહેંચી.

હમણાં તેઓ વ્યસનમુક્તિ ઉપર મોટું કામ કરી રહ્યા છે. સમાજમાં વિવિધ પ્રકારનાં વ્યસનોનો ભરડો વધી ગયો છે ત્યારે તેઓ સમાજના જુદા જુદા વર્ગો પાસે જઈને વ્યસનમુક્તિ માટેના પ્રયાસો કરે છે. છેલ્લા સાત મહિનામાં તેમણે ૩૫૦ વ્યક્તિને તમાકુ છોડાવી છે.

કિશોર દડિયાનો એક લીટીનો મુદ્રાલેખ એટલો જ છે કે લોકો સુખી થાય. હમણાં વળી તેમણે સ્વભાવનું મૅનેજમેન્ટ કરવા પર લોકજાગૃતિ શરૂ કરી છે. નાના નાના પ્રયોગ કરવાથી સ્વભાવ સુધારી શકાય છે તેવું તેમનું માનવું છે. આ માટે તેમણે એક આખો અભ્યાસક્રમ પણ તૈયાર કર્યો છે. તેઓ પ્રયોગો કરતાં જાય છે અને નવા નવા પ્રયોગો તરફ ગતિ કરતાં જાય છે.

અત્યાર સુધી તેઓ દેશની ૨૦૦થી વધુ સામાજિક સંસ્થાઓ અને મંડળો તથા ૧૭૫થી વધુ શાળાઓમાં 'જીવનમાં સફળતા' એ વિષય પર વ્યાખ્યાનો આપવા ગયા છે.

જ્યારે પણ કિશોરભાઈનો ફોન આવે ત્યારે તેઓ ઘૂંટી ઘૂંટીને એક જ વાત કહે કે હવે મારે મારા જીવનનાં બાકી રહેલાં તમામ વર્ષો સમાજ માટે જ આપવાં છે. અમે તેમને પૂછીએ છીએ કે આ બધી પ્રવૃત્તિઓનો હકારાત્મક પ્રતિસાદ મળે છે ? ક્યારેક નિરાશા નથી થતી ? તેઓ હસતાં હસતાં કહે છે કે સારી ભાવનાથી થએલું કોઈ પણ કાર્ય ક્યારેય નિષ્ફળ જતું નથી. મને લોકોના એટલા સરસ ફીડબૅક મળે છે કે મારો કામ કરવાનો ઉત્સાહ વધી જાય છે. હસતાં હસતાં તેઓ ઉમેરે છે કે આ પ્રવૃત્તિને કારણે મારું આયુષ્ય પણ વધશે તેવું મને લાગે છે.

(૬) અમદાવાદઃ ભારતરત્ન શ્રી ગુલઝારીલાલ નંદા બે-બે વખત ભારતના વચગાળાના વડાપ્રધાન બનેલા. તેમના પૌત્ર **ડૉ. તેજસ નાયક** બાળકોના નિષ્ણાત સર્જન છે. અમદાવાદમાં રહે છે, પરંતુ સાબરકાંઠાના વિજયનગર તાલુકાનાં ૨૮ ગામોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જૂન, ૨૦૦૯થી નવેમ્બર, ૨૦૧૬ સુધીમાં આ ૨૮ ગામો પૈકી દરેકેદરેક ગામમાં તેમણે બારથી વધુ વખત જઈને ૩૫,૦૦૦થી વધુ બાળકોને સેવા આપી છે. તેમણે ૨૮ ગામની શાળાઓનાં એકથી સાત ધોરણનાં ૨૮૦૦ બાળકોને પસંદ કર્યાં છે. દર મહિને અઠવાડિયાના ચાલુ દિવસે તેઓ ત્યાં જાય છે. ત્યાંના

નિવૃત્ત થયા પછી
ગામડામાં આવેલા પોતાના ઘરે રહીને ત્રણથી ચાર દિવસ કામ કરે છે. ગામની શાળાઓમાં જઈને દરેક બાળકનું આરોગ્ય તપાસવામાં આવે છે. બાળકોને કોઈ રોગ થયો છે કે નહીં તે, કુપોષણ કે કોઈ માંદગી હોય તો તેની નોંધ રાખવામાં આવે છે. બાળકોને દરેક વખતે વિટામિન - એ, વિટામિન - ડી, મલ્ટી વિટામિન, આયર્ન, ટૉનિક અને કરમિયાંની દવા આપવામાં આવે છે. કોઈ બીજા રોગ હોય તો તેની ત્યાં દવા કરવામાં આવે છે. બાળકોને સ્વાસ્થ્ય અને પોષણ માટે લેખિતમાં અને મૌખિક સલાહ આપવામાં આવે છે. બાળકોને રમકડાં અને પિપરમિંટ પણ આપવામાં આવે છે. જે ૨૮૦૦ બાળકો પસંદ કરાયાં છે તેમને દવાઓ અને રમકડાં ઉપરાંત શર્ટ-પેન્ટ, કંપાસ બૉક્સ, ચંપલ, સ્વેટર વગેરે ચીજ-વસ્તુઓ આપવામાં આવે છે.

(૭) અમદાવાદની વી.એસ. હૉસ્પિટલનાં દર્દીઓનાં ગરીબ અને જરૂરિયાતમંદ સગાંઓને છેલ્લા અઢી દાયકાથી **હેમંતભાઈ પટેલ** અને તેમનો પરિવાર જાતે રસોઈ બનાવીને જમાડી રહ્યો છે. પ્રારંભમાં આ પરિવાર દ્વારા દરરોજ સાંજે જમાડવાની પ્રવૃત્તિ થતી હતી. હવે છેલ્લા એક વર્ષથી બપોરે પણ જમાડવામાં આવે છે. હેમંતભાઈ અને તેમનો પરિવાર જાતે જ રસોઈ બનાવે છે. હા, સહયોગ માટે એક હેલ્પર રાખ્યો છે. દરરોજ સવારે દાળ, ભાત, શાક, રોટલી પીરસવામાં આવે છે તો સાંજે ખીચડી, શાક અને રોટલીનું જમણ આપવામાં આવે છે. બપોરે અઠવાડિયામાં એક દિવસ અને સાંજે અઠવાડિયામાં બે દિવસ મિષ્ટાન્ન પણ આપવામાં આવે છે. ગરમ-ગરમ તૈયાર રસોઈ લઈને હેમંતભાઈ વી.એસ.હૉસ્પિટલમાં એક નિયત જગ્યાએ ઊભા રહે. વૉર્ડમાં દરેકને

જણાવી દેવામાં આવે કે રસોઈ તૈયાર થઈ છે. થઈ ગયા પછી

જેમને જરૂરિયાત હોય તેઓ પોતાનાં વાસણમાં લઈ જાય.

૧૯૯૯માં હેમંતભાઈ (ઉં.૫૯)ની દીકરી ધ્વનિ બીમાર પડી. એ વખતે હેમંતભાઈની સ્થિતિ ખૂબ જ કંગાળ હતી. તેમની પાસે દીકરીને જમાડવાના પૈસા નહોતા. એ વખતે આવી પ્રવૃત્તિનું બીજ રોપાયું. એ પછી ૨૦૦૨માં ગોધરાકાંડ પછી ઘણા દિવસ સુધી બધું બંધ રહ્યું. એ વખતે વી.એસ.નાં દર્દીઓનાં સગાંઓને જમવાની ખૂબ જ અગવડ પડતી હતી. હોટેલો કે રેસ્ટોરન્ટ ચાલુ જ નહોતી. એ વખતે હેમંતભાઈએ જમાડવાની આ પ્રવૃત્તિ શરૂ કરી. એ તારીખ હતી પહેલી માર્ચ, ૨૦૦૨ની. શરૂઆતમાં તેઓ માત્ર ખીચડી અને શાક આપતા અને પાંચ રૂપિયા લેતા. હેમંતભાઈ કહે છે કે ઘણા લોકો પાસે પાંચ રૂપિયા પણ નહોતા. એ પછી અમે પાંચ રૂપિયા લેવાનું પણ બંધ કર્યું.

માનવ સેવા પરિવારના નેજા હેઠળ ચાલતી આ સદ્‌પ્રવૃત્તિમાં દરરોજ અઢીસોથી ત્રણસો લોકોને જમાડવામાં આવે છે. દર મહિને આશરે બે લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. હેમંતભાઈ કહે છે કે અમને સામેથી દાતાઓ મળી રહે છે. દાતાઓ ન મળે તો અમે પ્રવૃત્તિ પોતાની રીતે ચલાવીએ છીએ. અમે કોઈ દિવસ પહોંચ લઈને ફંડ-ફાળો કરવા જતા નથી. હેમંતભાઈ પોતે કેટરર્સ છે એટલે તેમને આ પ્રવૃત્તિ ચલાવવામાં સુગમતા રહે છે.

હેમંતભાઈ પોતે જ જમવાનું બનાવે છે એ ઘણી મોટી વાત છે. જાતે રસોઈ બનાવીને

લોકોને જમાડવા એ ઘણી ઉચ્ચ ભાવના સાથેનું કર્મ છે. તેમનો પૂરો પરિવાર આ પ્રવૃત્તિમાં સતત સાથે રહે છે. તેમનાં ધર્મપત્ની હર્ષાબહેન (ઉં.૫૨), દીકરી ધ્વનિ (ઉં. ૩૨) અને મનન(ઉં. ૨૮) પણ સતત સહયોગ કરે છે. આ પરિવાર દ્વારા સામાજિક નિસબત કેટલી મજબૂત છે તેનું ઉદાહરણ જોવા જેવું છે. હેમંતભાઈને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમને પંદર દિવસ સુધી હૉસ્પિટલમાં રહેવું પડ્યું. એ સમએ પણ તેમના દીકરા મનને આ પ્રવૃત્તિ એક ટંક માટે પણ બંધ થવા દીધી નહોતી. મનન કહે છે કે આવી સદ્પ્રવૃત્તિ કોને ના ગમે ? મારા પિતાએ આવી પ્રવૃત્તિ શરૂ કરી છે તેનું મને ગૌરવ છે અને હું પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખીશ.

હેમંતભાઈ પટેલ અને તેમના પરિવારને, વંદન કરવાનું મન કોને નહીં થાય ?!

(૮) એક સો વર્ષ જીવવું હોય તો પત્ની સાથે સુમેળ રાખીને જીવોઃ **જમનાદાસ પટેલ**

અમદાવાદઃ કોઈ કાળે અમદાવાદનો લો-ગાર્ડન વિસ્તાર ખાણી-પીણી માટે જાણીતો હતો, હવે ચાલવા માટે જાણીતો છે. રોજ સવારે લો-ગાર્ડન વિસ્તારમાં સેંકડો લોકો નિયમિત રીતે ચાલવા આવે છે. લો-ગાર્ડન વૉકર્સ એસોસિએશન પણ છે. તેના પ્રમુખ હેમંત શાહ છે. આ સંસ્થાએ હમણાં ગુજરાતના પ્રથમ ચીફ ટાઉન પ્લાનર જમનાદાસ પટેલનો એકસોમો જન્મ દિવસ લો-ગાર્ડનની અંદર જ ધામધૂમથી ઊજવ્યો. સવારના

સતત રખેવાળી કરતા વીર ચાલવાવાળાઓની ઉપસ્થિતિમાં ખૂબ જ સુંદર રીતે આ જન્મદિવસ ઊજવાયો. કેક કાપવામાં આવી. ચા-નાસ્તો થયાં. હેમંતભાઈ શાહ કહે છે કે અમે ૧૫મી ઑગસ્ટના દિવસે ધ્વજવંદન તેમના હસ્તે કરાવાયું હતું. એ વખતે અમે જમનાદાસભાઈ પાસેથી વચન લીધું હતું કે આપનો એકસોમો જન્મદિવસ અમે ધામધૂમથી ઊજવીશું. એ વચન પ્રમાણે આ ઉજવણી થઈ.

જમનાદાસ પટેલે સો વર્ષ પૂરાં કર્યાં છે. લાકડી વગર ચાલે છે. ચશ્મા વગર વાંચે છે. પ્રવાસ કરી શકે છે. દાદર ચઢે છે તોય તેમને શ્વાસ ચઢતો નથી. ખૂબ સુંદર સ્વાસ્થ્ય ધરાવે છે. તેમનું કહેવું છે કે સ્વસ્થ જીવન જીવવું હોય તો યોગ્ય ખોરાક ખાવો જોઈએ અને જીવનસાથી (પત્ની) સાથે હળી-મળીને રહેવું જાઈએ. (એટલે કે તે કહે તે બધું માની લેવું જાઈએ.)

જમનાદાસ પટેલ નીવડેલા ચીફ ટાઉન પ્લાનર છે. તેમણે અમદાવાદ ઉપરાંત અંબાજી મંદિર, સાપુતારા હિલ સ્ટેશન વગેરે અનેક સ્થળોનું પ્લાનિંગ કર્યું છે.

લો-ગાર્ડન વૉકર્સ ક્લબ એસોસિએશન ધબકતી સંસ્થા છે. આ સંસ્થાના સભ્યો માત્ર ચાલવાનું કામ નથી કરતા પણ અનેક વિવિધ પ્રવૃત્તિઓ યોજે-પ્રયોજે છે. સંસ્થાના પ્રમુખ હેમંત શાહ પ્રવૃત્તિ–પુરુષ છે. તેઓ નિયમિત રીતે વિવિધ આયોજનો કરતાં રહે છે

અને સભ્યોને તેમાં સંયોજતાં રહે છે.

(૯) મુંબઈના **કુલીનભાઈ વોરા** સંશોધન માટે ગુજરાતના ૧૮૦ વૃદ્ધાશ્રમોમાં ચાલીને ફર્યા હતા.

મુંબઈ : સમાજસેવા તો અનેક લોકો કરતા હોય છે, પરંતુ કેટલાક લોકો સામાજિક કાર્યો એ રીતે અને એ પ્રીતે કરતા હોય છે કે જે સાંભળીને આપણે દંગ થઈ જઈએ. મુંબઈમાં વસતા ૮૨ વર્ષના કુલીનભાઈ વોરાની વાત પણ એવી જ છે. ૮૨ વર્ષના આયખામાં તેમણે અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરી છે અને હજી પણ અણનમ રહીને પોતાના જીવનની એક એક ક્ષણ સમાજને ચરણે ધરી રહ્યા છે. હમણાં અમદાવાદમાં પી.કે. લહેરીના હસ્તે 'વિશ્વ વિધાતા મા' પુસ્તકનું લોકાર્પણ થયું. માતાના મહિમા અને આજની માતાઓની વાસ્તવિક સ્થિતિનું કરુણ અને કડવું ચિત્રણ કરતું આ પુસ્તક ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષામાં પણ મળે છે.

કુલીનભાઈએ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરી છે. તેમણે પાંચ વર્ષ સુધી મુંબઈમાં સિનિયર સિટિઝનો માટે ૧૧૧ ટિફિનની સેવા નિઃશુલ્ક ચલાવી હતી. (એમાંથી લહેરી સાહેબે પ્રેરણા લઈને સદ્‌વિચારમાં કિફાયતી દરે જમાડવાનું શરૂ કર્યું છે.) બાળકોમાં સંસ્કાર આવે તે માટે તેમણે ઘણું કામ કર્યું. તેમના 'બાળ કનૈયો' પુસ્તકની ૪૦ હજાર કૉપી વેચાઈ. ૩૬૫ વાર્તાઓ (રોજની એક વાર્તા) સાથેનું કૅલેન્ડર તૈયાર કર્યું. જૈન વાર્તાઓ લખી.

સમાજમાં માતા-પિતા અને વૃદ્ધોની સમસ્યા વધી રહી છે તેનાથી તેઓ ભારે ચિંતિત છે. આ

દિશામાં પણ તેમણે ઘણું કામ કર્યું છે. મૂળ લેખક અને સંશોધક જીવ એટલે એક વખત એવું નક્કી કર્યું કે ગુજરાતના તમામ વૃદ્ધાશ્રમોમાં જઈને તપાસ તો કરું કે તેમને શા માટે અહીં આવવું પડ્યું અને તેમની સ્થિતિ શું છે ? વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો વિશે સંશોધન કરવા ગુજરાતના ૧૮૦ વૃદ્ધાશ્રમોની જાતે મુલાકાત લીધી. બધે ચાલતા ગયા.

૨-૧૦-૨૦૧૫ના રોજ ગાંધીચેતના યાત્રા કરી. મૂળ જીવ કલમના. તેમણે ૧૦ ગુજરાતી ફિલ્મો પણ લખી છે. આજની નવી પેઢી માટે પિત્ઝા, પેપ્સી એન્ડ ક્રિષ્ણા નામની ફિલ્મ લખી રહ્યા છે. જે પ્રગતિ શાંતિ ના આપે તે સાચી પ્રગતિ નથી એવું માનતા કુલીનભાઈ વોરા પોતાનાં જીવનસાથી અને કર્મસાથી બકુલાબહેનની વિદાય પછી એકલા પડ્યા છે, પણ સમાજ માટે સતત કશુંક કરતાં રહેવાની તેમની ભાવના સહેજે ડગી નથી.

જે રીતે સામાજિક દાયિત્વ ઘસાઈ રહ્યું છે અને સ્વાર્થનું આવરણ મોટું થઈ રહ્યું છે તે જોતાં, થોડાં વર્ષો પછી નવી પેઢી કદાચ એવું માનશે પણ નહીં કે કુલીનભાઈ વોરા જેવી કોઈ વ્યક્તિ આપણા સમાજમાં થઈ ગઈ.

(૧૦) એક ડૉક્ટરે અમદાવાદ શહેરનો ઇતિહાસ લખ્યો.....
ઇતિહાસ સર્જવામાં અવ્વલ ગુજરાતીઓ ઇતિહાસલેખનથી દૂર ભાગે, પરંતુ અમદાવાદના

એક ડૉક્ટરે શહેરના ઇતિહાસલેખન પાછળ ૨૩ વર્ષ ફાળવીને ઘણાં પુસ્તકો લખ્યાં છે અને

અમદાવાદ શહેરની દસ્તાવેજી ફિલ્મ પણ બનાવી છે. કોઈ ડૉક્ટરે, પોતે જે શહેરમાં રહેતા હોય તે શહેરનું આટલું ગહન સંશોધન કરીને તેનું દસ્તાવેજીકરણ કર્યું હોય તેવો કદાચ ભારતમાં આ પહેલો બનાવ હશે.

એ ડૉક્ટર એટલે **ડૉ. માણેક પટેલ**. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં તેમનું ડેન્ટલ ક્લિનિક આવેલું છે. ૧૯૯૩માં તેમણે અમદાવાદમાં ભારતભરના ડેન્ટિસ્ટ્સની નેશનલ કોન્ફરન્સ બોલાવી હતી. તેઓ યજમાન અધ્યક્ષ હતા. ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી આવેલા ૨૦૦૦ ડૉક્ટર મિત્રોને અમદાવાદની માહિતી આપી ને તેમાંથી શહેરના સંશોધનનું બીજ રોપાયું જે સમય જતાં ઘેઘૂર વડલો બન્યું.

અમદાવાદ વિશેના તેમના સંશોધન આધારિત લેખો ૧૯૯૩થી એક અગ્રણી ગુજરાતી દૈનિકમાં શરૂ થયા. વાચકોને ખૂબ ગમ્યા. માણેકભાઈના ક્લિનિક પર દાંતની સારવાર કરાવવા આવેલા મનુભાઈ શાહે (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય) કહ્યું કે આપણે પુસ્તક પ્રકાશિત કરીશું. એ પછી તો ડૉક્ટર સાહેબનાં સંશોધિત લિખિત પુસ્તકો એક પછી એક પ્રકાશિત થવા લાગ્યાં. અમદાવાદ કથા, આ છે અમદાવાદ, વેલકમ ટુ અમદાવાદ, અમદાવાદની અસ્મિતા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન...ઉંમર અને થાકને અતિક્રમી

નિવૃત્ત થયા પછી
જઈને ડૉ. માણેકભાઈ સતત સંશોધન કરતાં જ રહ્યા અને પુસ્તકો પ્રકાશિત થતાં રહ્યાં. પોતાના સંશોધન કાર્ય દરમિયાન તેમણે શહેરનો ખૂણેખૂણો અનેક વખત ખૂંદી અને ફંફોસી નાખ્યો છે.

અમદાવાદ એટલે ગાંધીજીની કર્મભૂમિ. તેમણે 'ગાંધી આશ્રમ' પર પરિચય પુસ્તિકા લખી તો હમણાં તેમણે તૈયાર કરેલો ગ્રંથ "ગાંધીજી અમદાવાદને આંગણે" નોંધપાત્ર રીતે તૈયાર થયો છે. પુસ્તકની પ્રસ્તાવનામાં લેખક રોહિત શાહે સાચું જ કહ્યું છે કે, વ્યવસાયે દંતચિકિત્સક હોવા છતાં દંતકથાઓ લખવાનું તેમને આવડતું નથી.

તેમણે એનઆરઆઈ માટે ખાસ તૈયાર કરેલી દસ્તાવેજી ફિલ્મ (ગુજરાતી-અંગ્રેજી) 'વેલકમ ટુ અમદાવાદ' સરસ બની છે. ગાંધીજી અને અમદાવાદના સંદર્ભથી તૈયાર થએલી ફિલ્મ 'સાબરમતી કે સંત'નું અમદાવાદ શહેરના જન્મ દિવસે હમણાં 'ગાંધી આશ્રમ'માં લોકાર્પણ થયું હતું.

અમદાવાદમાં એવા અનેક લોકો હશે જેમણે ગાંધીઆશ્રમ નહીં જોયો હોય, એવા પણ અનેક લોકો હશે જે વર્ષોથી શહેરમાં રહેતા હશે પણ શહેર વિશે બે સાદા પ્રશ્નો કહીએ તો પણ ગેંગેફેંફેં થઈ જાય. આવી સ્થિતિમાં આ ડૉક્ટરે, ઢળતી ઉંમરે, શહેરનો ઇતિહાસ લખીને શહેરીજનો પર મોટો ઉપકાર કર્યો છે.

એવું નથી કે અમદાવાદનો ઇતિહાસ નહોતો લખાયો. રત્નમણિરાવ જોટે સહિત અનેક તજજ્ઞોએ ઇતિહાસ લખ્યો છે પણ એ જે તે સમય સુધી અટકી જાય છે. ડૉ. માણેક પટેલે

તો અમદાવાદની સ્થાપનાથી શરૂ કરીને અત્યાર સુધીનો સળંગ ઇતિહાસ લખ્યો છે. તેમના

ઇતિહાસમાં મિલ પણ છે અને મોલ પણ છે, ચંદ્રવિલાસ હોટલ છે અને પતંગ હોટલ પણ છે, એલિસબ્રિજ છે તો રિંગ રોડ પણ છે. તેમનાં પુસ્તકોમાં સ્થાપનાકાળથી આજ સુધીનો સમયકાળ વણી લેવાયો છે.

પીએચડી કરતા કોઈ વિદ્યાર્થી કરતાં પણ વધુ નિષ્ઠાથી શહેરનો ઇતિહાસ લખનારા આ સવાયા અમદાવાદીને સો સો સલામ !

(૧૧) વિધિવત્ પ્રભુતામાં પગલાં માંડ્યાં. આ કાર્યક્રમમાં ભારત સરકારના કેબિનેટ મંત્રી શ્રી ગોપાલરાય, જાણીતા કથાકાર મોરારિબાપુ સહિત અનેક મહાનુભાવો હાજર હતા. આખો પ્રસંગ ખૂબ જ ઉત્સાહ સાથે ઊજવાયો હતો. દરેક દીકરીને ઘરવખરી સાથે કરિયાવર પણ આપવામાં આવ્યો હતો.

દિનેશ ગુપ્તા મળવા અને જાણવા જેવા માણસ છે. તેઓ છેલ્લાં ઘણાં વર્ષોથી અમદાવાદમાં અનેક વૃદ્ધાશ્રમના વડીલોને લક્ઝરી બસમાં પાર્ટીપ્લૉટમાં લાવીને તેમને ઉત્સાહભેર જમાડે છે. એક મોટો શુભપ્રસંગ હોય તેવું વાતાવરણ ઊભું કરે છે. હાસ્ય સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે છે. દરેક વડીલને સરસ ભેટ પણ આપે છે. આવું તેઓ નિયમિત રીતે ઘણાં વર્ષથી કરે છે. આ વર્ષે તો દિનેશભાઈ અને તેમના મિત્રોએ

હજારો વડીલોના પગ પણ ધોયા હતા. દિનેશભાઈ અમદાવાદ શહેરમાં મિનરલ વૉટર અને છાશની મોબાઇલ વાન

પણ નિઃશુલ્ક ચલાવે છે. આદિવાસી વિસ્તારમાં તેમણે ઘણાં બાળકોને દત્તક લીધાં છે અને તેમના શિક્ષણનો તથા રહેવા-જમવાનો તમામ ખર્ચ પણ ઉપાડે છે. આમ તેઓ દર વર્ષે વિવિધ રીતે સમાજસેવા કરે છે.

(૧૨) અશોક ગોકળદાસ પટેલ : સામાજિક દાયિત્વનો સંસ્કારવારસો.

ગુજરાતની ભૂમિની એ વિશેષતા છે કે આ ભૂમિએ સમયાંતરે અનેક સમાજસેવકો અને બીજા માટે જીવન જીવનારા લોકોની વિશ્વને ભેટ ધરી છે. પરગજુપણાની લાગણી કે વૃત્તિ એ ગુજરાતની પાવન ભૂમિની વિશેષતા છે. આવા જ એક સમાજસેવક એટલે ગોકળદાસ પટેલ. તેમના દીકરા અશોકભાઈએ સંસ્કાર અને સમાજસેવાનો વારસો બરાબરનો નિભાવ્યો છે. અમદાવાદમાં હમણાં વૈશ્વિક ગુજરાતી સંગઠનના ઉપક્રમે તેમનું અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ અને લોકકલાવિદ્ જોરાવરસિંહ જાદવના હસ્તે અભિવાદન કરાયું.

તેઓ સફળ લેખક પણ છે. ‘રૂડાબાઈની વાવ’, ‘ગુજરાતના પાટીદારોનો ઇતિહાસ’ અને ‘ડૉલરની દુનિયા અમેરિકા’ તેમનાં જાણીતાં પુસ્તકો છે.

મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સાથે કામ કરનાર તેમના પિતા ગોકળદાસ પટેલ સ્વાતંત્ર્યસેનાની અને સમાજસેવક હતા. લોકો તેમને ખૂબ જ ચાહતા હતા. તેમની હયાતીમાં જ તેમના નામ પરથી ગોકુલપુરા(ભાડજ-અમદાવાદ પાસે) ગામની સ્થાપના થઈ હતી. તેમના "ભોમિયો" નામના પુસ્તકનો સમાવેશ પાઠ્યપુસ્તક તરીકે મુંબઈ રાજ્યમાં થયો હતો. અશોકભાઈ ડલાસ(અમેરિકા)માં જરૂરિયાતમંદ લોકોને ખૂબ સહયોગ કરે છે. તેઓ ડલાસ ભારતીય કોન્યુનિટીના મંત્રી છે. ગુજરાતમાંથી ત્યાં જતા વિદ્યાર્થીઓને ઍડમિશન, નોકરી કે રહેવા-જમવાનું જેવાકોઈ પણ પ્રશ્ન હોય તો એના ઉકેલ માટે ખડે પગે તૈયાર રહે છે. સમાજ માટે પોતાથી થાય તે કરી છૂટવાની તેમની ભાવનાથી તેઓ ઘસાઈને ઊજળા બન્યા છે.

વિજય શાહનાં સર્જનો

એમેઝોન.કોમ પરથી કે બુકગંગા.કોમ પરથી ખરીદવા પુસ્તકને ક્લિક કરશો.

નવલકથાઓ

૧ ટહુકા એકાંતના ઓરડેથી

૨.આંસુડે ચીતર્યાં ગગન

૩.દુર્લક્ષ્ય

૪.પત્તાનો મહેલ

૫. રઝળપાટ

૬ નદી ફેરવે વહેણ

૭. સેતુ

૮. આપવું એટલે પામવું

૯. સપ્તપદીની પ્રતિજ્ઞાઓ

૧૦. વંશજ

૧૧. અય વતન

હેતુલક્ષી પુસ્તકો

૧. નિવૃત્તિની પ્રવૃત્તિ

૨.નિવૃત્તિનું વિજ્ઞાન

૩.મન કેળવો તો સુખ, ના કેળવો તો દુઃખ

૪.અંતિમ આરાધનાની પળે

૫.વસવાટ વિદેશે

સહિયારું સર્જન

૬ વૃદ્ધત્વનો સ્વીકાર

કાવ્યસંગ્રહો

૧. હું એટલે તમે

૨.તમે અને મારું મન

૩.મારા વિશ્વમાં આપણે

૪.તમે એટલે મારું વિશ્વ

૫.વા ઘંટડીઓ

ટૂંકી વાર્તાઓ

૧. અમે પથ્થરના મોર, કેમ બોલીએ

૨.ફરી પાછું એ જ પ્રશ્નાર્થ ચિહ્ન

૩.વૃત્ત એક, વૃતાંત અનેક

૪. તારા વિના મારું શું થશે?

૫. ઊજળી રાતમાં કાળા પડછાયા

૧.અનોખી રીત પ્રીતની

૨.અંત વેદનાઓનો, સુખદ સંવેદનાઓ

૩.જીવનસંધ્યાએ

૪.જીવન-કુગ્ગા મહીં સ્થિર થએલી એક ફૂંક

૫.પ્રીત ન કરિયો કોઈ

૬.પુનઃલગ્નની સજા

૭.સહિયારૂં સર્જન

૮.શૈલજા આચાર્ય

૯ લલિત શાંતિકુંજ

૧૦.નયનોના કોરની ભીનાશ

૧૧ બચીબહેન અને બાબુભાઈ અમેરિકામાં

૧૨.પતંગિયું

સહ લેખક તરીકે

૧૩ ઊગી પ્રીત આથમણી કોર

૧૪ મારી બકુનું શું?

૧૫ ઋણાનુબંધ

૬.વીજળીના ઝબકારે

૭. રાહ અને ચાહ

૮. ડાયાસ્પોરિક વાર્તા સંપુટ

સહિયારા વાર્તાસંગ્રહો

૯.એક છત નીચે સમાતા નથી

૧૦ જે ધીમી ધારે પડે છે

૧૧ માઇક્રો ફિક્ષન

૧૨, થીજેલું સ્મિત

૧૩.મસાલા ચાય

અન્ય પ્રકાશનો

વિચાર-વિસ્તાર

કાવ્ય-રસાસ્વાદ

કાવ્ય આસ્વાદ-૨

સત્તર અક્ષરનો આનંદ(હાઈકુ)

સહિયારાં સર્જનો

નવલકથાઓ **(મુખ્ય લેખક તરીકે)**

અન્ય પ્રયોગો

૧. લીલીવાડી જુએ જે જન

૨.પંચાજીરી

૩.પ્રાયોગિક નવતર લખાણો-૩

૪.સાહિત્ય સંવર્ધનોનો સફળ પ્રયાસ-સહિયારું સર્જન

૫.શબ્દસ્પર્ધા

૬.વરિષ્ઠ નાગરિકનું સુખ

૭. વરિષ્ઠ નાગરિકનું સુખ-હકારાત્મક અભિગમ

૮. નિવૃત્ત થયાં પછી

૯. જ્યાં જ્યાં મારી નજર ઠરે

૧૦ કિટ્ટા અને બુચ્ચા

૧૧. માતૃભાષાનું દેવું

૧૨. ના હોય

૧૩. જૂની આંખે નવાં ચશ્માં

સહિયારાં સર્જનો : લલિત નિબંધો અને

૧૬. ફાંસીના માંચડેથી

૧૭.જેલમનાં ભૂરાં જળ રાતાં

૧૮. અન્ય શરત

૧૯. હસ્તરેખામાં ખીલ્યું આકાશ

૨૦ જિંદગી પ્યારકા ગીત હૈ

૨૧ લોહીનો સાદ

૨૨. રૂપ એ જ અભિશાપ

૨૩. ખાલીપાના અહેસાસ

૨૩ હરિયાળી ધરતીનાં મનેખ

૨૪. છૂટાછેડા ઓપન સિક્રેટ

૨૫. સંસ્કાર

૨૬. કંકોત્રી

૨૭ જાસુસ

૨૮ તારામતિ પાઠક

૨૯ ખરો ગૃહપ્રવેશ

૩૦ આન્યા મૃણાલ

૩૧. ઝમકુબાના ઝબકારા

૧૪ શુભેચ્છા સહ

૧૫. પ્રાયોગિક નવતર લખાણો

૧૬ સપનાનાં વાવેતર

૧૭. પ્રાયોગિક નવતર લખાણો - ૨

તસ્વીર બોલે છે

૧૮ અ ર ર ર

૧૯ તમે તો એવા અને એવા જ રહ્યા

૨૦ હ્યુસ્ટન – ગુજરાતી કાર્યક્રમોનું

પાટનગર

૨૧ અમને ગમતો નરસૈયો

૨૨ મને ગમે છે

૨૩. કયા સંબંધે?

૨૪. થોડાં થાવ વરણાગી

૨૫ સુખ એટલે?